

ખુલુફાએ રાશેદીનના સમયની સાચી વાર્તા-

મહેબુબે કુરેશ.

ભાષાન્તર કર્ત્તા·

મી. મોહમ્મદ યુસોફ હકીમ મુંબઇ.

(તે ફેરદૌસીતૂસી, હાફેઝ શીરાંઝી ઇ૦ ના લખનાર.)

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા,

પઠાણ નીઝામખાન નુરખાન વકીલ.

અમદાવાદ.

સને ૧૯૧૨.

આવૃત્તિ પહેલી. નકલ ૧૦૦૦

હિજરી સન ૧૩૩૦

અમદાવાદ—ધી અમરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસમાં
પઠાણ નીઝામખાન નુરખાન વકીલે છાપ્યું.

કિંમત રૂ. ૧-૮-૦ ટો૦.



મી. હાજી મહમુદ ઈસુફ ભાઇમીયાં.

રંગુન બરમાના નવયુવાન હમદર્દ ઇસ્લામી સાહસિક વેપારી.

અર્પણ પત્રીકા.

મુહિબ્બે મહેરબાન, હમદર્દ, હામીએકોમ, રોશન ખીઆલ, કદરદાન જનાબે આલી,

મિ. મોહમ્મદ યુસુફ ભાઇમીઆં સાહેબ સલામત.

મુ. રંગુન.

માનવંતા સાહેબ,

આપની બાળાવસ્થાની કેટલીક રમતગમતો જાણનારા અનુભવીઓ ભવિષ્યના માટે જે કાંઈ સારી આશાઓ બાંધતા હતા તે અનુમાનો ખુદા મહેરબાનીથી કેટલાક અંશે આજે ખરાં પડી ચુકયાં જણાય છે. આજે આપ ભર યુવાનીના પૂર વેગમાં છતાં જે કાંઇ નેક કામો તન, મન, ધન અને વખતના ભોગે કરી રહ્યા છો તે જોતાં વળી વિશેષ આશા ઉમેદો ભવિષ્યના માટે બાંધવા સબળ કારણો મળેછે કે:—અલ્લાહપાકનો અમર છે તો વખત જતાં આપ, ઇસલામી ભાઇઓની ઉન્નતિના માટે એક ચમકતા સીત્તારા માફક પ્રકાશમાં આવવા દરેક આશાઓ બધાય છે. અલ્લાહપાક તેવા આશાવંતોની આશા ઉમેદોના બોલ મુબારક તથા પૂર્ણ કરો, આમીન.

આપના જીન્નતનશીન મરહુમ પિતાશ્રીની નેક અરવાહને સવાબે-દારેનનો નેક દરજ્જો અપાવવા માટે રંગુનમાં મોટા ખર્ચથી મદ્રેસો ખોલી ઇલ્મે દીન જેવી અમુલ્ય વસ્તુની તાલીમનું દાન દઇ રહ્યા છો જાહેર તેમજ ગુપ્ત રીતે નેક કામો કરવા આપ સદાય ખંતથી તૈયાર રહેતા આવોછો. દેશોન્નતિનો ખરો આધાર જે કેળવણી અને તેમાં સમાએલાં સાહિત્ય સાધનો પેપર–પુસ્તકો આદિક તેના આપ પુરતા હિમાયતી અને કદરદાન છો અને તેવાજ આપના જોશના વેગના તુફેલથી અમો પોતાના તેવા પ્રયાસમાં આજે ફતેહમંદ થયા છીએ. ઇત્યાદી આપના ઉત્તમ સદ્-ગુણોથી આકર્ષાઇ આ લઘુ પુસ્તક " મેહબુબે કુરેશ " આપની મહેરબાની ભરી પરવાનગીથી આપનેજ અર્પણ કરવામાં અમો મોટું અને સાચું માન સમજીએ છીએ.—

વિનંતી.

કોમનો એક અદના ખાદીમ

પઠાણ નીઝામખાન નુરખાન વકીલ

પ્રગટ કર્તા.

અમદાવાદ.

તા. ૧૫ જુલાઇ ૧૯૧૨

શરૂઆતના બે બોલ.

દિબાચો અથવા પ્રસ્તાવના તો તે પુસ્તકમાટે લખાય છે, કે જેમાં લેખકની મગજ શક્તિ ખર્ચ થઇ હોય, અથવા તેને તે પુસ્તક લખવા માટે જેહમત અને મહેનત ખેંચવી પડી હોય, ખરૂં કહીએ તો તેમાંનું અહિયાને મારા સબંધમાં કંઇ નથી. એક વાણી રંધાયલી પીરસાયલી મળી અને મેં ફક્ત ખાવાની તકલીફ (જો વાંચનારાઓ તેને તકલીફનું નામ આપે તોજ) ઉઠાવી તો તેમાં મેં કોઇ મહાભારત કામ કર્યું હોય એમ હું માનતો નથી. પણ જમાનામાં ચાલતા આવેલા રીવાજ પ્રમાણે અને આ પુસ્તકના સહાસિક પ્રકાશકના કહેવાથી નીચલી લીટીઓ લખવાની પરવાનગી લઉછું.

આ નવલકથા જેનો તરજુમો આ અહના કલમથી લખાઇને તમારી સેવામાં મુકવામાં આવેછે તે મીસરના મહાન ખ્રીસ્તી વિદ્વાન અને " અલહિલાલ " નામના બહોળો ફેલાવો પામેલા અરબી માસિકના અધિપતી જોર્જ ઝઇદાનની લખાયલી છે. આ ગેરકોમના શખ્સે ઇસ્લામી તવારીખને આધારે અનેક નવલકથાઓ લખી છે જે સઘળી ઘણીજ લોકપ્રીય થઇ પડી છે, અને અનેક ભાષાઓમાં તેમના તરજુમા થઇ પણ ગયા છે. નવલ કથાઓ લખવા ઉપરાંત જોર્જ ઝૈદાને ઇસ્લામી ઇતિહાસનાં પણ ચાર દળદાર પુસ્તકો લખ્યાં છે. સારાંશ એ કે, તેણે જે કંઇ કર્યું છે અને કરી રહ્યો છે તે એક હદસુધી મુસલમાનોને માટે ઉપયોગી છે ખરૂં.

પણ મારા મીત્રો, તમે સારી રીતે જાણોછો તેમ દરેક કામમાં દરેક માણસની કંઇ નહિ ને કંઈ ગરજ જરૂર સમાયલી હોયછે અને આ ખ્રીસ્તીના સબંધમાં પણ તેમજ છે. આ શખ્સે સાહિત્યનાં ફુલોનાં જે રોપાઓ અમારે માટે રોપ્યા છે તેમાં એવા કાંટાઓ પણ છે કે, જો આપણે સંભાળીને તે રોપાઓમાંથી ફુલો ન ચૂંટીએ તો તે આપણા હાથને જખમી કર્યાવિના રહે નહી એટલે એ કે, પોતાનાં પુસ્તકોમાં ક્યાંપણ એ શખ્સને તક મળી છે ત્યા તેણે એવી તો સફાઇથી અને મોઘમમાં ઇસ્લામપર હુમલો કર્યો છે કે, જે તેજ લોકો જાણી શકેછે કે જેઓએ ઇસ્લામી તવારીખનો ઉંડો અભ્યાસ કર્યો છે. દાખલા તરીકે એજ તમારા હાથમાં

મુકાયલી વાર્તામાં તમને કોઈ ઠેકાણે હ૦ અલીની જબાનથી એવી મતલબનો ફકરો મળશે કે, હ૦ અલી તલવાર ટેકીને ઉભા થઇ ગયા અને તેઓએ ફરમાવ્યું કે જેનાથી એ (ઇસ્લામ) ની શરૂઆત થઈ છે તેનાથીજ એની સમાપ્તિ પણ થશે. એટલે તેના કહેવાની મકસદ એ છે કે, ઇસ્લામ ધર્મ તલવારના જોરે ફેલાયો, પણ ઇતિહાસના અભ્યાસીઓ જાણે છે અને ખુદ ખ્રીસ્તી લખનારાઓએ આ વાતનો સ્વિકાર કર્યો છે કે, ઇસ્લામનો પ્રસાર તલવારથી નહિ: બલ્કે તેની ખુબીઓ, તેની ઉમદગીઓ, તેના સાદા અને નિર્મળ કાનુનો વગેરેને પ્રતાપે થયો છે. એ ઉપરાંત તમને બીજી નાની નાની વાતો એવીજ મળશે કે, જે સમજાવ્યા વગર તમો પોતેજ સમજી જશો.

વાંચનારને આ કથા પસંદ પડશે એમાં તો શકજ નથી, પણ બનવા જોગ છે કે, તેઓમાંથી કેટલાકોને એક વાતનો ગુંચવાડો ઉતપન્ન થાય અને તે એ કે, એ કિતાબ લખનારે અવ્વલથી આખરસુધી કિસ્સાની ' હીરોઇન ' યાને અસ્માના બાપનું નામ જાહેર કર્યુંજ નથી, પણ ખરૂં કહીએ તો તેમ નથી. જેઓને એ બાબતમાં ગુંચવાડો પેદા થાય તેઓએ અસ્માએ જોએલો ખ્વાબ જરૂર વાંચવો, એટલે તેઓને સ્પષ્ટ રીતે જણાઇ આવશે કે, અસ્માના પિતા કોઇ નહિ, પણ હઝરત અલી હતા. જેઓએ તેણીની મા (મરયમ) સાથે નિકાહ કર્યા હતા, પણ તે તેઓની પાસે રહેવા પામી નહિ, કેમકે તેણીનો ભાઈ તેને નસાડી લઈ ગયો; પરંતુ હ૦ અલીજ અસ્માના બાપ હતા એવો પત્તો કોઇ ઇસ્લામની તવારીખમાંથી મળતો નથી, એમ કહેવું પણ આ પ્રસંગે અવશ્યનું થઇ પડશે.

* * * * * *

મારા પોતાના સંબંધમાં મારે એજ ખુલાસો કરવાનો છે કે, મારો ઇરાદો કદીપણ આ કિતાબનો તરજુમો કરવાનો હતો નહિ, લેકીન એક ખાસ બનાવ એવો બન્યો કે, જેથી "પોલિટિકલ ભોમીઓ" પત્રના પ્રગટકર્ત્તા **જનાબ નુરખાન સાહેબે** મને એનું ભાષાંતર કરવાને ફરમાવ્યું. તેઓ મારા બુઝોર્ગ છે. હું તેઓને માન આપું છું અને તે માટે તેઓની બુઝોર્ગીએ મને તેઓની ફરમાએશનો અનાદર કરવાની પરવાનગી આપી નહિ; તોપણ મેં મારૂં નામ જાહેર કરવાનું મુનાસેબ ધાર્યું નહિ અને

"સરોશ"ના તખલ્લુસ હેઠળ આ વાર્તા લખી; પણ મારી અજાયબી વચ્ચે એક દિને મેં મારૂં ભોપાળું ફુટેલું અને "પોલીટીકલ ભોમીઓ"માં મારૂં નામ જાહેર થયલું જોયું, તેથી લાચારીએ આ લીટીઓ મારા નામે તમારી સેવામાં રજુ કરૂંછું. નહિતો તમો જાણત પણ નહિ, કે એનો લખનાર કોણ છે!

* * * * * *

એકજ વાત ઔર—જેઓ જાણેછે તેઓને જણાવવાની જરૂર નથી અને જેઓ નથી જાણતા તેઓ જાણી લે કે, ગુજરાતી મારી બાપીકી ભાષા નથી. હું ફારસીના ખોળામાં જન્મેલો, અને ઉર્દુના આગુશ (ખોળા) માં ઉછરેલો છું, તેથી મારાથી શુદ્ધ ભાષાની આશા રાખવી મીથ્યા છે. એ ઉપરાંત મેં ગુજરાતી ભાષાનો કંઇ અભ્યાસ પણ કર્યો નથી, ફકત પારસીઓની પાડોશમાં રહી, તેઓના સમાગમમાં આવી, તેઓ તરફથી પ્રગટ થતાં ચોપાન્યાં અને પત્રો વાંચી એક ખાસ જુસ્સાથી ઉશકેરાઇ "હંમબી નવાબ ભરૂચકે" અથવા "હમબી હંય પાંચવેં સવારોંમેં" એ કહેવતોપર અમલ કરી હુંપણ આડાંઅવળાં લખાણ કરવા લાગ્યો. જે દોસ્તો અને જે અખબારવાળાઓ મારાં લખાણ પસંદ કરેછે એ મારી લાયકાત નથી, બલકે તેઓની કદરદાની છે. એ ખુલાસો કરવાની અગત મને એજ માટે જણાઇ છે કે, અગર કોઇ સાહેબનું મારી અશુદ્ધ ભાષાપર હસવાનું મન થાય તો તેઓએ કૃપા કરી ઉપલી લીટીઓ યાને મારા છેલ્લા ખુલાસાપર જરૂર ધ્યાન આપવું. આખેરમાં મારી દોઆ છે કે, આ ઇતિહાસિક નવલ કથા સામાન્ય વર્ગોની અને ખાસ કરીને મુસલમાનોની પસંદગી મેળવવાને નશિબવંત નીવડો, આમીન !

ભીંડી બજાર
મુંબઈ તા. ૨૩-૬-૧૨

લી. દોઆગો સેવક
મોહમ્મદ યુસોફ નાઝીમ.

અનુક્રમણિકા.

જલદી ચેતો, પાછળથી નહી મળી શકે !

ખાસ ઈસ્લામી ભાઈઓ માટે

ઇસ્લામી ધાર્મિક જુસ્સાનો આબેહુબ ચિતાર બતાવનાર

આઈને ઉલફત અથવા પ્રેમીઓનું પરાક્રમ.

(નામની ટરકીશ તવારીખી નોવેલ)

આ નોવેલ—કોઇ જોડી કાઢેલી કે બનાવટી નથી, બલ્કે તુર્કી સલ-તનત અને યુરોપનાં ઇસાઇ રાજ્યો સાથેની લડાઇઓ પૈકીની આ એક ધાર્મીક લડાઈ (ક્રુઝેડ) કે જે સને ૫૮૭ હિજરીની સાલમાં થયેલી તે માંહેની **ખરેખરી બનેલી** ઇતિહાસીક વાર્તા છે.

ઇસ્લામી સરદારોનો ધાર્મિક જોશ અને લડાયક જુસ્સો, તેઓની બહાદુરી અને યુદ્ધકળા, તેઓની ખંત અને તેઓના મુખમાંથી નિકળતા "**અલ્લાહો અકબર**" ના ભયંકર ઉદગારો ઘણાજ શુરાતન ઉપજાવે તેવા છે. **સુલતાન** તથા તેમના **શાહજાદા અઝીઝ**ની બહાદુરી અને હિંમતભર્યો જોશ કંઈ જેવો તેવો નથી. સામી તરફથી ઇસાઇઓનો સ્વ-ધર્મી જોશ અને લડાયક કુશળતા પણ જાણવા જોગ છે.

તે સિવાય સુલતાનના શાહજાદાએ મોતના પંજામાંથી બચાવેલી એક ખ્રિસ્તી રાજકન્યાનો, શાહજાદાની મોહોરદાર બીબી યાને ધણિયાણી બન-વાનો જીગરનો જોશ, ઇસ્લામ પ્રત્યેની વફાદારીભરી ઉમેદવારી અને મોહ-બ્બતભર્યા પ્રેમનો નમુનો ઘણોજ પ્રસંશાપાત્ર છે. અંતે **ઇસ્લામનો જય** તથા **ઇસાઈઓ (ખ્રીસ્તીઓ) નો પરાજય** થાયછે અને **શાહજાદા અઝીઝ** તે ક્રિશ્ચીયન શાહજાદીને પોતાની પત્ની યાને ધણીયાણી બના-વવામાં ફતેહમંદી મેળવે છે.

મજકુર નોવેલ—(મુદ્દ)—ડેમી આઠપેજી ૨૩ ત્રેવીસ ફારમની (૧૮૪ પાનાની) અને સારા ચીસા ગ્લેઝ કાગળપર છપાયેલી સોનેરી પાકા બાઇન્ડીંગની છે. **કિમ્મત રૂ. ૧॥ દોઢ તથા ટપાલખર્ચ જુદું.** મંગાવવા માટે લખો.

મેનેજર—" પોલીટીકલ ભોમીઓ " અમદાવાદ.

ખુલફાએ રાશેદીનના સમયની સાચી વાર્તા.

મહેબુબએ કુરેશ.

કુબા

ઇસલામીઓના મહાન પયગમ્બર હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ૦ મક્કા મોઅઝઝમાથી હિજરત કરીને મદીને મુનવ્વરે તશરીફ લાવ્યા, તે પહેલાં મદીનાથી બે માઇલ દુર એક નાહનકડું ગામ સાધારણ રીતે કુબા નામથી ઓળખવામાં આવતું હતું; પરંતુ હઝરત મોહમ્મદ સલ૦ની પધરામણી પછી તે હઝરતે કુબા ગામમાં એક મસજીદ ચણાવી, જે ઇસલામમાં પહેલીજ મસજીદ બનવાનું માન ધરાવતી હતી તથા તે મસજીદનો પાયો જનાબ સાહેબે શરીઅત રસુલે કરીમ સલ૦ના મુબારક હાથે નાખવામાં આવેલો હોવાથી કુબા ગામની સ્થિતીમાં બહુ મોહટો ફેરફાર થઇ ગયો. ઇસલામીઓ મજકુર મસજીદે કુબાને માનની નજરે જોતા હતા, કેમકે પાક કુરઆને મજીદમાં "લે મસજીદુન ઉસ્સિસા અલત્તકવા મસજીદે કુબા-નીજ શાનમાં વર્ણવેલું હોવાથી તે પોતાની આગલી સ્થિતી કરતાં બહુ મોહટું માન ધરાવતો હતો. તેમાં પણ ખાસ કરીને ત્રીજા ખલીફા હઝરત ઉસમાન રદી૦ના સમયમાં તેની શાન શવકત બહુ વધી ગઇ હતી, કેમકે હઝરત ઉસમાન રદી૦એ તે મસજીદને મોહટી કરાવીને ખુબસુરત બનાવી દીધી હતી. તેથી ઇસ્લામીઓનો મોહટો ભાગ મજકુર મસજીદની ઝયારત કરવાને માટે આવતો હતો.

ત્રીજા ખલીફા હઝરત ઉસમાન રદી૦ની ખીલાફતના આખરી સમયમાં આમિર નામનો એક વૃદ્ધ માણસ મસજીદે કુબાનો ખાદિમ હતો, જેણે લગભગ પોતાની આખી જીંદગી મસજીદની સેવા ચાકરીમાં ગાળી દીધી હતી અને ભવિષ્યની જીંદગી પણ તેણે મસજીદની સેવા ચાકરીમાં અર્પણ કરેલી હોવાથી તેણે પોતાનું રહેઠાણ પણ મસજીદની પાસેજ રાખ્યું હતું.

આમિર જોકે એક વૃદ્ધ માણુસ હતો પણ તેણે બાનીએ મસજીદ એટલે હઝરત રસુલે કરીમ સલ૦ને પોતાની નજરો નજર જોએલા હોવાથી તથા મસજીદને ચણતી વખતે પોતે તેમાં મજુરી કરેલી હોવાથી અત્યારે પણ મસજીદની સેવા ચાકરી એક જુવાન માણુસની પેઠે કરતો હતો. સવારમાં સઉથી પહેલાં મસજીદને સાફસુફ કરવી અને મસજીદની પાસે ઉતરેલા મુસાફરોની સેવા ચાકરી કરવી એ તેનું મુખ્ય કામ હતું અને જ્યારે એ કામકાજમાંથી તેને ફુરસદ મળતી ત્યારે તે પોતાના બન્ને દીકરાની સાથે લોકોના ઉંટ ચરાવવા માટે જંગલમાં જતો, અને તેના બદલામાં લોકો તરફથી જે કાંઇ મળતું તે ઉપર પોતાનું ગુજરાન ચલાવતો.

હિજરી સને ૩૫ ની સાલમાં દરરોજના નિયમ પ્રમાણે મસજીદના કામકાજથી પરવારી આમિર ઉંટ ચરાવવાને માટે જંગલમાં ગયો અને આખો દીવસ તેમાંજ પસાર કર્યો. આમિર પોતાના બંને દિકરાઓની સાથે ઉંટ ચરાવવામાં એટલો બધો મશગુલ થઇ ગયો કે દીવસ ક્યાં પસાર થયો તેની તેને લગારે ખબર પડી નહીં. જ્યારે આમિરે પોતાની નજર આકાશ ઉપર નાખી અને સુરજને પોતાનાં લાલચોળ કિરણો સાથે દુનિયાથી કૂચ કરતાં જોયો ત્યારે તે ઘણીજ અજાયબીની સાથે પોતાના મનમાં બબડયો "ઓહો ! મગરેબનો વખત થઈ ગયો" આટલું બોલતાંજ તેણે ઘર તરફ પાછા ફરવાની ઘણીજ ઝડપે તૈયારી કરવા માંડી. કેમકે આમિરને મગરેબની નમાઝ પહેલાં મસજીદમાં પહોંચવું હતું, તેથી તેણે પોતાના બન્ને દીકરાઓને સાંઢણીઓ ઉપર સવાર થવાનું કહી પોતે એક સાંઢણી ઉપર સવાર થયો, પોતાના બાપનો હુકમ મળતાંજ આખો દીવસ જંગલમાંથી વીણેલાં લાકડાંનો ભારો નહાના ભાઈની સાંઢણી ઉપર ચઢાવી મોહટો છોકરો બાપની પછવાડે રવાને થયો અને મોહટા ભાઇની પછવાડે નહાના ભાઇએ પોતાની સાંઢણી હંકારી.

આ ત્રણે બાપ દીકરા ઘણીજ ઝડપની ચાલે મસજીદની તરફ કૂચ કરી રહ્યા હતા. સાંજનો સમય અને ઠંડી પવનની લેહેરીઓમાં આમિરને જ્યારે વિચાર આવતો કે, હું મગરેબની નમાઝ વખતે મસજીદમાં નહીં પોંહચી શકું, ત્યારે તે શોકમાં આવી સાંઢણીને વધુ ઝડપથી હંકારતો. બંને દીકરાઓ પોતાના બાપના આ શોકને પારખી ગએલા હોવાથી તેઓએ પોતાની સાંઢણીઓ આગળ ચલાવી. જેના પરિણામે આમિર ધારવા કરતાં પહેલાં મસજીદથી અર્ધા માઇલ ઉપર આવી પહોંચ્યો. મસજી-

દથી અર્ધા માઇલ ઉપર આવેલી એક ટેકરી ઉપરથી જ્યારે આમિરે મસજીદની પાસે કેટલાક ઉંટ ઘોડા અને તંબુઓ જોયા ત્યારે તેણે પોતાના દીકરાઓ તરફ ફરીને કહ્યુ "મારા દીકરાઓ! આપણે મસજીદમાં જલદી પહોચવું જોઇએ. કેમકે મસજીદની પાસે કાફલો ઉતરેલો જણાય છે" પોતાની સાંઢણીઓને ઝડપથી ચલાવતાં બંને દીકરાઓ બોલ્યા "બેશક" મસજીદની પાસે આવતાં આમિરે મોહટા દીકરાને કહ્યું "જા, ઘેરથી પાણીની ડોલ લઇ આવ, કેમકે કાફલાને પાણી જોઇશે" આ સાંભળતાંજ મોહટો છોકરો ડોલ લેવાને મસજીદની પાસે આવેલા ઘર તરફ ગયો.

અંતની ઘડી.

આમિરની નજર કાફલા ઉપર ચોંટેલી હતી અને તે કાફલો કઇ તરફથી આવેલો છે તે પારખવાની કોશીશ કરતો હતો પણ સૂરજ આથમવાની તૈયારી અને રાતનું અંધારૂં ફેલાતું હોવાથી તેની વૃદ્ધ આંખો પારખી શકી નહીં, પણ જ્યારે તે કાફલાની છેક પાસે આવી પહોંચ્યો ત્યારે તેણે ઉંટ અને ઘોડા ઉપરના સ્વારોને એક હોદજવાળા ઉંટની પાસે ભેગા મળેલા જોયા, અને જાણે તે હોદજવાળા ઉંટમાં કોઈ ભારે માંદગી ભોગવતું હોય તેમ તેને જણાયું. આમિરે કાફલાવાળાઓને તેમના લિબાસ ઉપરથી શામ (સીરીયા)ના રહેવાશીઓ તરીકે ઓળખ્યા, પણ શામથી આવનાર કાફલાનો આ રસ્તો ન હોવાથી તે ભારે અજાયબીમાં પડયો.

આમિરે હોદજવાળા ઉંટની પાસે એક શામી જભ્ભો પહેરેલા માણસને જોયો, જેની વય લગભગ પચાસ વરસની હતી અને તેની જમણી બાજુએ એક ખુબસુરત જવાન ઉભો હતો જેનો ચહેરો રૂપાળો અને રૂવાબદાર હતો તેણે એક રેશમી જભ્ભો પહેર્યો હતો જે તેના રૂપાળા અને રૂવાબદાર ચહેરાને બંધબેસતો હતો. તેની બગલમાં તલવાર હતી અને તેની પછવાડે ઉભેલા ગુલામના હાથમાં ભાલો અને તીર કમાન હતાં. ડાબી બાજુએ એક નવજવાન યુવતી ઉભી હતી જેણે લગભગ આ દુનિયામાં અઢાર વરસ પસાર કર્યાં હતાં, જોકે અત્યારે તેણી લાંબી મજલની મુસાફરીથી આવી હતી તથા તેના ચહેરા ઉપર આબાદ દીલગીરીની છાપ દેખાતી હતી, છતાં પણ તેનો દિલકશ ચેહરો બહુજ મનહરણ લાગતો હતો,

અને તેના શરીરનું નાજુક તથા મોહ પમાડનાર બંધારણ અને તેનો ભોળો ચેહરો જોનારના મનમાં પોતાની જગ્યા કરી લેતો હતો. બીજા કાફલાવાળા માણસો કરતાં તેણી અત્યારે ભારે શોચમાં જણાતી હતી અને ઉંટઉપરના માંદા માણસને નીચે ઉતારવાની તરકીબ બતાવી રહી હતી.

આમિરે તેઓની પાસે પહોંચતાંજ સલામ કરી અને માંદા માણસને નીચે ઉતારવામાં મદદ આપવાને આગળ વધ્યો, કે તરતજ તે સુંદર બાળાએ કહ્યુ "અમે ઉતારી લઇશું તમારી મદદની જરૂર નથી" થે ડીવારમાં બીમારને ઉંટ ઉપરથી નીચે ઉતાર્યો. તે બીમાર પેલી સુંદર બાળાની મા છે, જે સખત માંદગી ભોગવી રહી છે અને તેજ કારણસર અમારા વાંચકોએ સુંદર બાળાને દીલગીરીમાં ડુબેલી જોઇ છે.

તે સુંદર બાળાનું નામ અસ્મા છે અને જે પચાસ વરસની વયનો માણસ તેની સાથે છે તેનું નામ યઝીદ છે તથા જે નવજુવાન માણસ છે તે ખલીફા હઝરત ઉસમાન રદી૦નો નજીકનો સગો મરવાન છે. આમિર બધા માણસોને ટીકી ટીકીને જોતો હતો પરંતુ માત્ર મરવાન સિવાય તે બીજાને ઓળખતો નહોતો અને મરવાનને જોકે હઝરત ઉસમાન રદી૦ની સેવામાં ઘણી વખતે જોએલો છે છતાં તેને કયાં જોયો છે એ આમિરને યાદ ન રહેલું હોવાથી તે ઘડી ઘડી પોતાની યાદશકિતને તેજ કરી મરવાનને ઓળખવાની કોશિશ કરતો હતો. બીમારને ઉંટ ઉપરથી ઉતારી તંબુમાં લઇ ગયા. અસમા તરતજ પોતાની માની પથારી પાસે બેઠી અને પોતાની માના કપાળ ઉપરથી પરસેવો લુંછવા લાગી. તેણીની મા અત્યારે બિલકુલ બેશુદ્ધ હતી. અસમાની નજર પોતાની માના ચહેરા તરફજ હતી અને વારે ઘડીએ તેના ચહેરા સામુ જોઈ હાયકારા નાખી રહી હતી. પોતાની માની માંદગીથી તેણીનાં આંસુઓ આંખમાંથી બહાર નીકળવાની તૈયારીમાં હતાં પણ પોતાના રડવાથી માંદી માને દુઃખ થશે એવા વિચારથી તેણી પોતાનાં આંસુઓને આંખમાંજ દાબી દેવાની કોશિશ કરતી હતી.

હવે રાત પડી ગઇ, ચોમેર અંધકાર ફેલાયો, આમિર એક દીવો અસમાના તંબુમાં મૂકી ગયો. તેના પ્રકાશમાં અસમા પોતાની માના ચહેરાને ટીકતી બેઠી. આ વખતે તેણીને પોતાના બાપ યઝીદ તથા મરવાનની લગારે પરવા નહોતી કે જેઓ દુર દરાઝ મુસાફરીમાં તેની સાથે છે બલ્કે તેણી તે બન્નેથી નારાજ છે, કેમકે જ્યારે તેણી પોતાના વતન

શામમાં હતી તે વખતે મરવાને યઝીદની પાસે અસમાના હાથની માગણી કરી કે જે દુન્યવી લાલચના લોભમાં તેણે સ્વીકારી લીધી હતી. જોકે મરવાન તેઓનો કુટુંબી નહોતો છતાં તે ખલીફાનો સગો છે તેથી આ સગાઇ થતાંજ તે કોઈ સારી નોકરી અપાવી દેશે એવા લોભમાં યઝીદે તેની માગણીને કબુલ કરી લીધી; પરંતુ અસમા તથા તેની મા આ વાત ઉપર રાજી થયાં નહીં. બંને મા દીકરીઓ દુન્યવી દોરદમામને દમવગરના સમજતી હોવાથી તેઓએ યઝીદને સાફ ના પાડી દીધી. વળી અસમા યઝીદની સગી દીકરી નહોતી પણ હિજરી સને ૧૮ માં જ્યારે હઝરત ઉમર ઇબ્નુલ આસે મીસર ઉપર ફતેહ મેળવી ત્યારે અસમાની મા કેદ થઇને આવી હતી તે વખતે અસમાની વય માત્ર બે વરસની હતી. અસમાની માની સાથે યઝીદે નિકાહ કરી લીધો અને ઇસ્કન્દરીઆની ફતેહ પછી બંને મા દીકરીને શામ લઇ ગયો અને ત્યાંજ પોતાનું રહેઠાણ રાખ્યું. અસમા નહાનપણથીજ ઘણીજ ખૂબસુરત હતી પણ જેમ જેમ વયમાં મોટી થતી ગઇ તેમ તેમ તેના રંગ રૂપમાં પણ વધારો થતો ગયો અને તે એટલેસુધી કે, શામમાં તેની ખૂબસુરતીની ભારે ચર્ચા થવા લાગી. મરવાન નહાનપણથીજ અસમાને ચાહતો હતો પરંતુ અસમા તેને ખરા જીગરથી ધિક્કારતી હતી. જ્યારે મરવાન તથા યઝીદે જોયું કે બંને મા દીકરીઓ રાજી નહીં થાય ત્યારે તેઓએ મદીને જવાની તૈયારી કરી. તે એટલામાટે કે ત્યાં ખલીફા હઝરત ઉસમાન રદી૦ની ભલામણથી તેણીઓ રાજી થઈ જશે. કેમકે હઝરત ઉસમાન રદી૦ બની ઉમઇયા ઉપર ખાસ મહેરબાની રાખતા હતા અને બની ઉમઇયામાંના લોકોને મોહટા મોહટા હોદ્દાઓ આપતા હતા. શામમાં મરવાને અસમા તથા તેની માને સમજાવવામાં લગારે કસર રાખી નહીં, પણ તેણીઓ રાજી ન થવાથી આખરે મદીને જવાનું નક્કી કર્યું, અને એક મોહટા કાફલાની સાથે તે મદીને આવવાને રવાને થયો.

અસમાની મા આ મુસાફરીનું કારણ જાણતી હોવાથી તેણીને ભારે ચિંતા રહેવા લાગી, અને તેજ ચિંતાના કારણથી તેણી માંદગીનાં બીછાને પટકાઇ પડી. એકતો ચિંતાની બિમારી અને બીજી મુસાફરીની વેદનાઓથી તેણીની માંદગીએ ગંભીર રૂપ પકડયું અને તે એટલેસુધી કે તેણી અંતની ઘડીએ આવી પહોંચી.

પરંતુ અસમા મદીને જવાનાં મુળ કારણથી અજાણ હતી અને આમ એકાએક મદીનાની મુસાફરીની કેમ તૈયારી કરી તે જાણતી નહોતી તેથી એક દીવસે એકાંતમાં તેણીએ પોતાની માને આ દુઃખદાયક મુસાફરીનું કારણ પૂછયું, તો તેના જવાબમાં તેણીએ કહ્યું કે "યઝીદ અને મરવાન હઝરત ઉસમાન રદી૦ના દબાવથી મને તથા તને રાજી કરવા ચાહેછે, પણ હું ત્યાં જઇને આ કામમાં હઝરત અલી કર૦ની મદદ માગીશ. અને ઉમેદ છે કે તેમની મદદથી મારી મુરાદ બર આવશે અને મરવાનને નિષ્ફળતા મળશે" અસમાને આ ખુલાસાથી લગાર નિરાંત વળી પણ યઝીદ તથા મરવાનને આ વાતની ખબર થતાંજ તેઓએ પોતાની મુસાફરીને લંબાવી અને સીધો રસ્તો મૂકીને આડે અવળે રસ્તે મુસાફરી કરવા માંડી, તે એટલાજ માટે કે, અસમાની મા મુસાફરીમાંજ મરણ પામે. કેમકે અસમાની માની માંદગીએ ગંભીર રૂપ લીધું હતું. મદીનાનો સીધો રસ્તો મૂકીને અવળે રસ્તે મસજીદે કુબામાં આવીને પડાવ નાખવાનું કારણ પણ એજ હતું.

છુપા ભેદ.

અસમાની માનું નામ મરીયમ હતું, તેણી નહાનપણમાં અસમાની પેઠેજ ખુબસુરત હતી અને અત્યારે જોકે તેની વય લગભગ ચાલીસની છે છતાં ખુબસુરતીમાં અસમાથી ઉતરે તેવી નથી. અત્યારે તેણી ભયંકર માંદગીનાં બીછાને પટકાએલી હોવાથી તેના ખુબસુરત ચહેરા ઉપર પીળાશ ફરી વળી છે અને તેની મોહટી મોહટી મદભરી આંખોમાં મોતની સફેદી છાઇ રહી છે, છતાં તેણી મનહરણ રૂપ ધરાવતી હતી એમ એકી વખતે જોનારને સાફ જણાઇ આવતું હતું.

મરીયમને ઉંટ ઉપરથી ઉતારીને જ્યારથી પથારીમાં સુવાડી છે ત્યારથી તેણી શુદ્ધિમાં આવી નથી. અસમા તેણીના ફીકા પડેલા ચહેરાને જોતી તેની પાસેજ બેસી રહી છે અને દર વખતે તેના કપાળ ઉપર આવતા પરસેવાને લુછી રહી છે. આ વખતે અસમાના મનમાં અનેક ચિંતાઓએ વાસો કર્યો છે અને દરપળે તેણીની ચિંતામાં વધારો થઇ રહ્યો છે. જો કદાચ પોતાની માને કાંઇક થાય તો ફરી પોતાની શી વલે થશે એ વિચા-

રથી તેના શ્વાસશ્વા હોશ ઉડી જતા હતા અને હાયકારા ઉપર હાયકારા નાખી તેણી તંદુરસ્ત થઇ જાય એવી દોઆઓ માગી રહી હતી. જોકે અસમા એક દિલેર અને મક્કમ વિચારની બાળા હતી છતાં યઝીદ અને મરવાનમાં જે છુપી મસલેહતો તથા વાતચીતો થાયછે તે જોતાં તેણી ભારે ગભરાટમાં પડતી હતી. આવીજ ચિંતાઓમાં લગભગ રાતનો પા . ા હીસ્સો પસાર થઇ ગયો .એટલામાં એકાએક અસમાની માએ આંખો ઉઘાડીને અસમાની તરફ જોયું, એટલે અસમાએ ઘણીજ મમતાથી પૂછ્યું "કાંઈ જોઇએ છે ?" મરીયમે પાણીનાં માટલાં તરફ ઇશારો કર્યો, એટલે અસમાએ પાણીનો પ્યાલો ભરી તેના મોહઢા આગળ ધર્યો અને ઘણીજ સંભાળથી લગાર માથું ઉંચું કરી પાણી પાયું. મરીયમ પાણી પીતાંજ પાસું ફેરવીને ચુપ-ચાપ સુઇ ગઇ, એટલે અસમાએ તેણીના કપાળ ઉપર હાથ ફેરવતાં પૂછ્યું

"અંમા ! બીજી કાંઇ ઇચ્છા છે ?"

"નહીં કાંઇ ઇચ્છા નથી" મરીયમે ધીમા સાદથી કહ્યું "માત્ર તારી સલામતીની ઇચ્છા છે. ખુદા તને સલામત રાખે, મારી હાલત ઘણીજ ખરાબ છે અને મને મારા બચવાની આશા જણાતી નથી."

"નહીં, અલ્લાહ તંદુરસ્ત કરી દેશે," અસમાએ દીલાસો આપતાં કહ્યું "કાંઇ ગભરાઓ નહીં."

"બેટી ! હું મરવાથી બીહતી નથી પરંતુ મારા દીલમાં એક ઇચ્છા છે, જે હું મારી જીંદગીમાં પુરી કરવા ચાહુંછું પરંતુ હાય મોત !"

"નહીં અંમા હીમ્મત રાખો." પોતાની આંખના આંસુઓને મરી-યમ ન જોઇ શકે તેવી રીતે લુંછતાં અસમા બોલી" કહો આપ કઈ ઇચ્છા ધરાવો છો ?"

"માત્ર એજ કે મરવા પહેલાં હઝરત અલી કર૦ ની મુલાકાત થાય, બસ."

"એમાં ગભરાવાની શી વાત છે ! ઇનશાઅલ્લાહ કાલે મદીનામાં પહોંચતાંજ મુલાકાત થઇ જશે."

"પણુ મને કાલ સુધી મારા બચવાની આશા નથી, કેમકે મોતનાં બધાં ચિન્હો જાહેર થઈ રહ્યાં છે.

".નહીં અમ્મા એવું ન બોલો" અસમા નિરાશાના સાગરમાં ગોથાં ખાતાં બોલી "હઝરત અલી કર૦ થી શું મારા સંબંધી વાતચીત કરવી છે?"

"હા, અને એ સિવાય બીજા સંબંધમાં પણ એક ભેદની વાતચીત કરવી છે, જેને મેં ઘણાં વરસો સુધી મારા મનમાં છુપાવી રાખી છે, પણ હવે તે ભેદ જાહેર કરવાનો વખત આવી પહોંચ્યો છે."

"ત્યારે આપ કહો તેમ કરવામાં આવે."

"અબઘડી એક માણસને મદીને મોકલો અને તેને ભલામણ કરો કે અત્યારે ને અત્યારે હઝરત અલી કર૦ની મુલાકાત લઇને કહે કે મરણ પથારીએ પડેલી એક સ્ત્રી આપની મુલાકાત લેવા ચાહે છે અને કેટલીક અગત્યની વાતચીત કરવા માંગે છે માટે આપ હઝરત મારી સાથે મસજીદે કુબા તરફ ચાલો. મને ભરૂસો છે કે મવલા અલી આ સંદેશો સાંભળતાંજ અત્રે પધારવાની તકલીફ ગવારા કરશે."

અસમા આ સાંભળી તરતજ બહાર આવી. યઝીદ અને મરવાન એક ખજુરનાં ઝાડની નીચે બેસીને વાતો કરી રહ્યા હતા તેઓ અસમાને બહાર આવેલી જોઇને તેની પાસે જઇને બોલ્યા–

"કહો તબીયત કેવી છે?"

"અત્યારે લગાર ઠીક છે" અસમા બોલી "પણ તેણી આ વખતે મવલા અલીની મુલાકાત લેવા ચાહે છે."

"આ વખતે મુલાકાત કયાંથી થઈ શકે! કેમકે હઝરત અલી કર૦ તો મદીના શરીફમાં છે."

"અંમાની ઇચ્છા હઝરતને અહીં બોલાવવાની છે."

"હઝરતને અહીં બોલાવવા!!!" મરવાને કહ્યું "અહીં બોલાવવા કોની મજાલ છે?"

"હું ધારૂંછું કે જ્યારે હઝરત સાંભળશે કે મરણ પથારીએ પડેલી એક લાચાર સ્ત્રી બોલાવે છે તો તેઓ જરૂર તકલીફ ગવારા કરશે. કેમકે હઝરત લાચારો તથા માંદાઓ ઉપર ઘણીજ મહેરબાની રાખે છે."

"બેશક, હઝરત ગરીબો અને લાચારો ઉપર ઘણુંજ હેત અને માયા રાખેછે પણ આજ કાલ મુસલમાનોના અંદર અંદરના ઝગડાઓમાં તે હઝરત ગુંથાએલા હોવાથી કેવી રીતે પધારી શકશે?" મરવાન બોલ્યો.

"અંદર અંદરના તે વળી કયા ઝગડા ?" અસમાએ પુછયું.

"અમોએ શામમાં સાંભળ્યું હતું કે, હઝરત ઉસમાન રદી૦ મોહટા હોદ્દાઓ પોતાના સગા સંબંધીઓ સિવાય બીજાઓને આપતા નથી તથા જે મોહટા હોદ્દાઓ ઉપર પહેલાંના ઓફીસરો છે તેમને બરતરફ કરી તેમની જગ્યા પણ પોતાના સગા સંબંધીઓથી પુરે છે. આ કારણથી મીસર, કુફા અને બસરાવાશીઓમાં ભારે ચર્ચાએ જન્મ આપ્યો છે, જેના માટે લોકો હઝરત અલી કર૦ થી મળી તેમની મારફતે આ બાબતનો નિવેડો લાવવા ચાહેછે. ઘણું કરીને તે લોકો હવે મદીનામાં આવી પહોંચ્યા હશે માટે હઝરત અલી કર૦ ને એટલી ફુરસદ નહીં હોય કે તેઓ અહીં પધારી શકે."

"પણ મારી માંદી માને હઝરત અલી કર૦ થી જરૂરનું કામ છે" અસમાએ મરવાનની લાંબી હકીકત સાંભળીને કહ્યું "માટે કોઇ માણસને મદીને મોકલી હઝરતને ખબર આપવી જોઇએ."

"ઠીક ત્યારે હું મારા માણસને મોકલું છું અને તેની પછવાડે હું પોતે મદીને જાઉંછું."

આટલું બોલી મરવાને તરતજ એક માણસને ઘોડા ઉપર બેસાડી મદીને મોકલ્યો અને થોડીજ વાર પછી પોતે પણ મદીને રવાને થઈ ગયો. અસમા પોતાની માની પાસે આવીને હઝરત અલી કર૦ ના પધારવાની વાટ જોતી બેઠી, અને જ્યારે ઘણીવાર થઇ ગઇ ત્યારે તેણી તંબુમાંથી બહાંર આવીને મદીનાના રસ્તાઉપર નજર દોડાવીને જોવા લાગી. રાત અંધારી હતી. ચોમેર અંધારૂં ફેલાયલું હતું. અસમાએ પાસેની ટેકરીઉપર ચઢીને જોયું તો માત્ર મસજીદે નબવીના ઝળકાટ સિવાય બીજું કાંઈ નજરે પડતું નહોતું. અસમા હઝરત અલી કર૦ ના પધારવામાં વાર થતી જોઇ ગભરાવા લાગી અને જ્યારે નિરાશ થઇ ત્યારે તંબુમાં પાછી ફરી. તંબુની બહાર યઝીદ ઉંઘમાં પડેલો હતો, તેને જોઇને અસમા ઘણીજ દીલગીર થઈ. એમ તો તેણી યઝીદના વર્તાવથી સારી પેઠે જાણતી હતી પરંતુ પોતાની મા મરણ પથારીએ પડી છે તેવા બારીક સમયમાં તેને આવી રીતે ઉંઘ કાહતાં જોઇ બહુજ અફસોસીમાં ગરકાવ થઇ ગઇ. તેણી જાણતી હતી કે યઝીદ તેનો સગો બાપ નથી, તેથી તેણે ઘણી વખતે પોતાની માને પોતાના સગા બાપના નામ વીશે પુછયું હતું, પરંતુ તેની માએ અત્યાર

સુધી બતાવ્યું નહોતું. યઝીદને બેદરકારીથી ઉંઘતો જોઇ અસમાને પોતાના સગા બાપની યાદ આવી એટલે તરતજ તંબુમાં જઇ પોતાની માના માથા ઉપર હાથ મુકયો અને તેને જાગૃત કરવા માટે હાથ હલાવ્યો પણ તેણી બોલી નહીં. આ જોતાંજ અસમાના ગભરાટનો પાર રહ્યો નહીં. પોતાની માને મર્ણ પામેલી સમજી તેની આંખોમાં અંધારાં આવી ગયાં. તરતજ તેણી આમિરને ત્યાં જઇ કોઇ સ્ત્રીને મદદ માટે બોલાવવા સારૂ બહાર આવવા ચાહતીજ હતી કે તેની માએ પાસું ફેરવ્યું એટલે અસમાએ તેની માની પાસે બેસી જતાં પુછયું–

"અંમાં કાંઇ જોઇએ ?"

"શું હજુ સુધી મવલા અલી પધાર્યા નથી ?"

"કોણ જાણે કેમ નથી આવ્યા, બે માણસો બોલાવવા માટે તો ગયા છે."

"હવે મારો આખરી વખત આવી પહોંચ્યો છે માટે થોડા વખતને કીમતી સમજી મવલા અલીને અહીં બોલાવી લાવવા જોઇએ."

"મને ખાત્રી છે કે તેઓ હવે આવતાજ હશે" અસમાએ કહ્યું "પણ શું એ વાત મને કહેવા જેવી નથી ? અને મને મારા અસલી બાપનું નામ કયારે કહેશો ?"

"જયારે મવલા અલી પધારશે ત્યારે બધો ભેદ ખુલ્લો થઇ જશે,' આટલું બોલી મરીયમે પાસું ફેરવીને કહ્યું "હાય, મવલા અલી કયારે પધારશે !"

મદીના મુનવ્વરા.

અસમા વાટ જોતાં જોતાં થાકી ગઇ, તેણીના મનમાં વિચાર આવ્યો કે, મવલા અલીના પધારવામાં જે વાર થઇ છે તેમાં મરવાનનો હાથ હોવો જોઇએ. બેશક એમજ હોવુંજ જોઇએ. મરવાન અસમા પ્રત્યે કેવી લાગણી ધરાવતો હતો તેનાથી તેણી જાણતી હતી. તેથી તેણી આ વખતનેજ ઘણોજ કીંમતી ગણી પોતાની જાતે મદીને જવા તૈયાર થઇ. એક કુસ્તાની બનેલી ચાદર માથા ઉપર લપેટી લીધી અને તેને ચહેરા ઉપર એવી રીતે બાંધી કે માત્ર આંખો સિવાય ચહેરાનો બધો ભાગ ચાદરમાં છુપાઇ ગયો હતો. આવી રીતે ચહેરો છુપાવીને શરીર ઉપર એક સાહયો પહેરી લીધો અને

મદીને જવા માટે બીલકુલ તૈયાર થઇ ગઇ, પરંતુ જ્યારે તેણીને મરણ પથારીએ પડેલી પોતાની માનો વિચાર આવતો ત્યારે આગળ ડગલું ભરવાની હીંમત ચાલતી નહીં. થોડીવાર થોભીને યઝીદની પાસે ગઇ અને તેને જગાડી પોતાની માની સંભાળ લેવા માટે ભલામણ કરી. યઝીદ મરીયમના તંબુમાં જઇને બેઠો એટલે અસમા જવા માટે આગળ વધી, પણ ફરી યઝીદનો ભરૂસો ન પડવાથી પાછી ફરી અને આમિરના ઘેર જઇ ત્યાંથી એક ઘરડી ડોશીને બોલાવી પોતાની માની સંભાળ લેવા માટે તંબુમાં બેસાડી. જ્યારે તેણીને પોતાની માની સંભાળની ખાત્રી થઇ ગઇ ત્યારે તાબડતોબ એક ઘોડાઉપર સવાર થઈ ઘોડાને મદીના તરફ પુરપાટ દોડાવી મેલ્યો. આની રીતે ઝડપની સાથે થોડીજ વારમાં અસમાનો ઘોડો મદીના શહેરના દરવાજા આગળ આવીને થોભ્યો, તેણીએ પોતાના ઘોડાની હેતની સાથે પીઠ ઠોકી શહેરમાં ચાલુ મુકયું. દરવાજામાં દાખલ થઇ તેણી એક સાંકડા રસ્તા ઉપર પહોંચી જ્યાં સેંકડો માણુસોની ભીડ જામેલી હતી. આ જોઇ મરવાને જે હકીકત કહી હતી તે સાચી છે એવું અસમાને ભાન થયું

અસમાએ એક માણસથી મવલા અલીના મકાનનું ઠેકાણું પુછયું. તેણે આગળ જવાનું કહ્યું. અસમા વિચારોમાં ગોથાં ખાતી આગળ વધી. રસ્તાની વળાણુ ઉપર અસમાના ઘોડાએ ઠોકર ખાધી અને અસમા નીચે પડી ગઈ એટલામાં સામેથી એક નવજુવાન આવતો જણાયો, જેનો ચહેરો જોવાથી જણાતું હતું કે તે કોઇ ખાનદાની માણુસ છે. અસમા આ વખતે પુરૂષના લિબાસમાં હોવાથી તે નવજુવાન તેને પુરૂષ સમજતો હતો તેથી અસમાને ઘોડા ઉપરથી પડતી જોઇ મદદ આપવા તેની પાસે આવીને પુછવા લાગ્યો—

"વાગ્યું તો નથી ને ?"

"જી નહીં" અસમા ભોંય ઉપરથી ઉઠતાં બોલી "પરંતુ મને બતાવો કે, હઝરત અલી કર૦ નું મકાન કયાં છે ?"

"તમારી ડાબી બાજુએ જે મકાન છે તે મવલા અલીનુંજ મકાન છે."

"અત્યારે તેઓ હઝરત મકાનમાંજ હશે ?"

"નહીં" તે જુવાન બોલ્યો "અત્યારે તમારા બોલવા ઉપરથી જણાય છે કે તમે મવલા અલીથી કોઇ મોહટા અગત્યનાં કામસર મળવા ચાહોછો માટે મને કહો કે એવું તે શું કામ છે ?"

"બેશક હું અગત્યનાં કામ માટે મળવા ચાહુંછું પરંતુ મવલા અલી સિવાય બીજાને તે કામ કહી શકાય તેવું નથી."

"મગરીબની નમાઝ વખતે તેઓ હઝરત મસજીદમાં તશરીફ લઇ ગયા છે, ત્યારથી હજુ સુધી પાછા ફર્યા નથી."

"તો ફરી મહેરબાની કરી મને તે મસજીદ સુધી લઇ ચાલો" આટલું બોલી અસમા ઘોડાની લગામ પકડીને આગળ વધી એટલે નવ-જુવાન પણ તેની સાથે ચાલ્યો, મસજીદ પાસેજ હતી. નવજુવાન ઝડપથી મસજીદની તરફ ગયો, તેના મનમાં અનેક તરંગો ભમી રહ્યા હતા. આવી મોડી રાતે મવલા અલીની પાસે આ માણુસ શામાટે આવ્યો હશે? અને કયાંથી આવેલો છે! આવા વિચારોમાં મસજીદના દરવાજા પાસે પહોંચ્યો. ત્યાં પ્રકાશમાં અસમાના ચહેરા તરફ નજર નાખી પરંતુ માત્ર આંખો સિવાય આખો ચહેરો ચાદરમાં છુપાએલો હોવાથી આ પુરૂષ છે કે સ્ત્રી તે પણ તે પારખી શકયો નહીં.

મસજીદ માણુસોથી ભરેલી હતી, તલ જેટલી પણ જગ્યા નહોતી. અસમા અંદર જવા માટે અનેક કોશીશો કરતી પણ ભીડ વધારે હોવાથી અંદર જવાને લાચાર બની. પેલો નવજુવાન મસજીદની બહાર એક પથ્થર ઉપર બેસી ગયો, અને અસમાને પણ પોતાની પાસે બેસવાનું કહ્યું, પરંતુ અસમા ભારે ચિંતામાં હોવાથી બેસવાનું તેનું મન થતું નહોતું. તેણે પેલા નવજુવાનને ઘોડો બાંધવાની જગ્યા માટે પુછ્યું એટલે પેલા નવજુવાને એક છોકરાને બોલાવી ઘોડાને ખજુરના ઝાડની સાથે બાંધવાનું કહ્યું.

અસમા મસજીદના દરવાજા ઉપરથી અંદરની બધી કારરવાઇ જોઇ રહી હતી. એટલામાં એક માણુસ મીમ્બર ઉપર ચઢેલ; જેમનું કદ સાધા-રણ અને ચહેરો ઘણોજ નુરાની તથા ખુબસુરત હતો. ઘણા વાળોથી ભરાવદાર દાઢી ખીઝાબમાં રંગેલી હતી. છાતી પોહળી અને દમામદાર હતી. તેમના ચહેરા ઉપરના જાહોજલાલ અને રૂઆબથી જણાતું હતું કે, તેઓ સાધારણ માણુસ નથી. તેમના મીમ્બર ઉપર આવતાંજ બધા લોકો શાંત થઇ ગયા. અસમાએ આ જોઇને પેલા નવજુવાનથી પુછ્યું–

"આ સાહેબ કોણ છે?"

"ખલીફાએ વકત હઝરત ઉસમાન ઇબ્ને અફફાન છે."

"અને બધા લોકો જાણ્યામાં મદીનાના હશે ?"

"નહીં" નવજુવાને કહ્યું "આ લોકો મીસર, કુફા અને બસરાના રહેવાશીઓ છે. તેઓ હઝરત અલીની પાસે ફરીયાદ લઇને આવેલા છે.

"કેવી ફરીઆદ ?"

"આ લોકોનું કહેવું એમ છે કે, હઝરત ઉસમાન ખાસ બની ઉમ-ઇયાના લોકોને મોહટી મોહટી જગ્યાઓ આપેછે અને તેઓને મહેરબા-નીઓથી નવાજે છે તેનું કારણ શું ? હઝરત ઉસમાન ઉપર આ આરોપ મુકેલો હોવાથી જાણ્યામાં તેઓ તેનો જવાબ આપવાને માટે ઉભા થયા છે."

અસમા ખલીફાનો ચહેરો જોવા લાગી. મરવાન પણ મીમ્બરની પાસેજ બેઠેલો હતો જેને જોતાંજ અસમા મનમાં ને મનમાં ગાળો દેવા લાગી. જે કામને માટે તે આવ્યો હતો તેને વિસારી દઇ પોતાના પીત્રાઇ ખલીફાની પાસે આવીને બેસી ગયો તે માટે તેણીને અફસોસ થયો. તેણી મસજીદમાં બેઠેલા લોકોના મુબારક ચહેરાઓ ઉપર નજર નાખી રહી હતી અને હઝરત અલીને પોતે પોતાની મેળે પારખી લેશે એવા ખ્યાલથી ચારે બાજુએ ધ્યાનપુર્વક જોવા લાગી. પણ ફરી પેલા નવજુવાનથી પુછ્યું–

"આ સામેની હારમાં મવલા અલી તશરીફ રાખે છે ?"

"હા," નવજુવાને આંગળીથી બતાવતાં કહ્યું "પેલા મીમ્બરની જમણી બાજુએ બેઠા છે."

હવે અસમાએ પણ હ૦ અલીને બરાબર જોયા. તેઓ કદે જરા લાંબા હતા. તેઓના સાંધા મજબુત અને ભારી જણાતા હતા. તેઓનો ચહેરો ઘણોજ પાકીઝેહ અને ગોરો હતો; અને તેઓ હંમેશાં મુખમાં હસતા જણાતા હતા. અસમા આ હસતું મુખ જોઇને ખુશ ખુશ થઇ ગઇ અને એક ખાસ નજરથી જેમાં મહોબત અને માન સમાયેલાં હતાં તેઓને જોવા લાગી.

હ૦ ઉસમાન ઇબ્ને અફફાન હવે તૈયાર થઇને ઉભા થઇ ગયા. તેઓના જમણા હાથમાં તલવાર હતી પણ તેઓના ચહેરાથી પરેશાની અને ગભરાટનાં ચિન્હો પ્રગટી નીકળ્યાં હતાં અને એમ માલમ પડતું હતું કે, જાણે તેઓ કોઇ જબરદસ્ત વિરૂદ્ધતાનો જવાબ આપવા ઉભા થયા છે. પહેલાં તેઓએ પરવરદિગાર અને તેના પેગમ્બરની સેતાએશ તારીફ કીધી અને તે પછી એક લથડતા અવાજે નીચે મુજબ ખુતબો ભણ્યો—

"તમો દુરદરાજના મુલકોથી આવ્યા છો, અને મારાથી એક એવી વાતનો જવાબ માગોછો જે હું એકલોજ નથી કરતો તેમ નથી, બલકે મારી આગળ થઇ ગયેલા ખલીફાઓએ પણ પેગમ્બર સાહેબના ફરમાન વિરૂદ્ધ કર્યું નથી. હ૦ પેગમ્બર (સ૦ અ૦ વ૦) પોતાના સઘળા સગા વહાલાઓને ઓદ્ધા આપતા હતા. હવે અગર તમો એ કામને નાપસંદ કરોછો તો ખયેર, હું તમારી મરજી મુજબ અમલ કરીશ, અને જો અગર તમો કોઇ ફીતનો અથવા ફીસાદ જગાડવાનો ઇરાદો રાખોછો તો મને કહેવાદો કે, તમોએ ઘણી ઉતાવળ કરી છે. મારૂં કહ્યું ખરૂં માનજો કે, મારા મુવાપછી તમને માલમ પડશે કે, તમારે માટે મારી એક દિવસની જીંદગી એક વરસ કરતાં પણ કિંમતી હતી; કેમકે મારા પછી ઘણી ખુનરેજીઓ થશે અને ખુદા તથા તેના પેગમ્બરના હુકમનો અનાદર થશે.

મૌલા અલી ખુતબાને, માથું નીચું રાખી ઘણુંજ ધ્યાનથી સાંભળી રહ્યા હતા અને જ્યારે હ૦ ઉસ્માન પોતાના છેલ્લા ફકરાપર આવ્યા તો ખુદ હ૦ અલીએ પણ પોતાની મુબારક જબાંથી તેને ફરીથી કહ્યું.

અસમા પોતાની ગુંચવણોમાં લીન થએલી હતી તેનો ખુતબા તરફ ખ્યાલજ હતો નહિ. તેણી પોતાના ગુંચવણભર્યા વિચારોના સમુદ્રમાં ગોથાં ખાતી હતી. પેલા નવજુવાન શખ્સે તેણીને કહ્યું કે, હું જાણુંછું તેમ તમો ખુતબાની મતલબ સમજ્યા નથી; ખરી હકીકત એવી છે કે, આ લોકો હ૦ ઉસ્માનની ખીલાફતથી રાજી નથી, અને તેઓના બદલામાં કોઇ બીજા શખ્સને પોતાના ખલીફા તરીકે નીમવા માગેછે. આ ઓદ્ધા માટે ત્રણ શખ્સો ચુંટવામાં આવ્યા છે. (૧) ઝોબેર (૨) તલહા અને (૩) મોલા અલી. હવે જો હ૦ ઉસ્માન ખીલાફતથી અલાહેદે થઇ જાય તો આ ત્રણે શખ્સોમાં ખીલાફતના સંબંધમાં ઝગડા થશે; કેમકે "મીસર" વાળાઓની મરજી છે કે હ૦ અલીને ખલીફા બનાવવામાં આવે. કુફાવાળાઓની પસંદગી "ઝોબેર" ઉપર ઉતરી છે જ્યારે "બસરા"ના રહેવાશીઓ 'તલહા' ની તરફેણમાં છે. શામ (સીરીઆ) ના હાકેમ હ૦ ઉસ્માનના ખેશી છે માટે શામવાળાઓની ઇચ્છા છે કે હ૦ ઉસ્માનજ ખીલાફતના તખ્ત ઉપર રહે; પણ મોલા અલીને આ ખીલાફતની જરા પણ દરકાર નથી. કેમકે તેઓ મુસલમાનોમાં ફીસાદ કરાવવા માગતા નથી."

અસમા પોતાના વિચારોમાં એવી તો વિંટાયલી હતી કે, તેણી પેલા નવજુવાનનું બોલવું કંઇ સમજી અને કંઇ નહિ સમજી પણ તેણીએ જે કહેવામાં આવ્યું તે સાંભળ્યું, કેમકે હજી સુધી ખુતબો ખતમ થયો હતો નહિ.

ખુતબો ખતમ થયા પછી તમામ લોકો ઉભા થઇ ગયા અને એક બારગી જવા લાગ્યા. અસમા ટીકી ટીકીને જોતી હતી કે, રખેને હ૦ અલી તો નહિ ચાલવા જાય! પણ સઘળા બાહેર નીકળી ગયા અને હ૦ અલી જણાયા નહિ. તેણીએ પોતાના સાથીથી પુછ્યું કે, મોલા અલી મસજીદથી ચાલ્યા તો નહિ ગયા હોય? જેના જવાબમાં પેલા નવજુવાને કહ્યું કે, મેં તેઓને બાહેર જતાં જોયા નથી.

હુજરએ નબવી.

અસમા અને મજકુર નવજુવાન બન્ને મસજીદમાં દાખલ થયાં. ત્યાં એક શખ્સ ચેરાગ ગુલ કરતો હતો. અસમા બીધી કે, રખેને આ શખ્સ મને મસજીદમાં જતાં અટકાવે, પણ અસમાના સાથે નવજુવાનને જોઇને પેલા શખ્સે દીવો બળતો રહેવા દીધો અને આ બન્ને બેધડક મસજીદમાં દાખલ થયાં. ત્યાં જઇને તેઓએ ચારેતરફ શોધ કરી પણ મોલા અલી તેઓને મળ્યા નહિ. પેલા નવજુવાને કહ્યું કે, હ૦ અલી અકસર **હુજરએ ફાતેમામાં** જાયછે જ્યાં હ૦ ફાતમાને દફન કરવામાં આવ્યાં છે, અને અજબ નથી કે, તેઓ હમણાં પણ ત્યાંજ હોય! મજકુર હુજરો (કોટડી) મસજીદની સામેજ હતો ત્યાં આ બન્ને ગયાં. હુજરામાં એક ઘોર હતી અને ત્યાં ઘણાજ ધીમા પ્રકાશે એક દીવો બળતો હતો. આ લોકોએ અહિંઆં પણ ચારે બાજુ નજર દોડાવી, પણ ત્યાં તેઓને કોઇનો પણ પત્તો લાગ્યો નહિ. થોડી વાર પછી તેઓને એક અવાજ સંભળાયો. તેઓને લાગ્યું કે, એ અવાજ તેજ કબરમાંથી નીકળ્યો છે. બીકથી તેઓનાં રૂવાં ઉભાં થઇ ગયાં પણ તેઓ ચુપચાપ એકબીજાનો હાથ પકડી ઉભાં રહ્યાં અને વધારે ધ્યાનથી તે અવાજ સાંભળવા લાગ્યાં. મજકુર અવાજ કબરમાંથી નહિ પણ તેનીજ બાજુમાં **હુજરએ નબવી** જ્યાં હ૦ પેગમ્બર દફન છે ત્યાંથી આવ્યો હતો. હ૦ અલી, હ૦ ઉસ્માનનો ખુતબો

સાંભળીને હ૦ પેગમ્બરના મઝારે મુબારકપર ગયા અને તે ભયંકર સ્થિતીનું તેઓની હજુરમાં નીચે મુજબ બયાન કરવા લાગ્યા.

આ બન્નેએ મોલા અલીનો અવાજ સાંભળ્યો જેઓ કહેતા હતા કે:—

યા રસુલીલ્લાહ! જરા ઉઠીને પોતાની ઉમ્મતને તો જુઓ! તેની હવે શું હાલત થઇ રહી છે! ખુદાએ તમોને એક રસ્તો દેખાડનાર અને પ્રમાણીક માણસ તરીકે પેદા કર્યા હતા! આ કોમ દુર્દશા અને ખોટા ધર્મમાં હતી. તેઓને પીવાને તળછટ મળતી હતી અને તેઓના ઇરાદાઓ ગંદા હતા. આ કોમ મૂર્તિપુજક હતી અને ખુનરેજીઓ કરતી હતી. બચ્ચાં પાડી નાખવામાં તેઓ પ્રખ્યાત હતી. તમોએ તેઓને સીધો માર્ગ બતાવ્યો, તેઓ પડતીમાંથી નીકળ્યા, તેઓની ઉન્નતી થઇ, તેઓની આદતો સુધરી ગઈ અને એક ટોળું ઇસ્લામની મદદ કરવા માટે જાનોદીલથી તૈયાર થઇ ગયું. તે લોકો બેશક ઇસ્લામના હિતેચ્છુઓ હતા. તેઓ ઇસ્લામની વાતો ખરા અંતઃકરણથી સાંભળતા હતા. તેઓ ખુદાઇ કિતાબ યાને કુરાનના ફરમાન મુજબ ચાલતા હતા. તેઓને મરવાનો ગમ, અને જીવવાની ખુશી હતી નહિ. પેલી જહાંનના ખ્યાલથી તેઓની આંખો હમેશાં આંસુઓથી ભીજાયેલી રહેતી હતી. રોજા રાખતાં રાખતાં તેઓ દુબળા થઈ ગયા હતા. રાતના ઉજાગરાથી તેઓના ચહેરાપર પીળાશ દોડી ગઇ હતી. અલ્લાહના ડરથી તેઓનાં દીલ હમેશાં ધ્રુજતાં હતાં. આપ ખુદ પેગમ્બર! ભોંયપર બેસીને જમતા હતા. તમો પોતાના ગુલામોની સાથે બેસવામાં પોતાના દરજ્જાથી ઉતરતું સમજતા હતા નહિ. પોતાના જોડા અને પોતાનાં કપડાં તમો પોતાનેજ હાથે ઉપાડીને મુકતા હતા, અને જ્યારે કોઇ રંગીન પડદો આપના દરવાજાપર ટીંગાડવામાં આવતો હતો તો આપ ફરમાવતા હતા કે, એને અહિંથી હટાવી લો, એને જોઇને દુન્યાની વાહીઆત ચીજો તરફ દીલ દોડેછે.

જ્યારે કોઇ સખત લડાઇ થતી હતી અને લોકોનાં દીલ ભયથી ભરાઇ જતાં હતાં, તો તમો પોતાના ખેશીઓને પહેલી હારમાં ગોઠવતા હતા. દાખલા તરીકે "બદરની" લડાઇમાં ઉબઇદા ઇબ્ને હારેસ માર્યા ગયા અને ઓહદની લડાઈમાં હ૦ હમઝા શહીદ થયા તથા "મોન્ત" માં જઅફરે શહાદતનો પ્યાલો પીધો, એજ આપનો નિયમ હતો અને

જ્યારે તમો અમારામાંથી ચાલ્યા ગયા તો હ૦ અબુબકર (રદી૦) ખલીફા થયા. જેઓએ બેદીનોને કતલ કર્યા, અને નાજુક વખતમાં ઇસ્લામની મદદ કીધી, તે પછી એક ઓર ખલીફા થયા જેઓએ મુલકો જીત્યા અને ન્યાયની કચેરીઓ સ્થાપી. અરબસ્તાનથી તે એરાક, સીરીઆ, મીસર અને ઇરાન સુધી તેઓની કોશીશોથી ઇસ્લામી વાવટો ઉડવા લાગ્યો. તેઓના નામથી "કયસર" અને કીસરા નવશીરવાના ચહેરાઓના રંગ ફીક્કા પડી જતા હતા. તે વખત સુધી સઘળા મુસલમાનો સંપથી રહેતા હતા. હવે ખીલાફતની લગામ હ૦ ઉસ્માનના હાથમાં છે તે બેશક સાચા અને પ્રમાણીક મુસલમાન છે અને મુસલમાનોમાં તેઓ જે દરજ્જો ધરાવે છે તેથી તમામ લોકો વાકેફ છે. પણ તેઓએ પોતાના ખાસ ખેશીઓની તરફેણ શરૂ કરી અને એજ કારણને લીધે તમામ લોકો સર્વાનુમતે તેઓને ખીલાફતથી જુદા કરવા માગેછે. લોકો તેઓની ખીલાફત અને મરતબાથી બીલકુલ બીહતા નથી, અને તેઓ વિરૂદ્ધ બળવા અને જંગની હિમ્મત તેઓ ધરાવે છે. આ લોકો ફીસાદના મુળ છે, અને હું બીહુંછું કે, હવે તે ફીતનાનો જમાનો આવી ગયો છે, કે જેની આગાહી આપ મારી આગળ કરી ચુકયા છો.

આહ ! યા રસુલીલ્લાહ ! મેં આ ખલીફાને ઘણુંજ સમજાવ્યું હતું કે, તમે આ ઉમ્મતની ખીલાફત મન્જુર કરતા નહિં, પણ અનુભવી અને પાકી વયના હોવા છતાં પણ તેમણે પોતાના એક નવજુવાન ખેશીની વાત સાંભળી, કે જેનું નામ **મરવાન બીન હકમ** છે, અને તેજ મુજબ તે ચાલ્યા" ! !

એટલું કહેતાં કહેતાં હ૦ અલી ઝાર ઝાર રડવા લાગ્યા, તેઓના રડવાની આ બન્નેના દીલપર પણ ઘણી ઉંડી અસર થઇ.

હ૦ ઉસ્માનનો એક કાગળ.

હવે હ૦ અલી (ક૦ વ૦) ફાતેહા ભણી જવાના ઇરાદાથી ત્યાંથી નીકળ્યા. આ બન્ને પણ **હુજરએ નબવીના** દરવાજાપર પહોંચ્યા, અને હ૦ અલીની વાટ જોવા લાગ્યા. તેઓ આંસુ લુછતાં બહાર આવ્યા અને પેલા નવજુવાન શખ્સે ઘણીજ અદબની સલામ કરી.

"વઅલયકુમુસ-સલામ" હ૦ અલીએ જવાબ આપીને પેલા નવજુવાનથી પુછ્યું "કેમ મહોમ્મદ બીન અબુબકર! તમે આ રાતના વખતે અહિંઆં શામાટે આવ્યા ?"

અસમાએ હવે જાણ્યું કે, પેલો નવજુવાન સખ્સ પહેલા ખલીફાનો પુત્ર મહોમ્મદ હતો. કાંકે તેનું નામ તેણીએ અકસર વખત "સીરીઆ" માં સાંભળ્યું હતું.

"હું એક મુસાફરને આપની પાસે લાવ્યો છું" આ કહીને મહોમ્મદે "અસમા" તરફ ઇશારત કરી.

"તેને મેહમાનખાનામાં કેમ ઉતારો નહિ આપ્યો ?"

"એક ઘણાજ અગત્યના કામ માટે હું આપની સેવામાં હાજર થઈ છું" અસમાએ કહ્યું.

"અને તે શું છે ?" મોલા અલીએ પુછ્યું.

"એક સ્ત્રી મોતના બીછાનાપર પડેલી છે તે આપને એક છુપો ભેદ કહેવા માટે તેડાવે છે, કે જે ભેદ તેણી કોઇ બીજાથી કહેવાનું મુનાસબ ધારતી નથી."

"અને તે કોણ છે ?" હ૦ અલીએ સવાલ કર્યો.

"તે મારી મા છે". અસમા બોલી, "અને મારા બાપનું નામ યઝીદ છે. અમો તેણીને "સીરીઆ" થી લાવ્યા છીએ. તેણી એવી તો બીમાર છે કે "મદીના" સુધી પહોંચી શકતી નથી."

"તેણી કયાં છે ?" હ૦ અલીએ પુછ્યું.

"તેણી નજદીકજ કુબામાં છે."

"વારૂ હું ચાલું છું" "કેમ મોહમ્મદ! તમો પણ મારી સાથે આવશો કે ?" હ૦ અલીએ પુછ્યું.

"હું આપની સાથે આવવા તૈયાર છું" મોહમ્મદે કહ્યું "બલકે આપનો એવો ખ્યાલ હોય કે હું એકલોજ એની હાજત પુરી કરી શકું છું તો મનેજ મોકલી દો. કેમકે, આજે રાત્રે આપને કામ ઘણું છે અને ફુરસદ નથી."

"ખયર! ફુરસદનો મને કાંઇ ખ્યાલ નથી" હ૦ અલી બોલ્યા "અને કદાચ એમપણ હોય કે, મારૂં ત્યાં જવું ઘણુંજ અગત્યનું હોય,

ઉપરાંત તેણી બીજી રીતે પણ દયાને પાત્ર છે કે, તેણી મરવાના કાંઠાપર છે " આ કહેતાં હ૦ અલી આગળ વધ્યા અને મોહમ્મદ તથા અસમા બેઉ તેઓની પુઠે ચાલ્યા. એટલામાં એક છોકરો દોડતો દોડતો આવ્યો, તેના ચહેરાપર ગભરાટની નીશાનીઓ જણાતી હતી. હ૦ અલીએ તેનાથી પુછ્યું " શું છે? "

" મીસરના લોકો પાછા ફર્યાં છે અને દરવાજા આગળ ભેગા મળ્યા છે."

" તાજુબ! " હ૦ અલીએ મોહમ્મદ તરફ ફરીને કહ્યું " આ લોકો પાછા કેમ ફર્યા! સઘળા રાજી થઇને ગયા હતા! કેમકે ખલીફાએ સુધારા કરવાનો વાયદો કર્યો હતો."

" સાહેબ! " પેલા છોકરાએ કહ્યું " તેઓ ઘણા ઉશકેરાયલા જણાય છે અને તમારી વાટ જુએ છે."

" લાહોલવલા કુવ્વત " હ૦ અલી પોકારી ઉઠયા " મહોમ્મદ! મને એમ લાગેછે, કે આ લોકો અમોને જંપીને બેસવા દેશે નહિ, અને જરૂર કંઇ નહિ ને કંઇ રીતનો બરપા કરશે.

" મને પણ એ લોકોની હાલત જોઇને ભય ઉત્પન્ન થાયછે " મોહમ્મદે જવાબ આપ્યો.

આ લોકો ત્યાંથી જલદી જલદી ચાલ્યા અને ઘેર ઉપર આવીને જુએછે તો દરવાજાપર તેઓનાં ટોળાં ભેગાં થયાં છે. હ૦ અલીને જોઇ તે સઘળાઓ તેઓની તરફ તુટી પડયા. તેઓની આગળ એક પીળાં કપડાં વાળો શખ્સ હતો તે આગળ આવ્યો અને હ૦ અલીને સલામ કરી.

" વ અલય કુમુસ્સલામ " મવલાઅલીએ જવાબ આપ્યો " કહો તમો કેમ પાછા આવ્યા? તમો તો રાજી થઇને ગયા હતા અને ખલીફાએ સુધારા દાખલ કરવાનો વાયદો કર્યો હતો."

" ખલીફાએ કંઈ પણ કર્યું નથી " પેલા પીળા લેબાસવાળાએ કહ્યું " તેતો બીલકુલ મકકરબાજી હતી. આ કાગળ જુઓ " એટલું કહી તેણે એક પત્ર મોલા અલીને આપ્યો. તેવણ તે લઈ દરવાજા આગળ આવ્યા જ્યાં બતી બળતી હતી. આ પત્ર ચામડાપર હ૦ ઉસ્માન તરફથી મીસરના હાકેમને લખવામાં આવ્યો હતો. તેમાં એવું ફરમાવવામાં આવ્યું હતું કે, " આ જે લોકો મદીને આવ્યા છે અને રાજ્યકારોબારથી પોતાની

નારાજી જાહેર કરેછે તેઓને ઘટતી શિક્ષાઓ કરો. તેઓને ચાબુક મારો અને તેઓના ઉપરીઓને સુળીએ ચઢાવો."

હ૦ અલી આ જોઇને ઘણાજ તાજુબ થયા, અને બારીકીથી તે પત્ર જોવા લાગ્યા; તે ઉપર હ૦ ઉસ્માનની સીલ હતી જે તેઓના ફરમાનોપર મારવામાં આવતી હતી. આ જોઈને તેઓની ખાતરી થઇ કે, તે ખલીફની સીલ હતી, અને તેઓનુંજ એ ફરમાન હતું. પત્ર વાંચીને તેઓએ પુછ્યું "તમોને એ કેવી રીતે મળ્યો?"

પેલા પીળા લેબાસવાળાએ જવાબ આપ્યો, "અમો આપના ખ્યાલથી ખલીફાના વાયદા સાંભળી મસ્જીદથી નીકળ્યા પણ જયારે અમો શહેરની બાહેર પહોંચ્યા તો અમોએ એક ખલીફાના ગુલામને ઘણીજ ઝડપથી એક ઉંટપર જતાં જોયો, અમોને તેની ઉપર શક ગયો અને તેને પકડીને અમોએ તેની ઝડતી લીધી અને તેમ કરતાં આ પત્ર મળ્યો."

"પણ મને તાજુબી લાગે છે" હ૦ અલીએ ફરમાવ્યું "ખલીફાએ એવો હુકમ કેમ આપ્યો?"

"મારો એવો ખ્યાલ છે" મોહમ્મદ બોલ્યા "કે એ સઘળા મરવાનના કારસ્તાન છે. એવા ફીસાદની વાતો તેનેજ સુઝે છે."

"તે જાલેમનું નખોદ સત્યાનાશ થાઓ" હ૦ અલીએ દાંતોની નીચે આંગળી લેતાં કહ્યું "ખલીફાને હમેશાં તે એવીજ સલાહ આપ્યા કરે છે."

અસમા આ ઠઠ જોઇને બીલકુલ નીરાશ થઇ ગઇ. તેણીએ જાણ્યું કે, હવે મવલા અલી તેણીની સાથે આવી શકશે નહિ તેથી તેણીએ મોહમ્મદથી પુછ્યું "હવે મારૂં શું થશે?"

"ગભરાઓછો શું કામ?" મોહમ્મદ બોલ્યા "અમો હમણા તમારી સાથે ચાલીએ છીએ" આ કહેતાં કહેતાં તેણે હજરત અલીના મોઢાં તરફ નજર કરી.

"હું બીહું છું" જનાબે અલી બોલ્યા, "કે જો હું આ વખતે "મદીનાથી" બાહેર જઇશ તો જરૂર અહિં કોઇ ફીતનો ઉઠશે. હવે તમો એઓની સાથે જાઓ અને એઓની ઉમ્મિદ પુરી કરો અને પછી મને આવીને તેની ખબર કરો."

" ઘણું સારૂં " મોહમ્મદ બોલ્યા.

અસ્માની હિમ્મત થઇ નહિ કે, તેણી ફરીથી મવલા અલીને પોતાની સાથે આવવાનો આગ્રહ કરે. લાચાર ને તઇયાર થઇ ગઇ. મોહમ્મદે પોતાનો ઘોડો મંગાવ્યો અને બન્ને સવાર થઇને ત્યાંથી ચાલતાં થયાં.

અસમાને, પોતાની માને મોતનાં બીછાનાંપર છોડીને ઘણીવાર થઇ ગઇ હતી, માટે તેનું દીલ તેણીને જોવા માટે તલપી રહ્યું હતું; તેણી જલદી જલદી ચાલતી હતી. મોહમ્મદ તેણીથી વાત કરવાની ખાહેશ રાખતા હતા પણ તેણી તેમ કરવાની તેને તક આપતી હતી નહિ અને મોહમ્મદની આગળ આગળ ઝડપથી ઘોડાપર ચાલી જતી હતી.

તેણી જેમ જેમ પોતાના તંબુ બણી નજદીક આવતી જતી હતી તેમ તેમ તેના ગભરાટમાં વધારો થતો હતો. હવે તેણી પોતાના તંબુની બીલકુલ નજદીક આવી ગઇ. તેણીએ પોતાનો ઘોડો ઉભો રાખ્યો. તેણી તે ઉપરથી કુદી પડી અને તરતજ તંબુમાં ચાલી ગઇ. જલદીથી તેણીએ બાહેર જવાનાં કપડાં ઉતાર્યાં અને પોતાની બીમાર માના માથા પાસે બેસી ગઇ. મોહમ્મદ પણ તેણીની પછવાડે તંબુમાં દાખલ થયા. પેલી બીમાર આ સ્રી વખતે હુશીઆર હતી. તેણી આંખો ઉઘાડી દરવાજા તરફ જોવા લાગી અને એક આશાવંત સાદે પુછ્યું " શું મવલા અલી હમણાં સુધી નથી આવ્યા ? "

અસમાએ એવા વિચારથી કે, રખેને તેણીની માતાને રંજ થાય તેથી કહ્યું " તેઓ હમણા આવેછે, " પણ ખરી સ્થિતિપર નજર કરતાં તેણીની આંખોમાં આંસુઓ ભરાઇ આવ્યાં.

હવે પેલી બીમાર સ્રીએ મોહમ્મદથી પુછ્યું " કેમ મોહમ્મદ બીને અબુબકર (રદી૦) તમે કેમ આવ્યા ? "

મોહમ્મદ તેણીને ઓળખતા હતા નહિ. તેને પહેલાંથીજ આ સઘળી બીના એક ઉખ્યાણા મીસાલ જણાતી હતી અને હવે જ્યારે તેને માલમ પડ્યું કે, પેલી બીમાર સ્રી તેને ઓળખે છે, તો તેની તાજુબીનો પાર રહ્યો નહિ.

પણ તે વખત એવો હતો કે, તે કંઇપણ દરયાફત કરી શકયા નહિ. તે પુતળાંની મીસાલ ઉભા હતા. ને પેલી નાઝની (અસ્મા) ને

જોઈને ઘણાજ આશ્ચર્ય પામ્યા. કેમકે, હમણાં સુધી તેણીને તે મર્દ સમજતા હતા. તેણીના મોહક ચહેરાને તે ઘડી ઘડી જોતા હતા. પેલી સ્ત્રીની એવી હાલત જોઇને તેમણે ધાર્યું કે, ખચિતજ આ સ્ત્રી કાંઇ જબરદસ્ત ભેદ પોતાની પાસે રાખેછે તેમણે પુછ્યું કે, " શું મવલા અલીની હાજરીની અહિંઆં ઘણીજ અગત છે?"

"હા, પણ હવે શું!" બીમાર સ્ત્રીએ કહ્યું.

મોહમ્મદ આ સાંભળીને કહેવા લાગ્યા કે, વારૂ જો એમજ છે તો હું હમણાં તેઓને લાવુંછું. આમ કહીને તે બાહેર આવ્યા અને પોતાના ઘોડાપર બેસીને ઘણીજ ઝડપથી ત્યાંથી રવાના થયા.

તે ભેદ અંતે ઘોરમાં.

અસમા હવે સહેજ ધીરજવંતી થઇ પણ તે ઘણીજ દીલગીર હતી કે, તેણી મોલા અલીને પોતાની સાથે લાવી શકી નહિ, પણ પછી તે પોતેજ વિચાર કરતી કે, તેમનું ત્યાં આવવું બનીજ કેમ શકતું હતું? કેમકે તેઓના દરવાજાપર સઘળા લોકો ભેગા થયા હતા અને મામલાએ ગંભીર રૂપ ધારણ કર્યું હતું.

આ વખતે પેલી ઘરડી પણ કયાંય ચાલી ગઇ હતી અને "યઝીદ" તો બીજા તંબુમાં જઇ નિંદ્રાવશ થઇ ગયો હતો. મોહમ્મદને આવવાને જ્યારે જરા વાર લાગી, તો અસમા ઘરથી બાહેર આવીને જોવા લાગી; થોડા વખત સુધી તેણી ત્યાં ઉભી રહી પણ કોઇના આવવાનાં ચિન્હો જણાયાં નહિ, તેથી પાછી બીમારના તંબુમાં આવી.

આ વખતે તેણી પોતાની માને પાસું બદલતાં જોઇ જલદીથી પોતાની માની નજદીક આવી ગઇ. પાસું બદલતાં પેલી બીમાર સ્ત્રીની હાલતમાં મોટો ફેરફાર થઇ ગયો. તેણીના બન્ને ખભા હલવા લાગ્યા અને જલદી જલદી શ્વાસ લેવા લાગી. આ જોઇને અસમા ઘણીજ બીની અને પેલી ઘરડી સ્ત્રીને બોલાવી. પેલી ઘરડી આવતાંજ સમજી ગઇ કે, તેણી સકરાતની હાલતમાં છે પણ તેણીએ કહ્યું કે, બીહવાની વાત નથી. પરવરદીગારપર ભરોસો રાખો. અસમા આ હાલત જોઈને ઘણીજ ગભરાઇ,

બીમારની આંખોમાં ખાડા પડી ગયા. ચેહરાનો રંગ બીલકુલ બદલી ગયો અને તેણીનો વખત આવી લાગ્યો. પેલી ધરડી સ્ત્રી તેણીના મોહડા અને આંખોપર ચાદર નાખી રડવા લાગી.

અસમાને હવે ખાત્રી થઇ ગઇ કે, તેણીની મા આ જહાનથી કુચ કરી ગઇ તે અગાઉ તેણીએ કદી મુડદાંનો ચહેરો જોયો હતો નહીં અને તેથીજ તેણી બેભાન હાલત અને મોત વચ્ચેનો ફરક સમજી શકતી હતી નહિં. હવે તેણી પોતાની છાતી કુટી કુટીને રડવા લાગી. કુબાની તથા બીજી ઘણી ઓરતો તેણીને દીલાસો આપવા અને તેણીની સાથે રડવામાં ભાગ લેવાને આવી ગઇ. "યઝીદ" પણ આંખો મસળતો મસળતો આવ્યો, તે દીલમાં ખુશ હતો પણ દેખાડવા માટે તે પણ રડવા લાગ્યો પણ તેનો ચહેરો કહેતો હતો કે, તેની રડાકુટ બનાવટી છે. અસ્માએ પોતાના વાળ અને અંબોડો ખોલી નાખ્યો અને ઘણીજ શોકજનક રીતે માહતમ કરવા લાગી એટલામાં કોઇએ કહ્યુ કે "આ મવલા અલી આવ્યા"

મવલા અલી તંબુમાં દાખલ થયા અને તેઓને આ હાલત જોઈ ઘણીજ દીલગીરી પેદા થઇ અને અસ્માને સબુરીની હીદાયત આપી કહ્યું કે, તેણીને જે ચીજની પણ અગત્ય હોય અથવા તો તેણીનું જે કાંઇ કામ હોય તે બજાવવા તેઓ તૈયાર છે. હ૦ અલીએ કહ્યું કે તમો સબુરી પકડો અને એવા ખ્યાલથી પોતાને સધીઆરો આપો કે તમામ દુનિયા મરવાજ માટે પેદા થઈ છે. સઘળા એજ પ્રમાણે મરી જશે; માટે રડવાથી કંઇ ફાયદો થવાનો નથી." એટલું કહી તેઓ ત્યાંથી ઉઠીને બાહેર આવ્યા અને મોહમ્મદને બોલાવીને કહ્યું કે, જે મતલબને માટે હું અહિં આવ્યો હતો તે તો પુરી થઇ નથી અને આજે "મદીના" માં મારૂં રહેવું ઘણુંજ જરૂરનું છે. કેમકે, બળવો થવાની ઘણી બીક છે, માટે તમો અહિંઆ રહીને મઇયતનો બંદોબસ્ત કરો અને જે ચીજની તેમને અગત્ય હોય તે પુરી પાડો અને કાલે સહવારે અગર તેની મરજી હોય તો મારે ત્યાં તેઓને ઉતારો આપો. તેણીને દીલાસો આપવા અને તેણીની ખેર-ખાહીમાં કંઇ પણ કુચવાટ ન થવો જોઇએ."

એ પછી મવલા અલીએ "યઝીદ" ને બોલાવીને કહ્યુ કે "તમોને જે જોઇએ તે મોહમ્મદથી માંગજો અને કાલે મારે ત્યાં આવીને રહેજો."

યઝીદે મવલા અલીનો આભાર માન્યો પણ તે મવલા અલી તરફ આંખ ઉઠાવીને જોઇ શકતો હતો નહિ, બલકે નીચી નજરેથી તેઓ તરફ જોતો હતો. આ જોઇને હ૦ અલી સમજી ગયા કે, તેની જાહેર અને બાતેન હાલત સરખી નથી. પછી તેઓ તંબુમાં ગયા અને અસ્માને દીલાસો આપ્યો અને ફરમાવ્યું કે, તેઓ ઉપર વર્ણવેલી જંજાળોના સબબે ત્યાં થોભી શકતા નથી અને તેથી તેઓ પોતાના બદલામાં મોહમ્મદને ત્યાં છોડી જાયછે અને તે તેણીનો સઘળો બંદોબસ્ત કરશે એટલું કહી તેઓ મદીના ભણી રવાના થઇ ગયા.

મોહમ્મદે પેલી સ્રીના નહવાડવા, કફન, અને દફનાવવાનો બંદોબસ્ત કર્યો. પણ કોણ જાણે આ દરમ્યાન યઝીદ કયાં ચાલ્યો ગયો ! મોહમ્મદે કેટલીક વખતે તેની તપાસ પણ કરી પણ તેનો કંઇ પત્તો લાગ્યો નહિ અને સહવાર થતાં તે આવ્યો. મોહમ્મદે તેની ગેરહાજરીનો સબબ દરયાફત કરવાની જરૂરત જોઇ નહિ. કેમકે, તે પહેલીજ નજરે યઝીદના રવૈયાથી અને તેની વાતો સાંભળી તેની તરફ ધીક્કારની નજરે જોવા લાગ્યા અને તે સમજી ગયા કે, યઝીદ એક કારેદીલ શખ્સ હતો. સહવાર થતાંજ જનાઝાની નમાઝ ભણવા અને દફનાવવાની ક્રીયા થઇ રહ્યા પછી મોહમ્મદે યઝીદથી આવીને કહ્યુ કે " તમોને જે જોઇએ તે મારાથી કહો. " " હુ તમારી આ મહેરબાનીઓ માટે તમારો આભાર માનું છું. " યઝીદે ઉત્તર આપ્યો.

" જો તમો મદીને જવા માંગતા હો " મોહમ્મદ બોલ્યા " તો તમો મારી સાથે ચાલો. કેમકે, આ વાત મવલા અલી આપણા બન્નેથી ફરમાવી ગયા છે, મવલા અલીની મહેરબાનીનો અમો કોઇપણ રીતે ઉપકાર માનવા અશક્ત છીએ, પણ અમારી નજદીકના સગા " મદીના " માં છે ત્યાં અમો ઉતારો લેઇશું. "

મોહમ્મદે અસ્મા ભણી જોઇને કહ્યું " ખયર, જ્યાં તમારી મરજીમાં આવે ત્યાં ઉતારો લેશો પણ જ્યારે પણ તમોને કંઇ કામ પડે તો અમોને કહેજો. "

અસ્મા આ સાંભળીને રડવા લાગી અને મોતી જેવાં આંસુનાં ટીપાં તેણીના ગુલાબી ગાલોને ભીજવવા લાગ્યાં.

" મદીના જવા માટે તમોને સવારી જોઇશે ? " મોહમ્મદે પૂછ્યું,

"અમારી સાથે પુરતી સવારીઓ છે." યઝીદ બોલ્યો "અમારી બેશીઓએ નોકરોવગેરેને મદીનાથી મોકલી આપ્યા છે અને હાલમાં તો અમોને કંઇ પણ બીજાની જરૂરત નથી."

મોહમ્મદ આ લોકોથી રૂખસદ થઇ મદીના તરફ રવાના થયા પણ તે હેરતમાં હતા કે, પોતે આ વાત જાણી શકયા નહિ, કે પેલી સ્ત્રી કોણ હતી! તેણીએ કેવી રીતે તેને ઓળખ્યા! તે કયો છુપો ભેદ હતો! જેને માટે તે મવલા અલીને બોલાવતી હતી! એવાજ ગુંચવાડા ભર્યા વિચારોમાં તે આસ્તે આસ્તે મદીના તરફ ચાલ્યા.

અસ્મા પણ સખત તાજુબીમાં હતી અને તેણીના દીલમાં જે વિચારો ઉત્પન થઇ રહ્યા હતા તેનો અંદાજો કહેવો મુશકેલ હતો.

પણ "યઝીદ" ખુશ હતો, કેમકે જ્યારે મવલા અલી આ કહીને રવાના થયા કે, તમો અમારા મકાનપર ઉતારો લેજો. તેજ વખતથી આ શખ્સ અલોપ થઇ ગયો હતો જે અમારા વાંચનાર સારી પેઠે જાણેછે; પણ તે કયાંય અલોપ થયો હતો નહિ, બલકે તે 'મરવાન" પાસે ગયો હતો. તેણે તમામ હેવાલ કહી સંભળાવ્યો અને આ બન્ને એવા ઠરાવ પર આવ્યા કે, હ૦ અલીની પાસે ઉતારો લેવો કોઇપણ રીતે મુનાસેબ નથી. જો એમ કરીશું તો મતલબમાં ખલલ પડશે; અને યઝીદે મોહમ્મદથી જે કાંઇ કહ્યું તે "મરવાન" નો બણાવેલો કકો હતો અને અસ્મા તે સંબંધી કંઇ જાણતી હતી નહિ.

યઝીદે પોતાનો સરસામાન દુરસ્ત કર્યો અને તેઓ મદીને રવાના થયા. અસ્મા ઘણાજ દીલગીરીભર્યા દીલ સાથે પોતાની માતાની કબરથી રૂખસદ થઇ.

મદીનામાં મસ્જીદની સામે આ લોકોએ મોટી ઠઠ લાગેલી જોઇ, જેમાં કુફા, બસરા, અને મીસરના લોકો હતા ત્યાં હો હા થઇ રહી હતી. એ પછી એ લોકો 'ઝોરા" ના મુકામ પર પહોંચ્યા, કે જ્યાં હ૦ ઉસ્માન રહેતા હતા. તેની ચારે તરફ મજબુત દીવાલો હતી અને તેને એક મોટો દરવાજો હતો. જેની ઉપર એક 'ચોકીદાર' પહેરો ભરતો હતો. જરા આગળ વધતાં એક બીજો દરવાજો દેખાયો. અહિં આવીને યઝીદ સ્વારીથી ઉતરી પડ્યો; અસ્માએ જાણ્યું કે મંજલ આવી ગઇ તેથી તેણી પણ ઉતરી પડી,

ઈતફાકાંજ તેણીની નજર "મરવાન" ઉપર પડી, જે ઘણાજ ફરમાબરદારીથી તેઓને આવકાર આપવા અંદરથી આવ્યો હતો.

અસ્માએ તેને જોઇને પોતાનું મોઢું તેની તરફથી ફેરવી લીધું અને દીલમાં ઘણીજ રંજીદા થઇ; પણ કરે શું! બીજે ઠેકાણે તે ઉતરી શકતી હતી નહિ, કેમકે તેના બાપે ત્યાંજ ઉતારો લીધો હતો. મરવાન ઘણીજ હમદર્દી સાથે અસ્માની માતાના મરણ માટે પોતાનો શોક જાહેર કરવા લાગ્યો અને કહ્યું કે, તેણીની માતાના મરણથી તે ઘણોજ દીલગીર થયો. અસ્મા એક એવા શખ્સના દીલાસાથી વધારે ગમગીન થઇ, કે જેની તરફ તે ધીક્કારની લાગણીથી જોતી હતી. તેણીએ કંઇ પણ જવાબ આપ્યો નહિ અને રડવા લાગી.

ઘરમાં બીજી ઘણી ઓરતો તેણીને લેવા બાહેર આવી અને અસ્માને એક ઓરડામાં ઉતારો આપ્યો. અસ્મા ત્યાં જઇને ચુપચાપ અને ગમગીન બેસી ગઇ. સઘળી સ્ત્રીઓ તેણીની આસપાસ ફરી વળી અને દીલાસો આપવા લાગી, પણ રડવા સિવાય અસ્માએ કોઇને પણ જવાબ આપ્યો નહિ. તે સ્ત્રીઓના જવા પછી તેણીએ ધીમા અવાજે "વઝીહ"થી પુછ્યું કે આ લોકો કોણ છે? જવાબમાં તેણીને જણાવવામાં આવ્યું કે, તે હઝીમના કબીલાની સ્ત્રીઓ હતી.

—⊱⊰—

દગો.

મરવાન અસ્માને પેલી ઓરડીમાં છોડીને ચાલતો થયો. તેને હવે આ ફીકર પેદા થઇ કે, તેણીને કોઇપણ રીતે પોતાને માટે રાજી કરવી જોઇએ. તેણે વિચાર કર્યો કે, એ "નાએલ બીનતે ફરાસેહ" તેને માટે આ કામમાં કોશીશ કરશે તો તેને સફળતા મળવાનો સંભવ છે. કેમકે, જોકે નાએલા (હ૦ ઉસ્માનનાં બીબી) કહતાનના કબીલાનાં હતાં અને તેઓનો બાપ હજીસુધી એક ખ્રીસ્તી તથા "કુફા" ના ખ્રીસ્તી દેવળનો રખેવાળ હતો, છતાં 'નાએલા" પોતાની ખુબસુરતી અને અકલમંદી તથા દુરઅંદેશીને માટે અને ખલીફાનાં બીબી હોવાને લીધે મદીનામાં ઘણાંજ માનીતાં થઇ પડયાં હતાં; તેઓની સભ્યતાને લીધે અરબની સઘળી સ્ત્રીઓ તેઓને ચાહતી હતી. તોપણ તેઓ "મરવાન"થી નારાજ રહેતાં

હતાં અને ઘણી વખતે તેની ઉપર ગુસ્સે પણ થઈ જતાં હતાં, કેમકે મરવાનની તબીઅતમાં ફીસાદ હતો અને ખલીફાને તે નકામી સલાહ આપ્યા કરતો હતો; પણ હ૦ ઉસ્માનનો નજદીકનો સગો હોવાને લીધે નાએલા તેને માન આપતાં હતાં.

મરવાન તેઓની પાસે ગયો, પણ તે વખતે તેઓ ઘણાંજ ફીકરમંદ અને પરેશાન બેઠાં હતાં, કેમકે તમામ લોકો ખલીફાની વિરૂદ્ધ થઈ ગયા હતા અને તેઓને ઘેરી લીધા હતા. નાએલાએ મરવાનને જોઇને પુછયું " શું થયું ? "

" થાય શું ! કંઈ પણ નહિ " મરવાને કહ્યું " આ લોકો ખલીફાને ગાદીપરથી ઉઠાડી મેલવાની વ્યર્થ કોશીશ કરી રહ્યા છે, પણ તેથી શું થઇ શકે છે ? અમોએ **અમીર મોઆવીયા**, ઇમને અમીર અને તમામ સીપેહ સાલારોને લખ્યું છે કે, તુરત અહિં લશકરની કુમક લઈને આવે. કેમકે બળવો થવાનો ભય છે. તેઓના આવવા પછી આ લોકોનો પત્તો પણ લાગવાનો નથી કે કયાંય ચાલ્યા ગયા !

" પણ " નાએલાએ કહ્યું કે, " આ લોકો તો માથાપર ઉભા છે અને તે લોકો કોણ જાણે કયારે આવશે ? જો ખુદા ન કરે અને મામલો બગડી ગયો તો પછી તેઓ આવીને કરશે શું ? એનું પાપ તારે માથે છે. આ સઘળું તારાંજ કર્તુકનું પરિણામ છે. "

" તમે જોજો " મરવાને હસીને કહ્યું " તમો જોશો કે, મારી યુક્તિઓ કેવી લાભકારક નીવડે છે અને ભવીષ્યમાં તમો મારી તારીફ કરશો. હમણાથી શુ રડાપીટ કરી રહ્યાં છો ! આ લોકો ભલા આપણું શું કરી શકશે ? "

" તુંને મશ્કરી સુજે છે " નાએલાએ કહ્યું " પણ હું કહુંછું કે, આ મામલો ઘણોજ ભયંકર થઇ ગયો છે. "

" તમારી ધારણા ખોટી છે " મરવાન બોલ્યો " હું એવા મામલાઓની દરકાર કરતો નથી અને મારી સામે એ એક રમત છે અને સાંભળો છો કે ! હું આ વખતે તમારી પાસે એ માટે આવ્યો છું કે, એક ઘણીજ ખુબસુરત નાજની કુમારીકા છે તેને સમજાવો કે, મારાથી નિકાહ કરી લે. "

"કઇ કુમારીકા છે ?" નાએલાએ પૂછ્યું.

"અકીલની બેટી અસમા" મરવાન બોલ્યો "તે ઘણીજ ખુબસુરત છે, જ્યારે હું દુમાસ્કમાં હતો ત્યારે તેણીના લગ્નની મેં માગણી કરી હતી. તેનો બાપ યઝીદ તો રાજી થઇ ગયો હતો પણ તેની માની મરજી હતી નહિ; હાલે તેણી કુફા ખાતે મરણ પામી છે અને આજે હઝીમવાલાઓના મકાનપર તેણીએ પોતાના બાપની સાથે આવીને ઉતારો લીધો છે. થાકેલી હોવાને લીધે તેણી આ વખતે તો સુઇ ગઇ છે, પણ જ્યારે ઉઠશે ત્યારે તે તમારાથી મળવા આવશે. તમો તેને સમજાવી પટાવીને રાજી કરી લેજો અને એમ પણ કહેજો કે, મરવાન ઉમૈયાના ખાનદાનથી છે; તે ગેરશીરકારો નથી."

"અહિં તો આ મુસાફરોએ ઘેરો ઘાલ્યો છે" નાએલાએ કહ્યું "અને તમોને લગન સુજ્યાં છે. ભલા! આ કોઇ કોઇ નેકાહનો વખત છે!"

"લાહોલવલાકુવત" મરવાન બોલ્યો "અરે હું સમ ખાઇને કહું છું કે, આ લોકો ખલીફાનાં એક રૂવાંને પણ ચળવળ પહોંચાડી શકતા નથી. એની શું ચિંતા છે? ખયર! તોપણ હું કહુંછુ કે, તમારી વાતોથી તેણી રાજી થઈ જશે. બીજા કોઇની વાતોની અસર તેણીની ઉપર થવાની નથી અને કોઇ બીજામાં એટલું પાણી પણ નથી."

"નાએલા" આ સાંભળીને ચુપ થઇ ગયાં અને તેઓએ વીચાર્યું કે, ખરેખર એ શોરબકોરમાં કંઇ દમ નથી; તેઓએ "મરવાન"થી વાયદો કર્યો કે, અસમા જ્યારે તેઓની પાસે આવશે તો તેઓ તેણીને સમજાવશે. એ પછી મરવાન 'યઝીદ" પાસે ગયો અને કહ્યું કે, હું નાએલાને તઇયાર કરી આવ્યો છું, અસમા જ્યારે બેદાર થાય તો જરૂર કોઇપણ બહાનાંથી તેણીને નાએલા પાસે મોકલી આપજો; જો આ યુક્તિથી તેની રાજી નહિ થશે તો હું બીજી તદબીર કરીશ."

"યઝીદ આ સાંભળીને ઘણોજ ખુશ થયો. કેમકે તેને ઉમ્મીદ હતી કે, "મરવાન"ની સફળતાથી જરૂર તેને કોઇ ઓહદો મળી જશે.

નાએલા.

સહવારે જ્યારે અસમા ઉઠી ત્યારે યઝીદ તેણીની પાસે ગયો અને ઘણીજ મોહબ્બત અને હેત સાથે તેણીથી વાતો કરવા લાગ્યો, [illegible]-

અસ્મા ઘણીજ ગમગીન જણાતી હતી, કેમકે તેણીએ પોતાની મુએલી માને સ્વપ્નામાં જોઇ હતી અને તેણીનો ચહેરો તેની આંખોમાં ફરતો હતો.

“ તમો આ વખતે ઘણાજ ગમગીન જણાઓ છો માટે આ વખતે નાએલા (ખલીફનાં બીબી) પાસે જાઓ. તેઓ તમારી સાથે દીલસોજી ધરાવે છે ત્યાં તમારૂં દીલ જરા ઠેકાણે આવશે.”

“ નહિ ” અસમાએ જવાબ આપ્યો “ હું આ વખતે ક્યાંય પણ જવાની નથી, તમો મને અહિંજ રહેવા દો. હું ઓરડીનો દરવાજો બંધ કરી લઉછ. ”

“ એ કેવો ખ્યાલ ! યઝીદે કહ્યું “ રંજ અને ગમ માણસને બરબાદ કરવાવાળી ચીજો છે તો તમો જરૂર નાએલાની પાસે જાઓ, અહિં એકલાં બેસી રહેવાથી શું ફાયદો થવાનો છે ? ”

એટલામાં ઓરડી ભણી કોઇના આવવાનાં પગલાં સંભળાયાં. તેને જોઇને યઝીદ ઉભો થઇ ગયો અને કહ્યું કે “ આવો ” અબુલ જરરાહ ” અસમાએ, તે કોણ છે એ પુછવાની મતલબથી માથું ઊંચું કર્યું.

“ આ નાએલાનો ગુલામ છે ” યઝીદ બોલ્યો.

“ કાલે નાએલાએ સાંભળ્યું છે ” મજકુર ગુલામ અસમાથી કહેવા લાગ્યો “ કે તમો અહિંઆં પાડોશમાં આવી રહ્યાં છો તેથી મને એક લોંડીની સાથે, કે જે પછવાડે આવેછે તેની સાથે તમોને બોલાવવાને મોકલ્યો છે.”

આ સાંભળીને અસમા ઉઠી, કપડાં પહેર્યાં અને એક કાળી ચાદર કે જે ઓઢવાથી તેણીની ખુબસુરતીમાં બેહદ વધારો થઇ ગયો; તે ઓઢીને અસમા મજકુર ગુલામની સાથે ચાલી.

એકજ ઘર મુકીને ખલીફાનું ઘર હતું. તેની ત્યાં દાખલ થઇ જતાંજ તેણીની નજર મોટા મોટા પડદાઓ અને શણગારની ચીજોપર પડી. લોંડી તેણીને એક માળપર લઇ ગઇ, જ્યાં “ નાએલા ” તેણીની વાટ જોતાં બેઠાં હતાં. જ્યારે તેણીનાં પગલાંનો અવાજ સંભળાયો ત્યારે નાએલા ખુદ તેણીને માટે ઉભાં થઇ ગયાં. લોંડી તેણીને પહોંચાડીને પાછી ચાલી ગઇ. નાએલાએ તેણીને ઘણીજ મહોબ્બત અને હરખ સાથે બેસાડી અને હમદર્દી તથા દીલાસો જાહેર કરતાં જણાવ્યું—

"મારી વહાલી પ્યારી બેટી ! હું તને જોઇને ઘણીજ ખુશી થઇ અને તારા ગમમાં શરીક છું."

"એવી વાતોથી તમો મને દીલાસો આપો છો" અસમાએ પોતાની આંખોથી આંસુઓ પાડતાં કહ્યું "મને રડવા દો, જો તમો મારી સાથે દીલસોજી ધરાવો છો તો તમોપણ મારી સાથે રડો."

નાએલાના દીલપર આ જવાબની ઉંડી અસર થઇ. તેઓની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં અને તેઓ કહેવા લાગ્યાં કે, હું ખચિતજ તારા ગમમાં ભાગ લઉંછું. શું તું આ વાતથી ખુશ નથી, કે હવેથી તું મને પોતાની માતાની જગ્યાપર સમજે !"

"આ શબ્દોથી મને કાંઇ લાગી આવે છે" અસમાએ જવાબ આપ્યો "અને ખુદા નહિ કરે, કે તમારી તેથી તેજ મતલબ હોય, કે જેની મને શંકા છે."

"શંકા કેવી ?" નાએલા દીલમાં કંઇ સમજી જઇ શરમીંદગીથી બોલ્યાં

એનો જવાબ અસમાએ કંઇપણ આપ્યો નહિ.

અસમાએ હવે બીજી ઢબથી વાત શરૂ કરી. થોડા વખત પછી સુફરો પાથરવામાં આવ્યો. અસમાએ ઘણુંએ કહ્યું કે, તેણી જમવાની નથી; પણ નાએલાએ બળજ થઇને તેણીને ખાવાની ફરજ પાડી. એ પછી અહિંતહિંની વાતો થવા લાગી.

આ વાતચિત દરમ્યાન અસમાની છબ, ઢબ, રંગ ઢંગપર નજર કરી અને તેણીના રંગરૂપ અને ખેંચાણકારક ચહેરાપર જોઇને હેરાન થતી હતી કે, તે યઝીદની બેટી તો જણાતી નથી. કેમકે યઝીદને તેણીએ જોયો હતો. તેના અને અસમાના ચહેરામાં જમીન આસ્માનનો ફેર હતો અને કોઇપણ રીતની સરખામણી તેમાં નજરે પડતી હતી નહિ.

અસમા અગાસી તરફ જોતી હતી એટલામાં ત્યાં મરવાન આવી લાગ્યો. તેણીએ તેને જોઇને મોહું ફેરવી લીધું અને ત્યાં થોભવું વાજબી ધાર્યું નહિ.

નાએલાથી રૂખસદ થઇ તેણી પોતાના ઓરડામાં આવી અને દરવાજો બંધ કરીને બેઠી. મરવાન અસમાને નાએલા પાસે જોઇ ઘણોજ ખુશ થયો અને નાએલાથી પૂછ્યું કે "કેમ કંઇ વાતચીત થઇ ?"

"આ વખતે મેં કંઇપણ કહેવાનું મુનાસેબ વિચાર્યું નહિ, હવે કાલે હું પોતે તેણીના ઓરડામાં જઇને તેણીને સમજાવીશ."

"હા, જરૂર જજો" મરવાન બોલ્યો "તેણીના દીલની વાત જાણી તેણીને રાજી કરો."

સલીબની નિશાની.

બીજી સહવારે "નાએલા" ખુદ અસમાના ઓરડામાં ગયાં; પણ અસમા હજીસુધી ઉંઘ કાઢી રહી હતી. તેણીના કુરતાની ચકલી આસ્તીનો બગલ સુધી ઉંચી ચડી ગઇ હતી, તેણીનો એક હાથ હડપચીની નીચે હતો અને બીજો માથાપર હતો. તેના કપાળપર પરસેવાનાં નાનાં નાનાં ટીપાં તેની કુદરતી સુંદરતામાં વધારો કરી રહ્યાં હતાં. નાએલા તેણીના દીલરૂબા અને ખુબસુરત ચહેરાનો તમાશો જોવા લાગ્યાં. તેઓને અસમાનાં ખુબસુરત અને ગોરાં કાંડાંપર એક "*સલીબ" (Cross) નું નિશાન કોતરેલું દેખાયું. તેણીનાં પહેરણનાં બટન ઉઘડી ગયાં હતાં અને નાએલાએ તેણીના ગળાંમાં એક તાવીદ પણ જોયું, તે એવું તાવીદ હતું કે, જેને ફક્ત ખ્રીસ્તીઓજ પહેરે છે. નાએલા આ બન્ને ચીજો જોઇને હેરાનીમાં પડયાં. એટલામાં તેઓનાં પગલાંના અવાજથી અસમાની આંખ ઉઘડી ગઇ અને તેણી ઉઠીને જલદી બેઠી થઇ ગઇ.

નાએલાને જોઇને તેણી જલદી જલદી પોતાનાં કપડાં ઠીકઠાક કરવા લાગી. તેણીએ આસ્તીન ઉંચી કરી પોતાનું કાંડું જલદીથી છુપાવ્યું અને નાએલાને સલામ કરવા માટે ઉઠવા લાગી.

નાએલાએ તેણીના ખભાપર હાથ મૂકીને કહ્યું કે "બેસી રહો, ઉઠવાની શું જરૂર છે હું તમોને તકલીફ આપવા આવી નથી." એટલુ કહી તેઓ તેજ પલંગપર એક બાજુ બેસી ગયાં; અસમાનો હાથ પોતાના હાથમાં લઇ પેલી નિશાની જોઇ, અસમાથી પુછવા લાગ્યાં કે "આ કેવી નિશાની છે?"

"હું એથી બીનવાકેફ છું, જ્યારથી મને સમજ આવી છે ત્યારથી એને જોઉં છું."

---

* "સલીબ" કે જેને ગુજરાતીમાં "ક્રુસ" અથવા તો "ક્રોસ" કહે છે, જેનો આકાર [†] આવો હોય છે.

"અને તે તાવીદ આમાં કેવું છે ?" નાએલાએ પુછ્યું.

"એની કેફીયતથી પણ હું વાકેફ નથી" અસમાએ તે તાવીદ ગળામાંથી કહાડી નાએલાના હાથમાં આપતાં કહ્યું.

"આતો ખ્રિસ્તી તાવીદ જણાય છે."

"તેતો મારી માએ પહેરાવ્યું હતું તેના હુકમથી હું એ પહેરતી હતી, હું નથી જાણતી કે તે કેવું છે."

આ સાંભળીને નાએલા વધારે આશ્ચર્ય પામ્યાં અને હવે આ ભેદ જાણવાની તેઓના દીલમાં ઇચ્છા પેદા થઇ; તેઓએ અસમાને મહોબ્બતથી પુછ્યું કે, "ખરૂં કહો મને ગેર સમજતાં નહિ, હું તમારો ભેદ કોઇથી કહેવાની નથી, હું અજબ થાઉંછું કે, તમારો બાપ "યઝીદ" બે પુસ્તથી મુસલમાન છે, તે કદીપણ એવું તાવીદ રાખશે નહિ; હું સમજી શકતી નથી કે, આ શું ભેદ છે ?"

અસમા આ સાંભળીને ચુપ થઇ ગઇ. તેણીને પોતાની માનો ખ્યાલ આવ્યો કે, જેણી તેના અસલ બાપનું નામ કહેતાં કહેતાં રહી ગઇ અને મોતે તેણીને તેમ કરવાની ફુરસદ આપી નહિ. તેણીએ લાંબી ચુપકીદી ધારણ કરી અને તેણીની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં.

નાએલા આ ચુપકીદી જોઇને વધારે તાજુબીમાં પડયાં અને તેઓએ જાણ્યું કે, આ વાતમાં કોઇ મોટો ભેદ છે, માટે તેઓએ અસમાથી કહ્યું "મારી વહાલી બેટી! કોઇપણ પ્રકારની બીહીક નથી; તમો કહો કે, એ શું વાત છે ? હું તો સખત હેરતમાં છું."

"હું શું કહું !" અસમા બોલી "આ બન્ને ચીજોના સંબંધમાં હું કંઇપણ જાણતી નથી. મને સમજ આવી ત્યારથી હું એ ચીજોને એજ પ્રમાણે જોઉંછું."

"આ બનેજ કેમ ?" તમારી ખામોશીથી જણાય છે કે, જરૂર કોઇ ભેદ છે, કે જેને તમો છુપાવવા માગોછો."

"મારો ભેદ તો મારી મા સાથે ઘોરમાં ગયો, હવે હું કહું શું !" આ કહેતાં કહેતાં અસમાની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં.

"અલ્લાહ તમારી સુવેલી મા પર દયા કરે !" નાએલાએ તેણીનાં આંસુ લુછતાં કહ્યું "તમારા આ કહેવાની કહાણ એ મતલબ છે કે, તમારી મા કોઇ ભેદ તમારાથી છુપો રાખતી હતી અને તે ભેદ કહેવાની આગાઉ તે મરી ગઇ !"

"હા હા," અસમા બોલી "મને બે ગમ છે. એક તો તેણીના મોહતનો અને બીજો તે છુપો ભેદ મોતની સાથેજ તેણી ઘોરમાં લઈ ગઇ તેનો."

"છતાં તમે કંઇ કહી શકોછો કે તે ભેદ શું હતો?

"તેણી મને કહેતી હતી કે "યઝીદ" તારો બાપ નથી. બલકે મીસર ફતેહ થયા પછી મારી મા તેના નેકાહમાં આવી; મેં ઘણુંએ તેણીથી પુછ્યું કે, મારા અસલ બાપનું નામ શું છે! પણ તેણીએ તેમ કર્યું નહિ. આખરે તેણીની અજલ આવી ગઈ."

"હું તો પહેલાંથીજ સમજી ગઇ હતી કે, "યઝીદ" તારો બાપ ન થઇ શકે. ભલા! તે કયાં અને તું કયાં?"

આ લોકો એવી એવીજ વાતો કરતા હતા કે, યઝીદ બહારથી ગભરાયલો આવ્યો. તે બીધેલો જણાતો હતો અને એમ માલુમ પડ્યું હતું કે, કાંઇ ભયંકર બનાવ બન્યો છે. "નાએલા" અને "અસમા" બેઉ તેને જોઇને ગભરાઈ ગયાં. નાએલાએ તેનાથી પુછ્યું "કેમ તમો એટલા બધા ગભરાયેલા લાગોછો?"

"કંઇ નહિ, ખુદા ખેર કરે!" યઝીદ બોલ્યો.

"પણ વાત શું છે?" નાએલાએ પુછ્યું.

"લોકો ખલીફાના દરવાજાપર ભેગા મળ્યા છે અને શોરબકોર કરી મુકયો છે."

"પણ તે લોકો શું ઇરાદો રાખેછે?" નાએલાએ ગભરાઇને પુછ્યું.

"તે લોકોની નઇયત બુરી માલમ પડેછે" યઝીદ બોલ્યો.

ઘેરો.

"નાએલા" આ સાંભળીને ગભરાઇને ઉઠયાં. અસમા પણ તેઓની પુઠે ચાલી. તે વખતે કોણ જાણે અસમા પોતાનો ગમ કેમ વિસરી ગઇ! તેણીનું સઘળું ધ્યાન આ બનાવ તરફ રોકાયું. જરા આગળ વધીને એઓએ જોયું કે, ઘણા લોક ખલીફાના દરવાજાપર ઘેરો ઘાલીને ઉભા છે અને જબરો હોહોકાર મચી રહ્યો છે. આ હાલત જોઇને નાએલાનો ચહેરો ફીકો પડી ગયો. તેઓ બીહી ગયાં અને ત્યાંથી દોડીને તેઓ ઘરમાં દાખલ થયા. અસમા પણ તેમની પછવાડે ગઈ.

અસમાની વય જોકે ઘણી નાની હતી અને તેણીએ પોતાની નજરે કદી પણ એવા બનાવ બનતાં જોયા હતા નહિ; પણ તે છતાં તેણી આ વખતે હિમ્મતવાન બનેલી હતી. તેના ચહેરાપર ડરની નિશાની બિલકુલ જણાતી હતી નહિ; તેણી "નાએલા"ને હિમ્મત આપતી હતી.

હવે આ બન્ને એક અગાસી ઉપર પહોંચ્યાં. જ્યાંથી ઘેરો ઘાલનારાઓની સઘળી હિલચાલ જોઇ શકાતી હતી. નાએલા આ લોકોને જોઇને બીહી ગયાં. કેમકે, તે સઘળા હથીયારબંધ હતા. તેઓ કહેવા લાગ્યાં "મને બીહીક લાગેછે કે આ લોકો કાંઈ કરશે."

"કરી શું શકે છે! આપણી દીવાલો ઘણી મજબુત છે. તે લોકો આવી શકેજ નહિ, ઇન્શાઅલ્લાહ કંઇબી થવાનું નથી, બીહીકની કોઇ વાત નથી."

"તમો કંઇપણ કેમ નહિ કહો!" નાએલા બોલ્યાં "પણ મનેતો લોહીનો વાસ આવેછે."

"ઓહ! કંઈ નહિ" અસમાએ મક્કમપણે કહ્યું "આપણે તલવાર અને તીરો લઇને તૈયાર થઈ જઇશું. જો ખુદા નહિ કરે, પણ તેઓ અંદર આવશે તો તેઓને અટકાવીશું."

આ બન્ને એજ વાતો કરતી હતી કે, બાહેરથી કેટલાક માણસો અંદર આવતા દેખાયા. નાએલાએ અસમાથી કહ્યું "જુઓ આ મોટા દરજ્જાવાળા સહાબીઓ છે. આ લોકો ખલીફ પાસે કોઇ મતલબથી આવ્યા છે. આવો હવે કોઇ ઓરડામાં ચાલીએ અને સાંભળીએ કે, આ લોકો શું કહે છે! આ લોકોથી મને ઘણીજ બીહીક લાગે છે કે આ લોકો તેજ વખતે અમારી પાસે આવેછે કે જ્યારે ખલીફને કોઇ કામથી અટકાવવાની જરૂર હોયછે." આ વાતો કરતી કરતી બન્ને સ્ત્રીઓ એક ઓરડામાં દાખલ થઇ.

એ લોકોના ઓરડા અને ખલીફના દીવાનખાનાની વચ્ચે ફકત એકજ દરવાજો હતો. તેમાં છીદ્ર હતાં, કે જેમાંથી બાહેર શું થાયછે તે અંદર ઉભેલા સારી રીતે નજર કરી શકતા હતા. ત્યાં જઇને આ છીદ્રોમાંથી આ બન્ને સ્ત્રીઓ જોવા લાગી. હ૦ ઉસ્માન ઘણાજ ધમધમાથી અને નચિંત બેઠા જણાયા. તેઓના જમણા હાથમાં તલવાર હતી, તેઓએ માથાપરથી

પાઘડી ઉતારી નાખી હતી. બાહેરથી લોકોને આવતા જોઇ ખલીફાએ પાઘડી માથા ઉપર મુકી અને આવનારાઓની તાજીમ માટે ઉભા થઇ ગયા. આગળ હ૦ અલી હતા, જેઓને અસમા ઓળખતી હતી. તેઓની પછવાડે એક બીજા શખસ માફક કદ, રંગે ગોરા, પહોળી છાતી, ડીલે ભરાયલા, ગોળ ચહેરાવાળા આવતા જણાયા. તેઓના બાલ સફેદ હતા. અસમાએ પુછયું ' આ કોણ છે ? "

. "તલહા ઇબ્ને ઉબેદુલ્લા" આ, પેગમ્બરના તે દશ મદદગારોમાંથી છે. જેઓને માટે હઝરતે જન્નતની આગાહી કરી હતી.

"અને તેઓની પછવાડે પેલા ઘઊંલા રંગ અને માફક ડીલના નાની દાઢીવાળા બીજા શખસ કોણ છે ?" અસમાએ પુછયું.

"ઝોબેર ઇબ્નુલ અવામ" નાએલાએ કહ્યુ "રસુલીલ્લાહના હવારી અને ઘણાજ માનવંત સહાબી છે. એ પણ મજકુર દશ પુરૂષોમાંથી છે."

આ લોકો ખલીફાને સલામ અને મુસાફહા (શેકહેન્ડ) કરીને બેસી ગયા. ખલીફાના હાથમાં કુરાનશરીફ હતું. તેઓ માથું નીચું કરી તેનાં પાનાં ફેરવવા લાગ્યા.

કજીઆનું કાલબુદ.

"તો ઘણું કરીને તેજ ફીસાદને ટાઢો કરવા માટે આ લોકો કંઇ સલાહ કરશે ?"

"આ લોકો ખલીફના ખાસ ખેરખાહો છે" નાએલાએ કહ્યું. "આ લોકો મુસલમાનો અને સલતનત બન્નેના હિતેચ્છુ છે. કજીઆનું કાલબુદ તો અબદુલ્લા ઇબ્ને સીબા નામે બીજોજ શખસ છે. પહેલાં તે યાહુદી હતો, હાલમાંજ તે મુસલમાન થયો છે. પહેલાં તે સીરીઆ ગયો અને ત્યાંના લોકોને ભડકાવવા લાગ્યો કે, હકુમત કરવાના હક હ૦ અલીના છે; કેમકે તેઓ હ૦ પેગમ્બરના ભાઇ અને તેઓના વંશી છે. હ૦ ઉસ્માનને આ હકુમત તેઓના મનસબ વિરૂદ્ધ આપવામાં આવી છે, માટે સઘળા લોકોએ હ૦ અલીની મદદ કરવી જોઇએ અને તેઓને ગાદી આપવી જોઇએ. પણ ત્યાં કઇ એના કહેવાની અસર થઈ નહિ; કેમકે, મોઆવીયાએ તરતજ તેને ત્યાંથી કાઢી મુકયો, પણ મીસર, કુફા, અને બસરાના લોકોને

તેણે ખુબ ભડકાવ્યા, અને આ તેજ લોકો છે, કે જેઓ ખલીફાને પદભ્રષ્ટ કરીને હ૦ અલીને ખીલાફતની ગાદી આપવા માગેછે."

"એતો સાંભળ્યું હતું" અસમાએ કહ્યું "કે, ખલીફાએ પોતાના ખેશીઓને સઘળા ઓદ્દા આપ્યા છે અને તેજ માટે આ લોકો આવ્યા છે."

"નહિ નહિ," નાએલાએ જવાબ આપ્યો "આ લોકોને અબદુલ્લા ઇબ્ને સીબાએ ભડકાવ્યા છે એતો એક બહાનું છે."

"પણ કયાંસુધી એ, બીના ખરી છે?" અસમાએ પુછ્યું.

"આ બેશક ખરી વાત છે" નાએલાએ કહ્યું "કે ખલીફ પોતાના ખેશીઓને ઓદ્દા આપેછે; અને પેગમ્બર પણ એમજ કરતા હતા ખલીફાની તો એવી હાલત છે કે, ગરીબો અને મીસકીનોને સારાં સારાં ખાણાં જમાડે છે, પણ પોતે સરકો અને ઝેતુનનું તેલ ખાયછે. જે, એ, જનાબ રસુલે મકબુલ (સ૦ અ૦ વ૦)ના જમાનામાં ખાતા હતા."

"બેશક, બેશક," અસમા બોલી "ખુદા એ લોકોનો સત્યાનાશ કરે. આ લોકોએ ખલીફા વિરૂદ્ધ બળવો જગાડયો છે."

"ખએર!" નાએલાએ કહ્યું "આવો સાંભળીએ. એ લોકો શું કહે છે?" હવે આ બન્ને ચુપચાપ ઉભાં થઈ વાતો સાંભળવા લાગ્યાં.

સલાહ.

ખલીફાની ચુપકીદી જોઇએ. પેલા આવનારા સાહેબોએ પણ ખામોશી અખત્યાર કરી હતી. આખરે હ૦ અલી (અ૦ સ૦) બોલ્યા, "યા હજરત અમીરૂલ મોમેનીન! આપ જાણોછો કે, અમો આપની પાસે શા સારૂ આવ્યા છીએ?"

"પરવરદિગાર જાણે" હ૦ ઉસ્માન (રદી૦)એ ઉત્તર આપ્યો.

"અમો ફકત આપની ખેરખાહી માટે અહિં આવ્યા છીએ" હ૦ અલીએ કહ્યું "આપ હ૦ પેગમ્બર (સ૦ અ૦ વ૦)ના પીત્રાઇ છો. હ૦ પેગમ્બર (સ૦ અ૦ વ૦)ની બે બેટીઓ આપના નેકાહમાં આવી છે. એ માન ખાસ આપનેજ હાંસીલ છે કે, આપે બે વખત "હીજરત" કરી છે, બન્ને કીબલાઓ તરફ મોઢું કરી આપે નમાઝ ભણી છે. આપ પેગમ્બર (સ૦ અ૦ વ૦)ના પહેલા મદદગારોમાંથી છો. આપે સૌથી પહેલાં હબશાની

હીજરત કરી છે, હ૦ પેગમ્બર (સ૦ અ૦ વ૦) એ "બયઅતરી ઝવાન" માં પોતાના જમણા હાથ તરફ ઇશારત કરીને ફરમાવ્યું હતું કે, આ હ૦ ઉસ્માન (રદી)નો હાથ છે. આપ હ૦ પેગમ્બરના મુન્શી રહ્યા છો. આપે કુરાનશરીફ જમે કર્યું છે. આપ મોટા સહાબીઓમાં એક માનવંત દરજ્જો ભોગવો છો. હ૦ પેગમ્બર (સ૦ અ૦ વ૦) દુન્યામાં આપથી રાજી થઇ ગયા છે. તેઓએ આપને ખુદાના દોસ્ત હોવાની ખુશ ખબર આપી છે, કેટલાક નાદાન હવે આપને પદભ્રષ્ટ કરવાનો વિચાર રાખેછે. ખુદા માફ કરે, ખુદા ન કરે, ને આ લોકોએ કંઇ પગલાં ભર્યાં તો તેઓની જીંદગાની અને મોહોત બન્ને ખરાબ થશે. જોકે હમણા તો તેઓ આ વાત સમજતા નથી."

"અબુલહસન" (હ૦ અલીની કુનીયત) હું સઘળું જાણુંછું" હ૦ ઉસમાન (રદી૦)એ માથું ઉઠાવીને કહ્યું "પણ હું નથી જાણતો કે આ લોકો શામાટે મારી જાન લેવા માટે તલપી રહ્યા છે? શું મુસલમાનનું ખુન રવા છે! આખરે તમોજ કહો કે, હું શું કરૂં?"

"મારા ધાર્યા મુજબ તો" હ૦ અલીએ કહ્યું "તમો એ લોકોને આવીને સમજાવો, કે જેથી કરીને આ ફીતનો દૂર થાય."

"મેં તો દરેક રીતે તેઓને સમજાવ્યા, સુધારાનો વાયદો પણ કર્યો પણ તેઓ રાજી કયાં થાયછે?"

"વાયદો તો બેશક આપે કર્યો" હ૦ અલી (ક૦ વ૦) બોલ્યા "પણ પેલા પત્રથી તેઓ પાછા બગડી ગયા. હું જાણુંછું કે, એમાં આપનો કંઇ વાંક નથી, પણ એ "મરવાન" નુંજ કામ છે; કેમકે તેનીજ પાસે આપની મોહર (સીલ) રહેછે. પણ હવે આપ ખુદ જઇને એ લોકોને સમજાવો, જેથી ફીતનો દૂર થાય."

"વારૂ!" હ૦ ઉસ્માન (ર૦ અ૦) બોલ્યા "મને તેમ કરવું કંઇ ભારી પડશે નહિ, પણ તેઓની એટલી બધી ઉશ્કેરણીનું કારણ મને જણાતું નથી; જો ખરેખર કોઇ વ્યાજબી કારણ છે તો હું તોબાહ કરવા અને ક્ષમા ચાહવા રાજી છું. જરૂર આ લોકોને અબ્દુલ્લા બીન સીબાએજ ભડકાવ્યા છે."

"તેઓ કહે છે" ઝોબેર બોલ્યા "આપ આપના ખેશીઓને આ માટે ઓદ્દા આપોછો, અને પોતાને માટે કેમ માલ ભેગો કરો છો! આ

વખતે આપની પાસે દોઢ લાખ સોનાની મહોર અને દશલાખ દરહામ રોકડા છે અને એટલીજ કિંમતના ઘોડા, ઉંટ અને બીજો સરસામાન છે. તો જોકે, હ૦ ઉમર ઈબ્ને ખત્તાબ (ર૦ અ૦) પોતાના પહેરણમાં થીગડું મારતા હતા અને આ રબા અલી (ક૦ વ૦) દીનાર અને દરહાનના નામની એઓને સુગ છે.

"ઝોબેર" હ૦ ઉસ્માને પુછ્યું 'શું માલ ભેગો કરવો હરામ છે? શું એજ માટે હું કતલને પાત્ર છું? પચાસ હજાર સોનામહોર, એક હજાર ઘોડા, એક હજાર ગુલામ, અને એટલીજ લોંડીઓ આજે ખુદ તમે ધરાવોછો, આ "તલહા" બેઠા છે, ફકત "ઈરાક"થીજ એઓને દરરોજ એક હજાર મહોરની આવક છે. એક હજાર ઉંટ અને દશહજાર બકરીઓ એઓ ધરાવે છે. "કુફા"માં એમનો કનાસ નામે કેવો શોભાયમાન મહેલ છે! ઉપરાંત ઝએદ બીન સાએત, અબદુલ રહેમાન ઈબ્ને અઓફ જેવા માનવંત સહાબીઓને જુઓ, તેઓની પાસે કેટલો માલ છે! શું આ માલ કોઈને વારસામાં મળ્યો છે? પણ આ ખાસ લુટનો માલ છે, જે અમારે માટે ખુદાએ હલાલ કર્યો છે."

"બેશક બેશક, વારૂ. હવે આપ ચાલો અને તેઓને સમજાવી દો" હ૦ અલીએ ફરમાવ્યું "હું બીહુંછું કે, રખેને કોઈ બીજાું ટોળું કુફા, બસરા, યા મીસરથી આવી ન જાય, પછી આપ મને કહેશો કે, અલી હવે તમો એ લોકોના મુકાબલામાં જાઓ."

"હું પહેલાં ખુદ પોતાને અને પછી તમોને નસીહત કરૂંછું કે, મારે માટે લોહીનું એક ટીપું પણ ન રેડાય" એટલું કહી હ૦ ઉસ્માન ત્યાંથી ચાલ્યા. મવલાઅલી, ઝોબેર અને તલહા તેઓની પછવાડે પછવાડે હતા.

"ખુદાના શુક્રાના!" નાએલાએ કહ્યું "હવે મામલો સુધરી જશે."

"હ૦ અલીપર અલ્લાહની બરકત નાજલ હોજો" અસ્માએ કહ્યું "તેઓનાજ પ્રતાપે ઉમ્મતનો સુધારો છે. હવે હું ઈચ્છુંછું કે, જોઉં અને સાંભળું કે ખલીફા શું કહેછે!"

"વારૂ, તો મારી સાથે આવો, આ બાજુ એક બારી છે ત્યાં આપણે જઈને ઉભા રહીશું" એટલું કહી તેઓ બન્ને બારી પાસે ગયાં, જ્યાંથી તેઓ ભેગું થએલું ટોળું જોઈ શકતાં હતાં. ખલીફા એક ટેકરી ઉપર ઉભા હતા. સઘળાઓનું ધ્યાન તેઓનીજ તરફ હતું તેઓ બોલ્યાઃ—

" હું પહેલાં પોતાનેજ નસીહત કરૂં છું. ખુદાની હજુરમાં સઘળાં પાપોની ક્ષમા ચાહું છું, શરેહ ધર્મ વિરૂદ્ધ જે કામ મેં કર્યાં હોય તે માટે તોબાહ કરૂં છું. તમો લોકો મારી ઉપર એક જુઠો આરોપ મુકોછો, હું ખરૂં કહું છું કે, ઇન્સાફની રૂએ જો મને ગુલામ બનાવવામાં આવે અને ગુલામીનું અપમાન મારા માથાપર મુકવામાં આવે તો તેથી પણ મને ઇન્કાર નથી. હું આ વખતે તમારી સામે છું, તમારાથી છુપો નથી. હું કસમ ખાઇને કહું છું કે, હું તે કામ કરવાનોજ નથી, કે જેથી ફીતનો અને ફીસાદ જાગે. હું મારા ખેશીઓનેજ ઓધો આપીશ નહી. શું તમે એમ સમજોછો કે હું અલ્લાહથી નથી બીહતો ? " એટલું કહેતાં તેઓની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં, તમામ લોકો પણ રડવા લાગ્યા. અસ્મા અને નાએલા પણ ઉપરથી ઉતરી પડ્યાં.

અસ્મા, મરવાન અને હ૦ ઉસ્માન

તેણીઓ હજી ઉતરતીજ હતી કે, ખલીફા પણ બાહેરથી આવી લાગ્યા અને તેજ ઓરડામાં આવ્યા, જ્યાં નાએલા અને અસ્મા ઉભાં હતાં. હ૦ ઉસ્માને નાએલા તરફ ફરીને ઇશારતથી પુછ્યું " એ કોણ છે ? "

" એ એક મેહમાન છે " નાએલાએ જવાબ આપ્યો " પડોશમાં ઉતર્યાં છે. " હ૦ ઉસ્માન તેજ ઓરડામાં એક ગાદલાપર બેસી ગયા. નાએલા અને અસમા પણ તેજ ગાદલાના એક ખુણાપર અદબથી બેસી ગયાં. ખલીફા અસ્માની ગંભીરાઇ અને સભ્યતાથી ઘણાજ ખુશ થયા, અને પુછ્યું કે, તેણીએ કાળો લેબાસ કેમ પહેર્યો છે ! "

" એ લોકો સીરીઆથી અહિં આવ્યા છે " નાએલા બોલ્યાં " કુફામાં પહોંચીને ગઇ પરમદીને એઓનાં મા હક થયાં છે. હવે આ લોકો બનીહઝમને ત્યાં ઉતર્યાં છે. "

" એની સાથે બીજો કોઇ છે ? ખલીફાએ પૂછ્યુ.

" હા, એનો બાપ યઝીદ પણ છે. "

" અમો સઘળા તારા ગમમાં ભાગ લઇએ છીએ " હ૦ ઉસ્માને અસ્માથી ફરમાવ્યું " અલ્લાહ તારો ગમ દુર કરે અને તને સબુરી આપે. "

" જે અમીરૂલ મોમેનીનની નજદીક છે " અસ્માએ જવાબ આપ્યો " તેને દીલાસાની કંઇ જરૂર નથી. "

હ૦ ઉસ્માન (રદી૦) તેણીનો આ ઉમદા જવાબ સાંભળીને ઘણાજ ખુશ થયા. તેઓએ જાણ્યું કે, ઘણીજ સુઘડ અને સભ્યતાવાળી છોકરી છે. હ૦ ઉસ્માને પુછ્યું કે, તેના બાપને કંઈ મળેછે ? "

એનો જવાબ અસ્માએ નકારમાં આપ્યો.

" ઇન્શાઅલ્લાહ ! અમો જલદી તેનો બંદોબસ્ત કરીશું " હ૦ ઉસ્માને ફરમાવ્યું. હજી તો હ૦ ઉસ્માન પુરૂં વાકય પણ ખતમ કરી ચુકયા ન હતા એટલામાં બાહેરથી મરવાન ગભરાયલો આવ્યો. તે રજાવગર ખલીફા પાસે ચાલ્યો આવ્યો. તેની સાથે બની ઉમૈયાના જુવાનીઆઓનું એક ટોળું હતું. મરવાન એ લોકોની આગળ હતો તે આવીને ખલીફા પાસે બેસી ગયો અને બાકીના જુવાનીઆઓએ પણ જગ્યા લીધી. અસ્મા એ લોકોને જોઇને જવા માટે ઉઠવા લાગી પણ " નાએલા " એ કહ્યું કે " એ સઘળા ઘરનાજ માણુસો છે. " આ સાંભળીને અસ્મા એક ખુણામાં બેસી ગઈ. મરવાન ઘણો ખુશ થયો. આખરે તેણે ખલીફા (રદી૦) થી બોલવાની પરવાનગી માગી અને રજા મળતાં તેણે કહ્યું કે—" હું આપના હુકમોપર મરી ફીટનાર અને આપની તાબેદારીમાં મારો પ્રાણ આપનાર છું. આપે જ્યારથી આ નાદાર લોકોને સમજાવ્યા છે અને સુધારાનો વાયદો કર્યો છે ત્યારથી એ લોકો ઘણા માથે ચઢી ગયા છે. આપે વળી એવો તે શું ગુન્હો કર્યો હતો, કે એ લોકો આપના દરવાજાપર આવાને પર્વતની મીસાલ ઉભા થઇ ગયા ? હવે એ લોકોની હિંમત અહિં સુધી વધી છે કે, ખલીફાને કંઇ સમજતાજ નથી. "

હ૦ ઉસ્માને મરવાનનું કહેવું ઘણાજ ધ્યાનથી સાંભળ્યું. હજી તેઓએ કંઇ જવાબ આપ્યો ન હતો એટલામાં અસ્માએ અરજ કરી કે, જો પરવાનગી હોય તો તેણી કંઇ કહેવા માગેછે.

" હા બેટી ! " હ૦ ઉસ્માને ફરમાવ્યું " ખુશીથી કહો "

મરવાન અસ્મા ભણી તાજુબીથી જોવા લાગ્યો. સઘળાઓને અસ્માની વાત સાંભળવાનો શોખ પેદા થયો.

"આ વખતે" અસ્માએ બોલવું શરૂ કર્યું. "અમીરૂલ મોમેનીન સામે કંઇ કહેવું અથવા તો તેઓને કંઇ સલાહ આપવી એ સુર્યને દીવો દેખાડવા સમાન છે; પણ ફકત ખલીફાનાજ ફાયદા માટે હું પોતાના નાકેશ ખ્યાલો જાહેર કરૂંછું. હું જ્યાંસુધી જાણુંછું ત્યાંસુધી એ સઘળા ફીતનાનો સબબ એજ મરવાન છે; આપ હે અમીરૂલ મોમેનીન ! જેમ જેમ વધારે એની વાતો સાંભળોછો તેમ તેમ ફીસાદ વધતો જાયછે, જો આપ ફીસાદને નાબુદ કરવા માગોછો તો એની વાત હરગીઝ સાંભળતા નહિ."

"મરવાન આ સાંભળીને ઘણોજ ગુસ્સે થયો પણ તેણીની તરફથી મોહું ફેરવીને કહેવા લાગ્યો કે "હા, હવે ખલીફા ઓરતોની સલાહ પ્રમાણેજ કામ કરશે, કે જેઓ અકલ વગરના હોયછે, તમોને ખલીફાથી કંઇ કહેવાનો શું હક છે?"

"એજ માટે મેં પહેલાંથીજ પરવાનગી માગી હતી"

આ સાંભળીને મરવાન ચીડવાઇ ગયો અને તલવારના કબજા ઉપર હાથ મુકીને કહેવા લાગ્યો કે, જો તું મારી વાતનો જવાબ આપેછે તો હવે હું એનાથીજ તારા બે ટુકડા કરીશ" એટલું કહી તેણે તલવાર ખેંચી લીધી અને ઉઠવા લાગ્યો.

"તું એમ સમજે છે કે, હું તારી તલવારથી બીહી જવાની છું ! જો અમીરૂલ મોમેનીનનો ખ્યાલ મને હોત નહિ તો હું તારીજ તલવારે તુંને કતલ કરત.

આ હિમ્મતભર્યો જવાબ સાંભળી સઘળાઓ હેરતમાં ગરક થઇ ગયા. નાએલા ઘણાંજ ખુશ હતાં, કેમકે તેઓનો પણ એવોજ ખ્યાલ હતો. હવે મરવાન વાત ઉડાવવાને માટે હસીને કહેવા લાગ્યો કે, જો અમીરૂલ મોમેનીન અહિંઆ હોત નહિ તો હું તુંને દેખાડી આપત કે તું કેવી રીતે તલવારથી બીહતી નથી!"

"જો તુંને અમીરૂલ મોમેનીનનો કંઇ ખ્યાલ હોત તો મારી તરફ તલવાર લઇને આવતજ નહી" અસ્માએ જવાબ આપ્યો.

આ સાંભળીને મરવાન બેતાબ થઇ ગયો. તેણે ફરીથી તલવાર લઇને ઉઠવાનો ઇરાદો કર્યો, પણ ખલીફા (રદી૦) એ તેને હડાવીને કહ્યું "એ શું વાહીયાત!" આ સાંભળી મરવાન શરમીંદો થઇને બેસી ગયો. અસ્મા

તરફ ખલીફાએ ઇશારત કીધી અને તેણી પણ ત્યાંથી ઉઠીને બીજા ઓરડામાં ચાલી ગઇ, તેણીની પછવાડે નાએલા પણ ગયાં. નાએલા તેણીની આ હિંમત અને બહાદુરી જોઇને ઘણુંજ આશ્ચર્ય પામ્યાં. તેઓએ અસ્માથી કહ્યું કે, હું આજે તારી આ ગુફ્તગોથી ઘણીજ ખુશ થઇ. આ બેવકુફ છોકરો (મરવાન) હમેશાં ફીતનો અને ફીસાદ જગાડયા કરેછે. આવો, હવે સાંભળીએ આ લોકો શું કહેછે ?"

આ બન્ને એક ખુણામાં ઉભાં થઇ ગયાં અને ત્યાં થતી વાતો સાંભળવા લાગ્યાં. મરવાન કહેતો હતો કે, આપે ખામુખાં લોકોના કહેવાપર ચાલીને આ વાતો કહી દીધી, આપે વિચાર્યું નહિ કે આ કાર્યથી " બની ઉમૈયા એ અજ્ઞાન લોકોની નજરમાં હલકા પડશે. અમો અરબની આંખો અને પ્રકાશ સમાન છીએ. આ નીચ લોકો અમારો દેશ લઇ લેવાનો દાવો કરી શકેછે તેઓની શું મજાલ ?

" પણ આ કહેવાથી તમારી મતલબ શું છે ? " ખલીફાએ પૂછયું.

" એજ કે, એ લોકોથી કહેવામાં આવે " મરવાન બોલ્યો " કે, તમો અહિં ભેગા થઇને આવ્યા છો અને અમોને પોતાની મોટી સંખ્યાથી બીહવરાવોછો પણ અમો કદી તમારાથી બીહવાના નથી. "

" પણ એમ કહેવામાં ફાયદો શું છે ? ખલીફાએ કહ્યું " હું જે કહી ચુકયો છું તેનાથી ફરવાનો નથી, માટે હવે એ લોકોથી કંઇ પણ કહેવાની અગત્ય નથી.

પણ મરવાન કોની સાંભળતો હતો ! તે તુરતજ ઉપર અગાસીપર પહોંચ્યો અને તમામ લોકોથી કહ્યું " ખબરદાર ! તમો પાછા ફરી જાઓ, નહિતર તમારી આ સરકશી તમારી ઉપર આફત લાવશે. શું તમો બની ઉમૈયાવાળાઓની તલવારથી બીહતા નથી ! "

આ સાંભળી સઘળા ગુસ્સાથી લાલચોળ થઇ ગયા, અને ફરીથી બંડ ઉઠાવવા માટે તૈયાર થઈ ગયા.

" ખુદા એનું સત્યાનાશ કરો " અસ્મા નાએલા તરફ ફરીને બોલી " એણે ફરીથી સુતેલો ફીતનો જગાડયો છે "

એટલામાં " નાએલા " ખલીફાના બોલાવવાથી તેઓની પાસે ગયાં અને અસ્મા એકલી તેજ ઓરડામાં રહી ગઇ. મરવાનનો ખ્યાલ કરીને તેણીને

ઘડી ઘડી ગુસ્સો આવતો હતો. તેણી ધારતી હતી કે, આ જાલીમ, નીર્દોષ ખલીફાપર જરૂર કંઇ આફત લાવશે. તેણી હવે તૈયાર થઇને બેઠી. તેણી પોતાની પાસે હમેશાં એક ખંજર સંતાડી રાખતી હતી. તેણીએ એવા ઇરાદાથી પોતાનું ખંજર બહાર કાઢ્યું કે, જો મરવાન ત્યાંથી પસાર થશે તો જરૂર તેણી તેને કતલ કરી નાખશે. તેણીની આંખો લાલ થઇ રહી હતી અને ગુસ્સાથી ઘણીજ ઉશ્કેરાઇ ગઇ હતી.

મોહમ્મદ, અસ્મા અને મરવાન

અસ્મા પોતાના ઓરડાની બારી અને એક બારણું બંધ કરીને બેઠી અને એટલા દિવસમાં જે અજીઓ ગરીબ બનાવો તેણીની નજરથી ગુજર્યાં હતા તેપર વિચાર કરવા લાગી. એટલામાં ત્યાં મોહમદને તેણીએ આવતાં જોયો. જેને જોતાંજ અસ્માએ તેને સલામ કરી. તે સલામનો જવાબ આપીને બારીની પાસે ઉભો રહી ગયો. મોહમ્મદે અસ્માની આ ગુસ્સાની હાલત અને તેણીનું ધ્રુજતું અંગ જોઇને પૂછ્યું કે, તેણીની શું હાલત હતી? અથવા તો શું તેણીને કોઇની બીહક હતી?

" કંઇ નહિ " અસ્માએ જવાબ આપ્યો " મવલા અલીની હિમાયતમાં બીહક કોની?"

" તો પછી તમારી એવી હાલત કેમ છે ? "

" મારી જે હાલત છે તે માટે ખુદાના શુક્રાના છે. " એટલું કહી તેણી ખાટ ઉપર બેસી ગઇ.

" તમારા બાપ ક્યાં છે ? " મોહમ્મદે પૂછ્યું.

" મને તેઓ વિષે કંઇ ખબર નથી, કે તેઓ ક્યાં છે " અને આ કેહતાં તેણીએ એક શરદ આહ મારી.

" આજે તમે ઠંડા શ્વાસ ભરોછો તેથી મને એમ લાગેછે કે, કંઇક થયું છે પણ તે તમો મારાથી છુપાવવા માગોછો " મોહમ્મદે કહ્યું.

" નહિ કાંઇ વાત નથી પણ......

" પણ શું ! " મારી તબીયત વધારે ફીકરમંદ થતી જાયછે જલદીથી કહો. આખેર છે શું? "

આ સાંભળીને અસમાની આંખોમાંથી આંસુના રેલા ચાલ્યા. મહોમ્મદે તેણીનાં આંસુ લુછીને કહ્યું પણ જે છે તે ખરી બીના મારાથી કહો.

અસમાએ પોતાનો અને મરવાનનો સઘળો કિસ્સો કહી સંભળાવ્યો અને એમ પણ જણાવ્યું કે, મારી માના મોહોતનું કારણ પણ એજ "મરવાન" છે. મોહમ્મદને આ વાત સાંભળી દુશમનીનો જુસ્સો ઉત્પન્ન થયો. કેમકે મોહમ્મદ તેજ વખતે અસમાને પોતાનું દીલ આપી ચુકયો હતો. જ્યારે તેની નજર પહેલ વહેલાં તેણીની ઉપર પડી હતી, ત્યારથી અસમા પણ મોહમ્મદને ચાહવા લાગી હતી.

આ બન્ને એજ હાલતમાં ત્યાં હતાં, કે એટલામાં મ..ાન આવી લાગ્યો અને આવતાંજ પુછ્યું કે "મોહમ્મદ! તમો અહિંઆં કેમ ઉભા છો?"

"શું હું તારા ઘરમાં છું, કે તું મને એમ પુછે છે?" મોહમ્મદે કહ્યું.

"હા અલબતાં" મરવાન બોલ્યો "તમો મારા ઘરમાં નથી પણ ખલીફાના ઘરમાં છો, પણ અહિં અમારી ઓરતો છે, તમો વગર રજાએ તેઓમાં કેમ ચાલ્યા આવ્યા?"

મોહમ્મદે મરવાનની આ વાહીયાત ગુફતગો સાંભળી મુછમાં હસતાં હસતાં અસમા તરફ નજર કરી "એતો એમજ કવખતની વાતો કર્યા કરેછે" અસમાએ કહ્યું.

મરવાન આ વાત સાંભળીને ઘણોજ ચિડાયો પણ વાત ઉડાડવાની મતલબથી તે મુછમાં હસીને કહેવા લાગ્યો "તારા બાપને તો વજુ કરવાનો ઢંગ આવ્યો નથી પણ તું વખત કવખત સમજી શકેછે કે!"

"માબાપની અહિંઆં શું વાત હતી? હવે તમે અહિંથી પાધરા ચાલ્યા જાઓ, નહિતો ઠીક થશે નહિ" અસમાએ કહ્યું.

"પણ મને એમ લાગેછે" મરવાન ઘણોજ ઉશ્કેરાઇને બોલ્યો "કે, ખલીફાની સામે એટલી વાતચીત થવાથી તારી મગરૂરી વધી ગઇ છે, કે તું આ પ્રમાણે મારી વાતોનો જવાબ આપેછે."

આ વાતચીત ઉપરથી મોહમ્મદે જાણ્યું કે, અસમાએ હમણાં જે બીના જાહેર કરી હતી તે તદન ખરી હતી અને મરવાન તેણીને કતલ કરવાની ફીકરમાં છે. અસમા, મવલાઅલી અને મરવાનની હિમાયતમાં હતી,

તે ઉપરાંત મોહમ્મદ તેણી ઉપર દીલોજાનથી ફીદા હતો, એટલે તેને ઘણોજ ગુસ્સો આવ્યો. તે તલવાર લઇને મરવાન તરફ વધ્યો પણ અસમાએ તેને અટકાવીને કહ્યું "તમો રહેવા તો દો, જોઉં તો ખરી કે, એ મારૂં શું કરી શકેછે?" એટલું કહી તેણી મરવાન તરફ ચાલી, તેણીનો હાથ પોતાના છુપાવેલા ખંજરપર હતો તેણી તેને ખેંચવા માગતી હતી.

મરવાને પોતાના દીલમાં વિચાર કર્યો કે, મોહમ્મદ પણ જરૂર તેણીની મદદ કરશે, તે બીધો અને વાત ઉરાડવા માટે તેણે પોતાનો હાથ તલવારના કબજાથી છુટો કર્યો અને હસવા લાગ્યો.

"ચાલ વારૂ ચાલ, થોભી કેમ રાયો, હું પણ જોઉં તારી મરદાનગી, આ મોહમ્મદ પણ છે તેનીજ સામે તારો મારો ફેંસલો થઇ જાય."

"મારાથી એ થશે નહિ" મરવાન બોલ્યો "કે, હું એક સ્ત્રીપર તલવાર ઉચકું; મારી મરદાનગી તું શું જોવાની હતી?" એટલું બોલી મરવાન ત્યાંથી ચાલ્યો ગયો. મોહમ્મદ વિચારમાં પડ્યો કે, રખેને મરવાન કોઇ વખત ગફલતીમાં તેણીને મારી નાખે. તેથી તેણે અસમાથી કહ્યું કે, "મવલાઅલીએ મને તમારી ખબર કાઢવા મોકલ્યો છે પણ હું તમોને અહિંઆં ઘણીજ ભયભિત સ્થિતિમાં જોઉં છું માટે તમો મવલા અલીને ઘેર ચાલો તો વધારે સારૂં."

"શું તમારો એવો ખ્યાલ છે કે, હું મરવાનની બીહીકથી નાસી જાઉં! ભલા તે મારૂં શું કરી શકેછે?"

"બીહક એની છે" મોહમ્મદે કહ્યું "કે ખલીફાનું ઘર આ વખતે ભયનું ધામ છે; કેમકે હવે આ લોકો યાતો ખલીફાને પદભ્રષ્ટ કરશે યા કતલ કરશે, કંઇપણ હોય પણ તમારૂં અહીંઆં રહેવું ઠીક નથી માટે હવે ચાલો."

યઝીદ.

આ બન્ને એજ વાતો કરતાં હતાં કે, "યઝીદ" ત્યાં આવી લાગ્યો મોહમ્મદે જોતાંજ તેણે દોડીને સલામ કરી અને તેની તથા મવલાઅલીની ખેર આફીઅત પુછવા લાગ્યો.

"સઘળા ખેર આફીયત છે" મોહમ્મદ બોલ્યો.

"શું મવલાઅલી આ વરસે હજ કરવા જશે નહિ ? હવે તો હજની મોસમ નજીક આવી છે. લોકોએ તૈયારીઓ પણ શરૂ કરી છે "

"હું ધારૂંછું કે, આ વરસે તેઓ જઇ શકશે નહિ."

"કેમ વારૂ ? અસમાએ પુછયું.

"આવા સમયે તેઓના બાહેર જવાથી મોટી ખરાબી થશે. મોહમ્મદે જવાબ આપ્યો "તેઓએ મારાથી કહ્યું કે, તમો જાઓ. આ વરસે મારાં બહેન ઉમ્મુલ મોમેનીન હ૦ આએશાં સીદીકા (રદી૦) પણ હજ કરવા માટે જશે, તેઓ મને પોતાની સાથે લઈ જવા માગેછે પણ કદાચ હું પણ ન જઈ શકું !"

"કેમ વારૂ ?" અસમાએ પુછયું.

એના જવાબમાં મોહમ્મદે એવી નીરાશાભરેલી નજરે તેણી તરફ જોયું, તેણી સમજી ગઇ કે, આ મારી મોહબ્બત અને મરવાનની અદેખાઇના લીધે "મદીના"થી બાહેર જવા માગતો નથી.

પછી મોહમ્મદ યઝીદ તરફ ફરીને બોલ્યો " કે હું મવલાઅલી તરફથી તમારા બન્નેની ખેરસલ્લા પુછવા આવ્યો હતો. અહિંની સ્થિતી ઘણીજ ભયભિત જણાય છે, માટે તમો બન્ને મવલાઅલીને ત્યાં ચાલો અને ત્યાં રહો "

"હવે બીહકની કોઇ વાત નથી" યઝીદ બોલ્યો "ખલીફાએ તેઓને સમજાવી દીધા છે, તેઓથી સુધારાનો વાયદો કર્યો છે અને તે લોકો રાજી થઇ ગયા છે હવે તેઓ ચાલ્યા જશે."

"અલબતાં, તેઓ ખલીફાના સમજાવવાથી રાજી તો થઇ ગયા હતા" અસમાએ કહ્યું "પણ તમારા મીત્ર મરવાને ફરીથી તેજ રીતનો જગાડ્યો છે, તેણે દીવાલપર ચઢી લોકોથી કહ્યું કે, તમો ચાલ્યા જાઓ નહિતો અમો તમારે માટે મ્યાનથી તલવાર ખેંચીશું. આ સાંભળીને તેઓ ફરીથી ઉશ્કેરાઇ ગયા. ખલીફાએ જે કંઇ વાયદો કર્યો હતો તેની ધુળધાણી થઇ ગઈ. મોહમ્મદ પણ એ વાત ઘણું કરીને જાણતા હશે એમનાથી પુછી લે."

"હા, બેશક આજે સહવારના જે શબ્દો મરવાને કહ્યા તેથી રીતનો આતશ ભડકી ઉઠ્યો" મોહમ્મદે અસમાને ટેકો આપતાં કહ્યું અને

હજી તેઓ જ્યાંસુધી ખલીફાને પદભ્રષ્ટ અથવા કતલ કરી લેશે નહિ ત્યાંસુધી માનવાના નથી, માટે હું કહુંછું કે, તમારૂં અહિંઆં રહેવું ઠીક નથી."

"ખયર !" મઝીદ બોલ્યો "હમણાં તો કાંઇ ચિંતાની વાત નથી જ્યારે ખુદા નહિ કરે અને તેમ થશે, તો અમે ચાલ્યા આવીશું"

મોહમ્મદ આ સાંભળીને ત્યાંથી ચાલ્યો ગયો. તેના જવા પછી અસમા ઘણીજ દીલગીર થઇ કે. જો તેણી તેની સાથે જશે તો ઠીક થશે. પણ યઝીદ ઘણોજ ખુશ હતો કે, ઘણુંજ સારૂં થયું કે તે વખતસર પહોંચી ગયો, નહિતો અસમા મોહમ્મદની સાથે ચાલી જાત તો તેને માટે મોટી ખરાબી થાત.

મુસીબત.

મોહમ્મદના જવા પછી અનેક પ્રકારના વિચારો અસમાના મગજમાં ભમતા હતા. સાંજ થઇ ગઇ, નાએલા પણ અસમાની પાસે આવ્યાં. સુફરો પાથરવામાં આવ્યો. જમવા પછી નાએલાએ "ખાજેસરા" ને બોલાવીને પુછ્યું "ખલીફાના શું હાલ છે ?"

"આજ તો ખેર જણાતી હતી, પણ ખલીફાએ કંઇ ખાધું નથી"

"કેમ ?"

"આજ દરવાજાપર ઘણી ભીડ વધી ગઇ છે. તે લોકોએ પાણી પણ બંધ કર્યું છે. હવે પાણી લાવવાનો કોઇ માર્ગ નથી. આજ તો તેજ પાણી પિવામાં આવ્યું, કે જે કાલે ભરી રાખવામાં આવ્યું હતું."

"હેં ! પાણી બંધ કીધું !! એતો મોટી આફત છે ! હવે થશે શું ?" આ કહી તેઓએ પોતાનું માથું કુટયું, અસમા પણ ઘણી દીલગીર થઇ.

"પાણીનો તો એક રસ્તો નીકળી શકે છે" અસમાએ કહ્યું "બની હઝમને ત્યાંથી આવી જશે; કેમકે અહિંથી ત્યાંસુધી અંદર અંદર રસ્તો છે." ખયર ! આ તદબીરથી હવે પાણીની તો ચીંતા દૂર થઇ, પણ હવે સખત ઘેરાના પરિણામનો ખ્યાલ કરી દરેકના દીલમાં બાહીક સમાઇ, નાએલા ઘણાંજ ગભરાઇ ગયાં. અસમા તેઓનો ગમ દૂર કરવા તેઓથી અહિં તહિંની વાતો કરવા લાગી. ઓરડાના દરવાજાપર કોઇના પગનો

અવાજ સંભળાયો. નાએલાએ જલદીથી ઉઠીને બારણું ઉઘાડયું અને જોયું તો મરવાન હથીયારબંધ ઉભો છે.

"તું અહિંયાં કેમ આવ્યો છે?" નાએલાએ પુછ્યું.

"હું એક અગત્યના કામ માટે આ વખતે સફર કરવાનો ઇરાદો રાખું છું. તમારાથી હું એ વાત પુછવા માટે અહિં આવ્યો છું કે, અસ્મા અહિયાં છે કે નહિ?"

"હા નાએલાએ જવાબ વાળ્યો. આ સાંભળીને તે અંદર આવ્યો. અસ્મા પોતાની જગ્યાપરજ બેઠી રહી. મરવાન તેણીથી કહેવા લાગ્યો કે "તું પોતાની તે વાત યાદ રાખજે, કે જે તેં કહી હતી કે હું તલવારથી બીહતી નથી."

અસ્માએ ઘણીજ બેદરકારીથી એનો જવાબ વાળ્યો કે "જો તારામાં હિમ્મત હતી તો મને ડરાવી કેમ નહિ?"

"મને તે વખતે જરા ઉતાવળ હતી, નહિંતો તને દેખાડી આપત કે, તું કેવી રીતે બીહતી નથી! અને ત્યારેજ તુને પણ માલમ પડત કે, મોહમ્મદ મારી સામે શું કરી શકેછે!"

મોહમ્મદ માટે એવા શબ્દો સાંભળીને અસ્મા ઘણી ઉશ્કેરાઇ ગઇ. તેણી કહેવા લાગી કે "તેની સામે તો કંઇ થઇ શકયું નહિ, હવે તેની ગેરહાજરીમાં બહાદુરી દેખાડવા આવ્યો છે!!"

"થોડાજ અરસામાં મોહમ્મદ અને મારી હાલતને તમો પોતાની નજરોથી જોશો." મરવાને મોટેથી હસીને કહ્યું "તેઓએ ખલીફા વિરૂદ્ધ જે બંડ ઉઠાવ્યું છે અને તેઓને પદભ્રષ્ટ કરવા લોકોને ઉશ્કેર્યા છે તેનો નતીજો કેવો ખરાબ આવેછે તે જોજો."

અસ્મા કંઇ કહેવા જતી હતી કે, નાએલાએ તેણીથી કહ્યું કે, હવે જવા દો. અને મરવાનથી તેઓ બોલ્યાં કે, ખુદાને ખાતર તે ત્યાંથી જ્યાં જવા માગતો હોય ત્યાં ચાલ્યો જાય. તેના રહેવાથી ફીતના બરપા થાયછે.

મરવાન હસવા લાગ્યો અને નાએલાનો હાથ પકડીને તેઓને બાહેર લઇ ગયો અને હળવેથી તેઓના કાનમાં કહેવા લાગ્યો કે "અસ્મા કયાંય ચાલી ન જાય, એ ઘણીજ ખુબસુરત છે. હું જલદીથી પાછો ફરીશ અને પછી તેની તદબીર કરીશ."

મરવાનના જવા પછી "નાએલા" અસમા પાસે જઇને બેઠાં. અસ્માએ સવાલ કર્યો " કે, શું મોહમ્મદના સંબંધમાં મરવાનનું આ કહેવું ખરૂં છે કે તે રાજ્યવિરોધી છે અને તેણે લોકોને ખલીફાની સામે ઉશ્કેર્યા છે ? "

" ખરી હકીકત તો એવી છે કે " નાએલા બોલ્યાં " મોહમ્મદની ઇચ્છા છે કે, મીસરની હકુમત તેઓને મળે. ત્યાં અબદુલ્લા બીન સઅદ ખલીફાના દુધભાઇ છે. મોહમ્મદની મરજી મુજબ ખલીફાએ તેની મીસરના હાકેમ તરીકે નેમણુંક કરી હતી અને એ મીસર જવા માટે ઉપડી પણ ગયો હતો. પણ પાછળથી ખલીફાએ તેની હાલત સાંભળીને પોતાનું ફરમાન પાછું ખેંચી લીધું અને તે રસ્તામાંથીજ પાછો ફર્યો. એજ કારણને લીધે તે ખલીફાનો વિરોધી થઈ ગયો છે. "

અસમા મોહમ્મદની મોહબ્બતમાં ચકચુર હોવાને લીધે એવા ખરાબ આરોપો તેની ઉપર મુકાયલા સાંભળવા છતાં તેણીનું દીલ તેના તરફથી ફર્યું નહિ; જોકે તેણી તો સઘળા રાજ્યવિરોધીને ઘણીજ દુશ્મનીની લાગણીથી જોતી હતી.

તદબીર.

અસમાને એજ હાલતમાં કેટલાંક અઠવાડીયાં વીતી ગયાં. "નાએલા" આ માઠાં પરિણામ નીપજાવનારા ઘેરાને સબબે રાત દિવસ અસમા પાસે બેસી રહેતાં હતાં. અસમાની વાતો તેઓને દીલાસો આપતી હતી. આ ઘેરાને ચાલીસ દીવસ થઈ ગયા હતા. જો બનીહઝમના ઘેરથી પાણી આવવાનો બંદોબસ્ત હોત નહિ તો તરસના લીધે સઘળાઓના જાન જાત. ઘરવાળાઓની બેચેની-ચિંતા હવે હદથી વધારે વધી ગઇ. અસ્માએ નાએલાથી કહ્યું કે, જો તેઓ કહે તો તેણી હ૦ અલીની સેવામાં જઈને આ સઘળી બીના જાહેર કરે. નાએલાએ તેણીથી કહ્યું કે, તેણીએ જરૂર હ૦ અલી પાસે જવું.

અસમા હવે જવાને માટે બીલકુલ તૈયાર થઇ ગઇ. તેણીએ મરદાના પહેરવેશ પહેર્યો અને તે ઉપર એક ઝુબ્બો નાખ્યો. માથાપર એક કુફી પાઘડી વિંટાળી અને બનીહઝમના ઘરમાંથી નીકળી તેણી હ૦ અલી પાસે પહોંચી.

હ૦ અલી મગરીબની નમાઝ ભણીને પોતાની બેઠકમાં બેઠા હતા. "તલહા" ઝોબેર અને બીજા મોટા સરદારો ત્યાં ભેગા મળ્યા હતા. અસમા આસ્તેથી ત્યાં જઇ ઉભી રહી ગઇ. ત્યાં શોરબકોરમાં કોઇનું પણ ધ્યાન તેણીની તરફ ખેંચાયું નહિ. હ૦ અલી લોકોને અટકાવતા હતા અને તેઓના બુમ બરાડાને ધીમા પાડતા હતા. એજ કારણથી અસમા મવલાઅલી પાસે જવાની હિમ્મત ધરી શકી નહિ.

થોડીવાર થોભી અસ્મા હ૦ અલીની સામે ગઇ. તેઓએ સવાલ કર્યો કે, તે કોણ હતી ? એના જવાબમાં તેણીએ પોતાના ચહેરાપરથી "નેકાબ" ઉચક્યો. હ૦ અલીએ તેણીને ઓળખી અને દુવાઓ આપીને તેણીની હાલત પુછવા લાગ્યા.

"હું ખેરિયતથી છું, આપનો આભાર માનુંછું" અસ્માએ કહ્યું "આ વખતે હું એ માટે અહિં આવીછું કે જો આ લોકો ખામોશ બેસી રહે તો હું ખલીફા (રદી૦) વિષે કંઇ કહું."

આ સાંભળીને હ૦ અલી ઉભા થઇ ગયા અને સઘળાઓને ચુપ કર્યા. હવે અસ્મા લોકોની વચ્ચે ઉભી થઇ ગઈ અને તેણીએ બુલંદ અવાજે કહ્યું કે "જો હું મુસલમાનોના ભલા માટે કંઇ કહું અને મુખ્ય કરીને તે બનાવના ખરા હેવાલ જે મેં મારી નજરે જોયા છે અને હું સારી રીતે જાણું છું તેનું જો હું બયાન કરૂં તો તમો તે સાંભળવાનું પસંદ કરશો !

"હા, હા, જરૂર કહો" હ૦ અલી બોલ્યા.

અસ્માએ હવે બોલવાનું શરૂ કર્યું "હે મોહાજેરીન ! અને હે રસુલલઅલ્લાહ (સ૦ અ૦ વ૦) ના માનવંત સહાબીઓ ! ! હું કસમ ખાઇને કહુંછું કે, જો તમો ખલીફા (રદી૦) ની સાથે કોઇ શહારત યા ફેસાદની નેયત રાખોછો તો આ તમારો જુલમ છે. તેઓ તમામ આરોપોથી મોકળા છે. તેઓ કદીપણ કતલ કરવાને લાયક નથી. તેઓ હરગીઝ પદભ્રષ્ટ કરવાને પાત્ર નથી. જો તમો ફીતનો મટાડવા માગોછો તો મરવાનને કતલ કરો. તેણેજ મીસરના હાકેમના નામ ઉપર ખલીફાની સીલ કરીને પત્ર મોકલ્યો હતો કે, જેથી આ લોકો ઉશ્કેરાઇ ગયા છે. ખલીફા (રદી૦) એ વાત જાણતા પણ નથી. મરવાનને લીધેજ આ તમામ ફીસાદ બરપા થાય છે. જો તમોએ ખલીફાની સાથે કંઇપણ કર્યું

તો બેશક અલ્લાહની સામે તમો તેના જવાબદાર છો. શું, એ થોડુ થયું કે તમોએ ચાલીસ દહાડાથી ખલીફાનું પાણી બંધ કર્યું છે ? તેઓને કેટલી તકલીફ છે ?" એટલું કહી અસ્માએ પોતાની જગા લીધી.

હ૦ અલીએ સઘળા હાજર રહેલાઓ તરફ ફરીને કહ્યું ખુદાના સમ જે કાંઇ કહેછે તે સત્ય છે. તેણીનો અવાજ ખરેખર એક ફરેસ્તાનો અવાજ છે. હાય મને કેટલી દીલગીરી પેદા થાયછે કે, અમો હ૦ પેગમ્બર (સ૦ અ૦ વ૦) ના સહાબીઓ છીએ. વરસો સુધી પેગમ્બરની સાથે રહ્યા છીએ અને હવે તેઓના ફરમાનપર ચાલવાની અમોને આ છોકરીઓ તરફથી શીખામણ મળે છે. શું એ અમારી ગફલતી નથી? હું આ મજલુમ ખલીફાની મદદ માટે તૈયાર છું. (અસ્માથી) આ સઘળા સહાબીઓએ બળવાખોરોને દુર કરવાની કોશીશ ખુદ ઉમ્મુલમોમેનીન હ૦ ઉમ્મે હબીબા સવાર થઇને એ લોકોને સમજાવવા ગયા, પણ તેઓ કંઇ સમજ્યા નહિ બલકે, તેઓના ખચ્ચરને માર્યો. તેઓ પડતાં પડતાં બચી ગયા અને ત્યાંથી નહાસીને પોતાને ઘેર આવ્યા.

આ પછી હ૦ અલીએ "ઝોબેર" અને "તલહા" થી તેઓના બેટાઓને બોલાવવા કહ્યું અને હ૦ હસન હુસેનને પણ બોલાવ્યા તથા બીજા માનવંત સહાબીઓને પણ તેઓના ફરઝંદોને બોલાવવાનો હુકમ આપ્યો. સઘળા આવ્યા. પણ મોહમ્મદનો કયાંય પત્તો લાગ્યો નહિ. હ૦ અલીએ કહ્યું કે, મને મોહમ્મદની ઘણી બીહીક છે, કેમકે તેની નઇયત ખલીફા તરફ સાફ નથી.

"એ કદાચ આપ એ માટે કહોછો" તલહા બોલ્યા, "કે ખલીફાએ તેને મીસરની હકુમત આપી અને પછી રસ્તાથીજ બરતરફ કરીને પાછો બોલાવ્યો.

આ સાંભળીને હ૦ અલી ખામોશ થઇ ગયા અને "તલહા" તરફ જોવા લાગ્યા. તેથી સિદ્ધ થતું હતું કે, તેઓ આ ગુફતેગો મુનાસેબ ખ્યાલ કરતા નથી. એ પછી સઘળા જુવાનીઆઓને હ૦ અલીએ હુકમ આપ્યો કે, "તમો જઇને જેમ બને તેમ ખલીફા (રદી૦) ના દરવાજા પરથી દુર કરો, તેઓની મદદ કરો. જો મોહમ્મદ તમને મળે તો તુરત તેને મારી પાસે મોકલો." નાએલા તેજ ઓરડામાં અસ્માની વાટ જોતાં બેઠાં હતાં,

એકાએક દરવાજાપર ધુમે સંભળાઇ તેથી નાએલાએ તે તરફ ફરીને જોયું તો હસન, હુસેન અને તમામ સહાબીઓના બેટાઓ ખલીફા (રદી૦)ની મદદ માટે આવ્યા હતા. આ સ્થિતી જોઇને નાએલા જરા ખુશ થયાં.

ખોટી સીલ.

નાએલા એ સઘળી બીના ખલીફા (રદી૦) ને બયાન કરવા જતાં હતાં, કે તેઓની નજર મરવાનપર પડી; જે પોતાની સફરથીજ તરતનોજ પાછો ફર્યો હતો. નાએલાએ તેને જોઇને પુછયું "તમો કયારે આવ્યા?"

"હું આજેજ સાંજરે આવ્યો છું, તમો હવે કહો કે, અસ્મા છે?" મરવાને જવાબ આપ્યો.

"આ વખતે તો નથી, પણ તેણી હમણાં આવશે."

"હેં! હું તો તમારાથી કહી ગયો હતો કે, તેણીને કયાંય જવા દેતાં નહિ" મરવાને કહ્યું "તો પછી તે કયાં ચાલી ગઇ?"

"હું કહું છું કે તેણી હમણાં આવશે." નાએલાએ ગુસ્સાથી કહ્યું, અને એટલું બોલી તેઓ ખલીફા (રદી૦) ની પાસે પહોંચ્યાં. જેઓ નચિંત બેસી કુરાન શરીફ ભણુતા હતા. નાએલાએ કહ્યું "તમામ સહાબીઓના બેટા તમારી મદદે આવ્યા છે."

"કોણ કોણ છે?" હ૦ ઉસ્માન (રદી૦) એ પુછયું "હસન, અબ્દુલ્લા ઇબ્ને ઝોબેર" વગેરે.

"અરે! હસનને અટકાવો અને સઘળાઓને મના કરો" ખલીફા (રદી૦) બોલ્યા "મને તેઓના જાનનો ભય છે, તેઓની કોશીશો વ્યર્થ જશે, કેમકે ખુદા જે વાતનો ઠરાવ કરેછે તે થઇનેજ રહે છે" એટલું કહી તેઓ પાછા કુરાન ભણુવા લાગ્યા.

નાએલા પોતાના ઓરડામાં આવીને બેઠાં અને અસ્માની વાટ જોવા લાગ્યાં. અસ્મા બનુ હઝમના મકાનમાંથી થઇને ખલીફા (રદી૦) ના ઘરમાં દાખલ થઇ. નાએલા તેણીને જોઇને ઘણા ખુશ થયાં અને તેણીની નેક કોશીશનાં વખાણુ કરવા લાગ્યાં. તેઓ બન્ને તેજ ઓરડામાં સુઇ ગયાં. હસન, હુસેન અને બીજા સહાબીઓના બેટા આખી રાત આંગણામાં પહેરો ભરતા રહ્યા. કદી તો તેઓ બળવાખોરોને ધમકાવતા અને કદી તલવારથી તેઓને પાછા હઠાવતા હતા.

સવાર થતાં "મરવાન" નાએલાના ઓરડામાં આવ્યો. ત્યાં અસ્મા અને "નાએલા" બન્ને વાતો કરતાં હતાં. મરવાને આવતાંજ હટીથી અસ્માને પુછ્યું "કાલે સાંજનાં તમો ક્યાં ચાલ્યાં ગયાં હતાં?"

"મારા આવવા જવાથી તમને શું મતલબ?" અસ્માએ જવાબ આપ્યો.

"બેશક મને મતલબ છે" મરવાન બોલ્યો તમો મારાં પરણેતર છો, તમે દરેક રીતે મારા કબજામાં છો. આ જુઓ મારી પાસે તમારાં લગનનો કાગળ છે."

એટલું કહી મરવાને પોતાના ગજવામાંથી એક કાગળ કાઢ્યો. જે તેણેજ લખ્યો હતો અને કહેવા લાગ્યો "જુઓ એમાં શું લખ્યું છે! એમાં લખ્યું છે કે, તમારો નિકાહ મારી સાથે થયો. ખલીફાની સીલ પણ તેની ઉપર મોજુદ છે. તમો હવે શું ઇન્કાર કરી શકો છો?"

ખલીફાની સીલ જોઇ નાએલા અને અસ્મા બંને ઘણાંજ આશ્ચર્ય પામ્યાં; પણ અસ્માએ કહ્યું કે, "આ તારાંજ કારસ્તાન છે. ખલીફાની સીલ તું તારી મરજીમાં આવે ત્યાં મારી શકે છે. જાલેમ! આ તારીજ રિસાદ છે. જોતો ખરો, આજ ચાલીસ દહાડા થયાં ખલીફાનું પાણી બંધ છે."

આ કહેતાં કહેતાં અસ્માની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. ગુસ્સાની લાગણીથી તેનો ચહેરો આતશની મીસાલ લાલ થઇ ગયો. તેણી ખંજર ખેંચીને ઉઠી અને મરવાનપર હુમલો કર્યો પણ મરવાન છટકી જવા પામ્યો તેણે જલદીથી તલવાર મ્યાનથી કાઢીને અસ્માને મારવાનો ઇરાદો કર્યો એટલામાં ઘરના આંગણુમાંથી કોઇના પોકારવાનો અવાજ આવ્યો "મરવાન, મરવાન!" તેથી તે તલવાર તલવાર લઇ બહાર ચાલ્યો ગયો.

૯. ઉસ્માન (૨૬૦) ની શહાદત.

મરવાનના બાહેર જવા પછી ઘણોજ શોરબકોર થયો. અસ્મા અને નાએલા જોવા લાગ્યાં. દરવાજાપર બળવાખોરોએ આગ લગાડી દીધી, ત્યાંથી ધુમાડો નીકળતો હતો. કોઇ ઘરમાં આવવાને માટે ઠસી રહેતો, તો કોઇ અંદર આવવા માટે બારી તોડતો હતો, અને કોઇ તીર ફેંકી રહ્યો હતો. જુવાન સહાબીઓ તેઓને અટકાવતા હતા. હસન, હુસેનના તમામ કપડાં ખુનથી

ખરડાઇ ગયાં હતાં. પણ તેઓ તલવાર હાથમાં લઇ બળવાખોરોનો બરાબર મુકાબલો કરી રહ્યા હતા, તેઓ બળવાખોરોને અટકાવી રહ્યા હતા. નાએલા આ દેખાવ જોઇને બીહી ગયાં, અને તેઓને ખાતરી થઇ ગઇ કે, આ લોકો હવે અમો સઘળાઓને મારી નાખશે, જેથી બીહીને નાએલા ખલીફા (રઝી૦) ની પાસે ગયાં. તેઓને એ વાતનો કંઇ ખ્યાલજ હતો નહિ તેઓ નચિંત બેઠા બેઠા કુરાનશરીફ ભણી રહ્યા હતા. અસ્માએ હિમ્મત છોડી નહિ, તેણી પોતાનું ખંજર ખેંચીને દરવાજા પાસે આવીને ઉભી રહી. તેણીએ જોયું કે, ત્યાં એક તોફાન બરપા છે. સઘળાઓ બુમો પાડતા હતા અને કહેતા હતા કે, મરવાન ક્યાં છે તે બતાવો અમો તેને મારીશું. મરવાન તલવાર લઇને ઉભો હતો અને બળવાખોરોને મારતો હતો એટલામાં એક શખ્સે આગળ વધીને તેની ગરદનપર તલવાર મારી તેથી તે ત્યાંજ પડી ગયો. અસ્મા આ જોઇને ઘણીજ ખુશ થઇ, તેણીએ ધાર્યું કે તે મરી ગયો પણ તેનો જાન ગયો હતો નહિ. અસ્મા હવે ખલીફા (રઝી૦) ના ઓરડામાં આવી, ખલીફા (રઝી૦) કુરાનશરીફ ભણતા હતા. " નાએલા " તેઓની સામે ઉભાં રડતાં હતાં. એજ હાલતમાં હસન પણ અંદર પહોંચ્યા. હસનને નાગી તલવાર સાથે લોહીમાં ખરડાયલા જોઇ હ૦ ઉસ્માન (રઝી૦) એ કહ્યું કે, મારા બેટા! તમો ચાલ્યા જાઓ, અને તમારા જાનની ખારતી છે, તમો શામાટે મારી મદદે આવ્યા છો ? તમો જાણતા નથી, કે ખુદાએ મારા સબંધમાં શું વાયદો કર્યો છે અને તેના પેગમ્બરે શું ફરમાવ્યું છે!? હું તેપર સબુરી પકડીને બેઠો છું. તે વાયદો જરૂર પુરો થશે. તમો ચાલ્યા જાઓ. આ સાંભળીને હ૦ હસન ત્યાંથી પાછા ફર્યા પણ તેઓએ ખલીફા (રઝી૦) ની વાતનો કાંઇ ખ્યાલ કર્યો નહિ અને પોતાના પિતાના હુકમ મુજબ બળવાખોરોથી લડતા રહ્યા. આ વખતે ખલીફા (રઝી૦) ના ઓરડામાં નાએલા શિવાય બીજું કોઇ હતું નહિ, એવી ભયંકર સ્થિતીમાં ખલીફા (રઝી૦) ના ચહેરાપર ગભરાટના બદલામાં નચિંતાઇ વ્યાપી રહી હતી. અસ્મા ખંજર લઇને ઝરૂખા પાસે ઉભી હતી, કે તેણીએ એક શખ્સને બાહેરથી આવતાં જોયો. આવતાંજ તેણે ગુસ્સાથી કહ્યું કે, " ખીલાફતની ગાદીપરથી ઉતરી જાઓ. "

" હું તે ગાદીથી કદી પણ ઉતરી શકતો નથી, જે હકની રૂએ મને અલ્લાહતઆલાએ આપી છે " ખલીફાએ કહ્યું " અને જ્યાંસુધી બદબખ્તોના મોઢાં કાળાં થાય નહી. "

મજકુર શખ્સ આ સાંભળી ત્યાંથી ચાલ્યો ગયો અને બીજો શખ્સ અંદર આવ્યો. નાએલાએ તેઓને ઓળખ્યા. તે અબદુલ્લા બીન સલામ હતા. તેઓ એક માનવંત સહાબી હતા. કુરાનશરીફમાં અનેક ઠેકાણે તેઓની તઅરીફ કરવામાં આવી છે. તેઓએ બળવાખોરોથી કહ્યું કે " ખુદાને વાસ્તે ! આ નબી (સ૦ અ૦ વ૦) નું ઘર છે, એમાં તમો કદી ખલીફા પર હાથ ઉઠાવતા નહિ, અહિંઆં ફરેસ્તા રહે છે. તેઓ તમારા આ અઘટિત કાર્યથી મદીનાથી ચાલ્યા જશે. આ સાંભળીને લોકો ઘણા ઉશ્કેરાઇ ગયા અને કહેવા લાગ્યા કે, આ યાહુદીની ઓલાદનો અમોને સમજાવવા આવ્યો છે ? હવે સત્રુજાઓ ખામોશ થઈ ગયા. બળવાખોરો ઘરમાં ઘુસી આવ્યા. અસ્મા પોતાનું ખંજર લઇને ઉભી હતી. તેણીના મગજમાં તરેહવાર ખ્યાલ ભમતા હતા. તેણી કદી કદી તો મરવાનના માર્યા જવાના વિચારથી ખુશ પણ થઈ જતી હતી. એટલામાં તેણીએ જોયું કે મહોમ્મદ, ખલીફા (રદી૦) પાસે આવ્યો. તેની સાથે લોકોનું મોટું ટોળું હતું. ખલીફા (રદી૦) એ તેને જોઇને કહ્યું કે શું તે પણ તેજ કમબખ્તોમાં શામેલ થઇ ગયો ?

હુકુમત અલ્લાહનો હક હતો, જે માટે તમોને લાયક ગણ્યા નહિ. તું ખુદાની વિરૂદ્ધતા કરેછે ? મોહમ્મદે ખલીફા (રદી૦) ની ડાઢી પકડીને કહ્યું કે " હવે અલ્લાહે તમોને ઝલીલ અને રૂસવા કર્યા. કહો, મોઆવીયા કે ઇબ્ને સઅદ તમારી મદદે આવ્યા ? "

" ખયર ! માન અપમાનની કોને ખબર છે? " ખલીફાએ કહ્યું "એતો પરવરદીગાર જાણેછે, પણ મારી દાઢી કદી તારા બાપે પણ પકડી હતી નહિ ! "

" એ શું છે ? " મોહમ્મદે ડાઢી છોડતાં કહ્યું " મારી નઇયત તો એથી પણ સખ્ત છે.

અસ્મા આ ગુફતેગો સાંભળીને બીધી કે, રખેને મોહમ્મદ ખલીફા (રદી૦)ને કતલ કરી નાખે અને તેની જીંદગાનીમાં આ કલંક લાગે ! તેથી તેણી મોહમ્મદની સામે ચાલી ગઇ અને ઈશારતથી તેમ કરવાની મના કરી. અસ્માને જોઇને મોહમ્મદ ચાલ્યો આવ્યો અને આંગણામાં ઉભો રહી તેણીની સાથે વાતો કરવા લાગ્યો.

મોહમ્મદના સાથીઓમાંથી એક શખ્સે ખલીફા (રદી૦) ના માથાપર તલવાર મારી, ખલીફાના હાથમાં કુરાનશરીફ હતું તેની ઉપર લોહીનાં ટીપાં પડવા લાગ્યાં. પછી બીજા શખ્સે તલવાર ઉઠાવી પણ નાએલા આવીને તેના ઉપર તુટી પડયાં અને તલવાર તેઓના હાથપર લાગી જેથી તેઓનાં કેટલાંક આંગળાં અને હથેળી કપાઇ ગઇ. આ જોઇને અસ્મા બે-ચેન થઇ ગઇ. તેણી ખંજર ખેંચીને તે શખસ તરફ વધી પણ મોહમ્મદે તેણીનો હાથ જોરથી પકડીને તેણીને અટકાવી તેથી તેણી ત્યાંજ ચોભી ગઇ.

તુરતજ તે લોકો ખલીફા (રદી૦) ને કતલ કરીને નહાસી ગયા. ખલીફાના માર્યા જવા પછી નાએલા ઉઠયાં. તેઓના હોસકોશ ઉડી ગયા હતા, હાથથી લોહીના રેલા ચાલતા હતા. જીગર ફાડનારા અવાજે તેઓએ હસનને પોકાર્યા. હસન અંદર આવ્યા; હુસેન તેઓની પુંઠે હતા. ખલીફા (રદી૦) ની આ હાલત જોઇને રંજમાં તેઓની આંખોથી આંસુ ટપકવા લાગ્યાં. તેઓ ઘણાજ અફસોસ સાથે કહેવા લાગ્યા કે " હાય! અમો ખલીફા (રદી૦) ના ઘરમાં, અને તેઓ કતલ થઇ જાય ? ! હવે અમો અમારા પિતાને શું જવાબ આપીશું ? ". અસ્માનાં પણ ગમથી આંસુ વહી રહ્યાં હતાં. તેણી ચારો તરફ નજર કરતી હતી કે, જો કાતીલો મળે તો તેઓને મારી નાખે, પણ તેઓ નાશી ગયા હતા અને બળવાખોરો ઘરનો અસબાબ લુટવા લાગ્યા હતા.

મોહમ્મદ અને અસ્મા.

મોહમ્મદે અસ્માને કહ્યું કે, હવે તમો મારી સાથે ચાલો. અસ્માની જવાની મરજી હતી નહિ, કેમકે તેણી અહિંઆં શું થાયછે તે રહીને જોવા માગતી હતી અને ખાસ કરીને નાએલાના રંજ અને ગમમાં ભાગ લેવાનું તેણી ઘણું જરૂરી સમજતી હતી; તેમજ મોહમ્મદની મોહબ્બત પણ તેણીના દીલમાં એથી ઓછી હતી નહિ, તેમ તેણી તેના કહેવાને રદ કરી શકતી હતી નહિ, તેથી તેણી તેની સાથે ચાલી. ખલીફા (રદી૦) ના મકાનથી દૂર એક ખજુરના ઝાડ તળે પહોંચીને તેણીએ પોતાનો હાથ મોહમ્મદના હાથમાંથી છોડાવતાં કહ્યું " હવે કયાંસુધી ચાલ્યા જશો ? "

"તમારી શું મરજી છે?" મોહમ્મદે કહ્યું "શું ખલીફાને ઘેર પાછાં જવા માગોછો કે? મેં પહેલાંથી તમને કહ્યું હતું કે, ખલીફા (રદી૦) ની હાલત ભયભરેલી છે, તમે ત્યાં રહો નહિ, આખરે એજ થયું કે નહિ?"

"તમો લોકોએ ખલીફાપર મોટો જુલમ કર્યો છે" અસ્મા બોલી "જો મારાથી કંઇ મદદ આપી શકાત તો હું જરૂર તેમ કરત; પણ પેલાં મોટાં ટોળાં આગળ હું શું બીસાદમાં હતી? મરવાનનોજ એ તમામ ફીસાદ હતો. શુક છે કે, તે પોતાનાં કર્તુકોની સજા પામી ચુકયો છે.

"કોણ જાણે" મોહમ્મદે કહ્યું "હું તો જ્યારે ઘેરથી નીકળ્યો તે વખતે તો તે બેસીને પોતાની ગરદનના જખમોને પાટા બાંધતો હતો. આ વખતે જુલમ, ઇન્સાફની શું વાત? જે થયું તે થયું."

"હું ધારૂં છું" અસ્મા બોલી "કે તમોને ખલીફા (રદી૦) ના કતલ થવાનો જરાપણ અફસોસ નથી. પણ તમારાજ સંગતીઓએ તેઓને કતલ કર્યા છે, પરંતુ મને પહેલાંથીજ જો તમારી મોહબ્બત હોત નહિ તો હું તમારૂં મોઢું જોવાને પણ પસંદ કરત નહિ."

"તમારી આ ધારણા ખોટી છે" મોહમ્મદે જવાબ આપ્યો "જો હું સઘળી બીના તમારી આગળ બ્યાન કરૂં તો તમો બેશક મારા બચાવને કબુલ કરશો."

"બચાવ શું છે?"

"આ વખતે તો હું ગભરાટ અને જલદીમાં છું" મોહમ્મદે કહ્યું "જો સઘળું કહું તો ઘણી વાર લાગશે, માટે કોઇ ફુરસદની વખતે સઘળી હકીકત બ્યાન કરીશ, જેથી તમોને માલુમ પડી જશે કે, હું નિર્દોષ છું; આ વખતે તો આપણે કોઇ સલામતીની જગ્યાએ ઉતારો લેવો જોઇએ."

"હું કયાં જઇશ! મારો સઘળો સરસામાન અને તેમાં પણ ખાસ મારો ઘોડો તો ખલીફા (રદી)ને ઘરે છે."

"તે લાવવાનો જોખમદાર હું બનું છું" મોહમ્મદે કહ્યું "પણ તમારા રહેવા માટે હું તે વખત સુધી કોઇ ઠેકાણું નક્કી કરી શકતો નથી કે, જ્યાંસુધી હું તમારા વિચારથી માહેતગાર ન થાઉં. તમે મારા કહેવાની મતલબ સમજ્યાં?"

" નહિ, હું તો ફજરાપણુ સમજી નથી."

" ટુંકમાં એ કે " મોહમ્મદ અચકાતાં બોલ્યો. " હું તમોને મારા જીગરથી ચાહુંછું, તો શું તમોને પણુ મારી થોડી ઘણી મોહબ્બત છે? "

આ સાંભળીને અસમાનો ચહેરો શરમથી લાલ થઈ ગયો. તેણીએ મોઢાપર બુરખો ઘાલ્યો અને કંઇપણુ જવાબ આપ્યો નહિ. મોહમ્મદ આ ઉપરથી સમજી ગયો કે, તેણી પણુ તેને ખરા અંતઃકરણુથી પ્યાર કરે છે તેણે કહ્યું કે, મારા અભિપ્રાય મુજબ તો તમો હ૦ અલીના ઘરે પણુ જાઓ નહિ, કેમકે હવે હ૦ ઉસમાન કતલ થયા પછી ઘણું કરીને તેઓજ ખલીફા થશે, અને હક પણુ તેઓનોજ છે. પણુ એ સઘળું છતાં ઘણી મોટી ખેંચતાણુ થશે અને ત્યાંની સ્થિતી પણુ હમણાં તો કેટલેક દરજ્જે ભયભિત છે. હવે હું તમને મારા એક ખેશીને ત્યાં લઇ ચાલુંછું ત્યાં તમે થોભો, જો અમારી મરજી મુજબ હ૦ અલી ખલીફા થયા તો ઈન્શાઅલ્લાહ ઘણીજ મજાહમાં આપણી જીંદગાની ગુજરશે." આ કહીને તે આગળ વધ્યો અને અસમા તેની પુંઠે ચાલી. શહેરના છેક કાંઠાપર એક ઘર હતું તેમાં એક ઘરડી રહેતી હતી. તેના ઘરમાં આ બન્ને દાખલ થયાં. મોહમ્મદને જોઇને પેલી ઘરડી ઘણીજ મોહબ્બતની લાગણીથી ઉઠી અને તેને મોટા માન સાથે બેસાડયો. મોહમ્મદે પેલી ઘરડીથી કહ્યું કે " જુઓ હું એને તમામ દુનિયાથી વધારે ચાહુંછું અને તમારી પાસે છોડી જાઉંછું." પછી તેણે અસમાથી કહ્યું કે " તમો અહિંઆં રહો, જ્યારે બળવો અને ફિસાદ દુર થઇ જશે ત્યારે હું તમોને અહિંથી લઇ જઈશ. જો કોઈ કારણુને લીધે મારાથી એક બે દીવસ ન અવાય તો તમે હરગીઝ ગભરાતાં નહિ.

" પણું એમ ન થાય " અસમા બોલી " કે, તમોને પાછા ફરતાં લાંબી મુદ્દત લાગે!"

" શું તમને અહિં કંઇ બીહીક લાગેછે? " પેલી ઘરડીએ કહ્યું " હું મોહમ્મદથી પણુ વધારે તમારી ખાતર કરીશ." એટલું કહી તેણી અસમાનો હાથ પકડીને અંદર લઇ ગઇ અને મોહમ્મદ ત્યાંથી ચાલતો થયો.

૯૦ ઉસ્માનનો જનાઝો.

અસમા આ ઘરમાં ઘણીજ ગભરાઇ, તેની નજરોની સામે શહીદ ખલીફા (રદી૦) અને નાએલાની કપાયેલી આંગળીનો ચિતાર ફરતો હતો. ઘડી ઘડી તેણીનું દીલ "નાએલા" પાસે જવા તથા તેઓની દીલગીરી અને ગમમાં ભાગ લેવા માટે થતું હતું, દિવસ એજ ફીકરમાં વિત્યો, રાત થતાંજ તેણીની બેચેનીમાં વધારો થયો, તેણીને આખી રાત ઉંઘ આવી નહિ, સહવાર થતાંજ તેણીએ "નાએલા" પાસે જવાનો ઇરાદો કર્યો, પણ તેણીને તરતજ ખ્યાલ આવ્યો કે, રખેને તેણીના બહાર જતાંજ મોહમ્મદ આવી પહોંચે અને તેણી ઘરમાં મળે નહિ! આખો દહાડો તેણીએ તેની વાટ જોઇ પણ જ્યારે તે નહિજ આવ્યો ત્યારે તેણીને પાછા તેજ વિચારો આવવા લાગ્યા. સહવાર થતાંજ જરા તેની આંખ બંધ થઇ તો તેણીએ સ્વપ્નામાં જોયું કે, હ૦ ઉસ્માન (રદી૦) તેજ પ્રમાણે કતલ થએલા પડેલા છે અને નાએલા પોતાના બાલ ખોલીને તેઓના શબપર વિલાપ કરી રહ્યાં છે.

જ્યારે અસમા ઉઠી ત્યારે તેણી પોતાના દીલમાં ઘણીજ પશેમાન થઈ. તેણીને ઘણી દીલગીરી પેદા થઈ કે, તેણી બિલકુલ નાએલાને દીલાસો આપવામાં શામેલ થઈ શકતી નથી. જો કે, જ્યારે તેણી મુસીબતમાં હતી તે વખતે નાએલાએ તેણીના ગમમાં મોટો ભાગ લીધો હતો.

આ વિચાર આવતાંજ અસમાએ "નાએલા"ની પાસે જવાનો ઠરાવ કર્યો, પણ સૂર્ય ઉંચે ચઢી ગયો હતો અને મોહમ્મદ પેલી ઘરડીને, અસમાને ક્યાંય પણ જવા દેવાની મના કરી ગયો હતો. એવા ખ્યાલથી તેણીએ તે દિવસ પણ ત્યાંજ પસાર કર્યો. જ્યારે રાત થઈ અને અંધારૂં ચોમેર પથરાઇ ગયું ત્યારે અસમા બારીને રસ્તે નીકળીને નાએલાની પાસે જવાના ઇરાદાથી ચાલી, પણ રસ્તાથી તેણી બિલકુલ બીનવાકેફ હતી. અડધી રાત સુધી તેણી ભટકતી રહી, પણ તેણીને કંઈ પત્તો લાગ્યો નહિ કે તેણી ક્યાં જાયછે! આખરે તેણીએ વિચાર્યું કે, કોઇ ઉંચા મકાનપર ઉભી રહીને મસ્જીદને જુએ. એ પ્રમાણે તેણીને ખલીફાના ઘરનો પત્તો લાગશે. એવા ઇરાદાથી તેણી શહેરની એક બાજુએ ગઇ. જ્યાં એક ટેકરી હતી

ત્યાં તેણીને દુરથી કેટલાક માણુસો આવતા દેખાયા. તેણી એક ખજુરીનાં ઝાડનાં થડ પછવાડે છુપાઇને ઉભી રહી અને આવનારાઓ કોણ હતા તે જોવા લાગી.

તે લોકો ઘણી ઝડપથી આવતા હતા. તેઓની સંખ્યા ૨૫–૩૦ થી વધારે હતી નહિ. કેટલાક લોકો એક તખતાને ઉંચકીને ચાલતા હતા કે, જેની ઉપર એક લાશ પડેલી હતી. અસમા આ લોકોને ગોરથી જોવા લાગી. તેણીને માલુમ પડયું કે, તેઓ બની ઉમઇયાના જુવાનીઆઓ હતા, કેમકે મરવાન પણ તેઓમાં શામેલ હતો. અબદુલ્લા બીન ઝોબેરને પણ તેણીએ ઓળખ્યા. કેમકે હસનની સાથે બળવાખોરોને દુર કરતાં તેણીએ તેઓને જોયા હતા. નજદીકમાં એક "હશે કૌકબ" નામનો બગીચો હતો ત્યાં તેઓએ લાશને ઉતારીને નીચે મુકી અને જલદી જલદી એક ખાડો ખોદી તેમાં દાટી દીધી. અસમા હવે વિચાર કરવા લાગી કે તે કોની લાશ હશે ! જો તે લાશ ખલીફાની હોય તો તેઓને કતલ થયાને ત્રણ દહાડા થઇ ગયા હતા. હમણાં સુધી તેઓ દફન થયા નહિ તેનું શું કારણ હોવું જોઇએ ! તેણી એવાજ વિચારમાં ગોથાં ખાતી હતી, કે પેલા લોકો ત્યાંથી પાછા ફર્યા, તેઓની વાતો સાંભળીને અસમાએ જાણ્યું કે તે ખલીફા (રદી૦)ની લાશ હતી જેને છુપી રીતે તે લોકો દફન કરવા લાવ્યા હતાં; અને જેને કોઇ કારણને લીધે તેઓ પહેલાં દફન કરી શકયા હતા નહિ. તેઓના જવા પછી અસમા ટેકરીપર ચઢી. મરજીદ તેણીને ત્યાંથી દેખાતી હતી. પણ તે ઘણી દુર હતી. હવે સહવારની સફેદી જાહેર થવા લાગી, તેણી ઝડપથી ચાલી. મરજીદ સુધી આવતાં આવતાં સૂર્ય પ્રકાશી નીકળ્યો. બની હજમના મકાનપર તેણી પહોંચી તો ત્યાંનુ બારણું બંધ હતું. અસમાએ બાહેરથી હાંક મારી જેથી એક છોકરી કે જેણીને અસમા જાણતી હતી તેણે બારીથી ડોકયું બાહેર કાઢયું. અસમાએ તેણીને ઇશારત કરી. તેણીએ આવીને બારણું ઉઘાડયું. અસમા અંદર દાખલ થઇ. તેજ ઘરના એક ઓરડામાં નાએલા બેઠાં હતાં. બીજી કેટલીક સ્ત્રીઓ પણ તેઓની પાસે બેસી તેઓને દીલાસો આપતી હતી.

૭૦ ઉસ્માનનું પહેરણ અને નાએલાનાં આંગળાં.

"નાએલા"એ અસમાને જોતાંજ ઘણીજ મહોબ્બતથી તેણીને પોતાની પાસે બોલાવી. તેણી પણ દોડીને તેઓને વળગી ગઇ, તેઓ બન્ને ખુબ રડયાં. જરા રહીને નાએલાએ કહ્યું કે ' અસમા તેં ઘણી કોશિશ કીધી પણ તેજ લોકોએ દગો કીધો. પોતે તો આવ્યા નહિ, પણ પોતાના છોકરાઓને મોકલી દીધા, કે તેઓ બળવાખોરોને અટકાવે. અને બીજી તરફ બળવાખોરોથી કહ્યું કે તેઓ ખલીફા (રદી૦)ને કતલ કરી નાખે. શું તમે જોયું નહિ, કે મોહમ્મદે આવીને ખલીફા (રદી૦) ની દાઢી પકડી ?"

મોહમ્મદપર આ આરોપ મુકવાથી અસમા ઘણીજ દીલગીર થઇ, પણ કરે શું ! તેણી તો પોતાની નજરે સઘળું જોઇ ચુકી હતી. તેણી ખામોશ થઇ ગઇ, તેણીએ નાએલાથી સબુરી પકડવા માટે કહ્યું, અને કહ્યું કે ' જ્યારે તેઓ તેણીને સબુરીની નસીહત કરતાં હતાં, તો તેઓને તો વધારે સબુરીથી કામ લેવું જોઇએ."

"અફસોસ !" નાએલાએ કહ્યું "હું કેવી રીતે સબુરી પકડું? એવી કતલ મેં આજ સુધી જોઇ નથી. ભાલાના ત્રણ ઘા તેઓની છાતીમાં લાગ્યા હતા. માથાપરના ઘાને સબબે કપાળ છુટું પડી ગયું હતું, આવા જખમો લાગવા છતાં પણ તેઓ કુરઆનશરીફ ભણી રહ્યા હતા. તમે તો તે જોયુંજ હતું. હું તેઓની ઉપર તુટી પડી હતી. (એક ઓરતભણી ઇશારત કરી) આ બીનતેશએ પણ તેઓની ઉપર તુટી પડી હતી, પણ જાલેમોએ કંઇ પણ દરકાર કરી નહિ. તેઓને કતલજ કરી નાખ્યા; અને બીજી વાત સાંભળો ! સઘળાઓને તેઓના જનાઝાની નમાઝ ભણવાની મના કીધી અને કહ્યું કે, મુસલમાનોના કબ્રસ્તાનમાં તેઓને દાટવા નહિ. કોણ જાણે ખલીફા (રદી૦) કાફર હતા, કે મુશરીક હતા ! ત્રણ દહાડા સુધી તેજ ઠેકાણે પડી રહ્યા. ગઈ રાત્રે કેટલાક છોકરાઓ જઇને છુપી રીતે તેઓને દફન કરી આવ્યા. જો આ છોકરાઓ હિમ્મતથી કામ લેત નહિ તો તેઓ એમજ પડી રહેત. ખલીફા (રદી૦)ની સાથે જે લોકો કતલ થયા હતા તેઓની લાશોને આ હીણભાગ્યના પુરૂષો આખા ઘરમાં ઘસડતા ફરતા હતા; કોણ જાણે તેઓની લાશો કયાં દફન થઇ ! તેઓમાંજ નારા બાપની પણ લાશ હતી તેનો પણ પત્તો નથી." પોતાના

બાપનું નામ સાંભળતાંજ અસમાનો ચહેરો ફીકકો પડી ગયો. તે નાએલા-ને પુછવા લાગી "તેઓનું શું થયું?" "મને બરાબર ખબર નથી" નાએલાએ જવાબ આપ્યો "મેં તો સાંભળ્યું હતું કે, તેજ દિને તેઓ પણ માર્યા ગયા."

અસમા આ સાંભળીને રડવા લાગી, તેણી ઘણીવાર સુધી રડતી હતી. નાએલા સમજતાં હતાં કે, તેણીને "યઝીદ"ની બીલકુલ મહોબ્બત નથી. કેમકે તેઓ સાંભળી ચુકયાં હતાં કે, યઝીદ તેણીનો સગો બાપ નથી. સઘળી ઓરતો અસમાને સબુરી પકડવા માટે સમજાવવા લાગી, તેઓએ અસમાથી કહ્યું કે, ખલીફા (રદી०) ની સાથેજ બે શખ્સ કતલ કરવા આવ્યા હતા. તેઓમાંથી એક તેણીનો બાપ હતો અને હવે તેઓ ત્રણે તેણીથી સાથેજ (જન્નતમાં) મળશે.

એવા વિચારથી કે, યઝીદનું મોહત તેણીની ભવિષ્યની જીંદગી માટે ફાયદાકારક હતું. તેણી ચુપ થઇ ગઇ. નાએલાએ કહ્યું "ઇન્શાઅલ્લાહ આ કતલ થએલાંઓનાં ખુનનો બનાવ એમજ પસાર થશે નહિ, તો ખલીફાના સગા અને મદદગારો જરૂર એનો કીનો લેશે. મેં ખલીફા (રદી०) નું લોહીથી ખરડાએલું પહેરણ અને મારાં આંગળાં "સીરીઆ"માં મોઆવીયા પાસે મોકલી આપ્યાં છે બનીહાશમવાલાઓએ એવા ખ્યાલથી ખલીફાને કતલ કર્યા છે કે, તેઓના મુવા પછી બનીઉમૈયાનું માન ઘટી જશે, અને તેઓ નબળા પડી જશે; પણ બનીઉમૈયા હમેશાં સર્વોપરીપણું ભોગવશે. તેઓની પાસે ફોજ, ઘોડા, હથીયાર, દોલત વગેરે સઘળી ચીજો બનીહા-શમ કરતાં ઘણી વધારે છે અને જલદીથી બનીહાશમ પોતાને ફેજે પહો-ચશે." અસમા સમજી ગઈ કે, નાએલાએ ખલીફાનું પહેરણ અને પોતાનાં આંગળાં મોઆવીઆને ખલીફા (રદી०)ના ખુનનો બદલો લેવાની ઉશ્કેરણી કરવા માટે મોકલ્યાં છે, અને તેઓની નઇયત હ० અલી તરફ સારી નથી. તેથી અસમાએ કહ્યું કે "બનીહાશમવાળાઓએ તો ખલીફા (રદી०) ને ઘણી મદદ આપી, બળવાખોરોને મારી હઠાવવા માટે પોતાના છોકરાઓને મોકલી આપ્યા. મારા ધાર્યા મુજબ તો તેઓ બીલકુલ ખલીફા (રદી०) નીજ તરફેણમાં હતા."

"અસમા! તારૂં ધ્યાન કયાં છે!" નાએલાએ કહ્યું "જો હ० અલી અથવા "ઝોબેર" વગેરે બળવાખોરોને દફે કરવા માગત તો એક પળ પણ

તેઓ ત્યાં ચોભત નહિ, જો આ લોકો ખલીફા (રદી૦) ના મદદગાર હોત તો બળવાખોરો કદીપણ તેઓને કતલ કરી ચકત ? હું કસમ ખાઇને કહું છું કે, તેઓની મુળ મતલબ એજ હતી અને જાણી જોઇનેજ તેઓએ આ મામલામાં અખાડા કરી સુસ્તીથી કામ લીધું."

"ખયર !" અસમાએ કહ્યું "જવા દો, હવે તમારો ઇરાદો શું છે ?"

"હવે હું કોઇપણ રીતે અહિં રહી શકતી નથી" નાએલાએ કહ્યું "હું એવા મુકામપર જઇશ કે જ્યાં એક પણ બનીહાશમ હોય નહિ. પણ હું છુપી રીતે જઇશ, કેમકે મને પોતાના જાનની ધાસ્તી છે."

એટલામાં અસ્માને ખ્યાલ આવ્યો કે, તેણી ધરડીના કહ્યા વિના ઘેરથી નીકળી પડી હતી અને એ પણ બનવાજોગ છે કે, મોહમ્મદ પણ આવી ગયો હોય. તેણીએ નાએલાંથી જવાની પરવાનગી માગી.

"ભલે જાઓ" નાએલાએ કહ્યું "મારી પાસે હવે કોઇ ઘેર નથી, કે હું તમોને ત્યાં રાખું. આ આલે-હઝમની સલુક છે, કે તેઓએ મને પોતાના ઘરમાં આશરો આપ્યો છે. ખયર ! દરેક હાલતમાં શુક્રાના છે તે પાક પરવરદીગારના" અસ્મા ત્યાંથી રૂખસદ થઇ, પણ નાએલા માટે તેણી ઘણી દીલગીર હતી.

હ૦ અલીનુ ઘર.

અસમા નાએલાથી રૂખસદ થઇ તેજ ઘરડીના ઘરની શોધમાં ચાલી, જેમાં મોહમ્મદ તેણીને મુકી ગયો હતો. પણ તેણી રસ્તો ભુલી ગઇ, તેણીને તે મોહોલ્લાનું નામ પણ માલમ હતું નહિ, કે કોઇને પુછી લે. મહા મુશીબતે ઘર શોધતી શોધતી તેણી સાંજના ત્યાં પોહોંચી. ત્યાં જઇને જુએ છે તો દરવાજો બંધ. ઘણીએક બુમો પાડી પણ કંઈ જવાબ મળ્યો નહિ. જેથી લાચાર થઇને હ૦ અલીના ઘરપર જવાનો વિચાર કર્યો કે, મોહમ્મદ પણ ત્યાંજ મળી જશે અને જો નહિ મળશે તો તે રાત ત્યાંજ ગુજારશે. સારાંશ એ કે, ઇશાની નમાઝ પછી મસ્જીદનો પત્તો પુછતાં પુછતાં તેણી હ૦ અલીના મકાનપર પહોંચી. ત્યાં કોઇપણ હતું નહિ, "મીસર,"

"કુફા" "બસરા"ના લોકો પોતે પોતાનાં રહેઠાણમાં શહેરની બહાર ચાલ્યા ગયા હતા. એક શખ્સ ઘરમાંથી બહાર આવ્યો. તેનાથી અસ્માએ પુછ્યુ કે, હ૦ અલી ક્યાં છે ? "

" આ વખતે તેઓની પાસે ઘણા ઉમરાવો ભેગા થયા છે, ખાનગીમાં તેઓથી કંઇ વાતો કરે છે. "

" હું તેઓની પાસે જઇ શકુંછું ? "

" નહિ, આ વખતે અશકય છે, જરા થોભો. "

હવે અસ્મા વાટ જોતી ત્યાંજ ઉભી રહી. થોડીવાર પછી મોહમ્મદ અંદરથી આવ્યો. અસ્મા તેને ઓળખીને તેની સામે ગઇ. તેણે તેણીને ઓળખી, દોડીને તેણીનો હાથ પોતાના હાથમાં લીધો અને પુછ્યું કે, રાતથી તેણી કયાં ગેબ હતી ?

" હું એક અગત્યના કામસર ગઇ હતી, જે હું પછી તમોને કહીશ. હવે મને કહો કે પેલી ઘરડી કયાં છે ? " " મારી પાસે આજે તેણી સહવારના પહોરમાં ગભરાયલી આવી અને કહેવા લાગી કે, કોણ જાણે રાતથી અસ્મા કયાં ગેબ થઇ ગઇ ! હું કહી શકતો નથી, કે તમારી આજના ગેરહાજરીથી હું કેટલો બેચેન હતો! વારૂ મારી સાથે આવો, હું તમોને મારી માતા પાસે લઈ જાઉં, આજ રાતના તમો ત્યાંજ રહેજો. "

" શું તમારાં માતાજી અહિં હ૦ અલીના ઘરમાં છે ? " અસમાએ પુછ્યુ".

" હા " મોહમ્મદે જવાબ આપ્યો " મારા પિતાના મરણ પછી તેઓની સાથે હ૦ અલીએ નેકાહ કર્યો તે વખતે હું ઘણીજ નાની ઉમરનો હતો. મારી પરવરેશ હ૦ અલીએ કીધી છે, તેઓ મને પોતાનાં પેટનાં બચ્ચાંઓથી કોઇપણ રીતે ઓછો ગણતા નથી. "

" તો વરૂ ! " અસમા ઘણીજ ખુશ થઇને બોલી " મને તેઓની પાસે લઇ ચાલો. "

" વારૂ ! કહો તો ખરાં, આજ તમો હતાં કયાં ? " મોહમ્મદે પુછ્યું.

" હું તેજ બીચારી દુઃખી સ્ત્રી પાસે હતી " અસ્મા બોલી " જેના ભરથારને તમે લોકોએ જુલમથી કતલ કર્યા છે. "

" શું તમે નાએલાની પાસે હતાં ? "

" હા " અસ્માએ કહ્યું " હું શું કહું ! તેની ભયભિત સ્થિતી છે; મુખ્યકરીને તમારા સંબંધી મેં જે સાંભળ્યું તે મને ઘણુંજ ખરાબ લાગ્યું, પણ હું શું કહું ? મેંતો મારી નજરો નજર તમોને જોયા હતા અને ખચિતજ જો હું ઇશારતથી તમોને અટકાવત નહિ, તો તમે પોતા-નેજ હાથે ખલીફા (રદી૦)ને કતલ કરતે. "

" વારૂ ! " મોહમ્મદે જવાબ આપ્યો " સમજો કે મેં મારા હાથેજ ખલીફા (રદી૦)ને કતલ કર્યા, પણ જ્યારે સઘળી બીના તમો સાંભળશો તો કંઇપણ કહેશો નહિ. ખયર ! આવો, હવે અંદર જઇએ " એટલું કહી તે અંદર જવા લાગ્યો.

હ૦ હસન ઇબ્ને અલી.

ઉંબરપર પગ મુકતાંજ સામેથી હ૦ હસન આવી લાગ્યા. મોહમ્મદને જોતાંજ તેઓને સલામ કરી. " વ અલય કુમુસ્સલામ ઇબ્ને ખલીફ "

" શું તમારી પણ એજ મરજી છે કે મારા બાપને ખીલાફતની ગાદી મળે? " હ૦ હસને પુછ્યું.

" બેશક, બેશક ! " મોહમ્મદ બોલ્યો " તેઓનોજ હક છે " હ૦ હસન જોકે, આ વખતે મોહમ્મદથી વાતો કરતા હતા, પણ તેઓની નજર અસ્માપર હતી. તેઓ ઘડી ઘડી જોતા હતા કે, મોહમ્મદની સાથે પારકો શખ્સ કોણ હતો ! કેમકે, અસમા આ વખતે મરદના પહેરવેશમાં હતી. આખરે હ૦ હસને પુછ્યું કે " આ કોણ શખ્સ છે ? "

" તેઓ બની ઉમઇયામાંથી મારા એક મીત્ર છે " મોહમ્મદે જવાબ આપ્યો " આજે મોડું થવાને લીધે આજની રાત તમારે ત્યાં ગુજારવા માગેછે, શું તમો એઓની પરોણાગત કરશો ? " " ઓહ ! ભલે પધારો, દીલોજાનથી, ચાલો મારી સાથે " એટલું કહી હ૦ હસન આગળ વધ્યા. તેઓની પુઠે મોહમ્મદ અને અસ્મા બન્ને ચાલ્યાં.

" અંદર જઈ જ્યારે અસ્માએ મોઢાપરથી બુરખો દૂર કર્યો તો હ૦ હસને જાણ્યું કે, તેતો એક સ્ત્રી હતી. તાજુબીમાં તેઓ તેણીની નજદીક આવી ગયા. તેણીની મોહીની સુરત અને દીલરૂબા ચહેરો જોઇને તેઓ

તાજુબીમાં ગર્ક થઇ ગયા. અસ્મા તેઓની પોતાની સામે જોઇને શર-માઈ ગઇ. કેમકે હ૦ હસનનો ચહેરો અને તેઓની જાહોજલાલીની એવી હાલત હતી કે, દરેક સ્ત્રી તેઓની સામે નજર ઉઠાવીને જોઇ શકતી હતી નહિ.

તેઓનો રંગ ઘણોજ ગોરો હતો. તેમાં ખુબસુરતીની લાલી ઝળકતી હતી. તેઓની આંખો મૃગજેવી ખુબસુરત હતી. તેઓની દાઢીમાં બાલ ઘણા હતા. તેઓના માથાપર કરચલીઆળા ઝુલફ હતા. તેઓનો ચહેરો આબેહુબ હ૦ પેગમ્બર (સ૦ અ૦) ને મળતો હતો. તેઓની ઉમર તે વખતે ૩૪ વરસની હતી. તેઓની તરફ જોઇને અસમાની નજર નીચી થઇ ગઇ. તેણી શરમાઇને પાછળ હટી ગઈ.

હ૦ હસને મોહમ્મદ તરફ જોયું અને ઇશારાથી તેણીની કેફીઅત જાણવા માગી.

"હું આપને એઓની સંપુર્ણ કેફીયત કહુ છું" મોહમ્મદે જવાબ આપ્યો. "એઓનાજ મા કુબામાં મરણ પામ્યાં અને એઓજ મવલા અલીને બોલાવવા માટે આવ્યાં હતાં.

"એમ છે કે?" હ૦ હસન બોલ્યા, મારા પિતા તમારાં માનાં મરણથી અને મુખ્ય કરીને તે ભેદ માલમ ન થવાથી ઘણાજ દિલગીર થયા. તેઓએ અનેક વખતે તે વાત કહી."

અસ્માએ હ૦ હસનને કંઇ જવાબ આપ્યો નહિ. હ૦ હસન તેણીને ઇમામા પાસે લઇ ગયા. મોહમ્મદ શરમને લીધે બાહેરજ ઉભો રહ્યો.

ઇમામા પોતાના ઓરડામાં આ વખતે એકલાં બેઠાં હતાં. ટાઢથી બચવા માટે તેઓએ એક મોટી ચાદર ઓઢી લીધી હતી. હ૦ હસન અસમાને તેઓની પાસે લઈ ગયા, અને તેઓથી સારી રીતે તેણીની પરોણાગત કરવા માટે કહ્યું, પછી તેઓએ અસમાભણી ફરીને કહ્યું એઓનું નામ ઇમામા છે. તેઓ ઝયનબનાં બેટી અને હ૦ પેગમ્બરનાં પૌત્રી છે. હમણા એઓ મારા પિતાના નેકાહમાં છે. મારા નમાવા હ૦ પેગમ્બર એઓને ઘણો પ્યાર કરતા હતા. એઓના ગળામાં જે હાર તમો જુઓછો તે હ૦ પેગમ્બરે તેમના જન્મને દિવસે આપ્યો હતો.

હ૦ હસનના આ કહેવાથી અસમા ઇમામાને ઘણીજ માનની નજરે જોવા લાગી. તેણી તેઓ પાસે બેસી ગઇ. એટલામાં ખુદ મોહમ્મદનાં મા

અસ્મા પણ ત્યાં આવી લાગ્યાં. તેઓ અસમાને જોઇને ઘણાજ ખુશ થયાં મોહમ્મદ દરવાજાપર રંજીદો અને ગમગીન ઉભો હતો. તે હ૦ હસનની હિલચાલથી પામી ગયો હતો કે, તેઓને અસ્માની મોહબ્બત થઇ ગઇ છે. અસ્માને અહિં કેમ લાવ્યો તે માટે તે સખત પશ્ચાતાપ કરી રહ્યો હતો. મુખ્ય કરીને એ વિચાર તેને સખત સતાવતો હતો કે, રખેને હ૦ હસન પોતાના પિતા (મવલાઅલી)ને કહીને તેણીની સાથે નેકાહ કરી લે.

હવે હ૦ હસન બાહેર આવ્યા અને મોહમ્મદથી પુછવા લાગ્યા કે, તે અસમાને કયારથી જાંણુતો હતો?

" તેજ દિવસથી "મોહમ્મદે જવાબ આપ્યો " જયારે તેણી મવલા અલીને બોલાવવા આવી હતી.

" તેણી ઘણીજ સુંદર અને ખુબસુરત છે " હ૦ હસન બોલ્યા, તેણીની ગંભીરાઇ અને લાયકાત તો ઘણીજ ખેચાણકારક છે, આતો તમો સારી ભેટ લાવ્યા. "

આ કહેવાથી મોહમ્મદની પુરી ખાત્રી થઇ, તેઓ મારાથી અસ્માને છીનવવાનો ઇરાદો રાખેછે અને અજબ નથી કે તેઓને સફળતા મળે। તે હ૦ હસનથી કંઇપણ કહી શકતો હતો નહિ, કેમકે તેના દીલમાં જેટલું માન મવલા અલીનું હતું તેથી જરાપણ ઓછું માન તે હ૦ હસનને આપતો હતો નહિ.

હ૦ અલીની ખિલાફત.

" મવલાઅલી આ વખતે કયાં છે ? " વાત ઉડાવવા માટે મોહમ્મદે પૂછયું.

" હમણા એ ઓરડામાં બેઠા હતા, ઘણું કરીને ત્યાંજ હશે " હ૦ હસન બોલ્યા. " તમામ લોકો બજીદ થઈ રહ્યા છે કે, અમો આપના હાથ ઉપર બયત કરીશું અને આપને ખલીફા બનાવીશું પણ તેઓ તો નાજ કહેછે. "

" શું તેઓ કબુલ કરતા નથી ? " મોહમ્મદે પુછયું. " નહિ, કોઇ પણ રીતે નહિ " હ૦ હસને જવાબ આપ્યો " તેઓ કહે છે કે તેઓને અમીરૂલમોમેનીન બનવું મન્જુર નથી, બલકે જો તેઓને વજીર બનાવવામાં

આવે તો તે ઓહદો તેઓ સ્વીકારી શકે છે; પણ હું જાણું છું કે, તે લોકો " બયત " કર્યા વિના દુંબાલો પીછો છોડશે નહિ. "

" પણ હું ઘણો અજબ થાઉંછું " મોહમ્મદે કહ્યું " જોકે તેઓ પોતે જાણેછે કે, તમામ ઉમ્મતમાં તેઓથી વધારે હવે કોઇ હકદાર નથી; તો પછી કેમ ઇન્કાર કરેછે ? "

" મને તમારાથી વધારે હેરત છે ! " હ૦ હસન બોલ્યા "તલહા" અને " ઝોબેર " ની શું હાલત છે ? " મોહમ્મદે કહ્યું " હું તો જ્યાંસુધી જાણું છું ત્યાંસુધી તેઓ નારાજ હશે, કેમકે તે બન્ને પોતાને હકુમતના હકદાર સમજે છે. "

" હા, સમજે છે તો ખરા " હ૦ હસને મુંછમાં હસીને કહ્યું "પણ જોજો તેઓને પણ બયઅત કરવીજ પડશે. જાહેર રીતે તો તેઓની વાતચિતપરથી પણ આ વખતે એમજ જણાય છે કે, તેઓ " બયઅત " કરવાને રાજી છે. "

એટલી વાતચીત થયા પછી આ બન્ને સુવા જવા માટે એકબીજાથી છુટા પડયા. આખી રાત મોહમ્મદને બેચેનીથી ઉંઘ આવી નહિ. તેણે એવો ઠરાવ કર્યો કે, તેણી (અસ્મા) ને હ૦ અલીના ઘરમાંથી કાઢીને હ૦ ઉસ્માનની કતલના આરોપથી તેણીની આગળ પોતાને નિર્દોષ સાબેત કરી તરતજ તેણીથી નિકાહ કરી લેવો જોઇએ; કે જેથી હ૦ હસનને કંઈ બોલવાની પણ તક મળે નહિ; નહિતો જો હ૦ હસન એવો ઇરાદો કરશે તોપછી કંઇ બોલી શકાશે નહિ; એવો ઠરાવ કરી તે મળસકામાંજ હ૦ અલીના ઘરંપર પહોંચ્યો. ત્યાં જતાંજ હ૦ હસનના સંબંધમાં માલમ પડયું કે, તેઓ તો બેદાર થતાંજ ઇમામાના ઓરડામાં ચાલ્યા ગયા. આ જાણીને મોહમ્મદ વધારે બેચેન થયો. તેણે એક નોકરને કહ્યું કે, તે જલદીથી હ૦ હસનને બોલાવી લાવે. નોકરે અંદર જઇને ખબર કીધી, હ૦ હસન બહાર આવ્યા. સલામ કર્યા પછી મોહમ્મદે પુછ્યું કે " અસ્માએ કેવી રીતે રાત પસાર કરી ? "

"સારી રીતે, પણ તેણી જરા ઉદાસ જણાય છે" હ૦ હસને કહ્યું.

મોહમ્મદ અસ્માસંબંધી ઉદાસીની ખબર સાંભળીને જરા ખુશ થયો, કેમકે એ ઉપરથી તે એવા પરિણામ ઉપર આવ્યો કે, ફક્ત હ૦ હસનનેજ

તેણીની મોહબ્બત છે, પરંતુ તેણી તેમને ચાહતી નથી. નહિતો તેણી ઉદાસ રહેતે નહિ. તેણીના ઉદાસ રહેવાનો સબબ મોહમ્મદે હ૦ હસનથી એ જણાવ્યો કે, અસ્માનો બાપ ખલીફા (રદી)ની સાથે કતલ થયો તેથી તેણી ઉદાસ હશે. મોહમ્મદે અસ્માને હ૦ અલી પાસે લઈ જવા કહ્યું અને વધુમાં જણાવ્યું કે, ત્યાં તેણીની તબીયત સુધરી જશે.

“ ત્યાં સેંકડો મરદ છે ” હ૦ હસને કહ્યું “ તેણી ત્યાં કેવી રીતે બેસી શકશે ? ”

“ તેણી મરદના પહેરવેશમાં દરેક ઠેકાણે જઈ શકે છે ” મોહમ્મદે ખુલાસો કર્યો “ આપે કાલે જોયું નહિ ? ”

“ ઠીક છે ત્યારે ” એટલું કહી હ૦ હસન અસ્માને લેવા માટે અંદર ગયા. તેઓને મોહમ્મદની હાલત અને તેના ઇરાદાઓની કંઈ ખબર હતી નહિ. થોડીવાર પછી તેઓ બાહેર આવ્યા. અસ્મા તેઓની પુંઠે પુંઠે હતી. મોહમ્મદને જોતાંજ તેણીની ગમગીની ખુશીથી બદલાઈ ગઈ. મોહમ્મદ આ વખતે તેણીને અજબ ઢબથી જોઈ રહ્યો હતો, જે તેજ લોકો જાણી શકે છે, કે જેઓ મોહબ્બત અને અદેખાઇની હાલતથી કંઇક માહેતગાર છે.

મોહમ્મદે તેણીથી કહ્યું કે, તેણે તેણીનો ઘોડો તથા બીજો સામાન અલાહેદો રાખ્યો છે. આ ઉપરથી અસ્માએ એવી રીતે આભારની નીચી નજરોથી તેની તરફ નજર કરી કે જેથી મોહમ્મદને ખાત્રી થઇ ગઇ કે, તેણી તેનીજ મોહબ્બતપર કાયમ હતી અને પોતાના નવા આશક હ૦ હસનને ચાહતી નથી. હવે જરા તેની અદેખાઇની આગમાં કમી થઇ ખરી.

સહાબીઓ અને હ૦ અલી.

હ૦ હસને કહ્યું કે, ચાલો, સઘળાઓ આવી જાય તેની અગાઉ આપણે મવલાઅલી પાસે જઇને બેસીએ. એટલું કહી હ૦ હસન અને આ બન્ને ત્યાં ગયાં. હ૦ અલી એકલા બેઠા હતા. તેઓના માથાપર એક ઉનની પાઘડી હતી. તેઓ પોતાના હાથનાં આંગળાં વતી પોતાની સફેદ દાઢીને સાફ કરી રહ્યા હતા. અસ્માએ જતાંજ સલામ કરીને પોતાના ચહેરાપરથી બુરખો હઠાવ્યો. હ૦ અલી તેણીને તરતજ પારખી ગયા અને મોહબ્બતથી તેણીની હાલત વિષે સવાલ કર્યો.

" ખુદાની મહેરબાનીથી સારી છું " અસ્માએ જવાબ આપ્યો, " આપની કૃપાઓનો આભાર માનુંછું. "

" મને તારૂં કહેવું ઘડી ઘડી યાદ આવે છે " હ૦ અલીએ ફરમાવ્યું કે " આ ખલીફ (રદી૦)ના કતલ કરવાથી ફીતનો જાગશે, પણ કોઇએ માન્યું નહિ અને આખરે તેજ થયું. "

" આપના હાથમાં જ્યારે રાજ્યની લગામ આવશે તો ઇનશાઅલ્લાહ કોઈ પણ ફીતનાની ધાસ્તી નથી " અસ્માએ ઉત્તર આપ્યો.

" વારૂ ! બેસી જા, તું તો મરદના પહેરવેશમાં છે " " હાજી " અસ્મા બોલી " હું આ ઉમ્મત [ટોળા]ના મોટા મોટા લોકોથી મળવા માંગુંછું અને તે આ પહેરવેશ વિના કેમ થઈ શકે છે! "

અહિંઆં એજ વાતો થતી હતી, કે બાહેરથી નોકરે આવીને ખબર આપી કે, બાહેર ઘણા લોકો ભેગા થયા છે અને અંદર આવવાની પરવાનગી માગેછે, તેઓને રજા મળી. સઘળાઓ અંદર આવ્યા. " તલહા " અને " ઝોબેર " તે લોકોની આગળ આવતા હતા. સઘળાઓ બેસી ગયા. આ બન્નેના ચહેરા ગમગીન જણાતા હતા; અને તેઓ એવા માલુમ પડતા હતા કે, જાણે તેઓને જબરદસ્તીથી અહિંઆં લાવવામાં આવ્યા છે.

તે લોકોમાંથી એક શખસ ઉઠીને હ૦ અલીની સામે જઇને બેસી ગયો અને કહેવા લાગ્યો કે, " અમો એક મોટી આશા રાખીને આપની સેવામાં હાજર થયા છીએ. ઉમ્મીદ છે કે આપ અમોને નીરાશ કરશો નહિ. અગર આપની પરવાનગી હોય તો અમો બયાન કરીએ "

" હા, કહો " હ૦ અલીએ ફરમાવ્યું.

" અમો આપના હાથ ઉપર બયઅત કરવા આવ્યા છીએ " સઘળાઓ બોલ્યા

" મેં તમારાથી અનેક વખતે કહ્યું " મવલાઅલી બોલ્યા " કે મને માફ કરો, મને એમાં કેટલીક મુશકેલો જણાય છે. "

" વારૂ ! એક શખસે કહ્યું " ત્યારે આપ એવા કયા શખસનું નામ આપોછો જે આપથી વધારે નજદીકનું સગપણ હ૦ પેગમ્બર (સ. અ. વ.) સાથે ધરાવતો હોય, અથવા તો આપની અગાઉનો ઇસ્લામ લાવ્યો

હોય ! રસુલિલ્લાહે આપનેજ માટે ફરમાવ્યું છે કે " અલીનો મીત્ર મોમીન અને તેનો શત્રુ કાફર છે. "

" સઘળા લોકો તેઓનાજ કબીલાના છે " મવલાઅલી બોલ્યા " જેને તમો પસંદ કરો તેના હાથપર " બયઅત " કરો, હું પણ તમારી સાથે તેમ કરવા તૈયાર છું. "

" કોઇ આપથી વધારે ખીલાફતનો હકદાર અને લાયક નથી " સઘળાઓ બોલ્યા " શું હ૦ પેગમ્બરે આપને માટે એવું કહ્યું નથી, કે " હું અલીને દોસ્ત રાખુંછું, ને તે મને દોસ્ત રાખેછે ? મારા પછી તે તમામ મુસલમાનોનો વાલી છે ! "

" ભાઇઓ " મવલાઅલી બોલ્યા " હું ઘણો બીહુંછું. આ ખીલાફતને હાથમાં લેતાંજ અનેક એવાં તો સંકટો આવી પડશે કે, અક્કલ હેરાન થઇ જશે. "

જ્યારે લોકોએ જોયું કે, મવલાઅલી તો કોઇપણ રીતે રાજી થતા નથી, તેથી તેઓ સઘળા ઉભા થઇ ગયા અને કસમ ખાઇને કહેવા લાગ્યા કે "અમો આપનાજ હાથ ઉપર જરૂર "બયઅત કરીશું', શું આપ જોતા નથી, કે મુસલમાનોની શી હાલત થઇ રહી છે ? ઇસ્લામની કેવી સ્થિતી છે ? શું પરવરદીગારનો ડર આપના દીલમાં નથી, કે એ પ્રમાણે આપ મુસલમાનોની ખેરખાહીથી પોતાનું મોઢું ફેરવી લ્યોછો ? "

આ સાંભળી હ૦ અલી અલ્લાહની બીહીકથી ધ્રુજી ઉઠયા અને તેઓને લાચાર થઈ ખીલાફતની ગાદીનો સ્વિકાર કરવો પડયો. સઘળા ખુશ થઇ ગયા અને દીવાનખાનું ખુશીના પોકારોથી ગાજી ગયું. ફક્ત તલહા અને ઝોબેર અલબત્તાં ઉદાસ દેખાતા હતા. તેઓ ચુપ હતા. હ૦ અલી સમજી ગયા, તેઓ ઉભા થયા અને કહેવા લાગ્યા " હવે તમો જ્યારે રાજ્યની લગામ મારા હાથમાં આપોછો તો તમોએ અનેક જોખમો ખેડવા માટે તૈયાર રહેવું જોઇશે, કે જેનાથી તમો હમણાંસુધી અજાણ્યા છો, પરંતુ હું તેનાથી વાકેફ છું; નહિતો તમારી મરજીમાં આવે એને તમો ખલીફા બનાવો, હું તેના હાથ ઉપર " બયઅત " કરવા તૈયાર છું. " સઘળા બોલી ઉઠયા કે " આપથી વધારે હવે ઉમ્મતમાં કોઇ નથી. આપ હ૦ પેગમ્બર (સ. અ. વ.) ના ચચેરા ભાઈ છો. આપ તેઓના "વસી"

છો. આપનેજ માટે તેઓએ કહ્યું છે કે, જેનો હું સરદાર છું. તેનો અલી સરદાર છે. આપનાજ સંબંધમાં કહ્યું છે કે, "હે પરવરદીગાર! તું તેથી ખુશ રહે, કે જેનાથી અલી ખુશ છે, અને તેનાથી નારાજ, કે જેનાથી હ૦ અલી નારાજ છે" પણ તેઓએ આપને એક વખતે એમ પણ કહ્યું હતું કે, તમો "હારૂન"ની મીસાલ છો, અને હું પેગમ્બર મુસા (અ. સ.)ની મીસાલ છું."

"ખયર!" મવલાઅલી બોલ્યા "અગર તમો મારાજ હાથ ઉપર બયઅત કરવા માગોછો તો, મસ્જીદમાં ચાલો અને ત્યાંજ "બયઅત" કરો!"

ખીલાફત માટે બયઅત.

હવે સઘળાઓ ઉઠીને મસ્જીદમાં પહોંચ્યા. હ૦ અલી તેઓની સામે મોઢું કરીને ઉભા રહ્યા, પહેલાં તો તેઓ "ફાતેહા" અને પછી દરૂદ શરીફ ભણ્યા. એ પછી તમામ લોકો બયઅત કરવા લાગ્યા. સૌથી પહેલાં "તલહા"એ બયઅત કરી. તેઓએ પોતાનો હાથ હ૦ અલીના હાથપર મુકીને કહ્યું કે "આજથી અમો હ૦ અલીના હાથ ઉપર અલ્લાહની કિતાબ અને તેના પેગમ્બરના ફરમાનોપર અમલ કરવા અને તેઓની મદદ કરવા માટે બયઅત કરીએ છીએ. તેઓના હુકમો અને તેઓના ચુકાદાઓને આજથી અમો દિલોજાન કબુલ કરીશું અને આજથી તેઓ સિવાય બીજા કોઇ ખલીફા નથી." અસ્મા તેઓની પાસેજ ઉભી હતી. તેઓના અવાજ પરથી જણાતું હતું કે, તેઓ જબરદસ્તી બયઅત કરી રહ્યા છે. તલહા પછી, બીજાઓએ એક પછી એક પણ બયઅત કરી.

બયઅતના કામથી ફારેગ થઇને હ૦ અલી મિમ્બરપર ગયા. એમ તો તેઓના અસરકારક ભાષણપર પહેલાંથીજ સઘળાઓ ફીદા હતા, પણ ખલીફા થયા પછી આ પહેલુંજ ભાષણ હોવાને લીધે લોકોમાં તે સાંભળવાનો વધારે શોખ પેદા થઇ રહ્યો હતો. સઘળાઓ ચુપ થઇને તેઓની વઅઝ સાંભળવા તૈયાર થઇ ગયા. હ૦ અલી મીમ્બરપર ગયા પછી થોડીવાર ચુપ ઉભા રહ્યા, પછી તેઓએ પોતાની દાઢી ઉપર પોતાનો હાથ ફેરવ્યો અને સઘળા બેઠેલાઓપર એક નજર નાખી ફરમાવ્યું "બુઝરૂગીવાળા પરવરદીગારે જે પાક કિતાબ (કુરાન) તમારા માટે ઉતારી છે તેમાં બુરાઇ

અને ભલાઈ બન્નેનું ખુલ્લે ખુલ્લું વર્ણન છે. જો તમો ભલાઈ અખત્યાર કરશો તો તે પરવરદીગાર તમારાથી રાજી થશે, પણ જો બુરાઇ ગ્રહણ કરશો તો તે તમારાથી કદીપણ ખુશ થવાનો નથી, અને પછી તમો ભટકી (રાની) જશો ! તમારી ફરજો અદા કરવામાં તમારે કદીપણ આનાકાની કરવી નહિ. જો તમો તમારી ફરજો અદા કરતા રહેશો તો બેહેસ્તમાં જવાને તમોને કોઇપણ ચીજ અટકાવી શકતી નથી. અલ્લાહે "હરામ" અને "હલાલ" બંનેનું ખુલ્લું વર્ણન આપ્યું છે. સૌથી મોટી ચીજ કે જે મુસલમાનોપર હરામ કરવામાં આવી છે, તે એક બીજાને અપમાન કરવાની બીના છે. વગર કારણે કોઇ મુસલમાનને સતાવવામાં ગંભીર પાપ સમાએલું છે. મુસલમાન તેજ છે, કે જેની જીભ અને હાથથી લોકો બચ્યા રહે. જીંદગી જાયછે અને મોહોત આવેછે. દરેક વાતમાં અલ્લાહની બીક તમારા દિલમાં રાખો ! તેના પેગમ્બરનાં ફરમાનો મુજબ ચાલો. જ્યારે કોઇ ભલાઇ જુઓ તો તેને માટે તૈયાર થઇ જાઓ ! અને જ્યારે બુરાઇ નજરે પડે તો તેનાથી દુર રહો !"

ખુતબો પુરો થતાં થતાં હ૦ અલીની પેશાની પરસેવાથી ભીંજાઇ ગઇ. પરસેવાનાં ટીપાં તેઓની સફેદ અને લાંબી દાઢીપર મોતીની મીસાલ ઝળકવા લાગ્યાં. તેઓ મિમ્બરપરથી ઉઠીને ઘર તરફ ચાલ્યા. ઘણા લોકો તેઓની સાથે હતા અને ઘણાઓ પોતપોતાને ધંધે ચાલ્યા ગયા હતા. ઘણા લોકો તેમાં ખાસ કરીને મદીનાવાસીઓ હ૦ અલીની ખીલાફતથી ઘણાજ ખુશ હતા.

મદિનાથી દીલ ઉચાટ.

મોહમ્મદ જોકે આ વખતે હદઉપરાંત ખુશ હતો, પણ અસ્માના મામલાનો ખ્યાલ કરીને તે ગમમાં ગિરફતાર થઇ જતો હતો, કે રખેને હ૦ હસન તેણીને કોઇ રીતે કબજામા કરી લે !

લોકોની ભીડનો લાભ લઇને તેણે અસ્માને પોતાની સાથે આવવાની ઇશારત કરી. તેણી તેની પાછળ થઇ ગઈ. હવે આ બન્ને તેજ ઘરડીના મકાનપર પહોંચ્યાં. રસ્તામાં મોહમ્મદની વાતચીતપરથી તેણી સમજી ગઈ કે, હ૦ હસનની અદેખાઇને સબબે તેને તેણીનું ત્યાં રહેવું પસંદ હતું

નહિ. અસ્માએ મોહમ્મદના આ વિચારો માલમ કરીને તેનાથી કહ્યું કે, " અવલાઅલી હવે ખલીફા થઇ ગયા, અને જે લોકો અહિં આવ્યા હતા તેઓ પણ ચાલ્યા જશે માટે હવે મદીનામાં મારૂં દીલ લાગશે નહિ."

"હવે તો અહિંનું સઘળું કામ પુરૂં થયું છે" મોહમ્મદે મુછમાં હસતાં કહ્યું "જોવાનું એજ છે કે, બાહેરના હાકેમોનો હવે શું બંદોબસ્ત થાયછે! મારા વિચાર મુજબ તો હવે તમો મારી બહેન ઉમ્મુલ મોમેનીન હ૦ આએશાં પાસે ચાલ્યાં જાઓ.

"તેઓ હજ કરવા ગયાં છે?" અસ્માએ કહ્યું "હા" મોહમ્મદ બોલ્યો "તેઓ તો ત્યારનાંજ ગયાં છે, કે જ્યારે હ૦ ઉસ્માન ઘેરાયલા હતા. હમણાંસુધી તો તેઓ આવ્યાં નથી અને ઘણું કરીને થોડા દહાડા સુધી ત્યાંજ રહેશે."

"તો હું તેઓની પાસે જાઉં?"

"હા, જરૂર જાઓ, જો તેઓ જલદી ચાલ્યાં આવે તો તમે પણ ચાલ્યાં આવજો, નહિતો હું પોતે તમને લેવા આવીશ."

"એથી વધારે મારી શું ખુશનખ્તી છે, કે હું તેઓને જોઉં! પણ હું કેવી રીતે જઈ શકું છું?" "આ માસી સાથે જાઓ" મોહમ્મદે પેલી ઘરડી તરફ ઇશારત કરીને કહ્યું "બીજા કોઇને પણ હું તમારી સાથે જવા માટે શોધીશ. એઓની સાથે જવામાં મને કાગળ લખવાની અગત્ય રહેશે નહિ, પણ એમ કરજો કે, બીજાઓ સમજે કે આ સફર તમો પોતાનીજ મરજી અને ખુશીથી કરો છો" એટલું કહી મોહમ્મદ અસમા તરફ જોઇને હસવા લાગ્યો.

અસમા મોહમ્મદની મતલબ સમજી ગઇ કે, તેની એવી મરજી હતી કે, હ૦ અલી અથવા તો હ૦ હસનને એમ માલમ પડે નહિ, કે તેના કહેવાથી અસ્મા મદીનાથી બહાર ગઈ છે, તેથી તેણીએ કહ્યું "નહિ, હું તો મારી ઇચ્છાથી ઉમ્મુલ-મોમેનીનને મળવા જાઉંછું, અને એજ વાત તે લોકો જાણશે, પણ મને હંમેશાં એજ વસવસો રહેછે કે, તમો ખલીફા (રદી૦) ની કતલના અવલરાંમાં સંડોવાયલા છો.

"હાલે તમો ઉમ્મુલ મોમેનીનથી મળશો" મોહમ્મદ બોલ્યો "ત્યારે તેઓથીજ પુછજો કે, ઉસ્માન (રદી૦) કતલને પાત્ર હતા કે નહિ? જ્યારે તેઓ હાકારમાં જવાબ આપે ત્યારે તો માનશોને?"

" હા, બેશક " અસ્માએ કહ્યું " જો તેઓ એમ કહી દે કે, ખલીફા ઉસ્માન (રદી૦) કતલને પાત્ર હતા, તો હું આનાકાની વગર તે કબુલ કરીશ. "

" પહેલાં તો તેઓએજ કહ્યું હતુ " મોહમ્મદે કહ્યું " કે ઉસમાન (રદી૦) કતલને પાત્ર છે, તેઓને કતલ કરો. "

" જો તેઓએ કહ્યું હોય તો બેશક ઠીક છે " અસમાએ જવાબ આપ્યો.

એ પછી મોહમ્મદ ચાલ્યો ગયો. સહવારના પહોરમાં તે એક ઊંટ લઇને પહોંચ્યો અને કહેવા લાગ્યો કે, કેટલાક લોક મકકે જાયછે તમો પણ તેઓની સાથે જાઓ. આ ઊંટ હું તમારે માટે લાવ્યો છું. "

" અને ઘોડો કયાં ગયો ? " અસમાએ પુછ્યું " હું તો તેપરજ જવાની "

" નહિ, નહિ, " મોહમ્મદે જવાબ આપ્યો " ઘોડાને લાયક રસ્તો નથી, તેને અહિંજ છોડી જાઓ અને ઊંટપર જાઓ. "

" તે જવાવાળા કોણ છે ? " અસ્માએ પુછ્યું.

" હ૦ આએશાંના મહીરાના લોકો છે, ઉબેદ ઇબને સલમા વગેરે છે. "

" અને શું તે તમારા સગા નહિ થયા ? "

" હ૦ આએશા (રદી૦) બીજી માથી છે અને હું પણ બીજી માથી છું " મોહમ્મદે ખુલાસો કર્યો.

હવે સફરની તૈયારી થઇ ગઇ. પેલી ઘરડી અને અસમા બન્ને ઊંટ-પર સ્વાર થઇ. ચાલતી વખતે અસમાએ મોહમ્મદથી કહ્યું કે " હું જલ-દીથી તમોને જોવાની આશા રાખુંછું.

" હા, ઘણી જલદી મુલાકાત થશે " મોહમ્મદ બોલ્યો, " હું પોતેજ જલદી મક્કાખાતે આવનાર છું, પણ જો કંઇ કારણથી રોકાઈ ગયો તો કોઇને મોકલીને બોલાવી લઇશ, તમો નચિંત રહેજો, પણ............ (અચકાતાં અચકાતાં) હ૦ હસનની મહોબ્બતને પોતાના દિલમાં જગ્યા આપશો નહિ. "

અસમા આ સાંભળીને હોઠમાં હસી અને તેનાથી રૂખસદ થઇ.

ઉમ્મુલ મોમેનીન હ૦ આએશાં.

" મદીનાથી નીકળીને આ કાફલો "કુબા" પહોંચ્યો. ત્યાં સઘળાઓ ઉતર્યા. અસ્મા પોતાની માની ઘોરપર ગઇ અને તેનાથી વળગીને ઝાર ઝાર રડી. આ હાલત જોઇને ઓબેદુલ્લાને ત્યાં વધારે થોભવું ઠીક લાગ્યું નહિ અને તરતજ તેને સવાર કરાવી તેઓ ત્યાંથી રવાના થયા. રસ્તામાં તેઓ તેણીથી જુદી જુદી વાતોપર ગુફતેગો કરતા રહ્યા. મદીનાથી ચાર માઇલ જતાં "ઓહદ" નો પહાડ મળ્યો. ઓબેદુલ્લા અસ્માને ખુશ કરવા માટે તેના હેવાલ બ્યાન કરવા લાગ્યા. ત્રીજે દિવસે બપોર પછી આ કાફલો સર્ફના ગામડામાં પહોંચ્યો. અહિંથી મક્કા-શરીફ ફકત છ માઇલ છે. અહિં પહોંચીને ઓબેદુલ્લાએ કાફલો અટકાવ્યો અને ત્યાંજ ઉતરી પડવાનો બંદોબસ્ત કરવા માંડયો. અસ્માએ ઘરડીથી પુછ્યું કે " મક્કા શરીફ તો નજદીક છે, તેઓ અહિંજ કેમ ઉતરી પડેછે ? " " અહિંઆં ઉમ્મુલમોમેનીન હ૦ આએશા (રદી૦) ઉતરેલાં છે. તેઓની મુલાકાત લેશે. " પેલી ઘરડીએ જવાબ આપ્યો. આ કહીને તેણીએ એક તરફ ઇશારત કીધી.

અસ્માએ એક મોટો લાલ શામીઆનો અને તેની આસપાસ ઘણા ઊંટો અને નોકર ચાકરો જોયા. અસ્મા પોતાના દિલમાં એવા ખ્યાલથી ઘણીજ ખુશ થઇ કે, હ૦ આએશા મદીના-શરીફ જાયછે અને તેઓ-નીજ સાથે તેણી પણ જલદીથી પાછી જશે, અને જલદીથી મોહમ્મદથી મળવાનું બની આવશે. અસ્મા તેઓ પાસે જવા માટે પોતાનાં કપડાં ઠીકઠાક કરવા લાગી અને પેલી ઘરડીથી કહ્યું કે, ચાલો ઉમ્મુલ-મોમેની-નની પાસે જઇએ.

" જરા સબુર કરો " પેલી ડોસીએ કહ્યું " ઓબેદુલ્લાની સાથે જઇશું. "

" તો શું, ઉમ્મુલમોમેનીન અહિં થોડા દહાડા રહેશે ? "

આ સાંભળીને ઘરડીએ ત્યાં જઇ એક ઊંટવાળાથી પુછ્યું, જેથી તેણે કહ્યું કે, તેઓ હમણાંજ આવ્યાં છે અને હમણાંજ તેઓ મદીને રવાના થઇ જશે " આ હકીકત પેલી ઘરડીએ અસ્માથી જઇને કહી, તેણીએ કહ્યું કે, તેણી પણ તેઓનીજ સાથે મદીના પાછી જશે. પેલી

ડોસીએ એના જવાબમાં કહ્યું કે, હવે હ૦ આએશા જે કહેશે તેજ તેઓ કરશે.

" તો ઓબેદુલ્લાની સાથે જવાનો શું અગત્ય છે ? " અસ્માએ પુછ્યું " આવો હમણાંજ જઇએ. "

" વાર ! ચાલો " ઘરડી બોલી " હા, ઠીક છે, રખેને તેઓ મદીને રવાના થઇ જાય. "

" તમો પહેલાં કદી તેઓની પાસે ગયાં છો ? " અસ્માએ પુછ્યું " હા, " ઘરડીએ કહ્યું " હું તો લાંબા વખત સુધી તેઓના પિતા (રદી૦) ના ઘરમાં રહી છું. જ્યારે એઓ નાનાં હતાં ત્યારે મેં એઓને ઘણાં રમાડેલ છે.

આ બન્ને ત્યાંથી ચાલી હ૦ આએશાના તંબુ પાસે પહોંચીને તેઓએ અંદર જવાની પરવાનગી માગી અને રજા મળવાથી તેણીઓ અંદર દાખલ થઇ. તંબુના સામેના ભાગમાં એક ગાલીચો બીછાવ્યો હતો જેની ઉપર રેશમી ચાદર પાથરવામાં આવી હતી. તેપર હ૦ આએશા બેઠેલાં હતાં. તેઓનું કદ માફક હતું, અને આંગ ખુબસુરત હતું. તેઓની આંખોના અસાધારણ ચળકાટથી માલુમ પડતું હતું કે, ખુદાએ તેઓને ખાસ સમજશક્તિ ઇનાયત ફરમાવી છે. તેઓની આંખો મોટી મોટી હતી, તેઓનાં ભવાંથી જાહોજલાલી જાહેર થઇ રહી હતી, તેઓના માથાપર એક ઓઢણી હતી અને ઉપરથી તેઓએ એક હરીર–રેશમની ચાદર ઓઢેલી હતી જેથી તેઓનું તમામ આંગ છુપાવેલું હતું. તેઓની ઉમ્મર આ વખતે ૪૩ વરસની હતી, પણ તેઓના નૂરી ચહેરાપરથી તો એજ માલુમ પડતું હતું કે, તેઓ ભાગ્યેજ ૩૨ વરસનાં હશે.

અસ્મા જોકે એક હિમ્મતવાન છોકરી હતી, અને તેણીએ હ૦ અલી તેમજ બીજા ઇસ્લામી અમીરોને જોયા હતા, પણ અહિંઆં આવીને તેણી એવી તો હેબતાઈ ગઇ કે, તેણીના હોસકોસ ઉડી ગયા. તેના ચહેરાપર ડરની નિશાની પ્રગટી નીકળી.

ઉમ્મુલમોમેનીન હ૦ આએશાએ ઘણીજ ખાતરદારીથી એ બન્નેને બેસાડયાં. ઘરડીએ તેઓનો હાથ ચુંબન કરવા માટે પકડયો, પણ તેઓએ કહ્યું કે ' માસી બેસી જાઓ. "

આ વખતે હ૦ આએશાના ચહેરાપરથી જણાતું હતું કે, તેઓ કાંઇ ઉંડા વિચારમાં પડેલાં છે. થોડો વખત ચુપ રહ્યા પછી તેઓએ ધરડી તરફ જોઇ હોઠમાં હસીને પુછયું " અહિં તમો કેમ આવ્યાં છો ? મોહમ્મદ કેમ છે ? "

" મોહમ્મદ ખેરીયત છે " ઘરડીએ જવાબ આપ્યો " તેણે (અસ્મા તરફ ઇશારત કરીને) એઓને આપની પાસે થોડા દિવસ માટે મોકલી છે. "

" તું મારા ભાઇની અમાનત છે અને મારી બહેન જેવી છે " હ૦ આએશાએ ફરમાવ્યું.

પછી તેઓએ ઘરડીથી કહ્યું કે " કદાચ તમો મારી સાથે મક્કા ખાતે રહેવા આવ્યાં છો ? "

" જી, હા " ઘરડીએ જવાબ આપ્યો.

"ખયરા હવે હુંતો મદીનાશરીફ જાઉં છું" હ૦ ઉમ્મુલ મોમેનીન બોલ્યાં " તમો બન્ને મક્કામાં જઇને મારા ઘરમાં રહો. "

અસ્માએ કંઇ બોલવા માટે માથું ઉઠાવ્યું, પણ તેણીથી કંઇ બોલી શકાયું નહિ. હ૦ આએશાએ તેણીને સધીઆરો આપ્યો કે, " તેણીએ ગભરાવું નહિ, કેમકે તેણી જલદીથી તેઓના ખેશાઓમાં દાખલ થઇ જશે. "

" આપ કદાચ નહિ જાણતાં હશો " પેલી ઘરડીએ કહ્યું " એઓ યઝીદ ઉમવીનાં બેટી છે. હમણાંજ તેઓ શીરીઆથી આવ્યાં છે. એઓ મક્કા મદીનાના રહેવાશીઓના તરીકાથી તદન અજાણ્યાં છે. "

" હવે થોડાજ દહાડામાં તેપણ અહિંનીજ થઇ જશે. " હ૦ આએશાએ ફરમાવ્યું.

એકાએક ફેરફાર.

એટલું કહી હ૦ આએશા ચુપ થઇ ગયાં. થોડીવાર પછી તેઓએ ઘરડીથી પુછયું કે " તમો બંને એકલાં આવ્યાં છો, કે તમારી સાથે કોઇ છે ? "

"અમો આપના મામા ઉબેદુલ્લા ઇબ્ને સલમા સાથે આવ્યા છીએ" પેલી બરડીએ જવાબ આપ્યો.

"ઓહો ! તેઓ પણ આવ્યા છે ?" હ૦ આએશાએ ઉલટમાં આવીને પુછયું.

"હવે તેઓ આપની ખીદમતમાં આવતાજ હશે" પણ હ૦ આએશાએ તેટલામાં તો એક ગુલામને બોલાવીને ફરમાવ્યું કે. તે જઇને તેઓને બોલાવી લાવે. જ્યારે તેઓ તંબુમાં આવ્યા ત્યારે હ૦ આએ-શાએ નેકાબ પોતાના મોઢાપર નાખ્યો અને ઘણીજ આતુરતાથી તેઓથી વાત કરવા લાગ્યાં.

"જ્યારે તમો મદીનાથી ચાલ્યા છો, તો ત્યાંની શું હાલત હતી?" હ૦ આએશાએ પુછયું.

"ત્યાંની સ્થિતી તો એવી છે" હ૦ ઉબેદુલ્લા બોલ્યા "કે ખલીફા ઉસ્માન (રદી૦)ને લોકોએ કતલ કરી નાખ્યા."

આ સાંભળીને હ૦ આએશાની હાલતમાં એક ચમત્કારિક ફેરફાર થઇ ગયો, તેવું માલમ પડતું હતું કે, તેઓની આંખોમાંથી આગની ચણુ-ગારીઓ નીકળી રહી છે. તેઓએ ઘણુંજ ઉશકેરાઇ જઇ ગુસ્સાથી પુછયું. "પછી શું થયું ?"

"તેઓની કતલ થવા પછી લોકોએ હ૦ અલીના હાથપર બયઅત કીધી અને તેઓ ખલીફા થયા."

આ સાંભળીને હ૦ આએશા ગભરાઇને ઉભાં થઇ ગયાં અને આકાશ ભણી હાથ ઉઠાવી, જમીનભણી ઇશારત કરીને કહ્યું કે, હે આસમાન! તુટી પડ! આ ગજબ !! કે, હ૦ ઉસ્માન કતલ થાય અને હ૦ અલીને ખીલા-ફત મળે !!!"

આ કહેતાં કહેતાં તેઓ તંબુની બહાર ચાલ્યાં ગયાં અને મક્કા ખાતે પાછા ફરવાનો હુકમ આપ્યો. તેઓએ ફરમાવ્યું કે, હવે તેઓ મદીનામાં જશે નહિ, પણ હ૦ ઉસ્માન જે જુલમથી કતલ થયા છે તેઓનાં ખુનનો બદલો લેશે.

ઉબેદુલ્લા ઘણાજ મક્કમ શખ્સ હતા. તેઓએ પહેલાંથીજ ધાર્યું હતું કે, આ ખબર સાંભળીને ઉમ્મુલ મોમેનીનની કેવી હાલત થશે! જ્યારે હ૦ આએશા તંબુમાં પાછાં ફર્યાં ત્યારે તેઓએ કહ્યું કે:—

" પહેલાં તો તમોએજ કહ્યું હતું કે, ઉસ્માન (રદી૦)ને કતલ કરો. તેઓ કતલ કરવાને પાત્ર છે. હ૦ પેગમ્બરનું ખમીસ એક બાલ તમોએજ કાઢીને કહ્યું હતું કે, જુઓ તેઓનું ખમીસ અને બાલ તો પુરાણા નથી થયા, પણ ધર્મ પુરાણો થઇ ગયો!!"

" મારા કહેવાથી શું થયું ! " હ૦ આએશાએ ફરમાવ્યું " તે લોકોએ પોતાની ગરજને ખાતર તેઓને કતલ કર્યા છે, મેં કદી ગુસ્સામાં કહ્યું હશે. શું તેઓના મરતબાથી હું વાકેફ નથી ? "

" હવે તમારી મરજીમાં આવે તેમ કહો " ઉબેદુલ્લાએ કહ્યું.

હ૦ આએશા આ સાંભળીને બાહેર આવ્યાં. તેઓ તરતજ તઇયારી કરીને સવાર થયાં. અસ્મા અને પેલી ઘરડીને પણ પોતાની સાથે આવવા ફરમાવ્યું. હવે આ કાફલો મક્કે રવાના થયો. થોડીજવારમાં તેઓ ત્યાં પોહોંચી ગયાં. સઘળી સ્વારીઓ " કાબા " ની મસ્જીદ પાસે ઉભી રહી. સઘળાઓ ત્યાંજ ઉતરી પડયા. હ૦ આએશા તરત ઉતરીને એક ઓરડામાં ચાલ્યાં ગયાં આ ઓરડો કાબાના વચ્ચેના ભાગના કીનારાપર હતો, જેના સંબંધમાં એમ કહેવાય છે કે, ત્યાં હ૦ સારા (રદી૦)ની ઘોર હતી. હ૦ આએશાની પુઠે અસ્મા અને ઘરડી પણ તે ઓરડામાં દાખલ થઇ.

ખુનનો દાવો.

હ૦ આએશાના ત્યાં પહોંચતાંજ તમામ મક્કાવાળાઓ આવી ગયા. સૌની આગળ અબદુલ્લા ઇબ્ને આમેર હતા. જેઓ હ૦ ઉસ્માન તરફથી મક્કાના શરીફ નેમાયા હતા. સઘળાઓએ હ૦ ઉમ્મુલ-મોમેનીનને સલામ કરી. તેઓ નેકાબ-બુરખો લટકાવીને ઉભાં થઇ ગયાં. એવું જણાતું હતું કે, તેઓ ઘણાંજ ઉશ્કેરાયલાં છે. સઘળાઓ તેઓનું બોલવું સાંભળવા માટે શાંત હતા. હવે તેઓએ ઘણાજ ઉંચા સાદે પોતાનું બોલવું શરૂ કર્યું:—મુસલમાનો ! શું તમોએ બસરા, કુફા, મીસર અને મદીનાના લોકોની કેફીયત નથી સાંભળી ? તેઓએ મળીને જોરજુલમથી ખલીફાને કતલ કરી નાખ્યા અને તે ફકત એજ માટે કે, તેઓ પોતાના ખેશીઓને ઓદ્ધા આપેછે. તો જોકે, પેહેલાં પણ એમ થતું હતું. વધુમાં એમ કહેવામાં આવેછે કે, ખલીફાએ દરીયા અને બજારોને પોતાનાંજ

વહાણો અને પોતાનાજ વેપારમાટે રોકી રાખ્યા છે, ખલીફાએ આ વાતોથી તોબા કરી તેઓના કહેવા મુજબ ચાલવાનો વાયદો કર્યો. જ્યારે તે જાસેમોને કોઇ બીજી તક મળી શકી નહી, તો તેઓએ બંડ ઉઠાવ્યું. ખાસ હરમમાં આ લોકોએ તેઓને કતલ કર્યા. હું સમ ખાઇને કહુંછું કે, ઉસ્માન (રદી૦) ની એક આંગળી એવા સેંકડો માથાઓથી વધારે કિમતી છે. દલીલની ખાતર આપણે માની લઇએ કે, જે આરોપો તે લોકો તેઓઉપર મુકે છે તેમાં કંઇ સચ્ચાઇ પણ હતી, તો હવે તો તેઓ તે આરોપમાંથી એવી રીતે મુક્ત થયા છે કે, જે પ્રમાણે સોનું મેલથી."

આ ભાષણની હાજર રહેલાઓપર ઘણી ઉંડી અસર થઇ. અબ્દુલ્લા ઇબ્ને આમેરે સઘળાઓની રૂબરૂમાં કહ્યું કે, પહેલો શખસ, આ ખુનનો બદલો લેનારતરીકે હું છું. સઘળાઓએ તેઓને ટેકો આપ્યો. અસ્મા ઘણીજ અજબ થઇ, તે ઘણુંએ વિચારતી પણ તે આ વાત સમજી શકી નહિ, કે હ૦ અલીપર હ૦ ઉસ્માનના ખુનનો દાવો કેમ કરવામાં આવેછે! પેલી ઘરડી પણ તેણીની પાસેજ માથું નમાવીને બેઠી હતી. અસ્માએ કંઇ દરયાફ્ત કરવા માટે પેલી ઘરડી તરફ જોયું. તેણી સમજી ગઇ અને ઇશારત કરીને અસ્માને ચુપ રહેવા કહ્યું. અસ્મા તેની ઢબ ઉપરથી સમજી ગઇ કે, એમાં કોઇ ખાસ ભેદ સમાયલો છે, કે જેને પેલી ઘરડી જાણેછે પણ કોઇ કારણને લીધે તે કહેતી નથી.

સુર્યાસ્ત થવાને ઘણોજ થોડો વખત બાકી રહ્યો હતો. હ૦ આએશાંએ સઘળાઓને પોતાના ઘરો તરફ જવા કહ્યું અને પોતે પણ પાછાં ફર્યાં. અસ્મા અને પેલી ઘરડી પણ તેઓની સાથે ચાલી. અસ્માએ પોતાના દીલમાં ઠરાવ કર્યો કે, જ્યારે હ૦ આએશાંને ફુરસદ મળશે ત્યારે હું એનું કારણ પુછીશ, પણ ત્યાં જઇને તે એવી તો હેબતાઇ ગઈ કે, તેણી હ૦ આએશાંની પાસે બેસવાની પણ હિમ્મત કરી શકી નહિ.

રાતના પેલી ઘરડી અને અસ્મા બન્ને એક જુદાજ ઓરડામાં સુવા ગઇ. સહવારે બડી બામદાદે અસ્માએ ઉઠીને ઘરડીથી કહ્યુ કે " હું ઘણીજ બેતાબ છું, તમો ખોદાને વાસ્તે મારી સન્મુખ એ સઘળી હકીકત બ્યાન કરો. "

" કઇ હકીકત ? " ઘરડીએ પુછ્યું.

"કાલે જે ઉમ્મુલ મોમેનીનને કચ્ચબામાં કહ્યું" અસ્મા બોલી "તેઓના કહેવાપરથી સિદ્ધ થાયછે કે, તેઓ હ૦ અલીથી ખુલ્લી દુશ્મની ધરાવે છે. હું એવી આશામાં હતી કે, આ લોકો હળીમળીને રહેશે અને ઉમ્મતના સુધારા તરફ ધ્યાન આપશે અને એવી રીતે આપસમાં દુશ્મની કરીને ઉમ્મતને ખરાબ કરશે નહિ."

આ સાંભળી ધરડી ચારે તરફ જોવા લાગી. તેના ચહેરાપરથી જણાતું હતું કે, તેણી સઘળી બીનાથી વાકેફ છે, પણ તે કહેતાં કોઇ કારણસર બીહે છે. પણ અસ્માના દબાણથી તેણીએ કહ્યું કે "એ સઘળી બીનાથી મારા સીવાય ઘણાજ થોડા લોકો વાકેફ છે, અને તે જાહેર કરવાથી બીહું છું."

અસ્માએ નજદીક આવીને તેનો ભેદ છુપાવવાના સમ ખાધા. ધરડી તેના કાન પાસે પોતાનું મોઢું લઇ કંઇ કહેવા જતી હતી, કે એટલામાં દરવાજાપર કોઇનો અવાજ સંભળાયો, જેથી તેણી તરતજ અસ્માથી દુર થઈ ગઇ. અસમાએ દરવાજો ઉઘાડયો તો તેણીને એક સીદી લોંડી દેખાઇ. તેણીએ અસ્માથી કહ્યું "ચાલો તમો બંનેને ઉમ્મુલ મોમેનીન બોલાવે છે" અસ્મા ખુશ થઇ કે, કંઇ હેવાલ માલમ પડશે.

ઇમામે અલી અને હ૦ ઉસ્માનની શહાદત.

આ બન્ને ઉમ્મુલ મોમેનીનના ઓરડામાં પહોંચી, તે વખતે તેઓએ બુરખો કાઢી નાખ્યો હતો. આ વખતે તેઓના ખુબસુરત ચહેરાપર જાહેજલાલી પ્રગટી નીકળી હતી, તેઓના ગળામાં કુરાન-શરીફ અને કેટલાક મોટા હાર જોવામાં આવતા હતા. આ બન્ને સલામ કરીને ત્યાંજ બેસી ગઇ. હવે હ૦ આએસાંએ પેલી ધરડી તરફ ફરીને પુછયું કે, "હ૦ ઉસ્માનને કોણે કતલ કર્યા?"

"તેઓનાજ ઘરમાં" પેલી ધરડીએ કહ્યુ "તેઓનાજ બીછાનાપર લોકોએ તેઓને કતલ કર્યા, દરવાજા વગેરેને પણ આગ લગાડી દીધી."

"પણ તેઓને કતલ કોણે કર્યા?" હ૦ આએસાંએ પુછયું 'અને કેવી રીતે કતલ કર્યા?"

આ સાંભળીને પેલી ઘરડી ખામોશ થઇ ગઇ અને થોડીવાર પછી જવાબ આપ્યો કે, તે વાત તેણી બરાબર જાણતી નથી; પણ અસ્મા ત્યાં હાજર હતી.

હવે હ૦ આએસાંએ અસમા ભણી ફરીને પુછ્યું કે "શુ તું ખલીફાની કતલ વખતે તેઓના ઘરમાં હાજર હતી ?" "હાજી" અસ્માએ જવાબ આપ્યો "મારી સામેજ ખલીફા કતલ થયા અને આ સઘળી વાતો મારીજ સનમુખ થઈ."

"પછી ત્યાંની શું હકીકત હતી ?" હ૦ આએસાંએ પુછ્યું.

આ સવાલનો જવાબ આપતાં અસ્માને મોટો ગુંચવાડો ઉત્પન્ન થયો, કેમકે એજ બીનામાં મોહમ્મદ પણ સંડોવાયલો હતો, પણ તેણીએ લાચાર થઇને અવલથી આખેર સુધી સઘળી હકીકત કહી સંભળાવી.

"પણ તેઓને કતલ કોણે કર્યા ?" હ૦ આએસાંએ પુછ્યું.

"બે શખસોએ" અસ્માએ જવાબ આપ્યો "હું તેઓને મુદ્દલ ઓળખતી નથી, પણ તેઓના ચહેરાપરથી કહી શકું છું કે, તેઓ સાધારણ અરબ હતા."

આ સાંભળીને હ૦ આએસાંએ એક ઠંડો શ્વાસ ભરીને કીધું કે, અફસોસ છે ! સાધારણ અરબો ખલીફાને કતલ કરે અને સહાબીઓ બેઠા જોયા કરે અને તેઓને તલવાર અથવા તો જબાંથી જરા પણ અટકાવે નહીં ! !"

"આ લોકોએ ખલીફાને મદદ આપવામાં કંઇપણ બાકી રાખ્યુ નથી" અસ્માએ જવાબ આપ્યો "હ૦ અલીએ પોતાના બન્ને ફરજંદો હસન અને હુસેનને ખલીફાના ઘર ઉપર બળવાખોરોને મારી હઠાવવા માટે મોકલી આપ્યા હતા. મેં મારી નજરે હ૦ હસનને, બળવાખોરોને મારી હઠાવતાં જોયા હતા, તેઓના હાથમાં નાગી તલવાર હતી, તેઓનાં કપડાં લોહીથી ખરડાયલાં હતાં. જો કે મરહુમ ખલીફાએ તેઓને સમ આપીને એમ કરતાં અટકાવ્યા હતા પણ તેઓ ત્યાંથી હટયા નહિ."

આં સાંભળીને હ૦ આએસાં હસી પડયાં. તેઓના હસવાપરથી સિદ્ધ થતું હતું કે, તેઓ અસ્માના કહેવાને ઝાઝું વજન આપતાં નથી. તેઓએ ફરમાવ્યું કે "આ તારૂં ફકત યકીન છે શું, હ૦ અલી જો ચાહતે તો

બળવાખોરો કદી નહિ થઇ શકતા હતા ? તેઓના શું તાકાત હતી ? પણ તેઓએ જે કર્યું તે એજ કે-" હું ખાત્રીપુર્વક છું " અસ્મા વચ્ચે બોલી ઉઠી " કે, હ૦ અલી આ બળવાની બીલકુલ વિરૂદ્ધમાં હતા. પહેલે દીવસે મેં હ૦ પેગમ્બરની ઘોર ઉપર તેઓના દીલના જે ઉભરા સાંભળ્યા હતા તે ઉપરથી હું કહી શકું છું કે, તેઓની નઇયત બીલકુલ પાક હતી, તેઓ બળવાખોરોના હિમાયતી હતા નહિ, તેઓના દીલમાં ખીલાફતની ખાહેશ હતી નહિ. તેઓ ખલીફાના ખરા હિતેચ્છુ હતા; તેઓ પોતાનાં કાર્ય અને વચનના ખરા છે. હા, અલબત્ત ! એ બીજી વાત છે, કે તમો હ૦ ઉસ્માનના કાતીલપર એ આરોપ મુકો. "

" કાતીલોના ગુન્હેગાર હોવા વિષે તો કંઇ શંકાજ નથી " હ૦ આએસાં બોલ્યાં પણ તુને ખબર છે, કે તેઓના આગેવાન કોણ હતા ? મને એ પણ ખબર મળી છે કે, મોહમ્મદ પણ બળવાખોરો સાથે શામેલ હતો; પણ એમાં કંઇ અજબ થવાનું નથી, કેમકે તે હ૦ અલીનો સાવકો છોકરો છે. "

અસ્મા આ સાંભળીને ઘણી લજવાઇ, તેણીએ મોહમ્મદના બચાવમાં કંઇક કહેવાનો ઇરાદો કર્યો, પણ એની સાથેજ તેને વિચાર આવ્યો કે, રખેને કોઈ જુઠી વાત તેણીની જબાંથી નીકળી જાય ! માટે તેણી ચુપ થઇ ગઇ.

થોડા વખતની ચુપકીદી પછી હ૦ આએસાં બોલ્યાં " એમાં તો કંઇ શક નથી કે, કેટલીક વાતોમાં હ૦ ઉસ્માનની ભુલ થઇ, પણ તે ભુલો માટે તેઓને સમજાવવામાં આવતે, પરંતુ તેઓ તો ઉલટા કતલને પાત્ર ઠર્યા. "

આ સાંભળીને અસ્માને જરા હિમ્મત આવી, અને તેણીએ ઠરાવ કર્યો કે, હ૦ ઉસ્માનની ભુલો હ૦ આએસાંની જબાંથી સાંભળે. તેણીએ કહ્યું કે " મોહમ્મદથી પણ મેં એમજ સાંભળ્યું હતું કે, તેઓ કતલને પાત્ર હતા. "

આ સાંભળીને ગુસ્સાથી હ૦ આએસાંની આંખો લાલ થઇ ગઇ, અને કહ્યું " મોહમ્મદ શું જાણે ? જો તે અહિં હોત તો દલીલ પૂર્વક તેને સાબીત કરી આપત કે, તેનો ખ્યાલ ભુલ ભર્યો હતો ! તેણે બળવાખોરોની સાથે મળીને મોટું પાપ કર્યું છે. "

અસ્મા કંઇ કહેવા જતી હતી, કે બાહેરથી એક લોંડીએ આવીને કહ્યું કે, દરવાજાપર ઘણા અમીરો ભેગા થયા છે. હ૦ આએસાંએ મોઢા૰ પર બુરખો નાખ્યો અને અસ્મા તથા ધરડી બન્ને ત્યાંથી પોતાના ઓર૰ ડામાં ચાલી ગઇ.

સખત તાપ.

ઓરડામાં આવતાંજ અસ્માપર તાવનો સખત હુમલો થયો. ધરડીએ બીછાનું પાથર્યું તેણી સુઇ ગઇ. ધરડીએ કહ્યું કે, થાકને લીધે તેણીને તાવ આવ્યો હશે પણ એનો જવાબ અસ્મા તરફથી કંઇ મળ્યો નહિ. તેણી બીલકુલ ચુપ હતી. તેના ચહેરાપરથી જણાતું હતું કે, આ વખતે જે કંઈ કહેવામાં આવશે તે સમજવાની સ્થિતીમાં તેણી નથી. તેણીની આંખો સખત તાવને લીધે લાલચોળ થઈ રહી હતી. તેણીનું આંગ આતશની મીસાલ બળતું હતું. આ હાલત જોઇને પેલી ધરડી ઘણી ગભરાઇ. તેણીએ આજુબાજુની સ્ત્રીઓથી સલાહ પુછી. તેણીઓએ અસ્માને મધ પાવાની સલાહ આપી. તેણી મધ લઇને અસ્મા પાસે ગઇ, પણ તેણી તે વખતે બીલકુલ બેભાન હાલતમાં હતી, તેણીએ કંઇપણ જવાબ આપ્યો નહિ. લાચાર થઇને ધરડી તેની પાસે બેસી ગઇ. થોડીવાર પછી ધરડીને એમ લાગ્યું કે, તેણી સુઇ ગઇ છે. ધરડી અસ્માને ઉંઘ આવી જોઇ ઘણીજ ખુશ થઇ અને તેણીને સુતી મુકી બાહેર દવા પુછવા માટે ચાલી, હજી તો તેણીએ બારણાથી બહાર પગ પણ મુકયો હતો નહિ કે તેણીએ અસ્માનો સાદ સાંભળ્યો. તરતજ તેણી પાછી ફરી, કે કદાચ અસ્મા તે૰ ણીને કોઇ કામને માટે બોલાવતી હોય; પણ અસ્મા બેભાનપણામાં કંઇ બડબડતી હતી. પાસાં બદલતાં બદલતાં તેણીના કુરતાનાં બટન નીકળી ગયાં હતાં. તેણીની આસ્તીનો ઉપર ચઢી ગઇ હતી. ધરડીએ પોતાના મનમાં કહ્યું કે, લાવ તેણીનાં કપડાં બરાબર કરી દઉં, પણ તેણીને સાથેજ એવો વિચાર આવ્યો કે, રખેને તેણી જાગી ઉઠે.

એટલામાં ધરડીની નજર અસ્માનાં કાંડાં ઉપર જે કુસની નીશાની હતી તેપર અને તેણીનાં ગળાંના ખ્રીસ્તી તાવીદ ઉપર પડી. તેણી ઘણીજ હેરાન થઇ, તે સમજી કે, યાતો તેણી કોઇ ખ્રીસ્તીની છોકરી છે, અથવા તો ખ્રીસ્તીના ધરમાં તેણીની પરવરેશ થઇ છે. તેણીની દબદબ અને

ચંચળાબથી પણ તેણીએ જાણ્યું કે, અસ્મા યઝીદની બેટી તો નથીજ. તેણી એવાજ ગુંચવણભર્યા ઉખ્યાણાના વિચારોમાં લીન થએલી ત્યાં બેસી રહી.

થોડીવાર પછી અસ્માએ પાસું બદલ્યું અને પછી બકવા લાગી. હવે ધરડીએ સાંભળ્યું કે તેણી શું કહેતી હતી! અસ્મા એમ કહેતાં સંભળાઇ "આહ આહ મારી મા–આહ મારી મરીયમ–આહ મવલા અલી આહ–અબુલહસન બેદ કેવી રીતે બરબાદ થયો? મારા દીલસોઝ મોહમ્મદ પણ અફસોસ! તેં ખલીફાને કતલ કર્યા છે, તું મળવાને લાયક નથી' તારાથી દૂરજ રહેવું બહેતર છે, પણ નહિ, મારી આશાઓ, મારી ઇચ્છાઓ મારી ઉમ્મીદોનાં સાધન–મોહમ્મદ! આવ, તારૂં નામ એવું વહાલું છે કે, મરતી વખતે તે મારી માતાના મોઢાપર હતું!! આહ! મારી મા! અફસોસ! તેં મને કહ્યું નહિ, કે મારો બાપ કોણ હતો! એટલી પણ મને ખબર નથી કે, તે જીવતો છે યા મરી ગયો! હાય, અફસોસ!!!"

એ પછી તેણી મોઢાંમાં ને મોઢાંમાંજ કંઇ બબડવા લાગી. જે પેલી ધરડી સમજી શકી નહિ. ચુપચુપ તેણીની પાસે બેસી રહી. તેણી ઘણીજ અજબ થઇ કે, એ વાત શું હશે? અસ્માની આ વાતો સાંભળીને તેની હવે પુરીપુરી ખાતરી થઈ કે, આ યઝીદની બેટી નથી, પણ તેણી સખત ગુંચવાડામાં હતી કે, અસ્માને પોતાના બાપનું નામ કેમ માલમ નથી!

ઉમ્મુલ ફઝલ.

તેણી એજ ગુંચવાડામાં પડી હતી કે, એટલામાં એક લોંડીએ આવીને ખબર આપી કે, ઉમ્મુલ ફઝલ તેણીથી મળવા આવે છે. તેઓના આવવાની ખબર સાંભળી તેણી ખુશી થઇ અને તરતજ દરવાજા સુધી તેઓને લેવા ગઈ. તેઓની ઉમ્મર આશરે સાઠ વરસની હતી. તેઓના ચહેરાપરથી પરહેજગારી અને પાકીઝગીનાં ચીન્હો પ્રગટી નીકળ્યાં હતાં. તેઓના ચહેરાપરથીજ જણાઈ આવતું હતું કે, તેઓ ઘણાજ નેક ખવાસનાં બાનુ હતાં. તેઓ ઘણાંજ ધીમા પગલે આવ્યાં, અને ઓરડામાં આવીને બેસી ગયાં, પેલી ઘરડી પણ તેઓનીજ પાસે બેસી ગઈ. તેઓએ પેલી ઘરડીથી પુછ્યું કે, શું આ ઓરડામાં કોઇ તાવથી પીડાય

છે ? પેલી ઘરડીએ કહ્યું કે, તેઓ ઘણાજ સારા વખતે આવી લાગ્યાં. વધુમાં તેણીએ આશા દેખાડી કે, તેઓના પ્રતાપે તેણીનો મુંઝવાડો દૂર થઇ જશે.

"મને હમણાજ તારા આવવાની ખબર મળી" ઉમ્મુલ-ફઝલે કહ્યું "સાંભળતાંજ હું અહિં આવી કે, તારાથી ખલીફાના કતલની કેફીયત સાંભળી, પણ પહેલાં એતો કહે, કે તારે ત્યાં બીમાર કોણ છે ?

"એક છોકરી છે" ઘરડી બોલી "તેણીનું નામ અસ્મા છે. મોહમ્મદે તેણીને મદીનાથી અતરે મોકલી છે. તેણીને ઉમ્મુલ મોમેનીન હ૦ આએસાં પાસે મોકલવામાં આવી છે. તેણી તેઓ પાસે અહિંઆ થોડા દહાડા રહેશે."

"મોહમ્મદનો એની સાથે શો સબંધ છે ?" આ સાંભળીને પેલી ઘરડી અસમા તરફ જોવા લાગી કે, તેણી જાગતી તો નથી અને પછી તેઓના કાન પાસે મોઢું લઇ જઇ હળવેથી કહ્યું કે "મોહમ્મદનો ઇરાદો છે કે, તેણીની સાથે નિકાહ કરે."

"તેણી કોણ છે અને ક્યાંની રહેવાવાળી છે ?" ઉમ્મુલ ફઝલે પુછયું.

"યઝીદ અમવીની છોકરી છે" ઘરડીએ કહ્યું "હમણાંજ સીરીઆથી આવી છે. એની મા કુઆમાં ગુજરી ગઇ અને બાપ ખલીફાની સાથે મારી ગયો."

ઉમ્મુલફઝલ કંઇ વધારે પુછવા જતાં હતાં એટલામાં અસ્માનો આહ આહ કરવાનો અવાજ સંભળાયો. ઘરડી તરતજ તેણીની તરફ ગઈ. અસ્મા આ વખતે પરસેવામાં ભીંજાયલી હતી. તેણીનો તાવ ઉતરી ગયો હતો અને તેણી હુશીઆર હતી. ઉમ્મુલફઝલને આવતાં જોઇ તેણી પોતાનાં કપડાં ઠીકઠાક કરવા લાગી, અને ઉઠવાનો ઇરાદો કર્યો, પણ તેઓએ તેણીના ઉપર હાથ મુકીને તેણીને તેમ કરતાં અટકાવી અને તેણીની પાસેજ બેસી ગયાં. અસ્મા અદબથી ઉઠીને બેસી ગઈ, પણ તેણી આશ્ચર્ય પામેલી જણાતી હતી. કારણ કે, તેણી તેઓને જાણતી હતી નહિ. ઘરડીએ કહ્યું "એવણ ઉમ્મુલ ફઝલ છે. એઓ મોહમ્મદ ઇબ્ને હ૦ અબુબકરનાં માસી અને તેઓનાં મા અસ્માનાં બહેન છે. હ૦ ખદીજા પછી જે બી ઇસ્લા-

મમાં દાખલ થઇ તે એવણુજ છે. એવણુ હ૦ પેગમ્બરના કાકા હ૦ અબ્બાસનાં મોહોરદાર અને હ૦ અબદુલ્લા ઇબ્ને અબ્બાસનાં મા છે. ઉમ્મુલ મોમેનીન હ૦ મયમુન એવણનાં બહેન હતાં."

આ તમામ કેફીયત સાંભળીને અસ્માના દીલમાં તેઓનું માન ઘણુંજ વધી ગયું. તેણી તેઓના આવવાથી ઘણીજ ખુશી થઇ. ઉમ્મુલ ફઝલે પહેલાં તેણીની તબીયત વિષે પુછીને મોહમ્મદની કેફીયત પુછી. અસ્મા મોહમ્મદનું નામ સાંભળીને ઘણીજ અજબ થઇ કે, કેમ તેઓએ સઉથી પહેલાં મારાથી મોહમ્મદનાજ સંબંધમાં પુછ્યું!

"અજબ શાનું થવાનું?" પેલી ઘરડીએ કહ્યું "એવણને સઘળી બીના માલમ છે."

અસ્માએ આ સાંભળીને શરમથી ગરદન નીચી કરી લીધી.

ઉમ્મુલ ફઝલે ઘરડીથી ઘણાજ ધીમા સાદે પુછ્યું કે "તેણી ઉમ્મુલ મોમેનીનથી મળી હતી અને તેઓ શું વિચાર ધરાવે છે?"

"કંઇ ન પુછો" ઘરડી બોલી "કતલનો બદલો લેવાને તલપી રહ્યાં છે અને લોકોને પણ તૈયાર કરી રહ્યાં છે.

"મેં સાંભળ્યું છે કે," ઉમ્મુલ ફઝલ બોલ્યાં "કાલે તેઓએ અહિં આવતાંજ લોકોને ખુનનો બદલો લેવા માટે તૈયાર કર્યા, અને સૌથી પહેલાં મક્કાનો હાકેમ તેઓને મદદ આપવા તૈયાર થઇ ગયો.

"હા, મેં પોતે સાંભળ્યું છે" ઘરડીએ કહ્યું "મારી નજરે જોયું છે, અસ્મા પણ હતી, મારા ધાર્યામુજબ તેઓ જરૂર કંઇ કરશે."

"તું જાણતી નથી?" ઉમ્મુલ ફઝલે ઘરડીના કાન પાસે પોતાનું મોહું લઇ જઇ ડરતાં ડરતાં કહ્યું "ઉમ્મુલ મોમેનીન અલીના સંબંધમાં પહેલાંથીજ કેવો ખ્યાલ ધરાવે છે!

ઘરડીએ પોતાની જીભ પોતાના દાંતોની નીચે દાબી અને ચુપ થઇ ગઇ. એમ જણાતું હતું કે, તેણી આ બાબતમાં વધુ કંઇ બોલવા રાજી નથી. ઉમ્મુલ ફઝલ બોલ્યાં "ખયર, ખોદા ખેર કરે. તમામ મક્કાવાળાઓ તૈયાર છે, બનીઉમઇયાવાલાઓ પણ સઘળા મદીનાઆંજ આવી ગયા છે. તલહા અને ઝોબેર પણ આવવાવાળા છે. બસરા, કુફા, યમન, અને સીરીઆના લોકોમાં ઉશકેરણી ફેલાવવા માટે કાફલાઓ મોકલાવવામાં આવ્યા છે."

"સારીઆમાં કોઇના જવાની અગત શું છે ?" ધરડી બોલી "આ તો હ૦ ઉસ્માનના પીરાઇ હ૦ મોઆવીયા મોજુદ છે. ઉપરાંત ખલીફા (રદી૦)નું લોહીમાં ખરડાયલું પહેરણ પણ આંજ મોકલવામાં આવ્યું છે. તે લોકો તો એમજ તૈયાર છે."

આ સાંભળી ઉમ્મુલ ફઝલની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં, તેઓને લાગ્યું કે, મુસલમાનોમાં જબરદસ્ત રીતનો બરપા થવાનો છે.

ખલીફા ઉસ્માન (રદી૦) પર મુકવામાં આવેલા આરોપો.

અસ્મા આ બધી વાતો સાંભળ્યા કરતી હતી. તેણીને પોતાના વિચારો જાહેર કરવાની તક મળતી હતી. ઉમ્મુલ-ફઝલની આંખોમાં આંસુઓ આવેલાં જોઇને તેણીએ કહ્યું કે "હવે હું મારી આતુરતાને થોભાવી શકતી નથી. એ મામલામાં હું કંઈ કહેવા માંગુ છું, આપની જો પરવાનગી હોય !"

"કહો, શું કહો છો ?" ઉમ્મુલ ફઝલે જવાબ આપ્યો.

"હું પોતે ખલીફાની કતલ વખતે ત્યાં હાજર હતી" અસ્માએ કહ્યું "બળવાખોરોની હાલત પણ મેં મારી નજરે જોઇ છે, અને યકીન છે કે, તેઓ જુલમથી કતલ થયા છે, તેઓનો કંઇ વાંક નથી. અલબત્તાં વાંક તમામ મરવાનનો હતો. મોહમ્મદના કહેવાથી હું ઘણી અજબ થાઉં છુ, તેઓ કહે છે કે, હ૦ ઉસ્માન કતલને પાત્ર હતા. મેં જ્યારે કારણ પુછયું તો તેઓએ કંઇ કહ્યું નહિ."

"એની હકીકત મારાથી પુછો" ઉમ્મુલ ફઝલે કહ્યું.

હું ઉસ્માન (ર૦ અ૦)ને જેહાલતના જમાનાથી જાણું છું. હું તેની વર્તણુંક અને તેઓના રવૈયાથી ખુબ વાકેફ છું. તેઓની તબીઅતમાં કોઇપણ જાતની શરારત હતી નહી, જો તેઓને કોઇ નેક ખવાસનો વજીર અથવા સલાહકાર મળત તો કદીપણ એવા હાલ થાત નહિ. તેઓની ઉપર નીચે મુજબ આરોપો મુકવામાં આવેછે:—

(૧) તમામ દુનિયા જાણેછે કે, સહાબીઓએ ઇસ્લામની મદદ કરી હતી અને ઇસ્લામી હકુમતની હદમાં તેઓએ વધારો કર્યો હતો, તથા

ઘણા મુલકોપર તેઓએ ફતેહ મેળવી હતી. શેઠાઈ અથવા ઓહદાઓ માટે તેઓ કરતાં વધારે હકદાર કોઇ નથી, અને હ૦ ઉંમરના જમાના સુધી સહાબીઓનેજ ઓહદા મળતા રહ્યા હતા. હ૦ ઉસ્માને તે લોકોને બરતરફ કર્યાં અને તે ઓહદા પોતાના ખેશીઓને આપ્યા. જેવાકે ઓમર ઇબને આસ. મીસરના હાકેમ હતા તેમણે મીસર દેશ સર કર્યો હતો, ઇસ્લામનો ઝુંડો તેઓએજ ત્યાં ઉડતો કર્યો હતો. તેઓને હ૦ ઉસ્માને બરતરફ કર્યા અને તેઓની જગાપર અબદુલ્લાની નિમણુંક ત્યાં કરી હતી, જે તેઓના દુધભાઈ છે. જોકે અબદુલ્લા તે લોકોમાંથી છે, કે જેઓ મુસલમાન થઇને પાછા ઇસ્લામથી ફરી ગયા. મક્કાની ફતેહ વખતે ખુદ હ૦ ઉસ્માને અબદુલ્લાને બચાવ્યો હતો.

(૨) સરકારી ખજાનાનાં નાણાં તેઓએ ઉડાઉપણે ખર્ચ્યાં તે નાણાં તેઓએ પોતાના તે ખેશીઓને આપ્યાં, કે જેઓને હ૦ પેગમ્બર તરફથી બાતેલ કરવામાં આવ્યા હતા, તો જો કે હ૦ ઉસ્માન પોતે ફકીરોની મીસાલ જીંદગાની ગુજારતા હતા.

(૩) સઘળા બજારો અને તેમાં મુખ્યકરીને મદીનાના બજારની ચીજોપર મોટો કર નાંખ્યો. તેઓએ વધુમાં એવો હુકમ આપ્યો હતો કે, જ્યાંસુધી તેઓનો માણુસ ઘરમાં જોઇતી સઘળી જરૂરતની ચીજો લઈ જાય નહિ ત્યાંસુધી કોઇએ પણુ ખરીદી કરવી નહિ. દરીયામાં ખલીફા સિવાય કોઇપણુ વેપારીને હોડી હંકારવાની પરવાનગી હતી નહિ.

(૪) મોટા મોટા માનવંત સહાબીઓ સાથે તેઓએ સારી સલુક કરી નહિ. હ૦ અબદુલ્લા ઇબને મસઉદ અને અબુઝર ગફ્ફારીને દેશબહાર કાઢી મુકયા. કઅબ ઇબને અમહાદ અને ઉંરાતર નજરીની આબરૂ ધુળધાણી કરી. જો તેનો કીસ્સો બયાન કરવા બેસું તો લંબાણુ થશે.

(૫) પોતાના ખેશીઓને તેઓએ ખાસ જમીનો અને જાગીરો આપી, જે કોઇ રીતે પણુ તેઓને મળી શકતી હતી નહિ.

ઉમ્મુલ-ફઝલ ઘણાજ ધીમા સાદે વાતો કરતા હતા કે, રખેને કોઇ સાંભળીને હ૦ આએશાને જઇને કહી દે. અસ્મા બિન્ત ઇબને આ વાતો સાંભળી રહી હતી. તેણી પોતાના દીલમાં હ૦ ઉસ્માન ઉપર મુકાયલા આ આરોપોની વાત સાંભળીને ખુશ થઇ કે, તેણીને હવે મોહમ્મદ તરફથી બચાવ કરવાનું બની આવશે, પણુ તેણી ઘણીજ કમતાકાત થઇ ગઈ હતી.

હવે ફરીથી તેણી બેભાન થવા લાગી અને પોતાનાજ બીછાનાપર તેણી બેશુદ્ધ થઇ ગઇ. ઉમ્મુલ ફઝલ તેણીને સુતી જોઇ, પેલી ઘરડીને નજીકમાંજ એક ખજુરીના બાગમાં લઈ ગયાં અને ત્યાં જઇને તેણીથી સઘળી કેફીયત પુછી.

હ૦ આએશા હમણાં સુધી પોતાનાજ ઓરડામાં બેસીને વાતો કરતાં હતાં. ઉમરાવોનાં લશકરો અને સઘળો સરસામાન તેજ બાગમાં પડયો હતો, માટે આ બન્ને બીહી બીહીને વાતો કરતી હતી, કે રખેને કોઇ સાંભળી લે. ઉમ્મુલ ફઝલે કહ્યું "મારી દુવા છે કે, ખોદા ઉસ્માન (રદી૦) પર દયા કરે અને હ૦ અલીની મદદ કરે. હું કોઇ મુસલમાનને તેઓ (હ૦ અલી) થી બહેતર જોતી નથી. તેઓ ખિલાફતને લાયક છે. તેઓ પેગમ્બરના પેહલા મદદગારોમાંથી છે, તેઓ બહાદુર છે. તેઓ પેગમ્બરના ઘણા નજદીકના ખેશી છે, મારા બેટા અબદુલ્લાના ધાર્યામુજબ તેઓનો અભિપ્રાય કમજોર હોયછે, છતાં પણ તે હાલના સઘળા મુસલમાનોપર તેઓને શ્રેષ્ઠતાઈ આપેછે અને તેઓની ખીલાફતથી ઘણોજ ખુશ છે, કાલેજ તે તેઓની ખીલાફતની ખબર સાંભળીને મદીના ખાતે ગયો છે કે, રખેને કોઇ જરૂરત પડે તો તેઓને સલાહ આપે અને તેઓની મદદ કરે.

"શું, તેઓ જયારથી હજ માટે આવ્યા હતા ત્યારથી તેઓ પાછા ગયાજ નથી?" ઘરડીએ પુછ્યું:

"હા" ઉમ્મુલ ફઝલે કહ્યું "ખલીફાએ તેને હાજીઓનો ઉપરી કરીને મોકલ્યો હતો. તે અહિંઆં આવ્યો અને તેઓ કતલ થયા. કાલે હ૦ અલીની ખીલાફતની ખબર સાંભળીને તે ઘણોજ ખુશ થયો, કેમકે "તલહા" અને ઝોબેરની હાજરીમાં એ કામ ઘણું મુશકેલ હતું. કારણકે તેઓ પણ ખીલાફતનો દાવો કરેછે."

હવે પેલી ઘરડીએ વાતોનો છેડો આણવાના હેતુથી પુછયું કે "અસ્માની બીમારીનું શું કરૂં?" "કંઇ ચિન્તાની વાત નથી" ઉમ્મુલ ફઝલે કહ્યું "કાલ સહવાર સુધી તેણી ઇન્શાઅલ્લાહ સારી થઇ જશે. આ વખતે તેણીને થોડું મધ પાવું જોઇએ."

"હુંતો એક વખત મધ લઇને ગઇ હતી" ઘરડીએ કહ્યું "પણ તેણીએ પીધુંજ નહિ હવે ઉમ્મુલ મોમેનીનથી કહુંછું કે, તેઓ ખુદ તેણીને પાય. તેઓના કહેવાથી ઘણું કરીને પી લેશે."

મધનું શરબત.

એ બન્ને એજ વાતો કરતી હતી, કે સાઇસોએ ઘોડા તૈયાર કરવા શરૂ કર્યા. આ બન્ને સમજી ગઇ કે, હવે ઉમરાવો પાછા ફરે છે. ઉમ્મુલ ફઝલ ઘરડીથી છુટાં પડીને પોતાના ખચ્ચરપર સ્વાર થયાં, જેને તેઓનો આફર લઇને ઘણીવારથી ઉભો હતો. ઘરડીએ પણ ઉતાવળે ત્યાંથી પાછું ફરવું શરૂ કર્યું, તેણીએ જોયું કે, સામેથી તમામ ઉમરાવો પાછા ફર્યા છે. તેણી જોકે તેઓને ઓળખી શકી નહિ છતાં તેણીએ એટલું તો જાણ્યું કે, તેઓ બનુઉમઇયા ખાનદાનવાળાઓ હતા. હવે તેણી ઘેર આવી. દરવાજો ઉઘાડો હતો. તેણીએ બહાર સપાટ પડેલી જોઇ અને પારખી કાઢી કે તે હ૦ આએશાંની છે તેણી જલદીથી અંદર ગઇ. હ૦ આએશાં (ઉમ્મુલ મોમેનીન) અસ્માનાં માથાં તરફ ઉભાં હતાં. તેઓએ ઘરડીને હળવેથી પગ મુકવાની ઇશારત કરી. અસ્મા આ વખતે ભર ઉંઘમાં હતી, તેણીના કપાળ ઉપર પરસેવો વહેતો હતો. હ૦ આએશાંએ ઘરડીથી અસ્માની તબીઅતના સંબંધમાં પુછ્યું. જેના જવાબમાં પેલીએ કહ્યું કે, જ્યારથી તેઓ ગયાં છે ત્યારથીજ તેણીને તાવ ચઢી આવ્યો છે.

"વારૂ" હ૦ આએશાંએ કહ્યુ " તમોએ તેણીને કંઇ દવા પાઇ ?"

"કેટલીક ઓરતોએ તેને મધનું શરબત આપવાની સલાહ આપી હતી" ઘરડીએ કહ્યું " મેં તેણીને આપ્યું પણ તેણીએ પીધું નહિ."

"ક્યાં છે ? લાવ હું પાઇશ." હ૦ આએશાંએ કહ્યું. અસ્માની આંખ આ વાતોથી ઉઘડી ગઇ. ઉમ્મુલ મોમેનીનને જોઇને તેણીએ ઉઠવાનો ઇરાદો કર્યો પણ તેઓએ તેણીને તેમ કરતાં અટકાવીને મધ પીવાની ફરમાશ કરી.

"મને આ વખતે" અસ્મા બોલી " ભુખ પણ નથી અને તરસ પણ લાગી નથી. મુખ્યકરીને મીઠી ચીજોપર તો મારૂં બીલકુલ મન પણ નથી."

"આ મધ એક દવા છે" હ૦ આએશાંએ ફરમાવ્યું " ઇનસાનને માટે ઘણીજ ફાયદાકારક છે. હ૦ પેગમ્બર ફરમાવતા હતા કે " ત્રણ ચીજોમાં તંદુરસ્તી છે. મધ પીવું, લોહી કઢાવવું, આતશ (આગ) થી, પણ હું મારી ઉમ્મતને ડામવાની મનાઇ કરૂંછું" ઉપરાંત હ૦ પેગમ્બરને મીઠાઇ અને મધપર ઘણો શોખ હતો."

એટલું કહી મધનો પ્યાલો અસ્માના હાથમાં આપ્યો. જે તેણી પી ગઇ. એ પછી તેઓએ તેણીને થોડું ઊંટણીનું દુધ પાયું. હવે અસ્માને જરા તાકાત આવી અને બુખારની અસર તથા તેણીનો ગભરાટ દુર થયો. હ૦ આએશાંએ ફરમાવ્યું "આજ આખો દીવસ મારી પાસે લોકો બેઠા હતા માટે હું થાકી ગઇ છું. અહિંઆ એક બાગ છે, ત્યાં હું જાઉં છું, મારી સાથે તું પણ ચાલ. કેમકે બાગનો લહેકી પવન તારે માટે ફાયદાકારક નીવડશે."

અસ્માને જે જોઇતું હતું તેજ વઇદે ફરમાવ્યું. તેણીની ઇચ્છાજ હ૦ આએશાંની સાથે રહેવાની હતી; એટલે તેણી તરતજ તઇયાર થઈ ગઇ. ઘરડી પણ તેઓની સાથે હતી. હ૦ આએશાં આગળ ચાલ્યાં તેઓના ચહેરાપરથી જાહોજલાલીની નિશાનીઓ જાહેર થઇ રહી હતી. બાગ નજદીકમાંજ હતો. તેઓ ત્યાં પહોંચ્યાં. દીવાલોને ઠેકાણે તેની ચારે તરફ ખજુરીનાં ઝાડ હતાં. એક તરફ એક છાપરૂં હતું તેમાં કેટલાંક સ્ટુલો પડેલાં હતાં ત્યાં જઇને તેઓ બેસી ગયાં. હ૦ આએશાં ચુપ હતાં. તેઓની ચુપકીદીને સબબે એ બન્નેમાંથી કોઇએ પણ બોલવાની હિમ્મત કરી નહિ.

તલહા અને ઝોબેર.

એ લોકોના બેસવાને હજીતો ઝાઝો વખત થયો નહિ હતો તેટલામાં ઘોડાઓનાં પગલાંનો અવાજ અને માણસોના આવવાનો સાદ સંભળાયો. હ૦ આએશાં ગરદન ઉઠાવી કપાળપર હાથ મુકી તે તરફ જોવા લાગ્યાં. એટલામાં બહારથી એક છોકરો ગભરાયલો દોડતો આવ્યો. તેનાથી હ૦ આએશાંએ પુછ્યું "કોણ છે?"

"મદીનાથી કાફલો આવ્યો છે" પેલા છોકરાએ કહ્યું "હ૦ તલહા અને ઝોબેર પણ છે, અને આપથી કંઇ વાત કરવા માંગે છે."

હ૦ આએશાંએ તેઓને બોલાવવાનો હુકમ આપ્યો અને ખુદ નેકાબ મોઢાંપર નાખીને બેસી ગયાં. અસ્મા ત્યાંથી ઉઠવા લાગી. હ૦ આએશાંએ કહ્યું કે, જવાની શું જરૂરત છે? તું આ છાપરાંની પછવાડે બેસી રહે.

આ સાંભળીને અસ્મા અને બરીરૂ બન્ને ઝુંપડીની પછવાડે જઇને બેસી ગઇ. અસ્મા પોતાનાં દીલમાં ઘણી ખુશી થઇ કે, તેને બે લોકોની વાત ચીત સાંભળવાની તક મળશે.

હવે તલહા અને ઝોબેર અંદર દાખલ થયા. તેઓની સાથે તેઓના બેટાઓ પણ હતા, તેઓએ હ૦ આએશાંને સલામ કરી.

"વ અલયકુમુસ્સલામ" હ૦ આએશાંએ સલામનો જવાબ આપતાં કહ્યું "તમો આ વખત કયાંથી આવોછો ?"

"મદીનાથી આવીએ છીએ" તલહાએ કહ્યું. "ત્યાંની શું હાલત છે ?" હ૦ આએશાંએ પુછ્યું "અને તમો કેમ છોડીને ચાલ્યા આવ્યા ?"

"લોકોએ ત્યાં ઘણોજ મોટો ફીતનો અને ફીસાદ જગાડયો છે" તલહાએ કહ્યું "તેઓ હક અને નાહક કંઇ સમજતા નથી. અમો લોકો એજ કારણને લીધે ત્યાંથી નહાસી આવ્યા છીએ."

તલહા ઘણોજ ઉશકેરાઇને ઉપલી વાતો કરતા હતા. ઝોબેર તેઓના બોલવાને અધુરૂં સમજી કંઇ બોલવા જતા હોય તેમ દેખાતા હતા.

"તમો લોકો જોતાજ રહ્યા ?" હ૦ આએશાંએ સવાલ કર્યો "અને ખલીફા ઉસ્માન (રદી૦) શહીદ કરવામાં આવ્યા ?"

"તે એક ખુદાના સમ છે" ઝોબેર હવે બોલ્યા "કે અમો અમારા ફરજંદો સહિત બળવાખોરોને લડાવતા હતા પણ મોતની આગળ કોનું જોર ચાલેછે ?"

"પછી" હ૦ આએશાં બોલ્યાં "તે શખસના હાથ ઉપર તમોએ બયઅત કરી લીધી ?"

આ સાંભળી બેઉ ઉશકેરાઇ જઇ કહેવા લાગ્યા કે "આ બયઅત અમારી ગરદનપર તલવાર મુકીને અમારી પાસેથી લેવામાં આવી છે. અમે હરગીઝ આ બયઅતથી રાજી નથી."

"તો હવે તમે જાઓ" હ૦ આએશાંએ કહ્યું "અને હ૦ ઉસ્માનના ખુનનો બદલો લીઓ, તે બીલકુલ જુલમથી કતલ કરવામાં આવ્યા છે"

"અમો એજ માટે આવ્યા છીએ" તલહા બોલ્યા. "હ૦ ઉસ્માનના મામાનો છોકરો અબદુલ્લા ઇબ્ને આમેર કે જે બસરાનો આમેલ છે

તે હમણાજ આવ્યો હતો." હ૦ આએશાંએ કહ્યું "જ્યારે તેણે ખલીફાના કતલની ખબર સાંભળી તો જેટલું નાણું તેની પાસે હતું તે સઘળું અહિંજ લઇ આવ્યો. એજ પ્રમાણે યઅલા ઇબ્ને ઉમઇયા યમનનો હાકેમ પણ આવીને "અબતહ" ખાતે ઉતર્યો છે. તેની પાસે સાતસો ઉંટ અને સાત લાખ દરહમ છે."

એજ વાતો થતી હતી કે, નોકરે આવીને ખબર આપી કે, ઇબ્ને આમીર અને યઅલા ઇબ્ને ઉમઇયા આવ્યા છે. હ૦ આએશાંએ તેઓને અંદર આવવા કહ્યું. પહેલાં ઇબ્ને આમીર દાખલ થયો. તે એકત્રીસ વરસનો લાલ ઝબામાં સજ થએલો જુવાન હતો, તેની પુંઠેજ યઅલા ઇબ્ને ઉમઇયા લંગડાતો લંગડાતો આવ્યો. બન્ને સલામ કરીને બેસી ગયા. તલહાએ ઇબ્ને ઉમઇયાથી લંગડાવાનું કારણ પુછયું.

"હું ઘણીજ ઝડપમાં હ૦ ઉસ્માનને મદદ આપવા જતો હતો" તે બોલ્યો "ત્યારે રસ્તામાં ઊંટઉપરથી પડયો જેથી મારો પગ ભાંગી ગયો, મારી સાથે લશકર અને ખજાનો છે. માટે ચાલો જઇને ખલીફાના ખુનનો બદલો લઇએ."

"હવે" ઝોબેર બોલ્યા "સઘળા સીરીઆ ચાલીએ અને ત્યાંથી ભેગા મળીને બદલો લેવા પાછા ફરીએ."

"સીરીઆ જવાની શું જરૂર છે?" ઇબ્ને આમેર બોલ્યો "ત્યાં તો અમીર મોઆવીયા પોતેજ મોજુદ છે, તેઓ ખુદ તમામ બંદોબસ્ત કરશે. મારો અભિપ્રાય એવો છે કે, આપણે બસરા જઇએ. ત્યાંના લોકો હજરત "તલહા"ના હાથ ઉપર બયઅત કરવા તૈયાર છે. "નહિ નહિ" તલહાએ કહ્યું "એમાં સખત ઝગડો થશે, હું બયઅત લઇ શકતો નથી, પણ હા બસરે જવું જોઇએ, કેમકે ત્યાં ફોજ અને સામાનનો પુરેપુરો બંદોબસ્ત થશે."

અસ્માએ એ સઘળી વાતો સાંભળી. તેણીની ખાતરી થઇ ગઈ કે હવે જરૂર ઇસ્લામમાં એક મોટા રીતનો બખેડો થશે. તેણીનું દીલ ગુસ્સાની લાગણી અને રંજથી કાંપવા લાગ્યું. તેણીએ ધરડીથી કહ્યું કે, "મારી સામે આ લોકોએ હ૦ અલીના હાથ ઉપર બયઅત કરી છે અને તેઓનો હુકમ માનવાના સમ ખાધા છે. હવે આ લોકો પોતાનું વચન તોડે છે!!!"

ખુનના દાવા માટે એકમત.

એટલામાં અસમાને એક એવો અવાજ સંભળાયો કે, તેણી કંપી ઉઠી. આ તેના દુશમન મરવાનનો અવાજ હતો, જે તેજ વખતે આવ્યો હતો. તે સલામ કરવાની અગાઉ કહેવા લાગ્યો "તમારા બન્નેમાંથી હું કોને ખીલાફતની સલામ કરૂં? અને કોની ખીલાફતને જાહેરાત આપું?"

"મારા પીતાને ખીલાફતની સલામ કરો" અબદુલ્લા બીને ઝોબેર બોલ્યો.

"નહીં, મારા બાપને" તલહાના બેટાએ કહ્યું. "મારા અભિપ્રાય મુજબ" મરવાન હસીને બોલ્યો "તમારા બન્નેમાંથી કોઇપણ ખલીફા બને નહિ, બલકે હ૦ ઉસ્માન (રદી૦) ના બેટાના હાથ ઉપર બયઅત કરીએ."

"એમ કેમ બને? મોટા મોટા સહાબીઓના હોવા છતાં છોકરાના હાથ ઉપર કેવી રીતે બયઅત લેવામાં આવશે?" તલહાએ ઉશકેરાઇને કહ્યું.

"મરવાન!" ઉમ્મુલ મોમેનીનને કહ્યું "તું અહિંઆં શું કુસંપ ફેલાવવા આવ્યો છે? બસ ચુપ રહે."

અસમા, મરવાનનો અવાજ સાંભળીને અને મુખ્ય કરી ઉમ્મુલ મોમેનીનને તેની ઉપર ગુસ્સે થતાં જોઇને ગુસ્સાથી ઉશકેરાઇ ગઇ. તેણીથી વધુ વખત પછવાડે થોભાયું નહિ. તેણી વગરબીહીકે લોકોમાં ચાલી આવી, સઘળાઓ તેણીને જોઇને હેરાન થઇ ગયા. તલહા અને ઝોબેર તેણીને ઓળખતા હતા. કેમકે મદીનામાં તેઓએ તેણીને અનેક વખતે જોઇ હતી. સઘળાઓ ચુપ હતા. અસમા હિમ્મતથી ત્યાં જઇને ઉભી રહી. તેણીએ મરવાન તરફ ફરીને કહ્યું "હજી પણ તું ફીતનો કરવાથી બાજ રહેતો નથી?" એટલું કહી તેણીએ ઉમ્મુલ મોમેનીન તરફ એવા ખ્યાલથી જોયું કે, તેઓ શું કહે છે, પણ તેઓ ચુપ હતાં, કેમકે અસમાએ મજલીસના કાયદાવિરૂદ્ધ મગલું બર્યું હતું.

"તું એમ કહે છે" મરવાન હસીને બોલ્યો "કે, મેં ખલીફાને કતલ કર્યા છે? ખલીફાને મોહમ્મદ સિવાય કોઇએ કતલ કર્યા નથી અને થોડાજ દહાડામાં તે પોતાને ફેજે પહોંચશે. હ૦ અલીના સાવકા છોકરા છે ના...!

" મુઆને અબીબકર ઉમ્મુલ મોમેનીનના ભાઇની શું વાત અને હ૦ અલી સાથે શું કામ ?" અસમાએ કહ્યું " જો તે લોકો અહિં હોતે તો તારાથી વાત પણ થઇ શકતે:નહિ."

મરવાન કંઇ બોલવા જતો હતો કે, ઉમ્મુલ મોમેનીને તેને બોલતાં અટકાવીને અસમાથી કહ્યું કે, તેણીએ પોતાના ઓરડામાં જવું. તેણીએ વધારે તકલીફ લેવી નહિ, કેમકે તેના જીવને સારૂં નથી.

ધરડીએ અસમાનો હાથ પકડીને કાઢ્યો અને તેઓ બન્ને ત્યાંથી ચાલી. અસમાને ગુસ્સાથી ધ્રુજણુ ચઢી આવ્યા હતા. ધરડી બીધી કે રખેને તેણી જમીનપર પડી તો નહિ જાય ? આગળ વધીને તેણીએ ધરડીથી કહ્યું કે, તેણી ત્યાં રહેવા માગતી હતી નહિ.

" કેવી રીતે જઇએ ?" ધરડીએ જવાબ આપ્યો " જો ઉમ્મુલ મોમેનીન શોધ કરશે તોપછી શું થશે ?"

" કંઇ પણ થાઓ" અસમાએ કહ્યુ " હું હવે કદી અહિંઆં રહેવાની નથી. મને મદીને લઇ ચાલો,"

" આ વખતે તો મદીને જવું અશકય છે." ધરડીએ કહ્યુ.

" તો કોઇ બીજે ઠેકાણે ચાલો" અસમા બોલી.

" આવો" ધરડીએ કહ્યું " ઉમ્મુલ ફઝલને ત્યાં જઇએ."

એટલું કહી આ બન્ને તે તરફ ચાલી. ધરડી તેવણનું ઘર જાણતી હતી. તેણીઓ ત્યાં પહોંચી. ઉમ્મુલ-ફઝલે મોહબતથી તેઓને બેસાડ્યાં, અસમાને પાછો તાવ ચઢી આવ્યો. તેણીના ગાલ તાવથી લાલ થઇ ગયા હતા. તેણીએ કહ્યું કે, તેણી ત્યાં રહેશે નહિ, તેણીને મદીને પહોંચાડી દેવી. તેણીએ કહ્યું " હું હ૦ અલીને જઇને કહીશ કે, આ લોકોએ સલાહ કરી છે કે, તમારાથી ખલીફા (રદી૦)ના ખુનનો બદલો લે. કેવું સારૂં થતે કે, આ લોકો ખલીફાના ખુનીઓથીજ ખુનનો બદલો લેતે, પણ એમ નથી. એઓ તો હ૦ અલીનાજ વિરોધી છે. શું હ૦ ઉસ્માનને હ૦ અલીએ કતલ કર્યા છે ! કે તેઓ ખલીફા (રદી૦)ના કતલના કામમાં શામેલ થયા છે ? કે જેની રૂએ આ લોકો તેઓથી બદલો લેવા તઇયાર થયા છે ? " નહિ નહિ, કદી પણ નહિ."

"ઉમ્મુલ-ફઝલ અસમાની આ વાતો સાંભળીને સમજી ગયાં કે જરૂર કંઇ નહિ ને કંઇ થયુ છે. તેઓએ ધરડીથી પુછયું અને તેણીએ સઘળી કેફીયત તેઓની સામે બયાન કરી.

"વારૂ" ઉમ્મુલ-ફઝલ બોલ્યા "હું હ૦ અલીને એ સંબંધી બાંનાથી વાકેફ કરૂં છું" એટલું કહી તેઓએ એક માણસને બોલાવ્યો, જેનું નામ "ઝફર" હતું. તેને એક પત્ર આપીને હ૦ અલીની સેવામાં મોકલ્યો તેઓએ સખત તાકીદ કરી કે તે પત્ર બીજો કોઇ શખ્સ જોવા માગે તો આપવો નહિ અને ફકત હ૦ અલીનાજ હાથમાં આપવો.

અસમા હવે ખુશ થઇ ગઈ. તેણીએ વિચાર કર્યો કે, તેણી પણ મોહમ્મદને કંઇ પેગામ સંદેશો મોકલે, પણ શરમ-લાજે આવીને તેણીનો હાથ પકડયો.

હવે ચાલો આપણે જોઇએ કે મોહમ્મદનો શું હાલ છે!

નવા હાકેમોની નિમણુંક.

મોહમ્મદ અસમાને મક્કાતરફ મોકલીને પાછો ફર્યો. જો કે તે જરા ખુશ હતો, કે તેણી હ૦ હસનના પંજામાંથી છુટી ગઇ. છતાં જુદાઈનો ગમ પણ જેવો તેવો હતો નહિ. તે મુંઝાવા લાગ્યો. વધારે ગુંચવાડો તેને એ માટે પેદા થયો કે, હ૦ હસન આ મામલામાં વચ્ચે પડ્યા છે. જો કોઈ બીજો હોત તો તેને વધારે ફીકર કરવાની જરૂર હતી નહિ, કે તેઓ હ૦ હસનથી એ માટે બીહતો હતો નહિ. કે તેઓ હ૦ અલીના ફરજંદ હતા, પણ તે ખુદ તેઓને ઘણુંજ માન આપતો હતો. બન્ને સાથેજ ઉછર્યા હતા. આ વખતે તે એજ મુંઝવણમાં હતો કે, જો હ૦ હસન અસમાનો હેવાલ યા તેણીના ચાલ્યા જવાનો સબબ પુછશે તો તે શું જવાબ આપશે? તેણે પોતાના દીલમાં ઠરાવ કર્યો કે, તે દહાડે તેણે મવલાઅલીને ત્યાં જવું નહિ. આખા દીવસ હ૦ હસનથી મુલાકાત થશે પણ નહિ, અને અસમાની વાત વચ્ચે આવશે પણ નહિ. પરંતુ સાથેજ તેને ફીકર લાગી કે, ગેરહાજરી માટે તે શું બહાનું રજુ કરશે! એવા એવા વિચારોના સમુદ્રમાં ગોથાં ખાતો ખાતો તે હ૦ અલીના મકાનપર પહોંચી પોતાની મા પાસે ગયો. તેઓ એકલાં બેઠેલાં હતાં. તેઓ તેને જોઇને ઘણાં ખુશ થયાં. પણ તેના ચહેરાપર ચિન્તાનાં ચિન્હો પ્રગટી નીકળેલાં જોઈ તવણે પુછ્યું કેમ આજે તું ચિન્તાતુર દેખાય છે?"

"કંઇ નહિ એમજ" મોહમ્મદ બોલ્યો.

"પણ વાત શું છે ?" મોહમ્મદની માએ પુછયું "અસ્મા ! શું ખીલાફતના મામલામાં કંઇ ગુંચવાડો છે, કે જેથી તું બીહે છે !"

"મને બીક શાની છે ?" મોહમ્મદે જવાબ આપ્યો "પણ વાત એ છે કે, ફીતનો જરૂર બરપા થશે. તલહા અને ઓમેર વિરૂદ્ધ છે, તેઓ જંપીને બેસવાના નથી."

"બેટા !" મોહમ્મદની મા બોલ્યાં "કંઇ ફીકરની વાત નથી. અબુલ હસન (હ૦ અલી)ના હાથ ઉપર મુસલમાનોએ બયઅત કરી છે તેઓની સાથે બાહોશ અને અનુભવી સહાબીઓ છે, ઇન્શાહઅલ્લાહ કોઇપણ જાતની ખરાબી થશે નહિ !"

"એમ તમારે નહિ સમજવું," મોહમ્મદ બોલ્યો "કે હ૦ અલીના ઘણા તરફદારો છે. એમાં ઘણાંકો એવા પણ છે, કે જેઓની જબાંપર કંઈ બીજી વાત છે. અને દીલમાં વળી બીજી દીલગીરીની વાત એ છે કે, આ વખતે અબદુલ્લા ઇબ્ને અબ્બાસ નથી. તેઓ ઘણાજ બાહોશ શખ્સ છે."

"શું તેઓ હજથી પાછા ફર્યા નથી ?"

"નહિ" મોહમ્મદે કહ્યું.

"મોગયરા ઇબ્ને શોઅબા પણ ઘણાજ અનુભવી શખ્સ છે" મોહમ્મદની મા બોલ્યાં.

"એમાં શક નથી" મોહમ્મદે કહ્યું "કે તમામ સહાબીઓ કરતાં તેઓ વધારે અનુભવી છે. પણ તેઓ તે ચાર શખ્સોમાંથી છે, કે જેઓ તમામ અરબની મક્કરબાજીમાં જાણીતા છે"

"અને બીજા ત્રણ કોણ ?"

"અમીર મોઆવીઆ, ઓમર ઇબ્નુલ આસ, અને ઝેયાદ ઇબ્ને અબ્બ"

મોગયરા ઇબ્ને શોઅબા

મોહમ્મદ પોતાની માથી એજ વાતો કરતો હતો, કે બાહેરથી હ૦ હસન આવ્યા. મોહમ્મદ બોલ્યો કે હસન આવે છે, તો તેઓથી પુછીશું કે મોગયરાનો શું અભીપ્રાય છે! ઇમામાએ તેઓને અંદર બોલાવવા કહ્યું. મોહમ્મદ તેઓને બોલાવવા ગયો, એટલામાં તેઓ ખુદ અંદર દાખલ થયા;

"બાઇ!" મોહમ્મદે હ૦ હસનને સલામ કરીને પુછયું "હ૦ અલી અને મોગયરા વચ્ચે શું વાતચીત થઇ?"

હ૦ હસન ફકત માથું હલાવીને ખામોશ થઇ ગયા અને ત્યાંજ એક ઓટલાપર બેસીને પોતાની પાઘડી દુરસ્ત કરવા લાગ્યા.

"આપ કહો" મોહમ્મદે બેચેન અને બજીદ થઇને પુછયું "શું વાતચીત થઇ? હું સાંભળવા માટે ઘણોજ આતુર છું."

"મોગયરા ઇબ્ને શોઅબાની વાતચીત વિષે પુછોછો કે!" હ૦ હસન બોલ્યા "તેતો ભયંકર ગુફતેગો છે."

"શું?"

"એમાં શક નથી" હ૦ હસને ફરમાવ્યું "કે મોગયરા ઘણોજ અનુભવી અને હુશીઆર માણસ છે; પણ પીતાજીએ તેની વાતોપર કંઇ ધ્યાન આપ્યું નહિ. મને મોગયરાની વાત ઘણીજ પસંદ આવી છે, પણ પીતાજી એક સ્વતંત્ર વિચારના શખ્સ હોવાને લીધે પોતાની સામે કોઇનું સાંભતા નથી. આ ઉમ્મતમાં સૌથી વધારે એજ શખસ (મોગયરા) મક્કરબાજ શખસ છે."

"મોગયરા શું કહેછે?" મોહમ્મદે પુછયું.

"તમો તો ખુદ જાણોછો કે" હ૦ હસને કહ્યું "કેટલાક લોકોએ નામરજીથી બયઅત કરી છે અને એ પણ તમો જાણોછો કે, અમોને મક્કા અને મદીનાવાળાઓની કંઇ બીક નથી. જે કંઇ બીક છે તે મીસર, સીરીઆ, કુફા અને બસરા તરફથી છે. તેમાં સૌથી વધારે સીરીઆની ફીકર છે, કેમકે સીરીઆના હાકેમ અમીર મોઆવીયા અમારાથી સખત અદાવત રાખે છે. તેજ મુજબ આમેર બસરાનો હાકેમ મોટો શત્રુ છે."

"હા હા," મોહમ્મદ બોલ્યો.

"ત્યારે" હ૦ હસને ફરમાવ્યું "મોગરાએ એજ સલાહ આપી હતી કે, 'આ બહારના હાકેમોને તેઓના ઓહદાપર કાયમ રાખવા. હમણા તેઓથી કંઇ બોલવું નહિ, ને ચુપચાપ રહેવું. જ્યારે ખીલાફતનો પાયો મજબુત થઇ જાય ત્યારે તમારી મરજીમાં આવે તેને બરતરફ કરજો, પીતાજી તેનું કહેવું બીલકુલ સ્વિકારતા નથી; અને તેઓ સઘળાઓને હમણાજ બરતરફ કરવા કહેછે. આખરે જ્યારે મોગયરાએ જોયું કે, હ૦ અલી

પોતાના ઠરાવપર ઘણુજ મક્કમ છે, ત્યારે તેણે કહ્યું 'વારૂ તમારી મરજી-માં આવે તેને બરતરફ કરો, પણ અમીર મોઆવીઆને રેહવાદો, કેમકે તેઓ એક ઘણુજ શુરા શખસ છે. એ ઉપરાંત સીરીઆવાળાઓને તેઓના તાબામાં જો આપ બહાલ રાખશો તો સારૂં થશે ' પણ પીતાજીએ કંઈ હ૦ ઉસ્માનના જમાનાથી નહિ, બલકે હ૦ ઉમરના જમાનાથી સમ ખાધા છે કે, જેથી એક દીવસ પણ તેઓ મોઆવીયાને રાખશે નહિ. એ પછી મોગયરા ચાલ્યા ગયા. "

" મોગયરા વિષે તમારો શું અભિપ્રાય છે ? " મોહમ્મદે પુછ્યું.

" તેઓની સુચના ઘણીજ સરસ છે " હ૦ હસને કહ્યું " કેમકે આ વખતે જો આ હાકેમો તરફ આંખમિચામણી કરવામાં આવશે તો ઘણુંજ વ્યાજબી થશે; પછી જોઇએ કે, તે લોકો શું કરે છે ! "

" ઠીક છે " મોહમ્મદની મા બોલ્યાં " અબદુલ્લા ઇબને અબ્બાસ આવછે અને હ૦ અલી તેઓનું કહ્યું સાંભળે છે. એ બનવાજોગ છે કે, જો તેઓ સમજાવે તો તેઓ સમજી પણ જાય. "

" હું નથી ધારતો " હ૦ હસન બોલ્યા " કે તેઓ કોઇનું કહ્યું માને, કેમકે આ વખતની તેઓની વાતચીતથી સિદ્ધ થાયછે કે, તેઓએ સઘળાઓને બરતરફ કરવાનો ઠરાવ કર્યો છે. એટલું બોલ્યા પછી એકા-એક હ૦ હસનનો ચહેરો ખુશ ખુશ થઇ ગયો. તેઓ મુછમાં હસીને કહેવા લાગ્યા " ખીલાફતના ઝગડાઓમાં હું એક વાત ભુલી ગયો, કે જે હું પીતાથી કહેવા માગતો હતો. "

મોહમ્મદ જોકે સમજી ગયો કે, તેઓ અસ્માના સંબંધમાં હ૦ અલીથી કંઇ કહેવા માગતા હતા, તોપણ તેણે અજાણપણાથી પુછ્યું " શું છે ? "

" હું જાણું છું કે " હ૦ હસન બોલ્યા " તમો મારા તે ઇરાદાને ભુલી ગયા હશો નહિ, જે હું તે છોકરીના સંબંધમાં ધરાવતો હતો. તેણી એજ કે જેને તમો લાવ્યા હતા. " (મોહમ્મદની મા તરફ જોઇને) " તેણી ઘણીજ ખુબસુરત હતી. મેં એવી સુંદરીઓ ઘણી થોડી જોઈ છે. "

મોહમ્મદ સખત વિચારમાં પડયો કે, તે શું જવાબ આપે ! પણ તેણે બેદરકારીથી કહ્યું " આપે તેના જવા અગાઉ મને કેમ નહિ કહ્યું ? "

" હેં " હ૦ હસને ગભરાઇને પુછ્યું " તેણી કયાં ચાલી ગઇ ? "

"તેણી આજે સહવારેજ મક્કા ગઇ."

"કેમ?" હ૦ હસન બોલ્યા "તેણી તો એકલી હતી! કોણુ જાણે કેમ ચાલી ગઇ! તેણીની સાથે કોણ ગયું છે?"

"મારી એક ઘરડી સગી સાથે તેણી ગઈ છે" મોહમ્મદે જવાબ આપ્યો "તથા ઉમ્મુલ મોમેનીનના મઇરાના કેટલાક માણુસો પણ તેણીની સાથે મક્કા ગયાછે, તેણી ઉમ્મુલ મોમેનીનને મળવાને ઘણી આતુર હતી.

હ૦ હસને આ સાંભળીને પોતાનું માથું નીચું કરી લીધું. ઘણીવાર પછી તેઓએ માથું ઉચકીને કહ્યું "ખયર, કંઇ ફિકર નહિ, હું કોઇ ફુરસદના વખતે તેણીના સંબંધમાં પીતાજીથી વાત કરીશ. જો તેણી આવશે નહિ તો કોઇને મોકલી બોલાવી લઇશ."

એટલું કહેતા કેહતા તેઓ બાહેર ચાલ્યા ગયા. મોહમ્મદ તેઓની આ વાતો સાંભળીને ઘણોજ ચિંતાતુર બની ગયો અને તેને ખાતરી થઇ ગઈ કે, હવે અસ્મા જરૂર તેનાથી છુટી જશે. તેના ચહેરાનો રંગ ફીક્કો પડી ગયો. તેની માએ આ હાલત જોઇને પુછ્યું કે, હ૦ હસનની વાતોથી તે એટલો ચીંતાતુર કેમ બની ગયો? મોહમ્મદે એનો કંઈ જવાબ આપ્યો નહિ, એટલે તેની માએ ફરીથી પુછ્યું, જેથી તે ગુંચવડામાં પડયો કે, આ ભેદ જાહેર કરવો કે નહિ! આખરે તેનાથી ચુપ રહેવાયું નહિ અને તે કહેવા લાગ્યો "જે છોકરી વિષે હ૦ હસન હમણા વાત કરતા હતા તેની વાત તો થઇ ગઈ છે."

"કોણુની સાથે?"

"મારી સાથે" મોહમ્મદે કહ્યું.

"પછી હ૦ હસન કેમ તેણીને માંગે છે?"

"તેઓ એ વાત જાણુતા નથી" મોહમ્મદે જવાબ આપ્યો.

"પછી શું કરશે?"

"હું સમજી શકતો નથી" મોહમ્મદ બોલ્યો "ખયર જોઇશું જે નસિબમાં હશે તેજ થવાનું."

"તો તેણીને માટે તું હ૦ હસનને નારાજ કરશે?"

"નહિ નહિ, કદી નહિ" અને એટલું કહી તે બાહેર ચાલ્યો ગયો.

અબદુલ્લા બીન અબ્બાસ.

કેટલાક દહાડા વિતી ગયા. હ૦ હસને એજ વિચારમાં હતા કે, તેઓ હ૦ અલીથી અસ્માના સબંધમાં કંઇ વાતચીત કરે, પણ કામના દબાણને લીધે તેઓને તેમ કરવાની તક મળી શકી નહિ. કેમકે જ્યારથી હ૦ અલી ખલીફા થયા હતા ત્યારથી તેઓને એક પળ પણ આરામ મળ્યો હતો નહિ. તમામ સલ્તનતના હાકેમો તેઓના વિરોધી હતા. જો હ૦ અલી મોગયરાના કહેવાપર ચાલત તો તેમ થાત નહિ, પણ તેઓને મુનાસેબ એમ લાગ્યું કે, તે લોકોના બદલામાં ખુદ તેઓના ભરૂસાદાર લોકોની નેમણુક થવી જોઇએ. એવી એવી મુશ્કેલો અને ગુંચવણોને લીધે હ૦ હસન અસ્મા બાબે કંઈ કહેવાની હિંમત કરી શકતા હતા નહિ. તેઓએ એવો ઠરાવ કર્યો કે, જ્યારે અબદુલ્લા બીન અબ્બાસ મક્કાથી અતરે આવશે ત્યારે તેઓની માર-ફતે હ૦ અલીથી એ વાત કરવી મુનાસેબ થશે. કેમકે, ઇમામઅલી અબ-દુલ્લા બીન અબ્બાસનું કહ્યું ઘણું માનતા હતા. હ૦ હસને મોહમ્મદથી પણ પોતાનો આ વિચાર જાહેર કર્યો. તેણે કંઇ જવાબ આપ્યો નહિ તેને બેહદ રંજ થયો.

જ્યારે અબદુલ્લા ઇબ્ને અબ્બાસના મદીનામાં આવવાની ખબર મળી તો મોહમ્મદે એવો વિચાર કર્યો કે, તેઓથી મળીને તે તેઓનો ખ્યાલ ખીલાફતના સવાલ તરફ ફેરવી દે, કે જેથી હ૦ હસન તેઓથી અસ્મા વિષે કંઇ કહી શકે નહી. એવા વિચારથી હ૦ હસનને તો હમણા સુધી તેઓના આવવાની ખબર પણ થઇ નહિ કે, મોહમ્મદે જઇને તેઓની મુલા-કાત લીધી અને તેઓ સનમુખ મોગયરા વગેરેની સઘળી કેફીયત કહી સંભ-ળાવી અને કહ્યું કે, હ૦ અલી તેઓની વાટ જોતા હતા. વધુમાં તેણે ઉમેર્યું કે, જો તેઓ હ૦ અલીને સલાહ આપે તો બનવાજોગ છે કે, તેઓ બાહે-રના હાકેમોને બરતરફ કરે નહિ."

" મારા ધાર્યા મુજબ " હ૦ ઇબ્ને અબ્બાસ બોલ્યા " મોગયરાએ ઘણોજ સારો અભિપ્રાય આપ્યો છે. " અમો સઘળાઓ તેઓના અભિ-પ્રાયને પસંદ કરીએ, છીએ " મોહમ્મદે કહ્યું " પણ કરીએ શું ! "

" હું હમણા જઇને ખલીફા (હ૦ અલી) થી કહું છું. "

એટલું કહી તેઓ ત્યાંથી ઉઠયા. તેઓને આ મામલો ઘણોજ બારીક માલમ પડયો, તેઓ ઇસ્લામના સાચા ખેરખાહ રૂપને હ૦ અલીના પેશી

હતા. તેઓની ઉમર આ વખતે ચાલીશ વરસની હતી. તેઓનો ચેહેરો ખુબસુરત અને રંગ ગોરો હતો. તેઓનો ચહેરો ઘણોજ ગંભીર દેખાતો હતો. તેઓ હદીસ, તફસીર, કુરાન અને નિતિવિધામાં ઘણાજ પ્રવીણ હતા. તેઓ ઘણાજ સારા વકતા હતા.

હવે તેઓ ચાલ્યા, મોહમ્મદ પણ તેઓની પુઠે ચાલ્યો. હ૦ અલી પાસે પહોંચતાં તેઓને માલુમ પડયું કે, મોગયરા ત્યાંથી ઉઠીને ગયા હતા. મોહમ્મદે હ૦ ઇબ્ને અબ્બાસથી કહ્યું કે, તેના ધારવા મુજબ મોગયરા બીજી વખતે હ૦ અલીને સમજાવવા આવ્યા હશે.

" હું જાણુંછું તેમ " હ૦ ઇબ્ને અબ્બાસે કહ્યું " આ વખતે તેઓએ બીજોજ અભિપ્રાય આપ્યો હશે "

એટલામાં હ૦ હસન પણ સામેથી આવી લાગ્યા. ઇબ્ને અબ્બાસને જોઇને તેઓને તેઓએ સલામ કરી અને થોડીવાર સુધી અહિં તહીંની વાતો કરતા ઉભા રહ્યા. પછી તેઓ કંઇ કામ માટે ચાલ્યા ગયા અને ઇબ્ને અબ્બાસ તથા મોહમ્મદ હ૦ અલીના ઓરડામાં દાખલ થયા. તેઓ આ વખતે જરા સુસ્ત દેખાતા હતા. તેઓના ચહેરાપરથી માલમ પડતું હતું કે, તેઓ ભારે ફીકરમાં છે, તેઓ હ૦ ઇબ્ને અબ્બાસને જોઇને ઘણા ખુશ થયા અને પોતાની પાસે તેઓને બેસાડયા. મોહમ્મદ એક તરફ બેસી ગયો એટલામાં હ૦ હસન પણ તેનીજ પાસે વાતો સાંભળવાને આવીને બેસી ગયા.

હ૦ અલી અને હ૦ ઇબ્ને અબ્બાસ.

થોડીવારની ચુપકીદી પછી હ૦ ઇબ્ને અબ્બાસે હ૦ અલીથી પુછયું " હમણાજ મેં મોગયરાને આપની પાસેથી જતા જોયા છે. આ વખતે તેઓએ સારી સલાહ આપી હશે. મારા અભિપ્રાય મુજબ તેઓ ઘણાજ બાહોશ અને અકલમંદ શખસ છે "

" મારો પણ તેઓ વિશે એજ ખ્યાલ છે. " હ૦ અલીએ ફરમાવ્યું " કેટલાક દહાડાની વાત ઉપર તેઓએ એવી સુચના કરી હતી કે, મોઆવીઆ વગેરે જેટલા બહારના હાકેમ છે તેઓને બરતરફ કરવા નહિ, તમો જાણો છો કે, જો આ લોકોના હાથમાં કંઇ રહેશે તો તેઓ ઘણી સહેલાઇથી અમારો મુકાબલો કરશે, એમાં એક પણ એવો

નથી, કે જે અમારો શત્રુ નહિ હોય. એજ કારણને લીધે મેં મોગયરાની સુચના સ્વિકારી નહિ, પણ પછી તેઓએ કહ્યું કે ' વારૂ ! સઘળાઓને બરતરફ કરો, પણ મોઆવીઆને રહેવા દો ! મેં સમ ખાધા કે હું તેઓને એક દિવસ પણ રહેવા દેવાનો નથી. તેજ વખતે તેઓ મારી પાસેથી ઉઠીને ચાલ્યા ગયા. તેઓના ચહેરાપરથી જણાતું હતું કે, તેઓ મારા ડહાપણને બ્યાજબી ખ્યાલ કરતા નથી. તે પછી તેઓ હમણા આવ્યા અને કહેવા લાગ્યા કે, " મારી પહેલી સુચના આપે સ્વિકારી નહિ. મેં તેપર વિચાર ચલાવ્યો તો મને પણ એમ લાગ્યું કે, આ લોકો આપણા રસ્તામાં કાંટા સમાન છે, માટે હવે હું તમારા અભિપ્રાયથી મળતો આવું છું કે, તેઓ સઘળાને તુરતજ બરતરફ કરવામાં આવે. અલ્લાહપર ભરોસો રાખીને તેઓને બરતરપ કરો. "

" તેઓના આ એકબીજાથી ઉલટા અભિપ્રાયથી હું અજબ થાઉં છું " હ૦ અલીએ ફરમાવ્યું.

" શું આપનો એવો ખ્યાલ છે ? " ઇબ્ને અબ્બાસે મુછમાં હસીને કહ્યું " કે, આ વખતે પણ મોગયરાએ ખેરખાહીથી સલાહ આપી છે ? "

" હાજ તો વળી " હ૦ અલીએ ફરમાવ્યું.

" આપને જાણવું જોઇએ " ઇબ્ને અબ્બાસ બોલ્યા " કે પહેલાં મોગયરાએ અલબતા ખેરખાહીથી સલાહ આપી હતી, અને આ વખતે દગો કર્યો છે. આપ પોતેજ ખ્યાલ કરો કે, મોઆવીઆ વગેરે લોકો દુન્યાદારી છે, જો આપ તેઓને તેઓના ઓધાપર બહાલ રાખશો તો તેઓને એ વાતનો જરાપણ ખ્યાલ થશે નહિ કે કોણ ખલીફા થયો અને કોણ નહિ, પણ જો આપ તેઓને બરતરફ કરશો તો તેઓ કહેશે કે, આપ કેવી રીતે ખલીફા થઈ ગયા ? આપની ખીલાફતનો સ્વિકાર કોણે કર્યો? અને આપની ઉપર હ૦ ઉસ્માનની કતલનો પણ આરોપ મુકશે. તમામ સીરીઆવાળાઓ લડવા તઇયાર થઈ જશે. ઇરાકવાળાઓ અને બસરાવાળાઓ આપણીપર તુટી પડશે. ઉપરાંત "તલહા" અને "ઝોબેર" ઉપર પણ હું ભરોસો રાખી શકતો નથી. "

હ૦ અલી માથું નીચું કરી આ વાતો સાંભળતા હતા. મોહમ્મદ અને હ૦ હસન ઘણા ખુશ હતા કે, ખુદા કરે ને હ૦ અલી અમીર મોઆવીઆને બરતરફ કરે નહિ; નહિતો એકદમ લડાઇ થશે.

ઘણા વખત પછી હ૦ અલીએ માથું ઉંચકીને ફરમાવ્યું કે " હું મોઆવીયા સાથે આ તલવાર સિવાય બીજી કોઈ ચીજથી કામ લઈ શકતો નથી."

હ૦ ઇબ્ને અબ્બાસ તેઓની યુક્તેગો સાંભળી અને તેઓને ગુસ્સે થએલા જોઈ કંઇ બોલવાની હિમ્મત કરી શક્યા નહિ પણ તેઓએ વિચાર કર્યો કે, હ૦ અલીનું આ ઠરાવપર કાયમ રહેવું પણ ઠીક નથી, કેમકે તેનું પરિણામ પછી ખુનરેજીમાં આવશે. હ૦ અલીના ખાસ સલાહકાર હોવાથી આમેરે તેઓને હિમ્મત આપીને કહ્યું કે " આપ એક શુરા માણસ છો તેથી એવી વાતોની દરકાર કરતા નથી. નહિતો યુકતી તદબીર એક એવી ચીજ છે કે, તેને પ્રતાપે વગરમુસીબતે કેટલેક વખતે સફળતા મળે છે. શું આપે સાંભળ્યું નથી, કે હ૦ પેગમ્બર (સ૦ અ૦ વ૦) ફરમાવતા હતા કે "લડાઇ એ યુકતી છે."

" હા બેશક " હ૦ અલીએ કહ્યું.

" હું સમ ખાઇને કહું છું " ઇબ્ને અબ્બાસ (રદી૦) બોલ્યા " કે જો આપ આ સલાહમુજબ અમલ કરશો તો હું મારી તદબીરોથી તેઓને થોડાજ દહાડામાં એવા કમજોર કરી દઇશ કે, તેઓ વિરૂદ્ધતા કરવાને લાયકજ રહેશે નહિ. આ કોઇ ગુનોહપણ નથી અને આપપર કોઇ આક્ષેપ પણ મુકી શકશે નહિ. તે લોકો એકદમમાં હવા થઇ જશે "

" તમારી વાતો " હ૦ અલી બોલ્યા " અને મોઆવીઆ બન્ને માટે મને જરાપણ ભાન નથી "

"હું ફરીથી કહું છું " હ૦ ઇબ્ને અબ્બાસ બોલ્યા " કે આપ મારી સલાહમુજબ કામ કરો, નહિતો તમામ અરબવાળાઓ આપની વિરૂદ્ધ થઇ જશે. જો આજ આપ તેઓને બરતરફ કરશો તો કાલેજ હ૦ ઉસ્માનના ખૂનનો બદલો લેવા તઇયાર થઇ જશે. આપ ફેસાદનો દરવાજો બંધ કરો."

" તમો સલાહ આપો છો " હ૦ અલીએ ફરમાવ્યું " પણ જ્યારે હું તમારી સલાહ માનતો નથી, તો તમો મારી સુચના કબુલ કરો."

" હું તો હમેશાંથીજ આપનો તાબેદાર છું " હ૦ ઇબ્ને અબ્બાસ બોલ્યા " જ્યારે આપ મારી સલાહ માનતા નથી તો આપની મરજીમાં આવે તેમ કરો."

"વારૂ" હ૦ અલીએ હુકમ આપ્યો "તમો સીરીઆ જાઓ હું તમોને ત્યાંનો હાકેમ મુકરર કરૂં છું"

"મને પસંદ નથી" હ૦ ઇબ્ને અબ્બાસ બોલ્યા "કે આપ મને સીરીઆ મોકલો. કેમકે, મોઆવીયા બનુઉમૈયા ખાનદાનથી છે. તેઓ હ૦ ઉસ્માનના નજદીકના સગા છે. સીરીઆપર તેઓનો કબજો છે. ત્યાં જવાથી હું બીહું છું કે, તે મને કતલ નહિ કરી નાંખે, કેમકે જે મુજબ તેઓ આપથી અદાવત રાખે છે તેજમુજબ મારા પણ દુશ્મન છે. કંઇ નહિ તો એટલું તો જરૂરજ થશે, કે તેઓ મને કેદમાં પુરશે અને પછી મારી ઉપર સઘળા આરોપો મુકીને મારાથી જવાબ માગશે મારો એવો અભિપ્રાય છે કે આ વખતે તમો તેઓપર ઉપકાર કરો, કે જેથી કરીને તેઓ ફેસાદ બરપા કરવા માટે તૈયાર થાય નહિ.

' એમતો કેમ બની શકે ?" મવલાઅલી બોલ્યા.

આ સાંભળીને અબદુલ્લા ઇબ્ને અબ્બાસ ચુપ રહી ગયા. થોડીવાર પછી તેઓએ જવાની પરવાનગી માગી અને ત્યાંથી ઉઠીને ચાલ્યા. મોહમ્મદ અને હ૦ હસન પણ ત્યાંથી ચાલ્યા, પણ વિચારોમાં લીન થએલા હતા. એક બીજાથી કોઇએ વાત કરી નહિ એટલામાં હ૦ અલીએ બાહેર આવીને જાહેર કર્યું કે, બસરા, કુફા, મીસર, યમન અને સામ (સીરીયા) ના હાકેમો બરતરફ કરવામાં આવ્યા છે અને તેઓની જગાપર "ઉસ્માન ઇબ્ને હનીફ"ને બસરા, આમેર ઇબ્ને શહાબને કુફા, અબદુલ્લા ઇબ્ને અબ્બાસના નાના ભાઇ ઓબેદુલ્લા ઇબ્ને અબ્બાસને યમનના હાકેમ નેમ્યા છે તથા "કએસ ઇબ્ને સોહલ"ની મીસર, અને ઇબ્ને હનીફની સીરીઆના હાકેમ તરીકે નેમણુંક કરી છે.

અમીર મોઆવીયાનો રવૈયો.

એ લોકોના જવાને કેટલાક દહાડા વીતી ગયા. હ૦ અલીની પાસે રાત અને દિવસ અમીરો બેઠા રહેતા હતા અને ખીલાફતના મામલા વિશે વિચાર ચલાવતા હતા. ઇમામ હસનને અસ્માવિષે હ૦ અલીને કંઇ પણ કહેવાની જરાએ તક મળી શકી નહિ. ઉપરાંત તેઓ પોતે પણ એ-

વાજ ઝગડાઓમાં ફસેલા હતા. જ્યારે અમીરો ચાલ્યા ગયા અને લોકોની ઝાઝી આવજાવ બંધ પડી તો ઈમામ હસને મજકુર બીના જાહેર કરવાનો વિચાર કર્યો. મોહમ્મદની હાલતથી તેઓ બીનવાકેફ હોવાથી તેની સામે પણ પોતાની વાત અવારનવાર કરતા હતા, તે તેઓની વાતો સાંભળીને હમેશાં ચુપ રહી જતો હતો. કદી કદી તેને એમ લાગ્યું કે, તે પોતાની વાત ઇ૦ હસનની આગળ કહી દે. પણ તેઓના નારાજ થવાની બીહકે તે ચુપ હતો. એજ પ્રમાણે કેટલાંક અઠવાડીઆં વિતી ગયાં. એક વખત મોહમ્મદ મસ્જીદના એક ઓરડામાં બેઠો હતો એટલામાં ઇ૦ હસન તેની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે, "પીતાજી હવે ખીલાફતના ઝગડાઓથી મોકળા થયા છે, એથી ઉમદા કોઇ બીજી તક અરમાની બાબત વાત કરવાની મને મળશે નહિ. હું ઇચ્છુંછું કે, તમો પણ મારી સાથે આવીને એ મામલામાં મારી મદદ કરો અને તમો ખુદ પીતાજીને મારી તરફથી એ વાત કહો."

આ સાંભળીને મોહમ્મદ અજબ ગુંચવાડામાં પડયો. શું જવાબ આપવો તેની તેને મુદ્દલ સમજ પડી નહિ. એકતો શરમ-લાજ અને બીજી તરફ ઇ૦ હસનની મોહબ્બત તેની અજબ સ્થીતી હતી. શું કહેવું તેની તેને સમજ પડી નહિ. તે વાત ઉડાવવાની મતલબથી વિચારવંત રીતે બીજી તરફ જોવા લાગ્યો. "જવાબ કેમ નહિ આપતા" ઇ૦ હસને પુછ્યું "તમારી શું સલાહ છે?"

મોહમ્મદ હવે માથું ઉંચકીને જોવા લાગ્યો જેપરથી એમ માલમ પડતું હતું કે, તે ઘણીજ બારીકીથી કોઇ ચીજને જોઇ રહ્યો હતો અને તેણે ઇ૦ હસનની ગુફતેગો મુદ્દલ સાંભળી નહિ.

"તમો શું જુઓ છો?" ઇ૦ હસને પુછ્યું "તે જુઓ" મોહમ્મદે આંગળીથી ઇશારત કરીને કહ્યું "મદીનાની દીવાલની બાહેર એક માણસ વિજળીની મીસાલ ઊંટણીપર સવાર થઇને આવે છે. મને એમ લાગેછે કે, તે કોઈ ઠેકાણેથી સંદેશો લાવ્યો છે."

ઇ૦ હસન પણ તે તરફ જોવા લાગ્યા. ઊંટણી ઘણીજ ઝડપથી આવતી હતી પણ કંઇ બરાબર દેખાતું હતું નહિ. તેઓએ પુછ્યું "તે ક્યાંથી આવતી લાગે છે?"

"ખરૂં કહું છું" મોહમ્મદ એવા વિચારથી કે, હવે તેઓનું ધ્યાન બીજી તરફ ખેંચાયું છે, તે ખુશ થઇને બોલ્યો "કે, આજકાલ જો હું કોઇને સંદેશો લાવતા જોઉં છું તો બીહી જાઉં છું કે, રખેને તે કોઇ માઠી ખબર લાવ્યો હોય! મારો ખ્યાલ એવો છે કે, અમીરૂલ મોમેનીન હ૦ અલીએ જે હાકેમો પોતાની તરફથી નેમીને મોકલ્યા છે તેઓ પાછલા પગે ફરશે. અલ્લાહ ખેર કરે."

"હું ધારૂં છું" હ૦ હસન બોલ્યા "કે, તે કોઇનો કાસદ છે."

"ઘણું કરીને" મોહમ્મદ બોલી ઉઠયો "આ મોઆવીયાનો કોઇ પત્ર લાવે છે, કેમકે તે સીરીઆ તરફથી આવતો જણાય છે. મોઆવી-આના પત્રથી તો ફીકર અને ડર લાગે છે."

"ચાલો જોઇએ તે કયાંથી આવે છે" હ૦ હસન બોલ્યા.

"ચાલો ત્યારે" મોહમ્મદ બોલ્યો "હવે તો આ ફેંસલો થઇ જશે કે સુલેહ યા લડાઈ વિષે ત્રણ મહિના થયાં અમીરૂલ મોમેનીને તેઓને પત્ર લખ્યો હતો, કોણ જાણે તેનો શું જવાબ આવે છે!"

એટલું કહી તેઓ ચાલ્યા. હવે કાસદ શહેરમાં દાખલ થયો. જ્યારે તે નજદીક આવ્યો તો તેઓને માલમ પડયું કે, તે શામ (સીરીઆ)નો રહેવાશી હતો. તેણે એક જુબો પહેરેલો હતો જેથી તેનું આખું ડીલ છુપાઇ ગયું હતું. તે ધુળમાં ખરડાયલો હતો. તેની થાકેલી હાલતપરથી જણાતું હતું કે, તેણે ઘણી ઝડપથી આ મુસાફરી કરી હતી. શહેરમાં પહોંચતાંજ તેણે એક મોટું પરબીડું કાઢયું. જેપરથી જણાતું હતું કે, તે કોઇ ઘણીજ અગતની ખબર લાવ્યો હતો. તમામ શહેરના લોકો તેની પુઠે થઇ ગયા. મોહમ્મદે તેને થોભાવીને પુછયું કે, તે કયાંથી આવતો હતો?

"મને મોઆવીયા ઇબ્ને અબી સફયાન સીરીઆના હાકેમે અત્રે મોકલ્યો છે" પેલા કાસદે જવાબ આપ્યો.

"કોની પાસે તમોને મોકલવામાં આવ્યા છે?" મોહમ્મદે પૂછયું.

"અમીરૂલ મોમેનીન પાસે."

"શું સંદેશો લાવ્યા છો?" હ૦ હસને પુછયું.

"આ પત્ર" કાસદે પત્ર તરફ ઇશારત કરતાં કહ્યું.

"વારૂ" હ૦ હસને ફરમાવ્યું "અમીરૂલ મોમેનીન પાસે ચાલો, આ વખતે તેઓ ઘરમાંજ છે."

હવે આ બન્ને આગળ ચાલ્યા. કાસદ તેઓની પાછળ હતો. બન્ને ફીકરમંદ દેખાવા લાગ્યા કે, પેલા પત્રમાં શું હશે? તેઓ એટલા બધા તે પત્રની બીના જાણવાને આતુર હતા કે, જો તે પત્ર હ૦ અલીના નામનો હોત નહિ, તો તેઓ પોતે તેને ખોલીને વાંચી લેત.

રાજધાનીમાં પહોંચીને કાસદ ઉંટ ઉપરથી ઉતરી પડ્યો. હજીતો તે પોતાની ઉંટણીને બાંધવામાંજ રોકાયલો હતો કે મોહમ્મદ અને હ૦ હસને અંદર જઇને હ૦ અલીને એ બાબે ખબર આપી. તેઓ આ ખબર સાંભળીને તઇયાર થઇને બેસી ગયા.

એટલામાં કાસદ દાખલ થયો. તેની પછવાડે ઘણા લોકો હતા. હ૦ અલી બેઠેલા હતા. મોહમ્મદ, હ૦ હસન અને બીજા સહાબીઓ નામે બેસી ગયા. કાસદ પત્ર લઇને આગળ વધ્યો. એક શખસે તેના હાથમાંથી પત્ર લેવાનો ઇરાદો કર્યો, કે તે હ૦ અલીને આપે. તેણે કહ્યું કે, હું આ પત્ર અમીરૂલ મોમેનીનના હાથમાંજ આપીશ. હ૦ અલીએ તે પત્ર લીધો, તેની ઉપર લખ્યું હતું **"મોઆવીયા તરફથી અલીને"** પત્ર ખોલવામાં આવ્યો તેમાં કંઇ લખ્યું હતું નહિ, તેઓને તાજુબી પેદા થઇ. તેઓએ કાસદથી પુછયું કે "શું ખબર છે?"

"મને અમાન આપો."

"કાસદ કતલ થઇ શકે નહિ" હ૦ અલીએ ફરમાવ્યું.

"હું એક એવી કોમને છોડીને આવ્યો છું" કાસદે કહ્યું "કે જે, ખુનનો બદલો લીધા વિના રહેશે નહિ."

"કોણથી?" હ૦ અલીએ પુછયું.

"આપથી" કાસદે જવાબ આપ્યો "દમીરકની મસ્જીદના મીમ્બર પર હ૦ ઉસ્માનનું પહેરણ રાખેલું છે અને તેની ઉપર હું સાઠ હજાર માણસોને વિલાપ કરતા છોડી આવ્યો છું."

"મારાથી ઉસ્માન (રદી૦) ના ખુનનો બદલો લેશે?" હ૦ અલી તાજુબીથી કાસદ તરફ જોઇને બોલ્યા "યા અલ્લાહ! તું સારી રવેશે જાણેછે કે, હું નિર્દોષ છું!"

એટલું કહી તેઓએ કાસદ તરફથી પોતાનું મોઢું ફેરવી લીધું. ગોયા કે, તેઓ તેની તરફ જોવા માગતા હતા નહિ, અને તેને બાહેર જવા માટે કહ્યું, એક શખસે તેને કતલ કરવા માટે તલવાર ખેંચી, પણ હ૦ અલીએ તેને ધમકાવીને બેસાડયો. એટલે કાસદ કતલ થતાં બચ્યો અને બાહેર નીકળી ગયો, તેના બાહેર નીકળતાં સઘળાઓ બાહેર ચાલ્યા ગયા. ફક્ત હ૦ અલી, મોહમ્મદ અને હ૦ હસન રહી ગયા. હ૦ અલીએ અબદુલ્લા ઇબ્ને અબ્બાસને બોલાવીને કહ્યું કે, "મોઆવીયા" ની હાલત તમો સાંભળી ચુકયા છો, હવે લડવાવગર છુટકો નથી, માટે તઇયાર થઇ જવું જોઈએ. સઘળાઓ બોલી ઉઠયા કે, બેશક હવે તો ફોજ તઇયાર થવીજ જોઈએ. પહેલાં તો મદીનાવાળાઓએ જરા સુસ્તી દેખાડી, પણ પછી તેઓ બીલકુલ તઇયાર થઇ ગયા.

મોહમ્મદ બીન હનફીઆ હ૦ અલીના બહાદુર બેટા ફોજના સરદાર નેમાયા, જમણી બાજુના રેસાલાની સરદારી અબદુલ્લા ઇબ્ને અબ્બાસને આપવામાં આવી અને ડાબી બાજુની ફોજપર ઉમર ઇબ્ને સલમા નેમાયા.

જ્યારે આ ફોજ તઇયાર થઇ ગઇ અને લડાઇ થવામાં કંઇ શક બાકી રહ્યો નહિ. ત્યારે મોહમ્મદે પોતાના દિલમાં કહ્યુ કે, તેને હ૦ અલીએ શામાટે આ લડાઇમાં મોકલ્યો નહિ હશે? તેને એવો પણ ખ્યાલ પેદા થયો કે, તેણે તો જરૂરજ તે લઢાઇમાં જવું જોઈતું હતું, કેમકે તે ખલીફાના ખુનીઓનો મદદગાર હતો, ઉપરાંત તેની ખાતરી હતી કે, હ૦ અલી ઉપર આ તદ્દન જુઠો આરોપ મુકવામાં આવ્યો છે. તેઓને આ આરોપમાંથી મુક્ત કરવા જોઇએ એવા એવા વિચારો પોતાના દીલમાં લાવી તે હ૦ અલી પાસે એ અરજ ગુજારવા માટે ચાલ્યો કે, તેને પણ આ લડાઇ પર મોકલવામાં આવે.

બીજી લડાઇ.

જ્યારે મોહમ્મદ ઘેર પહોંચ્યો ત્યારે તેણે હ૦ અલીને ઘણાજ ફીકરમંદ જોયા. તેઓ પોતાના ઓરડામાં દરઘડી આવજાવ કરતા હતા તેઓના હાથમાં એક પત્ર હતો. જેને જોઇને તેઓનો ચહેરો ગમગીન થઇ રહ્યો હતો, મોહમ્મદ હ૦ અલીને એવી હાલતમાં જોઈને તેઓની પાસે

જવા આવ્યો, પણ હ૦ અલીએ તેને જોઇને અંદર બોલાવ્યો. તે અંદર જઇને હળવેથી બેસી ગયો, તે બોલવા અને કંઇ પુછવાની પણ હિમ્મત કરી શકયો નહિ, તે હ૦ અમીરૂલ મોમેનીનના બોલવાની વાટ જોતો બેઠો. ઘણીવાર પછી હ૦ અલીએ તેનાથી પુછ્યું "હસન કયાં છે?"

"હું નથી જાણતો" મોહમ્મદે જવાબ આપ્યો "કદાચ તેઓ મસ્જીદમાં હશે, શું કામ છે? બોલાવી લાવું?"

"પણ હું પુછું છું" હ૦ અલીએ કહ્યું "કે, તમે આ વખતે શા માટે આવ્યા છો?"

"હું ઇચ્છું છું" મોહમ્મદ બોલ્યો "કે, આપ સઘળાઓની માફક મને પણ ગણો."

"એવી તમારી શી મતલબ છે?" હ૦ અલીએ પુછ્યું.

"આપે તમામ લોકોને લડાઇમાટે તઇયારીનો હુકમ આપ્યો" મોહમ્મદે કહ્યું "જમણી ડાબી બાજુના સરદારો નેમ્યા, પણ મારે માટે આપે કંઇ હુકમ આપ્યો નહિ, તો જોકે આ લડાઇમાં મારૂં જવું જરૂરનું હતું."

"હું તમોને મારા બચ્ચાની માફક સમજુ છું" હ૦ અલીએ મુંછમાં હસતાં હસતાં દીલગીર અવાજે ફરમાવ્યું "મેં આ લડાઇમાટે મારા બેટા અને તમારા હમનામ મોહમ્મદ ઇબ્ને હનફીઆને મુકરર કર્યો છે. હુ તમોને બીજી લડાઇમાં મોકલીશ. ખુદા તમારી હિમ્મતમાં વધારો કરે."

"હું દરેક રીતે આપનો તાબેદાર છું" મોહમ્મદે કહ્યું "પણ આ લડાઇ મારે માટે ઘણીજ મુનાસેબ થાત."

"ગભરાવાની શું વાત છે?" હ૦ અલીએ ફરમાવ્યું "સંજોગો એવા આવીને ઉભા થયા છે કે, જેથી બીજી લડાઇ થશે."

હવે મોહમ્મદ સમજી ગયો કે, બેશક હ૦ અલીના હાથમાં જે પત્ર છે, તેમાં કંઇક એવી બીના આવેલી છે કે, જેથી ખુલાસામાટે તેણે હ૦ અલીથી સવાલ કર્યો કે, બીજી કઇ લડાઇ થવાની હતી?"

"આ જુઓ" હ૦ અલીએ મોહમ્મદ તરફ પત્ર ટેકીને કહ્યું "આ હમણાજ મને મળ્યો છે."

મોહમ્મદ તે લખને વાંચવા લાગ્યો. તે ઉમ્મુલફઝલ તરફથી આવ્યો હતો. જેમાં હ૦ અલીને એ વાતની ખબર આપવામાં આવી હતી કે, ઉમ્મુલ મોમેનીન (હ૦ આએશા), તલહા, અને ઝોબેર વગેરે સઘળા એક-મત થયા છે કે, હ૦ અલીથી હ૦ ઉસ્માનના ખુનનો બદલો લેવો અને એજ કામની તૈયારી કરવાસાટે એ લોકો હવે બસરા જવાનો ઇરાદો કરી રહ્યા છે.

મોહમ્મદ તે પત્ર વાંચીને ઘણોજ આશ્ચર્ય પામ્યો. તેણે બે વખત તે વાંચ્યો. જેથી તે બીલકુલ એક પુતળાંની માફક બની ગયો અને ચુપ બેસીને તેપર વિચાર કરવા લાગ્યો.

હ૦ અલીએ તેની ચુપકીદી તોડતાં કહ્યું "તમોએ તમારી બહેનની કેફીયત સાંભળી ? કોણ જાણે તેઓ અમારા વિષે શું ધારેછે !"

"હું પોતે પણ તેઓના ઇરાદાથી અજબ થાઉં છું" મોહમ્મદે જવાબ આપ્યો "હુંતો માની પણ શકતો નથી કે, તેઓએ એમ કર્યું હોય. જે શખસ આ પત્ર લાવ્યો છે તેણે એ સિવાય બીજી કંઇ બાતમી આપી ?"

"આ પત્ર શું પુરતી બાતમી નથી ?" હ૦ અલીએ ફરમાવ્યું.

"પણ કોણ જાણે' મોહમ્મદ બોલ્યો "એ લોકો એમ કરવાને કેમ તૈયાર થયા છે !"

"શું, તમો એનું કારણ પુછો છો ? હ૦ અલી બોલ્યા "મેં પહેલાંથીજ તમોને કહ્યું હતું કે, ખલીફા (રદી૦)ને કતલ કરતા નહિ. કેમકે તેઓને કતલ કરવાથી ઘણા ફિસાદ બરપા થશે, અને તેથી કેટલાક લોકો ખુદ ખીલાફતના દાવેદાર પણ થઇ જશે. જો ઉસ્માન (રદી૦) જીવતા હોત તો આ લડાઇનાં કારણો કેમ પેદા થાત ? મારા હાથઉપર જોકે તલહા અને ઝોબેરે બયઅત કરી હતી પણ હું જાણતો હતો કે, તેઓની નઇયતમાં ફીસાદ છે. આ વખતે જોકે મારા મુકાબલામાં તેઓ જોડાઇ ગયા છે પણ જ્યારે તેઓ અમારી ઉપર ફતેહ મેળવશે ત્યારે ખુદ તેઓ માંહોમાંહે લડશે; જેનું પરિણામ એ આવશે કે, તે બન્નેમાંથી એક માર્યો જશે અને હજારો મુસલમાનોનું લોહી રેડાશે. જો મને એ વાતની ખાતરી હોત કે, જો હું ખીલાફતથી અલાહેદા થઇ જઇશ તો એ ફિસાદ

ભલાઇ જાણે, તો ખુદાના સમ છે કે, હું હમણાંજ અલાહેદો થઇ જાત, પણ અફસોસ છે કે, તેમ કરવાથી પણ તેઓની લડાઇ તો કાયમજ રહેશે. "

હ૦ અલીએ પોતાનું કહેવું ચાલુ રાખ્યું " તમોને એ પણ જાણવું જોઇએ કે, અમીર મોઆવીયાને પણ ઘણા દહાડાથી ખીલાફત મેળવવાની ઇચ્છા છે. ઉસ્માન (રદી૦)ના ખુનનો બદલો લેવાની વાત તેઓએ એક બહાના તરીકે શોધી કાઢી છે. પણ તેઓની મુળ નેમ તો ખીલાફત મેળવવાની છે. જોકે તેઓ આ વાત સારી રીતે જાણે છે કે, હ૦ અલીથી વધારે કોઇ હકદાર નથી. ઇસ્લામની દાઝ મને આ વખતે ફરજ પાડેછે કે, હું ખીલાફતના તખ્તપર કાયમ રહીને ખીલાફતના તે દાવેદારોનો મુકાબલો કરૂં. બનવાજોગ છે કે, સઘળાઓ મારા હાથઉપર બયઅત કરી લે અને ફિસાદની આતશ ઠંડી પડી જાય.

આ કહેતાં કહેતાં તેઓની પેશાનીથી પરસેવો ટપકવા લાગ્યો. તેઓની આંખો ગુસ્સાથી લાલ થઇ ગઇ અને તેઓના ચહેરાપર અજબ જાહોજલાલી પ્રગટી નીકળી.

મોહમ્મદે એવા વિચારથી લજવાઇને માથું નીચું કરી લીધું કે, હ૦ અલીની નામરજી છતાં તેણે હ૦ ઉસમાનની કતલના કાવતરાંમાં ભાગ લીધો હતો. તે કંઇ વધુ બોલવાની હિમ્મત કરી શકયો નહિ. થોડીવાર પછી તે માથું ઉચકીને બોલ્યો " મારો ખ્યાલ છે કે, હ૦ આએશાંને તલહા અને ઝોબેરે ઉશ્કેરણી આપી છે. મને આશા છે કે, હું જ્યારે તેઓથી મળીશ તો તેઓ પોતાના આ ઇરાદાથી બાજ રહેશે; પણ મને સમજ પડતી નથી કે, તે લોકો બસરાખાતે શામાટે જવાના છે ? "

" મદીનાવાળાઓએ તો મારા હાથપર બયઅત કરી છે " તે લોકો મક્કાવાળાઓને તો બયઅત તોડવા માટે તઇયાર કરીજ ચુકયા છે હવે બસરે જાઇને પણ એજ કામ કરશે. "

" આપે કાસદને કંઇ ખુલાસાથી પુછયું છે ? " મોહમ્મદે સવાલ કર્યો.

" મેંતો કંઇ વધારે દરયાફત કર્યું નથી " હ૦ અલીએ જવાબ આપ્યો.

"આપ મને પરવાનગી આપશો!" મોહમ્મદ બોલ્યો "કે, હું તેનાથી જઇને સઘળી કેફીઅત પુછી લઉં!"

"ઘણું કરીને તે કંઇ વધારે જાણતો પણ નહિ હશે" હ૦ અલી બોલ્યા "પણ મારા અભીપ્રાયમુજબ તમો ખુદ મક્કે જઇને શું ભેદ છે તે તપાસ કરો. તેઓ તમારાં બહેન છે માટે તમારૂં ત્યાં જવું વધારે બંધએસ્તું થઇ પડશે."

મોહમ્મદ આ હુકમ મેળવીને ઘણોજ ખુશ થયો, કેમકે તેના મક્કા જવામાં અમીરૂલ મોમેનીનની ઇતાઅત (તાબેદારી), ઇસ્લામની ખીદમત (સેવા) અને અસમાની મોહબ્બત એ ત્રણે હેતુ સમાયલા હતા. તેણે ઘણીજ ખુશી સાથે મક્કે જવાનું કામ પોતાને માથે લીધું. તેણે વધુમાં ઉમેર્યું કે જો તલહા અને ઝોબેરે હ૦ આએશાંને ઉશ્કેર્યાં હશે તો જરૂર તે તેઓને એવાં પગલાં ભરવા દેવાથી દુર રાખશે. તેણે કહ્યું કે, તેના મદીનાથી જવાની ખબર કોઇને થવી ન જોઇએ.

"હા" હ૦ અલીએ ફરમાવ્યું "કોઈ નહિ જાણશે. જાઓ, ખુદા તમારો નીગાહબાન રહે."

"તો હું કાસદથી કંઇ પુછી લઉં?" મોહમ્મદે પુછ્યું.

"જઇને ભલે પુછો, તે મુસાફરખાનામાં છે."

મોહમ્મદ ત્યાં જઇને તેનાથી મળ્યો, મક્કાની સઘળી હાલત પુછી. પછી પેલી ધરડીવિષે પણ પુછ્યું.

કાસદે કહ્યું કે, જે દીવસ તે મક્કાથી ચાલ્યો તેજ દીને તેણે પેલી ધરડીને જોઇ હતી. તેણે વધુમાં ઉમેર્યું કે, તેણીની સાથે એક જુવાન બીમાર સ્ત્રી હતી.

"તમો તે જુવાન સ્ત્રીને જાણોછો?" મોહમ્મદે પુછ્યું.

"નહિ" કાસદે જવાબ આપ્યો "મેં પહેલાં કદી તેણીને જોઇ નથી. તે, પહેલાં તો તેજ ધરડીની સાથે ઉમ્મુલમોમેનીનને ત્યાં હતી પછી ત્યાંથી ઉમ્મુલફઝલને ત્યાં ચાલી આવી, તેને તાવ આવેછે."

આ હકીકત સાંભળીને મોહમ્મદને ખાતરી થઇ કે, જુવાન સ્ત્રી તે અસમાજ હતી. તે બેચેન થઈ ગયો અને જલદીથી મક્કા જવા માટે તૈયાર થયો.

આગલી પાછલી યાદ.

મોહમ્મદ તેજ વખતે મદીનાથી રવાના થયો અને રાતે એક કુબામાં રહ્યો. ત્યાં અસ્માસાથેની પહેલી મુલાકાતનો દેખાવ તેની સામે ફરવા લાગ્યો. તે અસ્માને જોવાને એટલો તો બેચેન થયો કે, તેણે ઇચ્છયું કે હું પક્ષી હોત તો તરતજ ઉડીને મારી માશુક પાસે પહોંચત. સહવાર થતાંજ તે ત્યાંથી પણ રવાના થયો. મોહમ્મદ એવો તો પોતાના વિચારોમાં લીન થઇ ગયો હતો કે, તેમે રસ્તાની આસાની કે મુશ્કેલીનો કંઇપણ ખ્યાલજ હતો નહિ. બસ ચાલ ચાલ ને ચાલ. જેમજેમ તે મક્કાની નજદીક આવતો જતો તેમતેમ તેના વિચારોની ફોજ વધતી જતી હતી, સારાંશ એ કે, એજ બેભાનપણામાં તેણે પોતાની સફર કરી. સાંજ થતાં તે એક એવા મુકામપર પહોંચ્યો કે, જ્યાંથી "મક્કા" થોડાજ ગાઉ દૂર હતું. સૂર્ય અસ્ત થઇ ગયો હતો, જંગલમાં ચારેતરફ ખામોશી અને ચુપકીદી પથરાઈ રહી હતી, કોઇપણ માણસનો સાદ સંભળાતો હતો નહિ, એવામાં દુરથી તેને એક ઝુપડું દેખાયું. મોહમ્મદે પોતાના નોકર "મસઉદ"થી પેલા ઝુપડાંમાં જઈને થોડો વખત થોભવામાટે કહ્યું. રાત અંધારી હતી અને રસ્તો બીલકુલ જણાતો હતો નહિ એટલે તેઓએ ચંદ્ર નીકળતાં ફરીથી કુચ કરવાનો ઠરાવ કર્યો. ખયર, તેઓ તે ઝુંપડી પાસે આવ્યા તો બાહેર એક ઘરડો એક ચટાઇ પાથરીને બેઠો હતો, તેની સામે બે ત્રણ લાકડાના ઘડા રાખેલા હતા, જેમાં પાણી હતું; તે તેણે મુસાફરોને માટે રાખ્યા હતા. મોહમ્મદને જોઇને તેણે પોતાની છોકરીને બોલાવીને મોહમ્મદની પરોણાગત કરવા માટે હુકમ આપ્યો. તેણે તેઓના ઊંટો માટે ઘાસ વગેરેનો બંદોબસ્ત કરવા કહ્યું, પણ મોહમ્મદે કહ્યું કે, તે સઘળું મારો નોકર કરશે.

મોહમ્મદ હવે ઊંટપરથી ઉતરીને ત્યાંજ બીછાનાપર બેસી ગયો. રાત અંધારી હતી, એટલામાં પૂર્વ ભણી આકાશ–અજવાળાંએ પથરાઈ જઇને ખબર આપી કે, માહતાબ (ચંદ્ર)ની સવારી થોડાજ વખતમાં નીકળશે. મોહમ્મદ આ ખેંચાણકારક દેખાવ નીહાળતો બેઠો હતો એટલામાં મક્કા તરફથી કેટલીક સવારીઓ જતી દેખાઇ, જેથી તે એક ટેકરીપર ઉભો થઇને તેઓને જોવા લાગ્યો. તે સ્વારીના માણસો ઘણા દુર હતા. મોહ-મ્મદે ધાર્યું કે તે સવારીઓ જો મદીને જતી હશે તો આ તરફથીજ

થઇને જશે, જેથી તે બેફીકર થઈ ગયો. હવે તે સવારીઓ જરા આગળ આવી એટલે મોહમ્મદને ગૌરથી જોતાં માલમ પડયું કે, કેટલાક ઉંટો અને માણસો છે, તેમાં એક ઉંટપર તો અંબાડી પણ મુકવામાં આવી છે. હવે તેઓ મદીનાને રસ્તે નહિ જતાં બસરાતરફ ચાલ્યા.

મોહમ્મદે વિચાર્યું કે, ઘણું કરીને તેઓ તેજ લશકરના માણસો હશે, કે જે મકકાથી બસરા તરફ ગયું છે. તેઓની ઝડપ અને રાતની સફરથી તે એવા અનુમાન ઉપર આવ્યો કે, તેઓ કોઈ ખાસ કામને માટે જલદીથી સફર કરી જાયછે. હવે તે લોકો તેની નજરથી ગેબ થઇ ગયા.

મોહમ્મદે મસઉદને પોતાની સવારી ઠીકઠાક કરવા કહ્યું અને તે તરતજ ત્યાંથી મક્કા તરફ રવાના થયો. રાત જરા વધારે વિતી ગઈ હતી અને બજારો બીલકુલ શાંત હતા, જેથી રસ્તામાં તેઓને કોઇ પણ મળ્યું નહિ. ઉમ્મુલમોમેનીનના ઘેર જઇને તેણે સાદ માર્યો. અંદરથી એક સીધો નોકર તરતજ અવાજ પારખીને બહાર નીકળી આવ્યો અને મોહમ્મદ મકાનમાં દાખલ થયો.

અજાયબી.

ઘર બીલકુલ સુમસામ હતું. ત્યાં કોઇપણ તેને દેખાયું નહિ. મોહમ્મદે ગુલામથી પુછ્યું "ઉમ્મુલ મોમનીન કયાં છે?" "તેઓ તો કાલેજ અહિંથી ગયા" ગુલામે કહ્યું.

"કયાં ગયા છે?" મોહમ્મદે પુછ્યું.

"તો શું આપે સાંભળ્યું નહિ?" ગુલામ બોલ્યો. "ત્યાં લોકો શા માટે એકઠા થયા હતા?"

"તેઓ બસરે ગયા હશે?" મોહમ્મદે કહ્યું.

"હા" ગુલામે કહ્યું.

"બીજા કોણ કોણ લોકો તેઓની સાથે ગયા છે?" મોહમ્મદે પુછ્યું.

એ સાંભળીને ગુલામે તમામ હકીકત બયાન કરી. મોહમ્મદને પોતાની મહેનત નિષ્ફળ જવાપર ઘણી દીલગીરી પેદા થઇ. મસઉદે સામાન

નીચે ઉતારવાની તઇઆરી કરી, પણ મોહમ્મદે તેને તેમ કરતાં અટકાવીને કહ્યું કે, તેને અગતના કામસર જવું છે માટે તેણે ત્યાંજ થોભવું. તે ત્યાંથી નીકળીને સીધો ઉમ્મુલ ફઝલના મકાનપર પહોંચ્યો. દરવાજા બંધ હતા. તેણે લોકોને જગાડવાનું મુનાસેબ ધાર્યું નહિ, પણ અસમાને જોવાના શોખે આ વિચારપર ફતેહ મેળવી. જોરથી તેણે બારણું ઠોક્યું. એક નોકરે આવીને બારણું ઉઘાડ્યું. મોહમ્મદે પુછ્યું કે ઉમ્મુલ ફઝલ ક્યાં છે? જવાબમાં નોકરે કહ્યું કે, તેઓ હમણાજ બીછાનાપર ગયા છે; ઘણું કરીને તેઓ જાગ્રત હશે. મોહમ્મદે કહ્યું કે, તેવણુપી જઇને કહો કે, તમારી બહેનનો છોકરો મોહમ્મદ આવ્યો છે.

નોકરે મોહમ્મદનું નામ સાંભળતાં તુરતજ દીવો સળગાવ્યો અને ઉમ્મુલ-ફઝલને ખબર આપી. તેવણુ તેનું નામ સાંભળીને ગભરાઇને બાહેર આવ્યા અને પુછ્યું " કેમ મોહમ્મદ! શું કામ છે?

" હું મદીનાથી આવુંછું " મોહમ્મદે તેઓના ગભરાટપર અજબ થતાં કહ્યું " અસ્મા ક્યાં છે? "

" તેનો હાલ શું પુછોછો ? " ઉમ્મુલ ફઝલ બોલ્યા " તેને તો ખુદ તમોએ બોલાવી લીધી છે.

"મેં?!" મોહમ્મદ અજબ થઇને બોલ્યો "ક્યારે?"

" શું તમે પત્ર નથી લખ્યો ? " ઉમ્મુલ ફઝલ બોલ્યા, " અને તેને નથી બોલાવી ? "

' એ તમારાથી કોણે કહ્યું ? "

" કહે વળી કોણ ! " ઉમ્મુલ ફઝલ બોલ્યા " મેં પોતેજ તમારા માણસને જોયો હતો, તે એક પત્ર લાવ્યો હતો, જે તેણે અસ્માને આપ્યો. તે જોઇ તેણી તરતજ ચાલી ગઇ. મેં તેણીને કહ્યું કે, તું ઘણી નાતાકાત થઇ રહી છે અને બીમાર છે, પણ તેણી જરાએ થોભી નહિ અને " સીરીઆ" ચાલી ગઇ. મેં તેણીને અહિં સુધી કહ્યું કે તું સહવાર સુધી તો રહીજા, પણ તેણીએ માન્યું નહિ.

" કોઇએ દગો કર્યો " મોહમ્મદ બોલ્યો " મારા નામનો બનાવટી પત્ર લખીને ફરેબથી તેણીને લઇ ગયો. પણ એવો તે કોણ હશે કે જેણે આ હિમ્મતભર્યું પગલું ભર્યું અને એટલો મોટો વિશ્વાસઘાત કર્યો!

આ સાંભળીને ઉમ્મુલ ફઝલે પોતાનું માથું કુટી લીધું અને કહ્યું "મોહમ્મદ એ તું શું કહે છે?"

"કહું શું?" મોહમ્મદે કહ્યું "લોકો તેણીને દગો દઇને લઇ ગયા. મેં કોઇ પત્ર પણ મોકલ્યો નથી અને તેણીને બોલાવી પણ નથી. વારૂ હવે કહો, કે તેણી કયા રસ્તાથી ગઇ છે?"

"એજ રસ્તાથી મદીના ભણી" ઉમ્મુલ ફઝલ બોલ્યા.

હવે મોહમ્મદને તે લોકો યાદ આવ્યા, જેઓને તેજ સાંજે તેણે મકકાથી બસરા ભણી જતાં જોયા હતા, તેની ખાતરી થઇ ગઈ કે, અસ્મા તેઓનીજ સાથે હતી. હવે તે ઉમ્મુલ ફઝલથી રૂખસદ થઇને ચાલ્યો. તેઓએ તેને થોભવા કહ્યું પણ તેણે કહ્યું કે વખત ઘણો કીમતી છે માટે તે થોભી શકતો નથી, એટલું કહી તે ત્યાંથી ચાલ્યો, રસ્તામાં પોતાની અક્કલ ઉપર અફસોસ કરતો હતો કે, પેલા લોકોને કેમ તેણે નજદીક જઇને જોયા નહિ?

તે ઉમ્મુલ મોમેનીનના ઘેર આવ્યો, તેણે જોયું કે, મસઉદ બરઉંઘમાં પડેલો છે, તે થાકીને લોથ થઇ ગયો હતો. મોહમ્મદે તેને ઉઠાડીને તરત તૈયાર થવા કહ્યું, તે આંખો મસળતો મસળતો ઉઠયો. ઉમ્મુલ મોમેનીનના નોકરો તેને માટે ખાવાનું લઇ આવ્યા. જેમ તેમ ખાવાથી ફારેગ થઈને મોહમ્મદ ત્યાંથી નીકળ્યો. તે ઘણીજ ઝડપથી સફર કરી રહ્યો હતો. શહેરથી બાહેર નીકળીને તેજ રસ્તાભણી ચાલ્યો, કે જે તરફ બસરાનો કાફલો ગયો હતો. મસઉદ સમજતો હતો કે, તે મદીને પાછો જાયછે. પણ જ્યારે મોહમ્મદે બસરા તરફ ઉંટણી ચલાવી ત્યારે રખેને મોહમ્મદ ભુલી ગયો હોય એવા વિચારથી મસઉદે કહ્યું કે, તે રસ્તો મદીને જતો નથી, ત્યારે મોહમ્મદે તેનાથી કહ્યું કે તે બસરે જાયછે.

પગલાંનાં નિશાન.

મસઉદ અજાયબીમાં હતો કે મોહમ્મદ કયાં જાયછે તેના થોભવાથી તે પણ અટકી ગયો.

મસઉદની ઉમર લગભગ પચાસ વરસની હતી. તે એક દુબળો, લાંબા કદનો તથા ઘણોજ મહેનતુ શખ્સ હતો. તેની તમામ જીંદગાની

સફરમાં ગુજરી હતી. તે સઘળા રસ્તાઓથી પણ વાકેફ હતો. ખાસ કરીને તે જમીનપર પડેલાં માણસનાં પગલાં પારખી કાઢવાના કામમાં ઘણીજ કુશળતા ધરાવતો હતો. મોહમ્મદને ફીકરમંદ જોઇને તેણે તેનાથી ત્યાં ઉભા રહેવાનું કારણ પુછ્યું.

“ તમો પગલાં પારખી શકોછો ? ” મોહમ્મદે પુછ્યું.

“ હા ઘણી સારી રીતે ”

“ ત્યારે જુઓ તો ખરા ” મોહમ્મદે પુછ્યું “ આ રેતાળ મેદાનમાંથી કેટલા લોકો પસાર થયા છે ? તેઓ ક્યાં ગયા છે અને કઇ તરફ ગયા છે ? ”

આ સાંભળીને મસઉદ નીચે ઉતરી પડ્યો અને તે જંગલમાં પગલાંની નીશાનીઓ શોધવા લાગ્યો. તેણે પોતાની આંખો જમીનપર ટાંકેલી હતી. મોહમ્મદ તેની વાટ જોતો ઉભો રહ્યો. જેમ જેમ વખત જતો હતો તેમ તેમ તેની નીરાશી વધતીજ જતી હતી. તે એવા વિચારમાં પડ્યો કે રખેને રાત તો નહિ થાય! એકાએક મસઉદે માથું ઉચક્યું. મોહમ્મદ ખુદ જલદીથી તેની પાસે પહોંચ્યો અને પુછ્યું “કેમ કંઇ પત્તો લાગ્યો ? ”

“ પગલાંનાં નીશાન બીલકુલ અહિં તહીં પડેલાં હતાં ” મસઉદ બોલ્યો તેથી મને તે પારખતાં વખત લાગ્યો. આ નીશાનીઓપર ગૌર કરવાથી માલમ પડે છે કે, અહિંથી એક નાનો કાફલો પસાર થયો છે, જેમાં કેટલાક ઉંટો હતા, બે ઉંટો સાથેજ ચાલતા હતા એ ઉપરથી જણાય છે કે તે બંનેપર અંબાડી હતી. કાફલાની સાથે કેટલાક લોકો પગે ચાલનારા પણ માલમ પડે છે. એ પણ સિધ થાયછે કે, તેઓમાં મતફેર પડ્યો છે કેમકે કેટલેક ઠકાણે પગલાંની નીશાનીઓ ઉપરથી જણાય છે કે, કોઇ એક તરફ, તો કોઇ બીજી તરફ ગયું છે પણ આખરે તેઓ સાથે થઇને એકજ રસ્તાથી ગયા છે.

“ તે કઈ તરફ ભેગા ગયા છે ! ” મોહમ્મદે પુછ્યું.

“ બસરા અથવા કુફા તરફ ” મસઉદ બોલ્યો.

આ સાંભળીને મોહમ્મદ ચુપ થઇ ગયો. તેની હવે પુરેપુરી ખાતરી થઇ ગઇ કે, તે તેજ કાફલો હતો, જે તેણે સાંજના જોયો હતો. તેણે મસઉદથી પુછ્યું “ એ પણ કહી શકોછો કે તે લોકો ક્યારે ગયા છે ? ”

" પગલાંની નીશાનીઓથી તો માલમ પડે છે " મસઉદે જવાબ આપ્યો " કે આ લોકો સાંજના ગયા છે અને ઘણીજ ઝડપથી ગયા છે. "

" વારૂ " મોહમ્મદે પુછ્યું " જો એજ પગલાંનાં નિશાનપરથી આપણે તેઓની પીઠ પકડીએ તો કેટલા દહાડામાં આપણે તેઓને પકડી પાડશું ? "

" જો એટલીજ ઝડપથી બરાબર ચાલ્યા જશું " મસઉદ બોલ્યો " તો પણ ત્રણ દહાડા કરતાં ઓછા વખતમાં તે આપણુને મળવાના નથી, પણ એતો કહો કે આપને તેઓની સાથે શું કામ છે ? "

" મને તેઓ સાથે ઘણુંજ અગત્યનું કામ છે " મોહમ્મદ બોલ્યો " તમો તે ઘરડીને ઓળખો છો ? જે મદીનામાં અમારે ત્યાં રહેતી હતી "

" હા હું તેણીને જાણુંછું. "

" મેં તેણીની સાથે એક જુવાન ખુબસુરત સ્ત્રીને મોકલી હતી " મોહમ્મદે કહ્યું " અને બેઉને ઉમ્મુલ મોમેનીનને ત્યાં રહેવા કહ્યું હતું. અહિઆં ઉમ્મુલ મોમેનીન પાસે ઘણા લોકો આવ્યા હતા. તેઓમાંથીજ કોઇએ તેણીને એક બનાવટી કાગળ મોકલ્યો, તેમાં એમ લખ્યું હતું કે, મોહમ્મદે તમારે માટે ઊંટ મોકલીને તમોને બોલાવ્યાં છે. આ માલમ થતાં તેણી જરાપણુ અચકાયા વિના તેઓની સાથે ચાલી ગઈ. આ જે કાફલો ગયો છે તેમાં તેજ લોકો હતા. મને વધારે ફિકર તો આ વાતની છે કે, તેણી આજકાલ બીમાર છે. "

" જો આપ મુનાસેબ સમજો " મસઉદ બોલ્યો " તો હું જઇને તેઓનો પત્તો મેળવું અને તેઓથી મળું, અને જો બની શકે તો તેણીને તેઓના હાથથી છોડાવી લાવું. "

મોહમ્મદે તેની હિમ્મત અને બહાદુરીની તારીફ કરતાં તેને હુકમ આપ્યો કે, જેમ બને તેમ જલદીથી જઇને તેણે મજકુર કાફલાનો પત્તો મેળવવો.

૬૦ અલી બસરા જાયછે.

મોહમ્મદના જવા પછી ૬૦ અલી પોતાના દિલમાં વિચાર કરવા લાગ્યા કે, હમણા શામ (સીરીઆ) જવું મુનાસેબ નથી, બલકે બસરા

ખાવે જવું જોઇએ કે જ્યાં તે લોકો ગયા છે. તેઓએ બીજા સહાબાઓથી પણ એના સંબંધમાં સલાહ પુછતાં તેઓએ પણ બસરે જવાનીજ સલાહ આપી. હ૦ અલીએ તમામ મદીનાવાળાઓને બોલાવીને તૈયાર થઈ જવા કહ્યું. તેઓએ ફરમાવ્યું કે, જેવી રીતે ઇસ્લામની શરૂઆત થઇ છે તેજ મુજબ તેનો નતીજો પણ દુરસ્ત થશે.

પહેલાં તો તે લોકો કંઇ સુસ્ત જણાયા, જોકે તમામ સહાબાઓ તઇયાર થઇ ગયા. જે લશકર શામ જવા માટે તૈયાર કરવામાં આવ્યું હતું તે પણ તેઓ સાથે મળી ગયું. મદીનાથી ત્રણ માઇલના છેટાપર આ લશકરે મુકામ કર્યો, તેની સરદારી મોહમ્મદ ઇબ્ને હનીફાને આપવામાં આવી. એ દરમ્યાન મોહમ્મદે પણ આવીને મકકાવાળાઓ તથા "તલહા" અને ઝોબેરની કેફીયત બયાન કરી. તેજ દિને આ ફોજ રવાના થઇ. મોહમ્મદ અને હ૦ હસન પણ તે લશકરની સાથે થયા.

હ૦ અલીના સંબંધમાં લોકોનો એવો વિચાર હતો કે, તેઓ જશે નહિ, પણ તેઓ સ્વાર થઇને સૌથી આગળ ચાલ્યા. અબદુલ્લા ઇબ્ને સલામે તેઓના ઘોડાની લગામ પકડીને કહ્યું કે, તેઓએ મદીનાથી બહાર જવું નહિ: ત્યારે તેઓએ ફરમાવ્યું કે, તેઓનું જવું ઘણું અગત્યનું હતું. હ૦ અલીને માટે એક લાલ ઊંટણી અને એક કાળો ઘોડો હતો.

હવે લશકરે ઝડપથી કુચ કરવા માંડી, પણ ઇમામ હસન, હ૦ અલીના લશકર સાથે જવાથી નાખુશ હતા. તેઓનો એવો અભિપ્રાય હતો કે, હ૦ અલી મદીનાથી બહાર જાય નહિ. એ ઇરાદાથી તેઓ હ૦ અલી પાસે આવીને કહેવા લાગ્યા કે "હું આપને જે સલાહ આપું છું તેને આપ કંઇ પણ વજન આપતા કે તે મુજબ ચાલતા નથી. મેં પહેલાં પણ કહ્યું હતું કે, બળવાખોરોએ હ૦ ઉસ્માનને ઘેરી લીધા છે, માટે આપે બહાર કોઇ પણ સ્થળે ચાલ્યા જવું; નહિતો ખીલાફતના દાવેદારો આપની ઉપર ખુનનો આરોપ મુકશે. પણ આપે મારી સલાહ માની નહિ. તેમ ખીલાફતની બયઅત વખતે મેં એવી સુચના કરી હતી કે, જયાંસુધી બસરા, કુફા, મકકા વગેરે શહેરોના આગેવાનો આવે નહિ ત્યાંસુધી આપે ફકત મદીનાવાળાઓની બયઅત લેવી નહિ, તે સુચના પણ આપે સ્વિકારી નહિ. આ વખત હું ફરીથી કહું છું કે, આપે મદીનામાં રહેવું, પણ આપ મારૂં કહ્યું માનતા નથી.

" જ્યારે હ૦ ઉસ્માનને લોકોએ ઘેરી રાખ્યા હતા." હ૦ અલીએ ફર-માવ્યું " તે વખતે તો અમો પણ ઘેરાએલા હતા. તે લોકો અમોને જવા ક્યાં દેતા હતા ? બયઅત લેવાના સંબંધમાં તમો કહો છો તો બયઅત ખરી મદીનાવાળાઓનીજ છે. હવે બયઅત લેવાપર જો બીજો કોઈ શખ્સ બળવો કરે, તો મારી ફરજ છે કે, હું તેનાથી લડાઇ કરૂં. તમોને મારૂં જવું પસંદ નથી, ત્યારે શું હું બીકણ લોકોની માફક ઘરમાં બેસી રહું ! બળવાની શરૂઆત તેજ લોકો તરફથી થઇ છે, તેને દાબી દેવા માટે હું બીલકુલ તૈયાર છું અને એજ પ્રમાણે મારે હમેશાં મારી ફરજ બજાવવા માટે તૈયાર રહેવું જોઇએ. "

મસઉદ અને ઘરડી.

મોહમ્મદ પણ તેજ લશ્કરની સાથે હતો. ખીલાફતના સબંધમાં અનેક ગંભીર વિચારો તેના મગજમાં ભમી રહ્યા હતા. પરંતુ તેવાં વિચા-રોથી સહેજ પણ ફુરસત મળતાં તેને અસ્માનો ખ્યાલ આવી જતો હતો. મસઉદના જવાને ઘણો વખત થઇ ગયો હતો, તે હજુ સુધી પાછો ફર્યો હતો નહિ. જેમ જેમ તેના આવવામાં વિલંબ થતી હતી તેમ તેમ મોહમ્મદની બેચેની વધતી જતી હતી. દર વખતે તેના દિલમાં એવો ખ્યાલ પેદા થતો હતો કે, અમીરૂલ મોમેનીન (હ૦ અલી) ની રજા લઇને તે પોતે કોઇ પણ બહાને તે તરફ જાત તો કેવું સારૂં થાત !

રાતનો વખત હતો. મોહમ્મદ એવાજ વિચારોમાં લીન થએલો પોતાના ઓરડામાં પડેલો હતો. ત્યાં એક દીવો ઘણાજ ધીમા પ્રકાશે બળતો હતો. તેવામાં તેને કોઇનો અવાજ સંભળાયો, તે મસઉદના અવાજને મળતો હતો. તરતજ મોહમ્મદ ઉઠીને બેઠો થયો અને મસઉદ મસઉદ કહીને હાંક મારી.

મસઉદ મોહમ્મદના તંબુમાં દાખલ થયો. તેના ચહેરાપરથી જણાતું હતું કે, તે કોઇ સફરથી આવેછે. તેની સાથે ઘરડી પણ હતી, કે જેને મોહ-મ્મદ દીવાની ધીમી રોશનીમાં બરાબર ઓળખી શકયો હતો નહિ મોહમ્મદ આ લોકોને જોઇને ઘણોજ ખુશ થયો અને તેણે ઘરડીથી સવાલ કર્યો કે, તેણી અસ્માને કયાં છોડી આવી ?

" હું ધારૂં છું " પેલી ઘરડીએ કહ્યું " કે તેણી બસરામાં હશે અથવા તો " કુફા " માં.

" તમો તેણીને છોડીને એકલાં કેમ ચાલ્યાં આવ્યાં ! " મોહમ્મદે પુછયું

" જરા મને વિસામો લેવા દો " ઘરડી બોલી " પછી હું પ્રથમથી આખેર સુધીનું તમામ દાસ્તાન બયાન કરીશ. આ સાંભળીને મોહમ્મદ મસઉદ તરફ ફરીને બોલ્યો કે, તું એટલા વખત સુધી કયાં હતો તથા ઘરડીથી કેવી રીતે તેની મુલાકાત થઇ ?

" હું પણ તેજ કાફલાની શોધમાં પગલાંની નીશાનીઓને આધારે ચાલ્યો " મંસઉદે કહ્યું પણ પગલાંની નીશાનીઓ એવી તો આડીઅવળી હતી કે, મને ઘણી મુસીબત પડી, એજ કારણને લીધે મને વાર લાગી. તેઓ જુદેજ રસ્તે ગયા હશે એવો મને શક પેદા થતાં હું બસરા ખાતે પહોંચ્યો ત્યાં મેં ઉમ્મુલ–મોમેનીનનું લશકર જોયું, કે જે શહેરની બહાર પડેલું હતું. પછી ત્યાંથી હું બીજા રસ્તા ભણી ફર્યો, અને કેટલેક દૂર નીકળી જતાં રસ્તામાં આ ઘરડી મને સામી મળી. તેણીને જોઇને હું ઘણો ખુશ થયો અને " અસ્મા " ની કેફીયત પુછી. તેણીએ કહ્યું કે, કોણ જાણે તે લોકો તેણીને કેદ કરીને કયાં લઇ ગયા ! પણ અસ્માએ તેણીને આપના નામનો એક પત્ર આપ્યો છે, જે તેણીનીજ પાસે છે. મારો ઇરાદો હતો કે, હું તેઓની પુઠે જઇને કંઇ પત્તો મેળવું, પણ તેણીએ તેમ કરતાં મને અટકાવ્યો. "

હવે મોહમ્મદે ઘરડીને તમામ કેફીયત બયાન કરી જવાને કહ્યું.

" ઉમ્મુલ–ફઝલના ઘરમાં અસ્મા બીમાર " એમ ઘરડીએ પોતાનો કિસ્સો શરૂ કર્યો " ત્યાં તેણીને જરા પણ ચેન પડતું હતું નહિ, તેનો એવો ઇરાદો હતો કે, જે લોકો હ૦ અલીથી ખુનનો બદલો લેવા જાયછે તેઓની વિરૂદ્ધ હિલચાલ કરીને હ૦ અલીની મદદ કરે. "

" જે દિવસે ઉમ્મુલ–મોમેનીન (હ૦ આએસા) "મકકા" થી "બસરા" ખાતે જવા માટે નીકળ્યાં તે દીને અસ્મા ઘણીજ બેચેન હતી. તેણી વારંવાર એજ કહેતી હતી કે, તેણી હ૦ અલીને મદદ આપી શકતી નથી, તથા હ૦ અલી આ આરોપથી બીલકુલ નિર્દોષ છે, તેણી તો તેજ દીને અમીરૂલ–મોમેનીન (હ૦ અલી)ની મદદ કરવામાટે મદીનાથી નીકળત પણ મોમેનીનના જવાને બીજે દહાડે એક કાસદ એક પત્ર લાવ્યો, જે તમારા

તરફથી લખાયો હતો. અસ્મા તે વાંચીને ઘણીજ ખુશી થઈ અને મને બોલાવીને કહેવા લાગી કે, મોહમ્મદે તેણીને માટે સ્વારી મોકલી છે અને તેણીને મદીનામાં બોલાવી છે. જેથી તેજ વખતે તેણીએ રવાનગીની તૈયારી શરૂ કરી. મેં અને ઉમ્મુલ-ફઝલે ઘણુંએ સમજાવ્યું" કે શુક્રવારે જજે, પરંતુ તેણી તો તૈયાર પણ થઇ ગઇ. તે એવીતો ખુશ હતી કે, જાણે તેણી બંધીખાનામાંથી છુટે છે. જોકે તેણી તાપને લીધે ઘણી કમતાકાત થઇ ગઇ હતી.

મેં પેલા કાસદને કહ્યું કે, તે સ્વારી અહીંજ ઘર આગળ લાવે, પણ અસ્મા તો તેની સાથેજ ચાલી. હું પણ તેણીની સાથેજ હતી. થોડા વખત પછી અમો એક જગ્યાપર પહોંચ્યાં, જ્યાં બે ઉંટોપર એક અંબાડી મુકેલી હતી અને ત્યાં કેટલાક લોકો પણ હતા, કે જેઓને મેં ઓળખ્યા પણ નહિ; અને જો કે હું બીધી તો ખરી, કે રખેતે એ લોકો અમારી સાથે દગો કરતા હોય! મેં અસ્માથી મારી બીહીકની વાત કહી, પણ તેણી મોહમ્મદને ત્યાં જવાની આતુરતામાં આંધળી બની રહી હતી, તેથી તેણી તરતજ અંબાડીમાં બેસી ગઇ. ત્યારબાદ જ્યારે અમો મદીના અને બસરાના રસ્તાઓપર આવ્યા તો ત્યાં કેટલાંક હથીઆરબંધ માણુસોને ઉભેલાં જોયા, કે જેઓ અમારીજ રાહ જોતાં હતાં, તેમાં એક જુવાન ઘણોજ ખુબસુરત હતો તેણે ઘણો કિમતી લેબાસ પહેર્યો હતો. તે પરથી એમ જણાતું હતું કે, તેજ તે લોકોનો સરદાર હશે. તે લોકોએ અમારા ઉંટોને ચારેતરફથી ઘેરી લીધા અને અમો તેઓની વચ્ચે ચાલ્યાં, હવે અમારી ખાતરી થઇ કે, અમો સજ્જડ રીતે સપડાયાં છીએ. અમારી સ્વારી બસરા તરફ ચાલી. એ સ્વાલના જવાબમાં કે, અમોને કયાં લઇ જાઓ છો? તેઓએ એવો જવાબ આપ્યો કે, જ્યાં તેઓની મરજીમાં આવશે ત્યાં લઇ જશે. આ સખત જવાબ સાંભળીને હું બીલકુલ નીરાશ થઇ ગઈ. ચાંદરડાંમાં મેં અસ્માનો ચહેરો જોયો. તે ઘણીજ મક્રમ જણાતી હતી. હું અને અસ્મા બને એકજ અંબાડીમાં બેઠાં હતાં પણ તેઓએ બસરાના રસ્તાપર આવીને મને અસ્માપાસેથી ઉઠાડીને બીજા ઊંટપર બેસાડી."

મોહમ્મદ તેણીના ચહેરાને સઘળો વખત ટીકી ટીકીને જોતો હતો અને ઘણાજ શોખથી તેણીની વાતો સાંભળી રહ્યો હતો.

અસ્મા કેદમાં.

" તમામ રાત તેઓ ઘણી ઝડપથી ચાલ્યાજ ગયા " ઘરડીએ પોતાનું કહેવું આગળ ચલાવતાં કહ્યું " સહવાર થતાં જ્યારે મેં તેઓના ચહેરા ગૌરથી જોયા તો તેમાંના એક શખસને હું ઓળખી શકી, કેમકે ઘણા દહાડા થયાં તે હ૦ આએશાના ગુલામોમાં હતો, પણ તે ખુબસુરત જુવાનને હું નામથી ઓળખી શકી નહિ. તેના ચહેરાપરથી જણાતું હતું કે, તે ઘણો તાલેવંત છે. હું મારી અક્કલથી એટલું સમજી કે, તે બસરાનો રહીસ હોવો જોઇએ. લોકો તેને " સઇદ " ના નામથી પોકારતા હતા. તે અસ્માની અંબાડી પાસે આવ્યો. હું દુરથી તેને જોઇ શકતી હતી તથા તેની વાતો પણ સાંભળતી હતી. તે અસ્માથી તેણીની તબીયત વિષે પુછતો હતો. તેણે નોકરોને અસ્માની સેવામાં હાજર રહેવાનો હુકમ આપ્યો તથા તેણીને માટે ખાવાનું મોકલ્યું,

" અસ્માએ કંઇ ખાધું ? " મોહમદે પુછ્યું.

" હું તમારાથી શું કહું ? " ઘરડીએ કહ્યું " મેં આજ સુધી અસ્મા જેવી મક્કમ છોકરી જોઇજ નથી. જોકે તેણી અજાણ્યાઓમાં સપડાઇ ગઇ હતી, પણ તેણીના ચેહેરાપર જરાપણ ગભરાટ માલમ પડતો હતો નહિ, તે જુવાન, અસ્માથી વાત કરતાં અચકાતો હતો પણ અસ્મા બીલકુલ બીહતી હતી નહિ, પણ હું તો બીહીકમાં ધ્રુજી રહી હતી, અને મારા તો હોસ-કોસ ઉડી ગયા હતા. "

" મારા સવાલનો જવાબ તો આપો " મોહમ્મદે પુછ્યું " કે તેણીએ કંઇ ખાધું કે નહિ ? "

" હું જાણુંછું તેમ " પેલી ઘરડી બોલી " તે વખત તો તેણીએ કંઇ પણ ખાધું નહી, પણ ખાધાવિના તે ચલાવીજ કેમ શકતી હતી ! "

" વારૂ " મોહમ્મદે પુછ્યું " પછી શું થયું ? "

" થોડો વખત ત્યાં થોભીને અમો આગળ ચાલ્યાં " ઘરડીએ વાત આગળ ચલાવી "અમો તે વખતે એરાક તરફ જતાં હતાં, શું કરવું તેની સુઝ પડતી હતી નહિ અસ્મા બીલકુલ ચુપ બેઠી હતી. તે કરે શું ! તેની પાસે કંઇપણ ઉપાય હતો નહિ. હું તેને જોયા કરતી હતી, તે કંઇક વિચારમાં પડી હતી. "

" સઇદ કે જે, અસ્માને મેળવવા માટે એવી રીતે અપ્રમાણીકપણાથી વર્ત્યો હતો કે, તે જરા બીધેલો લાગતો હતો. તે વાત કરવાના ઇરાદાથી અસ્માની અંબાડી પાસે જતો હતો, પણ તેનાથી કંઇ બોલી શકાતું હતું નહિ. હું અસ્મા પાસે જવાના ઘણાંએ ફાંફાં મારતી હતી, પણ મારૂં કંઇ ચાલી શકતું હતું નહિ."

" આખરે મેં એક બાજી રચી–હું બીલકુલ બીમાર થઇ ગઈ અને પેટના સખત દુઃખાવાની ફર્યાદ કરવા લાગી. મેં કહ્યું કે, મારાથી ઉંટપર બેસી શકાતું નથી, માટે મને અંબાડીમાં બેસાડે. આ સાંભળીને સઇદે કહ્યું કે, આ ઘરડીને આ જંગલમાં મરતી મુકીને આગળ ચાલવું. પણ મેં તો બુમો પાડવી શરૂ કરી કે, હું મારી બેટી અસ્માને જોવા માગુંછું. મારા આ બુમબરાડા સાંભળીને અસ્માએ મને પોતાની અંબાડીની અંદર બોલાવી લીધી. અસ્માએ મને અંદર બેસાડીને સઘળા પરદા પાડી દીધા. મેં ધીમેથી પુછ્યું કે, તેણી શું કરવા માગતી હતી ?"

અસ્માએ છેવટે એક સ્વાસ ખેંચીને કહ્યું કે, તેણી સખત લાચારીની હાલતમાં હતી. તેણીએ કહ્યું કે, હું આજ સુધી એવી મુસીબતમાં સપડાઇ નથી. જો એવી હાલતમાં બીહીક જાહેર કરૂં તો તેથી કાંઇ ફાયદો પણ થવાનો નથી. હું મારી ભયંકર હાલત જાણુંછું પણ કરૂં શું ? લાચારછું. મારી પાસે કાંઇ હથીઆર પણ નથી જેથી લાચાર છું. આ લોકો જ્યાં લઇ જાયછે ત્યાં જાઉંછું. હું તેની બદનઇયતથી વાકેફ છું પણ તેથી શું થવાનું છે ! જ્યારે પણ એ કંઇક બદ ઇરાદો કરશે તે વખતે મારાથી જે બનશે તે હું કરી લઇશ. તમો કોઇ પણ રીતે મારો એક સંદેશો મારા..........મોહમ્મદ સુધી પોહચાડી દો. પણ તે કેમ થઇ શકે ?"

" મેં કહ્યું કે, જે કંઇ તમારે કહેવું હોય તે મારાથી કહો. હું મોહમ્મદને જઇને કહીશ. કેમકે કાફલાવાળાઓ મને અહિંઆંજ છોડી જવા માગેછે, આ સાંભળીને અસ્માએ મારાથી કહ્યું કે, હું તમને એક પત્ર લખીને આપુંછું."

અમો થોડી દુર ગયા પછી તે કાફલો થોભ્યો. સઇદે આવીને અંબાડીનો પડદો ઉંચકયો અને મને કહ્યું કે, તું ઉતરી જા. આ ઉંટપર એટલો બાર રહી શકતો નથી. તે પછી મેં મારી બીમારીનું બહાનું કાઢયું પણ તેતો ગરમ થઇ ગયો. અસ્માએ તેનાથી કહ્યું ઉતાવળ શેની છે ! આગળ ચાલતાં જ્યાં કાફલો મુકામ કરશે ત્યાં તે ઉતરી પડશે. "

સાંજ થતાં અમો એક એવા મુકામપર પહોંચ્યાં કે, જ્યાં ઘણી ગીચ ઝાડીઓ હતી ત્યાં કાફલાએ મુકામ કર્યો. અસ્મા હાજતના બહાનાથી એક ખુણામાં ગઇ. કોઇ ત્યાં આવે નહિ તેમાટે તેણીએ મને પોતાની પાસે બાહેર ઉભી કરી. ઘણા વખત પછી તેણી ઝાડીમાંથી બાહેર આવી. તેણી એક પત્ર લખીને લાવી હતી, જે તેણીએ મને આપ્યો, કે જે કોઇ જોઇ જાય નહિ. એવી બીહીકથી મેં જલદીથી સંતાડી લીધો. પછી તેણીએ મને આ કાગળ તમોને આપવાની ઘણી તાકીદ કીધી. તે કાફલો તેજ વખતે રૂકસદ થયો. અસ્માથી છુટી પડતાં હું ઘણું રડી, પણ મારા રડવાની તેણીની ઉપર ઝાઝી અસર થઇ નહિ. ચાલતી વખતે તેણીએ કહ્યું કે "મારી તરફથી તમારે બીલકુલ નચીંત રહેવું. હું આશા રાખું છું કે, મારી આ કેદ પણ કંઇ નહિ ને કંઇકિ પણ ઉપયોગીજ થઇ પડવાની અને ઇન્શાઅલ્લાહ, એ હાલતમાં પણ હું ઇમામ અલીને મદદ કરવાની કોશીશ કરીશ."

"તેણીની એવી હિમ્મત જોઇને હું ઘણી અજબ થઇ. હવે તે રવાના થઇ ગઇ અને તે એકાંત જંગલમાં હું એકલી રહી ગઇ. મારી લાચાર અને નિરાધાર હાલત દયાને પાત્ર હતી. વધારે પરેશાન હું એ માટે હતી કે, બીલકુલ સાંજ થઇ ગઇ હતી. હું નિરાશ થઇને આંખો ફાડી ફાડીને ચારે તરફ જોવા લાગી. એટલામાં દુરથી મને મારી તરફ એક કાફલો આવતો દેખાયો, પણ થોડે આગળ આવી તેણે બાજોજ માર્ગ લીધો. હું તેની પુઠે લાગી પણ તે આગળ વધી ગયો. એજ દિવસ એજ રીતે ગયા પછી મને મસઉદ મળ્યો."

અસ્માનો પત્ર

આ કિસ્સો સાંભળ્યા પછી મોહમ્મદે ઘરડીથી પેલો પત્ર માગ્યો. ઘરડીએ તેને પોતાના કુરતાની નીચેથી કાઢીને આપ્યો, તે અસમાના પહેરણનો એક ટુકડો હતો, કે જેપર તેણીએ લખ્યું હતું. અક્ષર બીલકુલ કુબતી ઢબના હતા તથા તે લાલ રૂશનાઇથી લખાયેલા હતા મોહમ્મદે મસઉદથી કહ્યું કે, હવે તેઓ બન્નેએ અસાયશ લેવી. હવે મોહમ્મદ તંબુના દરવાજા આગળનો પડદો છોડીને બત્તીપાસે બેસીને પત્ર ધ્યાનથી વાંચવા લાગ્યો. તેમાં લખેલું હતું:—

"આ વખતે હું એક રેતીના રણમાં છું, અને મારી આસપાસ ઘણા "લોકો જમા છે. હું જાણતી નથી કે, એ લોકોનો ઇરાદો શું છે? પણ "હું આશા રાખું છું કે, એ લોકોને તેઓના ઇરાદામાં નિષ્ફળતા મળશે. "આ લોકો ઉમ્મુલ–મોમેનીનના લશકરભણી જાયછે અને ઘણું કરીને તેજ "ટોળાંના છે. તમો મારે માટે કંઇપણ ફિકર કરતા નહિ. મને જરા "પણ બીહીક નથી. આ વખતે આ પત્ર હું તમોને મારા લોહીથી લખી "રહી છું, કેમકે અહિં કોઇ પણ જાતની શાહી મળવી અશકય છે."

"આ પત્ર હું તમોને મારી સઘળી હકિકતથી વાકેફ કરવા માટે "લખી રહીછું. મેં એવી માનતા માની છે કે, આપણી વચ્ચે જે એકરાર "થયો છે તે તેજ વખતે પુરો થાય કે જયારે આપણે હ૦ અલીની "પુરેપુરી મદદ કરી લઇએ અને તમામ રીતનો ફેસાદ પણ દફે થઈ "જાય. હું અને તમે ખુદ બન્ને આ વાત સારી રીતે જાણીએ છીએ કે, "તેઓ તદન નિર્દોષ છે. હું હવે બસરા જઇને જેમ બનશે તેમ આ "વાતની કોશિશ કરીશ કે. ઉમ્મુલ–મોમેનીન પોતાના ઇરાદાથી બાજ રહે. "હું ઇચ્છું છું કે, ઉમ્મુલ–મોમેનીન પણ આ વિચારમાં આપણી સાથે "હોત, કે હ૦ અલી ખરા માર્ગપર છે. જે દિને હ૦ અલી હ૦ પેગમ્બર "(સ૦ અ૦ વ૦) ની ઘોરપર.ફર્યાદ અને રંહડાણુ કરી રહ્યા હતા તે "દિને જો હ૦ આએશા તેઓને સાંભળત તો, તેઓને પણ તેઓના ની- "દોષપણાપર એવોજ ભરૂસો થાત, કે જેવો આપણને છે. તમારાથી જેટલી "બની શકે તેટલી હ૦ અલીની મદદ કરો. હું તમોને ફરીથી યાદ આપું "છું કે, હવે તમો પણ તમારા દિલમાં એવો મક્કમ ઠરાવ કરી લો કે, "જયાંસુધી આપણે હ૦ અલીની પુરેપુરી મદદ ન કરીએ અને આ વિરૂદ્ધતા "દુર ન થઇ જાય ત્યાંસુધી અમારો કોઇપણ એકરાર પુરો થાય નહિ "હાલ એ૦૮. તમારી........અસ્મા.

આ પત્ર વાંચતાં વાંચતાં મોહમ્મદની આંખોમાં આંસુ આવી ગયાં. મોહમ્મદ અસ્માના જુસ્સા અને ઇસ્લામ ધર્મપ્રત્યેની તેણીની મોહબ્બતપર ફીદા થઇ ગયો. તે ઘડી ઘડી તેણીના પત્રને ચુંબન કરતો હતો. તે તેણીની આવી કઢંગી અને નિરાધાર હાલતનો ખ્યાલ કરીને રડવા લાગ્યો તથા તેણીની ગીરફતારીના પરિણામનો ખ્યાલ કરીને તેના દિલમાં ભયંકર વિચારો આવવા લાગ્યા.

અસ્માના કેદ થવાનો સબબ.

અસ્મા જે જમાનામાં ઉમ્મુલફ્ઝલને ત્યાં બીમાર પડેલી હતી ત્યાં તેઓની પાસે બસરા અને કુફાના લોકો આવ્યા હતા. તે વખતે "સઇદ" તેને જોઇ હતી. તેણી વિષે ખબર કાઢતાં તેને માલમ પડયું કે, મોહમ્મદ ઇબ્ને અબાબકર તેણીથી લગ્નની ગાંઠથી જોડાવા માગે છે અને જ્યારે મોહમ્મદ તેણીને બોલાવશે તો તેણી મદીનાખાતે ચાલી જશે.

અસ્માની દીલફરેબ ખુબસુરતીએ તેના દીલપર જાદુઇ અસર કરી અને તેણીને મેળવવા માટે આ બાજી રચી કે, મોહમ્મદના નામથી તેણીને એક બનાવટી પત્ર લખ્યો અને પોતાના નોકરને હાથે તેણીને મોકલ્યો, કે જે હકિકત વાંચનાર સારી રીતે જાણેછે. સઇદ અસ્માને લઇને ચાલ્યો ગયો.

રસ્તામાં ઘરડીને ઉતારવા પછી અસ્માએ સઇદને બસરે જવા કહ્યું. તેણીના કહેવાથી તે બસરા તરફ આવ્યો, પણ શહેરની નજદીક પોંહચીને તે કુફા તરફ ફરી ગયો; કેમકે ત્યાંપણ તેનાં ઘર હતાં. રસ્તામાં તેણે અસ્માને સમજાવવાને ઘણી કોશીશ કીધી અને તેની એવી આશા હતી કે, આ સ્ત્રીજાત કયાંસુધી ઇન્કાર કર્યા કરશે! પણ અસ્મા તરફથી તેને હમેશાં એવો જવાબ મળતો હતો કે, જેથી તેની નિરાશી વધતીજ ગઈ.

જ્યારે કુફાની બીલકુલ નજદીક પહોંચ્યો તો સઇદે પોતાના દિલમાં એવો ઠરાવ કર્યો કે, હવે "હા" "ના"નો ફડચોજ કરી નાખવો જોઇએ. રાત અંધારી હતી તેથી અસ્માની અંબાડી પાસે આવીને તેણે તેનો પડદો ઉંચો કર્યો. અસ્મા આ વખતે થાકને લીધે એક તકીઆપર ટેકો દઇને બેઠી હતી. રોશનીને માટે અંબાડીમાં એક બાજુ દીવો બળતો હતો તેને જોઇ અસ્મા ઉઠીને બેઠી થઇ ગઇ અને પરવરદીગારથી પનાહ માગવા લાગી. સઇદે એક મોહબ્બતભર્યા સાદે કહ્યું "શું તમોને મદીના કરતાં બસરા વધારે પસંદ છે?"

અસ્માએ આ સાંભળીને માથું નમાવી લીધું અને કંઇપણ જવાબ આપ્યો નહિ. સઇદ તેણીની નજદીક ગયો અને તેણીનો ઘુમટો હઠાવવાને ઇરાદો કર્યો, પણ તેણીએ મજબુતીથી ઘુમટો ચહેરાપર લીધો અને સઇદ તેને ખેંચી શકયો નહિ.

"હું સમજી શકતો નથી" સઇદ બોલ્યો કે, "તમો મને એવી રીતે કેમ ધીક્કારી કાઢોછો? જોકે હું તમારી ઉપર મારો જાન કુરબાન કરવા

તૈયાર છું, હું તમારી મોહબ્બતની જાળમાં ગીરફતાર થયો છું, હું તમારો સાચો આશક છું. હવે જલદી તમો પોતાને ઘેર બસરા અથવા કુફામાં જ્યાં તમારી મરજી હશે ત્યાં જઇ પુગશો; મારી પાસે જે કંઇ છે તે તમારૂંજ છે; મારી એજ ઇચ્છા છે કે, તમો મને એક મહેરબાનીની નજરે જોઇશો."

અસ્માએ એ સઘળી વાતોનો કંઇપણ જવાબ આપ્યો નહિ. તે એના તરફ ટીકીટીકીને જોયા કરતી હતી. તેને એવો વિચાર આવતો હતો કે, તેણી તેને ત્યાંથી હડધુત કરીને કાઢી મુકે, પણ પાછી વિચાર કરતી કે, એમ કરવામાં ડર છે. તેણી એજ ગુંચવણભરેલા વિચારોમાં ખામોશ બેઠી હતી તેવામાં પોતાની નિરાધાર હાલત અને પોતાના સાચા આશકનો ખ્યાલ કરતાં એકાએક તેના મોઢામાંથી આહ નીકળી ગઇ.

સઇદ એવા વિચારથી કે તેની આજેજીએ તેણીની ઉપર અસર કરી, તે ખુશ થયો. પછી તે તેણીની બીલકુલ નજીક આવી ગયો અને તેણીના હાથ તરફ પોતાનો હાથ લઇ ગયો. અસ્માએ પોતાનો હાથ ખેંચી લીધો અને તેની તરફ એક એવી નજર કરી કે, સઇદને લાગ્યું કે તેણીની આંખોથી આગનાં બળતાં નીકળી રહ્યાં છે. આ જોઇને તે પાછળ હઠયો અને ઘણીજ આજેજી તથા મોહબ્બતભર્યા અવાજે કહેવા લાગ્યો "તમોએ આ મારા દિલપર દયા લાવવી જોઇએ, કે જે તમારી ઝુલફાંમાં ફસેલો છે. ખુદાને વાસ્તે પોતાના આશકથી રાજી થઇજા, હું મારી તમામ જીંદગી તુને અર્પણ કરૂં છું, હું તારો ગુલામ છું. તુ એટલું પોતાની જબાંથી કહે, કે "હું રાજી છું". મોહમ્મદ તારે લાયક નથી. તું જલદીથી જોઇ લેશે કે, લડાઇમાં તેની શી હાલત થાય છે?"

મોહમ્મદનું નામ સાંભળીને અસ્મા બેતાબ થઈ ગઇ અને ઘણાજ ગુસ્સાથી બોલી ઉઠી કે "મોહમ્મદની સામે તું પણ પોતાને મર્દ સમજે છે કે?"

સઇદ તેની આ ગુફતેગો સાંભળીને દિલમાં જરા ખુશ થયો કે, આખરે તેણીએ ગુસ્સાથી પણ વાતતો કીધી! તે કહેવા લાગ્યો "કેમ, શું હું મર્દ નથી?"

"શું? એવાજ લોકો મર્દ કહેવાય," અસ્માએ કહ્યું 'કે જેઓ બનાવટી પત્રો લખીને ઠગે છે? તમારા જેવા નામર્દ અને દગાબાજ શું લડાઇમાં થોભી શકે છે?"

"એતો સાચી વાત છે." સઇદ બોલ્યો "કે, મેં ઠગાઇથી કામ લીધું. પણ મારી આખી જીંદગીમાં મેં આ એકજ પાપ કર્યું છે અને તેમાટે હું નમ્રતાપુર્વક તમારી દરગુજર ચાહું છું."

"મારાથી શું દરગુજર ચાહો છો ?" અસ્માએ જવાબ આપ્યો "મોહમ્મદથી જઇને કહો, તે તમોને માફ કરી દેશે, યાતો તમારી મરદાનગી જાહેર થઈ જશે !"

સઇદ હવે તદ્દન તેણીની નજદીક બેશી ગયો, તેણે એક હાથથી તેણીનો હાથ પકડયો અને બીજાથી તેણીનો ઘુમટો હઠાવવાની કોશીશ કરી. અસ્મા આ હાલત જોઇને તરત ઉભી થઈ ગઇ, ગુસ્સાથી તેણીનો ચહેરો લાલચોળ થઇ રહ્યો હતો, તેણીનું તમામ અંગ ધ્રુજી રહ્યું હતું. તેણી આખરે કહેવા લાગી "મારી ચુપકીદીને લીધે તમારી એટલી હિમ્મત વધી ગઇ, કે તમો મારી પાસે આવીને બેસી ગયા ? ઉઠી જાઓ અહિંથી નહિતો સારૂં થશે નહિ !!!"

"તમેતો ગુસ્સે થાઓ છો !" સઇદે હસતાં હસતાં કહ્યું "ખુદાના સમ છે, એ તમામ વાતો હું તમારીજ ખુશીમાટે કરૂં છું, હું હરગીઝ તમને નારાજ કરવા માંગતો નથી. ખુદાને માટે રાજી થઈ જાઓ !!!"

"મારૂં રાજી થવું અશકય છે" અસ્માએ કહ્યું "તારાથી રાજી થવા કરતાં આગમાં બળી મરવું વધારે ખુશ સમજું છું !!!"

"જુઓ" સઇદે હેરાન થઇને પોતાના ગુસ્સાને છુપાવતાં કહ્યું "હું વારંવાર કહું છું કે હું તમારો સાચો આશક છુ, રાજી થઇ જાઓ."

"તું બેશરમ મોહબ્બતની વાતો કરે છે" અસ્મા બોલી "તું દગાબાજ અને ઠગારો છે, તું એપર મગરૂર થતો નહિ, કે તારી પાસે ઘણા માણસો અને હથીયાર છે ! અને હું એકલી છું ! મારી સામે તારી કઇ બીસાદ નથી ! શું તું મને દબાવવા આવ્યો છે ?"

અસ્માપર સખ્તાઇ.

આ સખત જવાબ સાંભળીને સઇદ નિરાશ થઇ ગયો. તેણે ઠરાવ કર્યો કે, હવે તેણીની સાથે સખ્તાઇથી કામ લેવું જોઇએ, જેથી તેણે એક

ગુસ્સાના અવાજે કહ્યું " તું મારી વાતને ઉડાવવા માગેછે અને જેમ જેમ હું નરમીથી કામ લઉંછું તેમ તેમ તું ગરમ થતી જાયછે, તું જાણતી નથી કે, તું આ વખતે મારી કેદમાં છે ? "

આમ કહીને સઇદે તેણીના બન્ને હાથ પકડીને પોતાની તરફ ખેંચી, અસ્મા પણ તે વખતે ઘણીજ ગુસ્સે થઇ રહી હતી. તેણીને લાગ્યું કે, તેનામાં અસાધારણ શક્તિ આવી ગઇ છે. તેણી પોતાની કમજોરી અને દુઃખ બીલકુલ વિસરી ગઇ. તેણીએ સઇદને એક ઠોકર એટલા જોરથી તો મારી કે, તે બહાર જઇને ચતો પડ્યો, અને પછી પોતે મોઢું ફેરવીને સુઇ ગઇ.

જમીન ઉપર પડતાંજ તે બુમો પાડવા લાગ્યો, તેણે પોતાના નોકરોને હુકમ આપ્યો કે અસ્માના મુસ્ક બાંધી લો. સઘળાઓ અસ્માની આસપાસ ફરી વળ્યા. કોઇએ તેણીનો હાથ તો કોઇએ પગ પકડયો, અને પછી તેણીને ખુબ મજબુત બાંધીને તેજ અંબાડીમાં નાખી દીધી. હવે સઇદ ફરીથી તેણીની પાસે જઇને કહેવા લાગ્યો કે " હજુ પણ સમજી જા. " તું શેતાન છે " અસ્મા બોલી " હું તારો ચહેરો જોવા માંગતી નથી. "

" હવે તો તારે રાજી થવુંજ પડશે " સઇદ બોલ્યો " કેમકે, તારો જાન મારા હાથમાં છે. "

" શું તું મને મોહતથી બીવડાવે છે ? " અસ્મા બોલી " ખુદાના સમ છે, હું તારા કરતાં મોહતને લાખ દરજ્જે પસંદ કરૂં છું, તું મને કતલ કરે તો, એ પણ મારે માટે સુખસમાન છે. "

" હું તુંને કતલ કરીશ નહિ " સઇદ બોલ્યો " પણ તુંને સખત તકલીફ આપીશ " આમ કહેતાં કહેતાં તે તેણીના માથા પાસે બેસી ગયો અને પોતાનો હાથ તેણીની તરફ લંબાવ્યો.

અસ્માના હાથ જલદી જલદી બાંધવામાં આવ્યા હતા તેથી તેણીનો એક હાથ ખુલ્લો રહી ગયો હતો, તેણીએ કોશીશ કરીને તે હાથ બહાર કાઢ્યો અને સઇદની તરફ પુરજોશથી વધી. સઇદે બીહીને જરા પાછળ હઠી પોતાની તલવાર ખેંચી કાઢી. અસ્માએ આગળ વધીને ઘણીજ ચાલાકીથી તે તલવાર તેના હાથમાંથી છીનવી લઇને પોતાના બંધ કાપી નાખ્યા અને તેના ઉપર હુમલો કર્યો. આ જોઇને સઇદ ત્યાંથી ન્હાસ્યો અને પોતાના તમામ માણસોને તેણીને પકડવાનો હુકમ આપ્યો. સઘળાઓ તેણીને

પકડવા દોડયા. તેમાં પહેલાં જે શખ્સ તેણીની પાસે આવ્યો તેના ઉપર તેણીએ તલવારથી હુમલો કર્યો અને માર્યો ગયો. આ જોઇને સઘળાઓએ પોતાનાં હથીયાર કાઢયાં અને ચારો તરફથી તેણીની ઉપર ભાલાઓ અને તલવારોથી હુમલા કરવા લાગ્યા. આખરે તેણીના પોંહચામાં એક ભાલો લાગ્યો, તલવાર તેણીના હાથથી છુટી ગઈ અને તેણી બેશુદ્ધ થઈ ત્યાંજ પડી ગઇ.

સઇદે પાસે આવીને તેણીના મોંઢાપર પાણી છાંટયું તેથી તેણી શુદ્ધિમાં આવી. તે તેણીની પાસે આવીને બેસી ગયો. તે તેણીને રાજી કરવાના ખ્યાલમાં હતો, પણ, અસ્માનો તેની તરફ ધીક્કાર વધતોજ જતો હતો.

“ આ વખતે તમારી શું હાલત છે ? ” સઇદે તેણીની નજદીક જઇને પુછયું “ હું તારો નાપાક ચહેરો જોવા માંગતી નથી ” અસ્મા બોલી.

“ શું હજીપણ તમોને છુટવાની આશા છે ? ” સઇદ બોલ્યો.

“ હું ફકત મોહતની તલબગાર છુ ” અસ્માએ કહ્યું “ તેજ મારી છેલ્લી આશા છે, પણ અફસોસ ! શું હું મોહમ્મદને મોહતથી પહેલાં જોઈ શકીશ નહી ? ”

સઇદ મોહમ્મદનું નામ સાંભળીને અદેખાઇના આવેશમાં બળવા લાગ્યો. તે તલવાર ખેંચીને તેણીની પાસે ઉભો થઇ ગયો. અસ્મા આ જોઇને નીરાશ થઇ ગઇ અને રડતાં રડતાં કહ્યું “ આહ ! મારા મોહમ્મદ ! તું કયાં છે ? શું હું તુને મોતની અગાઉ નહિ જોઇ શકીશ કે ! ”

“ શું તુ એમ સમજે છે ? ” સઇદ બોલ્યો “ કે હું તુને હમણાજ કતલ કરીશ ? બલકે હું તુને સખ્તી આપીશ ”

તેણે પોતાના માણસોને તેણીને ત્યાંથી ઉઠાવી લઇ જવાનો હુકમ આપ્યો. તેઓએ તેણીને લઇ જઇને એક કાંટાવાળા ઝાડ સાથે બાંધી. આ વખતે જોકે અસ્માની હાલત ઘણી ખરાબ હતી. તેણી જખમી હતી, તેણીને કાંટા ભોંકાતા હતા અને તેણી બીલકુલ નીરાશ થઇ ગઈ હતી. એ સઘળું છતાં પણ મોહમ્મદનો ખ્યાલ તેના દીલમાંથી દુર થયો હતો નહિઃ—

કિતના બવઝઅ હય ખ્યાલ ઉસકા
બે–કસીમેભી આએ જાતા હય–દાગ.

તેણીને બાંધીને લોકો પોતપોતાને ઠેકાણે ચાલ્યા આવ્યા. રાતનો અંધકાર દુર કરવા માટે અસ્માની સામે થોડી આગ બળતી હતી. તેણી

નાઉમ્મીદ થઇ થઇને ચારો તરફ નજર કરતી હતી. તેણી દરેક ચીજને એજ કહેતી હતી કે, મોહમ્મદ આવી રહ્યો છે. પછી નીરાશીમાં તેને એવો ખ્યાલ આવતો હતો કે, લાવની આ વખતે જાન બચાવવા માટે સઇદથી વાયદો કરી લઉ ! પણ પછી પોતાના મનમાં વિચાર કરતી કે, ફક્ત વાયદાથી તે રાજી થશે નહિ.

છુટકારો.

તેણીની નીરાશી ભરેલી નજરો નાઉમેદી સાથે દરેક ચીજ પર પડતી હતી. જેટલા કલ્પીત આકારો તેણીની સામે આવતા હતા તેઓમાં તે દરેકને મોહમ્મદ સમજતી હતી, અને ખ્યાલ કરતી હતી કે, તે તેણીને છોડાવવા આવેછે.

તે ટીકી ટીકીને ચારો તરફ જોતી હતી એટલામાં સામેથી તેણીને કેટલાક ઘોડેસ્વારો આવતા દેખાયા, પણ તે સમજી કે, એ ફકત તેણીની કલ્પના હતી પણ પછી તેઓની હિલચાલથી તેણીની ખાતરી થઈ ગઇ કે, તેઓ સ્વારોજ હતા. તેણીને એવો ખ્યાલ પેદા થયો કે, તેઓને મદદ માટે પોકારવા પણ પછી તેણીને એમ મદદ માગતાં શરમ આવી ગઇ. તેણીએ પોતાના મનમાં કહ્યું કે, જો જીંદગી બાકી છે તો ખુદ તે સ્વારો આ તરફ આવશે અને તેણીનો છુટકારો કરશે.

સઇદ હમણા સુધી જાગૃત હતો. તે સમજતો હતો કે તકલીફ આપવાથી અસ્મા રાજી થઇ જશે. હવે તેણે પણ સ્વારોને આવતા જોયા, તેથી તે બીધો કે, રખેને અસ્મા તરફ આગની રોશની જોઇને તે સ્વારો એજ તરફ આવે. એવા ખ્યાલથી તેણે પોતાના નોકરોને આગ બુઝાવી નાખવાનો હુકમ આપ્યો.

અસ્માએ જયારે જોયું કે, તે લોકો આગ ઓલવી નાખેછે ત્યારે તેણી બીધી અને પોતાના દીલમાં દુવા ગુજારવા લાગી કે, ખુદા કરે ને તે સ્વારો તેજ તરફ આવે અને તે કેદ કરવાવાળાઓને મારી નાખે !

સઇદે જયારે જોયું કે, તે સ્વારો તેજ તરફ આવેછે તો તે નાગી તલવાર સાથે અસ્માનો છેલ્લો ફેંસલો સાંભળવા માટે તેણીની પાસે આવ્યો અને ત્યાં પહોંચતાં ઘણાજ ગુસ્સા ભરેલા અવાજે કહ્યું કે " તરતજ જવાબ આપો, તમે મારાથી રાજી છો કે નહિ ? "

અસ્મા આ સાંભળી ચુપ થઇ ગઇ. તેણીએ કંઇ પણ જવાબ આપ્યો નહિ. "જલદી જવાબ આપો" સઇદ બોલ્યો "તમારી જીંદગી અને મોત આ વખતે તમારાજ હાથમાં છે. આ વખતે યાતો તમે એક ભાગ્યશાળી સ્ત્રી બની શકો છો અને નહિતો હમણાજ અહિંઆં તમારૂં લોહી વહેતું દેખાશે, ચાલો જલદી કહો!"

અસ્મા હવે સખ્ત ગુંચવાડામાં પડી કે, તેણીએ કરવું શું? જો તેણી ઇન્કાર કરેછે તો સઇદ તલવાર મારશે. માટે તેણીએ ચુપકીદીજ અખત્યાર કરી, તે એવા વિચારથી કે, તે સ્વારો જલદીથી નજદીક આવીને તેણીનો છુટકારો કરે!

સઇદ તેણીની આ મતલબ સમજી ગયો. હવે તે સ્વારોને જોઇને સઇદ બીધો કે, રખેને તે લોકો આવી લાગે! તેણે મોઢેથી બુમ પાડીને કહ્યું "જલદી જવાબ આપો, યાતો તમો મને હાનો અવાજ સંભળાવો, યાતો મારી તલવારનો અવાજ સાંભળવાને તૈયાર થાઓ!"

"હું કદી પણ તારાથી રાજી થઇ શકતી નથી" અસ્મા ગુસ્સાથી ઉશ્કેરાઇને બોલી "તું મને કતલ કર, ખુદા મારો બદલો લેશે!"

આ સાંભળતાંજ સઇદે તલવાર મારી, પણ ઉતાવળ અને ગભરાટને સબબે તે તેણીને લાગી નહિ, બલકે તેણીના બંધ કપાઇ ગયા. હવે અસ્મા ફરીથી એક વખત છુટી થઇ. જાનથી બેજાર થઇને તેણીએ સઇદપર હુમલો કર્યો. આ જોઇને સઇદે પોતાનાં માણસોને બોલાવીને તેણીપર હુમલો કરવાનો હુકમ આપ્યો. ચારે તરફથી લોકોએ આવીને તેણીને ઘેરી લીધી. અસ્મા નીરાશ થઇ ગઇ અને તેઓથી કહેવા લાગી કે "શું તમારામાંનો કોઇ પણ ખુદાથી બીહતો નથી?"

તે સ્વારો હવે બીલકુલ નજદીક આવી ગયા. અસ્મા મોટા અવાજે એમ કહેતી હતી કે, "આહ! મારા મોહમ્મદ! શું હું તુને મરવાની અગાઉ એકનજરે પણ જોઇ શકીશ નહિ?" એટલામાં તેને એક જોશીલો અવાજ સંભળાયો અને વીજળીની ઝડપે એક સવાર તેણીની તરફ આવ્યો. જેણે આવતાંજ અસ્માથી કહ્યું કે "ખુશ થા, હું તારી મદદમાટે આવી પહોંચ્યો છું."

સઇદ અને તેના સાથીઓએ જ્યારે મોહમ્મદનો અવાજ સાંભળ્યો ત્યારે સઘળાઓ પોતાની દરેક ચીજ પણ ત્યાંજ જંગલમાં છોડી નહાસી ગયા.

અસ્મા આ વખતે બેહદ ખુશ થઇ. તેણીને પોતાનો જાન બચ્યા કરતાં મોહમ્મદના મળવાથી વધારે ખુશી પેદા થઇ. આ અણધારેલા બનાવે તેની ઉપર એવી અસર કરી અને અસ્માને એમજ લાગ્યું કે, તેણી સ્વપ્ન જુએછે, તેથી તેણીએ મોહમ્મદથી પુછ્યું " તમે આ વખતે કયાંથી આવી પહોંચ્યા ? મારી મદદ માટે ખુદાએ તમોને મોકલ્યા, કે હું સ્વપ્ન જોઉછું ! "

" નહિ નહિ, " મોહમ્મદ બોલ્યો ' આ ખ્વાબ નથી. તમો જાગૃત છો પણ તમે જખમી થયાં છો કે ? "

" નહિ, વધારે નહિ " અસ્મા બોલી " મારો હાથ જરા જખમી થયો છે, અગર આ જખ્મ ન લાગત તો ખુદાના સમ છે કે, હું એ લોકોને બતાવી દેત. "

આમ કહેતાં કહેતાં તેણીની નજર મોહમ્મદની સાથે આવેલા એક શખ્સપર પડી. તેણી પ્રેમ અને મોહબ્બતથી મોહમ્મદની સાથે વાત કરી રહી હતી પણ મજકુર શખ્સને જોઇને અસ્મા ઘણી લજવાઈ ગઇ.

" આ કોઇ ગેરશખસ નથી " મોહમ્મદે અસ્માને શરમાઈ જતાં જોઇને કહ્યું " એઓ અમીરૂલ મોમેનીનના ચચેરા ભાઈ છે. એઓનું નામ " મોહમ્મદ ઇબ્ને જઆફર " છે અને હું આ રેસાલા સાથે એક અગત્યના કામસર " કુફા " જાઉછું. હવે તમે બેસીને તમારી તમામ કથા કહી સંભળાવો.

અસ્મા બેસી ગઇ. મોહમ્મદ અને ઇબ્ને જઆફર બન્ને તેણીની વાતો સાંભળવા લાગ્યા. ઇબ્ને જઆફર અસ્માની મરદાનગીની વાતો સાંભળીને ઘણા અજબ થયા."

ઉસ્માન ઇબ્ને હનીફ અને અબુ મુસા અશઅરી.

અસ્માએ પોતાની તમામ કહાણી સંભળાવીને પુછ્યું " આ વખતે તમો અહીંઆ કેવી રીતે આવી પહોંચ્યા ? શું તમોને મારો પત્ર મળ્યો હતો કે ? "

" હા ". મોહમ્મદે જવાબ આપ્યો "તમારો પત્ર મને રાત્રે મળ્યો હતો ત્યારથીજ હું સખત બેચેન હતો. હ૦ અલી સાથે હું બસરા જવા માટે તૈયાર હતો પણ મારી એવી ઇચ્છા હતી કે, કોઇ પણ રીતે મને કુફા

જવાનો હુકમ મળ્યો કે એક મસઉદથી મેં સાંભળ્યું હતું કે તમો કુફા તરફ ગયા છો. સવારે ઘડી બામદાદે હું અમીરૂલ મોમેનીનની સેવામાં ગયો, તેઓની પાસે તે વખતે ઘણા લોકો બેઠા હતા તથા જુદા જુદા સવાલોપર ગુફતેગો થઈ રહી હતી, તેથી હું પણ તેજ લોકોમાં જઇને બેસી ગયો. થોડી વાર પછી એક નોકરે આવીને કહ્યું કે, કેટલાક લોકો અંદર આવવાની પરવાનગી માગેછે.

રજા મળતાં તેઓ અંદર દાખલ થયા. તેમાં એક શખસે બુરખો ઓઢી રાખ્યો હતો, અંદર આવતાં તે તેણે ઉતારી નાખ્યો; પણ હ૦ અલી તેને ઓળખી શકયા નહિ. તેણે કહ્યું કે, તે ઉસ્માન ઇબ્ને હનીફ છે, કે જેને હ૦ અલી તરફથી બસરાનો હાકેમ નેમવામાં આવ્યો હતો. આ સાંભળીને હ૦ અલી ઘણાજ અજબ થયા. તે વખતે ઉસ્માન ઇબ્ને હનીફના ચેહરાની અજબ હાલત થઈ રહી હતી. તેઓની દાઢીમાં એક બાલ પણ બાકી રહ્યો હતો નહિ તથા તેઓની મુંછો, ભવાં, પલકાં તમામ નદારદ હતાં. એજ કારણને લીધે હ૦ અલી તેઓને ઓળખી શકયા નહિ. હ૦ અલીએ તેઓની હાલતપર પોતાની દિલગીરી દેખાડતાં તેઓની સઘળી હકીકત પુછી તો, તેઓએ કહ્યું કે, જ્યારે તેઓ હ૦ અલી તરફથી બસરાના હાકેમ નિમાઇને ગયા તે વખતે તેઓની ખીલાફતથી સઘળા ખુશ હતા. થોડા વખત પછી ખબર મળી કે સઘળાઓ આ ખીલાફતની વિરૂદ્ધ થઇ ગયા છે. એનું કારણ એજ હતું કે, ઉમ્મુલ મોમેનીને ત્યાંના આગેવાનોને પત્રો લખીને ઉશકેર્યા હતા તથા તેઓને હ૦ અલી સામે હ૦ ઉસ્માનના ખુનનો બદલો લેવાને તૈયાર કર્યા હતા. હ૦ આએશાં પોતે બસરા ખાતે છે અને "અલહફીર" ખાતે તેઓ ઉતર્યા છે. તેઓ ત્યાંના લોકોના જવાબની રાહ જુએ છે. મેં તેઓની પાસે બે માણસોને મોકલ્યા હતા, તેઓએ આવીને મને કહ્યું કે, હ૦ આએશા—તલહા, ઝોબેર અને અમીરૂલ મોમેનીનથી હ૦ ઉસ્માનના ખુનનો બદલો લેવા માટે તૈયાર છે. તેઓ કહેછે કે, તેઓથી જબરાઇથી બયઅત લેવામાં આવી હતી અને તેઓએ રાજી ખુશીથી હ૦ અલીને ખલીફા તરીકે સ્વિકાર્યા હતા નહિં.

બસરાવાળાઓથી મેં પુછી જોયું તો તેઓમાંના કેટલાકોએ તો તેઓને મદદ આપવાની મરજી જણાવી અને કેટલાકો તેઓની વિરૂદ્ધ પણ જણાયા; તેમાં લોકોનો મોટો ભાગ તેઓની તરફેણમાં હતો. બળવો થવાની વકીજ

ધારતી હતી. ઉમ્મુલ મોમેનીન પણ આ વખતે બસરાની નજદીકજ હતાં, તેઓ "સઓ કુથ મરીદ" માં આવી ગયાં હતાં. હું તેઓની પાસે ગયો કે, તેઓ શું ઈરાદો ધરાવે છે તે દર્યાફત કરૂં! મારી સાથે બસરાના પણ ઘણા રહેવાશીઓ હતા, કે જેઓ મારી તરફેણમાં હતા.

ત્યાં જઈને મેં હ૦ આએશાનો ઈરાદો માલમ કર્યો, તો તલહાએ ઉભા રહીને હ૦ ઉસ્માનની ખુબીઓ બ્યાન કરી, પછી ઝોબેરે પણ કહ્યું. એ પછી હ૦ આએશાં ઉભાં થયાં, તેઓના ભાષણની ઘણી ઉંડી અસર થઈ તેથી સઘળાઓ ઉશ્કેરાઈ ગયા. મારી તરફેણમાં પણ જે લોકો હતા તેઓ પણ મારા વિરોધી બની ગયા, અને એક તોફાન મચી ગયું, મારા કેટલાક સાથીઓ માર્યા ગયા. આખરે આ વાતની સલાહ અપાઇ કે, મદીનાવાળાઓથી પુછવામાં આવે. મેં કહ્યું કે, જો તલહા અને ઝોબેરે જબરીથી બયઅત કરી છે, તો હું તેઓની વિરૂદ્ધતા કરીશ નહિ; અને જો ખુશીથી બયઅત કરી છે તો તેઓને પાછું ફરવું પડશે.

મદીનાવાળાઓએ જવાબ આપ્યો કે, તેઓએ ખુશીથી બયઅત કરી હતી. પણ તલહા અને ઝોબેરે તો ઈન્કારજ કર્યો. એક અંધારી રાત્રે જ્યારે ધમધોકાર વરસાદ પડી રહ્યો હતો ત્યારે તલહા, ઝોબેર વગેરે મસ્જીદમાં આવ્યા. મેં તેઓની પાસે આ વાત દર્યાફત કરવા માટે કેટલાક માણુસો મોકલ્યા કે, તેઓ શું ઇરાદો રાખેછે! તે લોકોને તેઓએ ત્યાંજ કતલ કરી નાંખ્યા. પછી તેઓએ આવીને મારી દાઢી, મુંછ, પલકાં અને ભવાં ઉખેડી નાખીને મને ત્યાંથી કાઢી મુકયો. હવે હું આપની પાસે તમામ હાલત બ્યાન કરવા માટે આવ્યો છું.

અમીરૂલ મોમેનીનને આ કેફીયત સાંભળીને ઘણો રંજ થયો. તેઓએ પછી બસરાવાળાઓની હાલત પુછી, જેના સંબંધમાં તેઓને માલમ પડયું કે, તેઓ પણ હ૦ આએશાની હિમાયત કરવા માટે તૈયાર છે.

અમીરૂલ મોમેનીન આ સાંભળીને માથું નીચું કરી, કંઇ વિચારમાં પડયા, તેઓ ઘણાજ ફિકરમંદ હતા.

એ પછી સઘળાઓ ત્યાંથી ઉઠીને ચાલ્યા ગયા. ખાસ લોકોજ ત્યાં રહી ગયા, કે જેઓ હમેશાં તેઓને સલાહ આપવા માટે રહેતા હતા. હું પણ ચાલ્યો આવ્યો હતો, હમણાતો હું મારા તંબુસુધી પહોંચ્યો પણ હતો નહિ, કે અમીરૂલ મોમીનીનનો માણુસ મને બોલાવવા આવ્યો. હું

પાછલા પગે પાછો ત્યાં ગયો. તેઓએ મારાથી ફરમાવ્યું કે "મોહમ્મદ ! તમોએ ઉમ્મુલ મોમેનીન, તલહા અને ઝોબેરની કેફીયત સાંભળી કે ? કેવી રીતે તેઓએ બસરાવાસીઓને અમારી વિરૂદ્ધ ઉશ્કેર્યા છે માટે હવે અમોને કુફાવાળાઓથી મદદ માગવી જોઇએ. માટે તમો અને ઇબ્ને જાઅફર કુફા જઇને ત્યાંના હાકેમ "અબુ મુસા અશઅરી"થી કહો કે, તેઓને હકની તરફેણ અને ખલીફાની મદદ માટે તૈયાર થઇ જવું જોઇએ. તેજ વખતે અમો બન્ને ત્યાંથી નીકળી પડયા. હવે અમો ઘણી જલદીથી કુફા જવા માંગીએ છીએ, તમો પણ અમારી સાથે ચાલો, પછી ત્યાંથી મદીને જજો."

"કદાચ તમોએ મારો પત્ર વાંચ્યો નથી" અસ્માએ કહ્યું "મેં તો ઠરાવ કર્યો છે કે 'અમીરૂલ મોમેનીનને મદદ આપવાવગર હું જંપીને બેસીશ નહિ." "તમોએ ઘણું કર્યું છે" મોહમ્મદ બોલ્યો "ઉપરાંત બીમાર પણ છો."

"તેની મને કંઈ ફીકર નથી" અસ્માએ જવાબ આપ્યો.

"વારૂ" મોહમ્મદ બોલ્યો "તો અમારી સાથે કુફા ચાલો, પછી આપણે જોઇશું."

"ત્યાં જવામાં શું ફાયદો ?"

"તો પછી ક્યાં જવા માગો છો ?"

"તમો કુફા જાઓ" અસ્માએ કહ્યું "હું બસરાખાતે જઇશ. કદાચ હું હ૦ આએશાને સમજાવીને અમીરૂલ મોમેનીનને તેઓની સામે મુકાયેલા આરોપમાંથી તેઓને મુક્ત કરી શકું અને આ દુશ્મનાઇની આતશ બુઝવી શકું !"

ઇબ્ને જાઅફર અસ્માનો ઇસ્લામ પ્રત્યે એવો જુસ્સો જોઇને હેરાન થઇ ગયા.

"મારો એવો ખ્યાલ છે" મોહમ્મદ બોલ્યો "કે, તમારી કોશીશો નિષ્ફળ નિવડવાની."

"મારૂં કામ કોશીશ કરવાનું" અસ્માએ કહ્યું "તેને પાર પાડવાનું કામ ખુદાના હાથમાં છે. હવે મને બસરાનો રસ્તો દેખાડો."

મોહમ્મદે જોયું કે, તેણી જરૂર બસરે જશે, તો મસઉદને તેણીની સાથે જવા કહ્યું. મસઉદ અને તેઓ બસરા રવાના થયાં. મોહમ્મદે તેણીને ઘણુંએ સમજાવ્યું કે, તેણીએ અંબાડીમાં બેસવું, પણ અસ્માએ એવો જવાબ આપ્યો કે, એ આસાએશનો વખત નથી.

ઇબ્ને જબાએર અને મોહમ્મદ બન્ને કુફા તરફ રવાના થયા.

તીર.

અસ્મા અને મસઉદ ચાલ્યાંજ ગયાં. સુર્યાસ્તની વખતે મસઉદને અસ્માએ પુછ્યું "બસરા હવે કેટલે દૂર છે?"

"થોડેક ગાઉને છેટે છે" મસઉદ બોલ્યો "હવે આપણે અહિંજ ઉતારો કરીએ તો સારૂં. સ્હવારે બડી ફજરે અહીંથી ચાલીશું. સુર્યોદય થતાંજ આપણે બસરાખાતે પહોંચી જઇશું."

"હવે ચાલ્યાજ કરોની" અસ્માએ જવાબ આપ્યો "ઉતારો શાનો? મરબદખાતે જઇનેજ હવે ઉતારો લઇશું."

"પણ" મસઉદ બોલ્યો "મરબદમાં તો ઉમ્મુલ મોમેનીનની ફોજ પડેલી છે."

"હા" અસ્મા બોલી "હું પણ ત્યાંજ જવા માગું છું"

મસઉદ આગળ આગળ રસ્તો જોતો જોતો ચાલ્યો જતો હતો. રાત અંધારી હતી અને વાદળાં પણ ઘેરાયલાં હતાં. અંધારામાં રસ્તો માલમ કરવામાં તેઓને ઘણી મુશકેલી પડતી હતી. દૂર પહાડપર તેઓને અજવાળું દેખાયું, મસઉદ તેજ રોશની ભણી ચાલ્યો. તે સમજી ગયો કે, તે એક ખ્રીસ્તીના દેવળની રોશની હતી, કે જ્યાં તે પહેલાં એક વખત જઇ ચુકયો હતો.

જંગલમાં ચારે તરફ શાંતી પથરાઇ રહેલી હતી. કોઇનો પણ અવાજ સંભળાતો હતો નહિ. આ બન્ને ચુપાચુપ ચાલ્યાં જતાં હતાં. તેઓનાં ધ્યાન રસ્તો કાપવામાંજ રોકાયલાં હતાં. કદી કદી મસઉદના દિલમાં એવો ભય પેદા થતો હતો કે, રખેને કોઇ ફાડીખાનાર જનાવર નીકળી આવે! એટલામાં તેની નજદીકમાંજ એક તીર પસાર થવાનો અવાજ સંભળાયો.

તેણે ગભરાઈને બુમ પાડી કે, એ કોણ છે, જે અમોને મારવા માટે તીર ફેંકે છે ?

હજીતો તેણે પુરૂં વાક્ય પણ ખતમ કર્યું હતું નહિ તેટલામાં અસ્માએ એક ચીસ પાડી "આહ, આહ ! મને મારી નાંખી."

આ સાંભળીને મસઉદની ખાતરી થઇ ગઇ કે, તેણીને તીર લાગ્યું છે. તેણે અસ્માથી પુછ્યું "કેમ શું છે ?"

" મને તીર લાગ્યું છે " અસ્મા બોલી " હવે હું પહોંચી શકીશ નહિ. "

મસઉદ તરતજ ઉંટપરથી ઉતરી પડયો. ઉંટને બેસાડીને જોયું તો અસ્માને તીર લાગ્યું છે. મસઉદે આસ્તે રહીને તે તીર ખેંચી કાઢ્યું. અસ્માએ જોરથી એક ચીસ પાડી. મસઉદ બીધો કે, રખેને તેણી આ સુમસામ જંગલમાં મરી જાય, તેણે અસ્માથી પુછ્યું કે, તેણી કેમ છે ?

'હવે મારા બચવાની કોઇ આશા નથી" અસ્માએ જવાબ આપ્યો. " તેજ કમબખ્ત સઇદ અમારે માટે અહિં છુપાઇને બેઠો હશે " એટલું કહેતાં કહેતાં જખમની તકલીફથી તેણીની આંખો બંધ થઇ ગઈ. મસઉદે વિચાર કર્યો કે, હવે એ સિવાય કોઇ ઇલાજ નથી કે, તેણીને પેલા ખ્રિસ્તી દેવળમાં લઈ જાય. તેણે તેના ઘાપર મજબુત પાટો બાંધ્યો. એકજ ઉંટપર પોતે આગળ બેસીને તેણીને પછવાડે બેસાડી તે ઝડપથી ચાલ્યો.

ત્યાં જઇને જોયું તો દેવળનો દરવાજો બંધ હતો. તેની દીવાલો પણ એટલી ઉંચી હતી કે, તે કુદીને ઉપર જઈ શકતો હતો નહિ. તે સખત હેરાન હતો. એકાએક તેને એવો ખ્યાલ આવ્યો કે, એવા મથકોપર ડાબી બાજુ એક ઘંટ લટકાવી રાખેછે કે, જો કોઇ રાતના આવે તો તેને વગાડીને દરવાજો ઉઘડાવે. તે તરફ જતાં તેનો ત્યાં ઘંટ દેખાયો. તેણે તે જોરથી વગાડયો. ઘણા વખત પછી અંદરથી અવાજ આવ્યો "કોણ છે ?"

"હું તમોને ખુદાના સમ આપુંછું" મસઉદ બોલ્યો "જલદી દરવાજો ખોલો અને અમારી હાલતપર દયા કરો !"

"પણ એતો કહો કે, તમો કોણ છો ?" ફરી અવાજ આવ્યો.

"મુસાફર, મુસીબતના માર્યા" મસઉદ બોલ્યો "ખુદાને વાસ્તે દરવાજો ઉઘાડો" આ કહીને તે થોડો વખત થોભ્યો, પણ તેણે કોઇ અવાજ સાં-

મળ્યો નહિ. અસ્મા ચોખટ પાસે દીવાલ સાથે ટેકો દઇને બેઠી હતી. મસઉદે જોયું કે તે વેદનાથી આહ આહ કરી રહી છે. તેના ઘામાંથી લોહી વહી રહ્યું છે

તેણીના હાથ પગ ઠંડા પડી ગયા હતા. મસઉદે તેણીને બરાબર ઉઠાડીને બેસાડવાની કોશીશ કરી કે, તેણીને ભાન આવી જાય, પણ તેણી બીલકુલ સુસ્ત થઇ ગઇ હતી. તેણી બેશુદ્ધ થઇ ગઇ. મસઉદ હવે વધારે ગભરાયો. તેણે મોટેથી બુમ પાડવાનો ઇરાદો કર્યો, એટલામાં બારીથી બહાર અજવાળુ પડતું દેખાયું અને એક શખસે બહાર ડોકું કાઢીને કહ્યું "તમે કોણ છો ?"

'હું એક મુસાફર છું" મસઉદે જોરથી પોકારીને કહ્યું "મારી સાથે એક બીમાર સ્ત્રી મરણતોલ હાલતમાં છે. તમારી મોટી મહેરબાની થશે, જો તમો અમારે માટે દરવાજો ઉઘાડશો."

તે શખસ જે એક પાદરી હતો તેણે આવીને દરવાજામાં જે એક નાની બારી હતી તે ઉઘાડી દીધી. મસઉદે જોયું કે, અસ્મા બારીને રસ્તે અંદર જઇ શકશે નહિ. તેથી તેણે પેલા પાદરીથી આખો દરવાજો ઉઘાડવાની અરજ કરી. દરવાજો ઉઘાડયો. મસઉદ અંદર દાખલ થયો. પેલા પાદરીએ અસ્માને અંદર લઇ જવામાં તેને મદદ આપી. દરવાજાની નજદીક એક ઓરડામાં અસ્માને તેઓએ રાખી અને ત્યાં દીવો મુકીને પેલો પાદરી મોટા પાદરીને એ બાબતની ખબર આપવા ગયો.

દેવળનો રખેવાળ અને અસ્મા.

થોડીવાર પછી દેવળનો રખેવાળ ખુદ આવી પહોંચ્યો. તેની ઉમર લગભગ સાઠ વરસની હશે. બુઢાપાને લીધે તે ઘણો કમજોર થઇ ગયો હતો અને તેના ચેહરાપર કરચલી પડી ગઈ હતી દાઢી, મુછ પલકાં સુધી સફેદ હતાં, પણ તેની આંખો ઘણીજ તેજવાળી અને રોશનદાર હતી, કે જે તેની તન્દુરસ્તીનો પુરાવો આપતી હતી.

અસ્મા બીછાનાપર બેભાન હાલતમાં પડેલી હતી દહેરાંનો રખેવાળ તેણીની પાસે આવીને ઉભો રહી તેણીની હાલત જોવા લાગ્યો. મસઉદથી એ બનાવની હકીકત પુછી, તે તેણે ટુંકમાં બયાન કરી. રખેવાળે તેણીના ઘાપરથી પાટો છોડી નાંખીને મસઉદને બાહેર બેસવા કહ્યું; હવે ખુદ

રખેવાળ તથા પેહેલો પાદરી બન્ને અસ્માના ઘાને ધોવા લાગ્યા. તે જખમને પાણીથી ધોયા પછી દુધથી ધોઇને તેઓએ તેપર પવિત્ર પાણી છાંટ્યું. પછી તે દીવાનું તેલ તેણીના મોઢાંપર ચોપડવામાં આવ્યું, કે જે દીવો ઇસુ-ખ્રીસ્તનાં પુતળાં સામે બળતો હતો. તેણીના ઘાપર મજબુત પાટો બાંધવામાં આવ્યો અને પવન ન લાગે તે માટે તેઓએ તેણીની ઉપર એક બનુસ નાંખ્યો. તે પછી પેલા દેવળના રખેવાળ અને પાદરીએ તેણીને માટે તંદુ-રસ્તીની દુવા ગુજારી.

પેલો રખેવાળ જ્યારે તેણીનાં મોઢાંપર પાણી છાંટતો હતો તે વખતે તે તેણીના ચહેરા તરફ ટીકી ટીકીને જોયા કરતો હતો. તેને લાગ્યું કે, તેણી પહેલાં કોઇક સ્થળે તેના જોવામાં આવી છે, પણ તેને યાદ આવતું હતું નહિ કે કયાં ? તેણે મસઉદને હાંક મારીને પુછ્યું કે " એ કોણ છે ? "

" આ એક માનવંત સહાબીની......છે " મસઉદ બોલ્યો " અને ઘણું કરીને બનુ ઉમૈયાવાળાઓમાંથી કોઇ એનો બાપ છે. "

" તો શું એ મુસલમાન છે ? " પેલો રખેવાળ દીવો અસ્માનાં મોઢાંની નજદીક લઇ જતાં તેને ગૌરથી જોઇને બોલ્યો.

" જી હા " મસઉદે જવાબ આપ્યો.

પેલા રખેવાળે ગૌરથી અસ્માનાં કાંડાંમાં કરેલી " ક્રુસ "ની નીશાની અને તેણીના ગળામાં પડેલું ખ્રીસ્તી તાવીદ જોયું અને મસઉદથી કહ્યું કે, તેણી કેટલાંક ખ્રીસ્તીપણાનાં ચીન્હો ધરાવે છે.

"હું એટલુંજ જાણુંછું" મસઉદે જવાબ આપ્યો "કે, એ મુસલમાન છે, તે નીશાનીઓ કોઇ કારણસર હશે પણ હું તો કંઇ જાણતો નથી."

પેલો રખેવાળ આ સાંભળીને ઘણો અજબ થયો. તેને આ વાતની ખાતરી હતી કે, જરૂર કોઈ નહિ ને કોઇ ઠેકાણે તેણી પહેલાં તેના જોવામાં આવી છે, ને તે કોઇ વખતે તો તેણીનાં મોઢાં પાસે દીવો લઇ જઇ તેનો ચહેરો જોતો હતો અને પાછો વિચારમાં પડી જતો હતો. એકાએક તેણે મસઉદ તરફ ફરીને કહ્યું કે " તમે મેહમાનખાનામાં જઇને જમી લો અને પછી સુઈ જાઓ, તમો થાકેલા છો. ઈન્શાઅલ્લાહ આ છોકરી જલદીથી સારી થઇ જશે."

"મને આ વખતે ભૂખ પણ નથી અને પાણીની તરશ પણ નથી" મસઉદ બોલ્યો " હું એનીજ પાસે બેસીશ. જોઉંછું કે એની શી હાલત થાયછે ! "

" તમારા અહીં રહેવાની અગત્ય નથી " દેવળનો રખેવાળ બોલ્યો " એ તો સારી થઈ જશે, કેમકે જેટલા ઘાયલો અને બીમારો ઉપર આ પવીત્ર પાણી છાંટવામાં આવેછે તેઓ સારા થઇ જાયછે. કાંઇ ફીકર નથી, પણ જો તમે આ ઓરડાની બહાર સુવા માંગોછો તો કાંઇ નહીં, ત્યાંજ સુઇ રહો. "

પછી મસઉદ કાંઈ બોલ્યો નહીં અને બહાર દરવાજા ઉપર એક ચટાઇ પડેલી હતી તેની ઉપર બેસી ગયો.

ઓરડામાં હવે ફકત પાદરી અને રખેવાળ રહી ગયા. તેઓ આપસમાં કિલદાની ભાષામાં અસ્માની તરફ ઇશારત કરીને વાતચીત કરવા લાગ્યા. મસઉદ તેઓને ઘણાજ ધ્યાનથી સાંભળતો હતો તથા તેઓના દરેક ઇશારાને જોતો હતો, પણ તેઓની ભાષા સમજી શકયો નહીં.

પછી પેલો પાદરી ઓરડામાંથી બહાર ગયો અને એક દળદાર પુસ્તક લઇને ત્યાં આવ્યો. તે ઉઘાડીને તેણે વાંચ્યું. પછી બેઉ ગુઠણુ માંડીને ઉભા રહ્યા. જ્યારે એમ કરી રહ્યા ત્યારે રખેવાળ અસ્માની નજીક ગયો, અને તેણીના ચહેરાને ઘણા ગૌરથી જોતો રહ્યો. પછી તેણીની પાસે બેસીને જોવા લાગ્યો કે, તેણી કેવી હાલતમાં હતી !

અસ્માએ હવે પાસું બદલ્યું અને ચીસ પાડી. મસઉદ સમજ્યો કે તેણી હવે શુદ્ધિમાં આવી છે. તે તરતજ તેણીનો અવાજ સાંભળીને અંદર આવ્યો. અસ્મા આ વખતે જાગ્રત હતી. મસઉદ આ જોઇને ઘણોજ ખુશ થયો અને તેને તેણીના સાજા થવાની આશા બંધાઇ. પછી તેણીની આંખો બંધ થઇ ગઇ. રખેવાળે મસઉદને કહ્યું કે તારે નચિંત રહેવું, તેણી જલદીથી તંદુરસ્ત થઇ જશે. એજ રીતે રાત પસાર થઇ. સવારમાં ઉઠીને મસઉદ તેણીના ઓરડામાં ગયો. ત્યાં જઇને જોયું તો પેલો રખેવાળ અને પાદરી તેણીના જખમોને ધોઇને તે ઉપર બીજો પાટો બાંધી રહ્યા છે. અસ્મા આ વખતે હુશીયાર હતી. મસઉદને જોઇ તેણી કહેવા લાગી " તેજ નામર્દ સઇદે સંતાઇને તીર માર્યું. જો તે નામર્દ ન હોત તો અમારી સામે નહિ આવતે ? " આ કહેતાં કહેતાં તેણી ગુસ્સાથી લાલ થઈ ગઇ.

" હવે ખુદા કરશે તો તમો સારાં થઇ જશો " મસઉદ બોલ્યો " તે કમબખ્ત સઇદની વાત જવાદો, કોણ જાણે તેણેજ તે તીર ફેંક્યું કે કોઈ બીજાએ ? "

" તેના સિવાય ત્યાં બીજું કોણ હતું ? " અસ્મા બોલી " અહીંયાં અમોને જાણેછે કોણ, કે જે અમારે માટે છુપાઇને બેસે ? તેજ હતો, તેજ હતો, હા બેશક તેજ હતો. "

" વારૂ હશે " મસઉદે કહ્યું " હવે કહો કે તમારો શું વીચાર છે ? શું હું મોહમ્મદ કને જઇને આ હકીકત બ્યાન કરૂં ? એટલે તેઓ આવીને તમારો કાંઇ બંદોબસ્ત કરે ! "

" નહિ, નહિ, કદી નહી " અસ્મા બોલી " મને બીક છે કે મોહમ્મદ મારી આ હાલત સાંભળીને અહીંજ ચાલ્યા આવશે. તેઓ ઉમ્મત અને ઉમ્મુલ મોમેનીનની વચ્ચે સુલેહ કરાવવાનું કામ પછી છોડી દેશે. મારી એ મરજી નથી. ઉપરાંત હવે હું સારી છું. થોડા દહાડામાં તમે મને ઘોડા ઉપર બેસીને ઉમ્મુલ મોમેનીનના લશ્કરભણી જતી જોશો. " આ કહેતાં તેણી ઉંચે છત તરફ ટીકીટીકીને જોવા લાગી. તેણી ઘણીજ દીલગીર દેખાતી હતી. તેણી ગોયા એમ કહેતી જણાઇ કે, તેણી શા કામ માટે આવી હતી અને શું થઇ ગયું ! તેણીની આંખોમાંથી આંસુના રેલા ચાલવા માંડયા.

મસઉદના દીલ ઉપર. તેણીની આ હાલત જોઇને અને તેણીની વાતો સાંભળીને ઘણી ઉંડી અસર થઇ. તેણે કહ્યું કે " મોહમ્મદે મને તમારી સંભાળ લેવાનો હુકમ આપ્યો છે માટે એમ તો બનેજ કેમ, કે હું તેને આ બનાવની ખબર ન આપું ? "

" મોહમ્મદને એની ખબર આપવાની જરૂર શી ? અસ્માએ જવાબ આપ્યો " પણ હું તમોને સલાહ આપીશ કે તમોએ મોહમ્મદની પાસે જવું, કેમકે તેઓને તમારૂં કામ રહેછે. મારા વિષે નચિંત રહો. મારી હાલત સારી છે. મુખ્ય કરીને આ દેવળના લોકોથી મને આરામ મળવાની ઉમ્મીદ છે. હવે હું જલદીથી સારી થઇને ઉમ્મુલ મોમેનીનના લશ્કરમાં જઇ પહોંચીશ. "

મસઉદ આ સાંભળીને દેવળના રખેવાળ પાસે ગયો. તેણે પણ એજ સલાહ આપી કે તેણીને ગંભીર ઇજા થઇ નથી અને જલદીથી સારી

થઇ જશે. હવે મસઉદની ચીંતા દૂર થઇ. તે દીવસે તો તે ત્યાંજ રહ્યો, અને બીજે દિને અસ્માની હાલતમાં જ્યારે વધારે સુધારો થયેલો જોયો ત્યારે તે તેણીથી રૂખસદ થઇ કુફા ખાતે રવાના થયો.

વડો ખ્રીસ્તી ધર્મગુરૂ.

અસ્માને દેવળમાં આવવાને બે દહાડા થઇ ગયા. રખેવાળ તેણીને જોઇ પોતાના મનમાં વિચાર કરતો હતો કે, તેણી અગાઉ જરૂર તેના જોવામાં આવી છે, પણ આ વાત યાદ નહિ હતી, કે તેણી કયાં જોવામાં આવી હતી ! તે ઘડી ઘડી તેણીને જોતો હતો પણ તેને તેની યાદદાસ્ત કંઇપણ યારી આપતી નહોતી.

બીજે દિને મસઉદને રૂખસદ કરીને તે અસ્માની પાસે આવીને બેઠો. અસ્મા આ વખતે એક તકીયાના ટેકાથી બેઠી હતી. પેલા રખેવાળને જોઇને અસ્માના દિલમાં એવો ખ્યાલ પેદા થયો કે, તેણીએ પ્રથમ તેને કોઇ જગ્યાએ જોયો છે. વધારે ગૌર કરતાં તેણીને ખ્યાલ આવ્યો કે, એક વરસની વાત ઉપર જ્યારે તેણી પોતાની મા સાથે મદીના જવામાટે રવાના થઇ હતી ત્યારે દમાસકસ (દમીસ્ક)માં તેણીએ તેને જોયો હતો.

જ્યારે પેલો રખેવાળ તેણીની પાસે આવીને બેઠો તો તેણીએ તેનાથી પુંછયું "મારા માનવંત પિતા ! તમોને કંઇ યાદ આવેછે, કે તમોએ મને પહેલાં કદી જોઇ હતી ?

"હું પોતેજ બે દહાડાથી એજ વિચારમાં છું" રખેવાળ બોલ્યો "કે, મેં પહેલાં તને કોઇ સ્થળે જોઇ છે, પણ કંઇ યાદ આવતું નથી."

"હું ધારૂંછું તેમ" અસ્મા બોલી "ગયે વરસે દમીસ્ક ખાતે તમોએ મને જોઇ હશે !"

"હા, હા ખરેખર" પેલો રખેવાળ તેણીના ચહેરા તરફ વધારે ગૌરથી જોઇને બોલ્યો "મેં તુંને તારી મા સાથે જોઇ હતી કે જ્યારે તમો બન્ને "મેરી સુહના"ના દેવળમાં વડા ધર્મગુરૂનાં દર્શન માટે આવ્યાં હતાં." હવે મને યાદ આવ્યું, પણ તારી મા કયાં છે ?"

અસ્માની નજરો સામે આ વખતે તેણીની માનો ચહેરો ફરવા લાગ્યો, તેણીની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં, તેણી અસ્તીનથી આંસુ લુછીને ચુપ થઇ ગઇ. રખેવાળ સમજી ગયો કે, તેણીની મા મરી ગઇ છે, તેથી તેણે પુછ્યું "શું તે ગુજરી ગઈ!"

"જી હા" અસ્મા રડતાં રડતાં બોલી "હું ઘણીજ દિલગીર છું, હું એવું ઇચ્છુંછું કે, તેણી મરતે નહિ."

રખેવાળે તેણીને દિલાસો આપીને તેણીની સાથે પોતાની દીલસોજી જાહેર કરી. જ્યારે તેણી ચુપ થઇ ગઇ ત્યારે તેણે પુછ્યું કે "તને તારા બાપનું નામ પણ માલમ પડ્યું કે?"

આ સાંભળીને અસ્મા ઘણીજ અજબ થઇ કે, તેને તેણીના બાપનું નામ નહિ માલમ હોવાની કયાંથી ખબર પડી ગઇ! હમણા સુધી તો તેણી એજ જાણતી હતી કે, તેણીનો ભેદ તેણીની મા સાથે ઘોરમાં ગયો, પણ આ શખસની એ વાત સાંભળીને તેની આશા બંધાઇ કે, તેને તેણીના બાપનું નામ માલમ હોવું જોઇએ. તેણીએ ઘણાજ આનંદ અને આશાવંત લાગણી સાથે તેને જવાબ આપ્યો "નહિ, હમણાં સુધી મને મારા બાપનું નામ માલમ પડયું નથી, શું આપને તે ખબર છે?"

"હું જાણતો નથી, પણ...પેલા રખેવાળે જરા થોભીને જવાબ આપ્યો.

"શું" અસ્મા બોલી "કહોની હું તે જાણવાને ઘણી આતુર છું, એટલુંજ નહિ બલકે તે જાણવું ઘણુંજ અગત્યનું છે. પહેલાં તો હું ધારતી હતી કે, મારી માતા સિવાય કોઈ પણ આ ભેદથી વાકેફ નથી અને હવે તેનો પત્તો લાગવો મુશ્કેલ છે, પણ આપની ગુફતેગોથી મને ફરી આશા બંધાઈ છે. હું ધારૂંછું કે આપના પ્રતાપે મને મારા બાપની હકીકત માલમ પડી જાય. કહો, જલદી કહો."

એટલું કહી અસ્મા પેલા રખેવાળ તરફ ટીકીટીકીને જોવા લાગી. તેણી પોતાનું દુઃખ અને ઘાની તકલીફ પણ વિસરી ગઇ. પેલો રખેવાળ બીલકુલ ચુપ હતો. તેના ચહેરાપરથી એવું માલમ પડતું હતું કે, તે તેણીથી કોઇ વાત છુપાવવા માગેછે. તેમજ આ વાત કહેવાથી તે પશેમાન છે, પણ અસ્માની આ હાલત જોઇને તેને જવાબ આપવો પડયો. તેણે કહ્યું કે, તે તેણીના બાપનું નામ જાણતો નથી, પણ તે, તે શખસથી વાકેફ હતો, કે જે, મેરી ગુહજાના દેવળમાં તેણીની માતાની સાથે આવ્યો હતો. તેણે અસ્માથી પુછ્યું કે, શું તે તેણીનો બાપ હતો નહિ?"

એ તમે કેમ જાણ્યું ?" અસ્માએ કહ્યુ "કે તે મારો બાપ હતો ? તમારે મન તો આ એક નજીવી વાત છે, પણ મારે મન તો તે ઘણી અગત ધરાવે છે. કેમકે તે દિને અમારી સાથે જે શખ્સ હતો તે "યઝીદ" હતો, જોકે લોકો એમજ સમજતા હતા કે, તે મારો બાપ છે. પણ મેં મારાં મરહુમ માતાજીથી સાંભળ્યું હતું કે, તે મારો બાપ હતો નહિ, પણ મારો બાપ તો કોઇ બીજો શખ્સ હતો, કે જેતું નામ બતાવવાનો મારી માએ વાયદો કર્યો હતો, પણ અફસોસ છે કે, તેણી...........અને હવે મને મારા બાપની પણ કંઇ ખબર નથી. પરંતુ હું ધારૂંછું કે, હું તમારા પ્રતાપે મારા બાપનું નામ જરૂર જાણી શકીશ." આમ કહીને અસ્મા પેલા રખેવાળના હાથ ઉપર ચુંબન આપવા માટે નમી. તેણીએ બજીદ થઇને પુછ્યું કે, જે બીના તે જાણતો હોય તે તેણીને કહી દે.

"મેં તો પહેલાંજ કહ્યું" પેલો રખેવાળ બોલ્યો 'કે હું તમારા સગા બાપને જાણતો નથી, પરંતુ મને કેવી રીતે એ ભેદની વાત માલમ થઇ તે હું જાણુંછું, અને તે હું તમારી આગળ બ્યાન કરીશ, કે જેથી ઘણું કરીને તમને કંઇક ફાયદો થશે ખરો. તમોને યાદ હશે કે, તમારી મા તમને દેવળના દરવાજાપર તમારા બાપ (યઝીદ) સાથે છોડીને વડા ધર્મગુરૂને મુકવા ગઇ હતી, અને પછી વડા ધર્મગુરૂએ તમને ત્યાંથી રવાના કર્યાં હતાં."

"હા, હા, બરાબર યાદ છે" અસ્માએ જવાબ આપ્યો "વડા ધર્મગુરૂનો ચેહેરો પણ મને યાદ છે. તેઓ ઘરડા માણસ હતા અને તેઓનાં મોહાંપર કરચલીઓ પડેલી હતી.

"પછી જ્યારે તે તમને રવાના કરીને પાછો ફર્યો" રખેવાળે વાત આગળ ચલાવતાં કહ્યું " ત્યારે તેના ચહેરાપર પરેશાનીનાં ચીન્હો પ્રગટી નીકળ્યાં હતાં. તેની એવી હાલત વિષે મેં તેનાથી સવાલ કરતાં તેણે કહ્યું કે, તમારી માતાનો એક ભેદ છે, કે જે વીસ પચીસ વરસથી તે જાણતો હતો. હવે તેણી મદીને જાયછે તેથી તે તેણીને જાહેર કર્યો. પણ વડા ધર્મગુરૂને આ વાતની બીહીક હતી કે, તમારી માતા મદીના સુંધી જીવતી પહોંચી શકશે નહિ. તેણે ઉમેર્યું કે, તે ઘરડો થઇ ગયો છે અને તેના સિવાય કોઇ તે ભેદથી વાકેફ નથી, તથા તેના મુવા પછી તે બરબાદ થઈ જશે. તમારૂં (અસ્માનું) નામ લઇને તેણે કહ્યું કે, તેણીને માટે આ ભેદ ઘણીજ મોટી અગત્ય ધરાવે છે. મેં તેઓથી તે ભેદ મારી આગળ બ્યાન

કરવા કહ્યું તથા તમારી તમામ કેફીયત બ્યાન કરવા કહી. પછી તેઓએ તમારી સઘળી હકીકત બ્યાન કરીને કહ્યું કે, યઝીદ તમારો બાપ નથી. પછી મેં તમારા બાપનું નામ પુછ્યું, પણ તેઓએ કહ્યું કે હવે ખુદ અસ્માની માતા એ બીના મદીનામાં જઇને જાહેર કરશે, કે તેણીનો બાપ એક આગેવાન સહાબી છે. હા, અલબત જો કોઇ બીજો બનાવ બન્યો તો તેણે મને તમારા બાપનું નામ બતાવવાનો વાયદો કર્યો હતો."

અસ્મા, જે ઘણીજ આતુરતાથી આ તમામ વાત સાંભળતી હતી તેણીએ પુછ્યું "પછી મારા બાપનું નામ શું કહ્યું ?"

"પછી મેં વડા ધર્મગુરૂથી તેના સંબંધમાં વધારે જીદ કરી નહિ." રખવાળે કહ્યું "કેમકે હું જાણતો હતો કે, તેઓ તે ભેદ કોઇને પણ જાહેર કરશે નહિ. તેઓનું જે કહેવું હું સમજી શકયો તે એજ કે, તમારો બાપ મદીનાનો એક ઘણોજ આગેવાન સહાબી અને એક માનવંત મુસલમાન છે."

"પણ એ કેમ બની શકે ?" અસ્માએ પુછ્યું "મેં મારી માની જબાંથી મદીનાની અથવા આ સંબંધી કાંઇપણ વાત સાંભળી નથી કે મારો બાપ એક આગેવાન મુસલમાન છે !"

"તમારી મા આ ભેદ છુપાવતી હતી" રખેવાળ બોલ્યો "અને તેનું કારણ એ હતું કે, તેણી એક રોમાનીયન ઓલાદમાંથી ઉતરી આવી હતી. જ્યારે મુસલમાનોએ શામ (સીરીયા) ઉપર ફતેહ મેળવી ત્યારે તે કેદીઓમાં આવી હતી. ફોજના સરદારે તેણીને તમારા સગા બાપને ત્યાં ભેટમાં મોકલી. ત્યાં તેણી ફકત થોડા દહાડાજ રહી. ત્યાંથી તેણીનો ભાઇ એટલે તમારો મામો તેણીને નસાડી લઇ ગયો. પછી તેણી દમીસકમાં આવીને કેટલાક દહાડા રહી પરંતુ ત્યાં પણ તેને મુસલમાનોની બીક હતી, તેથી તેણી મીસરખાતે નાસી ગઇ. વડો ધર્મગુરૂ તે વખતે મીસરના દેવળમાં હતો.

તેણી ત્યાંજ રહી અને ત્યાંજ તારો જન્મ થયો. વડા ધર્મગુરૂ આગળ તેણીએ તારા બાપનું નામ જાહેર કર્યું અને તમામ કેફીયત બ્યાન કરી. પછી જ્યારે મુસલમાનોએ મીસરદેશ સર કર્યો તે વખતે બીજીવાર પણ તારી મા કેદ પકડાઇ. તું તે વખતે બે વર્ષની હતી. આ વખતે તેણી યઝીદના નિકાહમાં આવી. તેણી આ ભેદને એજ માટે છુપાવતી હતી

કે, તેણીએ ગુન્હો કર્યો હતો, અને તે જાહેર કરવાથી તેણીને નુકશાન પહોંચવાની બીક હતી. "

અસ્મા આ સાંભળીને ચુપ થઇ ગઇ. તેણીનો ચહેરો ઉદાસ થઇ ગયો. તેણીની હજી સુધી પુરેપુરી ખાત્રી થઇ નહિ કે, દેવળનો રખેવાળ તેણીના બાપનું નામ જાણતો હતો નહિ. તેણીએ ફરીથી પુછયું; પણ તેનો તેજ જવાબ મળ્યો. તેણે કહ્યું કે, જો તેણી દમીરક જઇને વડા ધર્મગુરૂને મળે તો અલબત તેણીને તેના બાપનું નામ માલમ પડે. તેણે વધુમાં ઉમેર્યું કે, તેણીએ જલદીથી તેની પાસે જવું, કેમકે તે એટલો ઘરડો છે કે, જો તેનો છોકરો હોત તો તેની ઉમર પણ મારા કરતાં વધારે હોત.

અસ્મા બેઠાં બેઠાં થાકી ગઇ હતી. તેણી પોતાના બીછાનાપર સુઈ ગઇ. તેને તરેહવાર વિચારો આવવા લાગ્યા. રખેવાળ તે સુઇ જશે એવા ખ્યાલથી ઉઠીને બહાર ચાલ્યો ગયો. અસ્મા એવા વિચારોમાં લીન થઇ સુઇ ગઈ અને અજીબોગરીબ ખાબ જોયા.

૬૦ અલીનું લશકર.

એજ હાલતે અસ્માને કેટલાક દહાડા તેજ દેવળમાં વિતી ગયા. તેણીના ઘા સાજા થયા હતા નહિ બીસ્તરપર પડી રહેતાં તેણી ઘણી ગભરાતી હતી, અને તે પણ મુખ્ય કરીને એક એવે સમયે કે, જ્યારે તેણીના મગજમાં એવા વિચારો ભમી રહ્યા હતા કે, જો તેણી ઉમ્મુલમોમેનીનના લશ્કરમાં હોત તો કોણ જાણે શું શું કરત ! તેણી પોતાની આ કવખતની નિરાધાર હાલતપર અફસોસ કરતી હતી. તેણીના દીલમાં તરેહવાર વિચારો આવતા હતા. જેમાં સૌથી વધારે અગત્યનો ખ્યાલ એ હતો કે, તેણીને વડા ધર્મગુરૂ અથવા ઉમ્મુલમોમેનીનને ત્યાં જવું જોઇએ. સાંજ સ્હવાર તેણી રખેવાળની પરવાનગી લઇને દેવળની આસપાસ ફરવા નિકળતી હતી. એક સાંજના તેણી દેવળની ઉપર ચડી ગઇ, રેતાળ મેદાનથી ત્રણ માઇલને છેટે બસરાશહેર આબાદ હતું. તેણીએ સામે દક્ષીણબણી કેટલાએક તંબુઓ જોયા, જ્યાં ઉમ્મુલમોમેનીને ઉતારો કર્યો હતો. અસ્મા ઘણાજ ધ્યાનથી તે તરફ જોતી હતી. તેણીના દીલમાં આ વખતે તે ખ્યાલ જોશ મારતા હતા, કે જે તેણી ઉમ્મુલમોમેનીનની સામે જાહેર કરવાનો ઇરાદો

રાખતી હતી. તેણી તે સ્વાલોઃઉપર દરેક રીતે વિચાર ચલાવી રહી હતી. તેના સંબંધે જેજે સ્વાલો ઉભા થઇ શકતા હતા તેના જવાબોપરજ તેણી વિચાર ચલાવી રહી હતી. તેણી એજ ગુંચવણભર્યા વિચારોમાં લીન થઇ ઉભી હતી કે, એકાએક તેણીની નજર અસ્ત પામતા સુર્યપર પડી. તે આ વખતે એક આતશના ગોળા જેવો દેખાતો હતો, અને ઘણોજ મોટો માલમ પડતો હતો, તેનાં કિરણો આ વખતે ઘણાંજ ઠંડાં પડી ગયાં હતાં.

સુર્યાસ્ત થતાંજ અસ્મા નીચે ઉતરી આવી અને સવાર થતાંજ ઉમ્મુલ-મોમેનીનના લશ્કરતરફ જવાનો ઇરાદો કર્યો. સવારે જ્યારે તેણી પોતાના બીસ્તરપરથી ઉઠી ત્યારે તેણી જોકે ઘણીજ તંદુરસ્ત હાલતમાં હતી, પણ એટલી તો નાતવાન થઇ રહી હતી કે, તેણી જઇ શકી નહિ. તેથી લાચાર થઇને તેણીએ થોડા દહાડા વધુ તેજ દેવળમાં રહેવાનો ઠરાવ કર્યો.

પછી તેણી દેવળના રખેવાળની પરવાનગી મેળવી ફરવા માટે બહાર નીકળી. તેણી બાગમાંથી નીકળીને જંગલ તરફ ચાલી. તે સ્હવારનો વખત હતો. સુર્ય થોડોજ ઉંચો ચઢયો હતો. શિયાળાની મોસમ હોવાથી આ વખતે તડકો ઘણો સારો લાગતો હતો. તેણી એક ટેકરી ઉપર ચડીને સ્હવારનો દેખાવ નિહાળવા લાગી. એટલામાં સામેથી તેણીને એક લશ્કર આવતું જણાયું. વધારે ધ્યાનથી જોતાં તેણીને માલમ પડ્યું કે, તે હ૦ અલીનું લશ્કર હતું. હવે તે લશ્કરની કેફીઅત જાણવાનો તેણીનો ઇરાદો થયો. તે સાથે એવો પણ ખ્યાલ તેણીને આવ્યો કે, વખતે મોહમ્મદ પણ તે લશ્કરની સાથે હોય. તેણીએ હવે તે લશ્કર તરફ ચાલવા માંડયું, તેણીને બીક હતી કે, હવે જરૂર લડાઇ થશે, કેમકે લશ્કરનું આવવું વગર કારણનું હોય નહિ ...... હવે તેણી લશ્કરની બીલકુલ નજદીક આવી ગઇ અને નજર કરતાં તેને જણાયું કે તેમાં સ્વાર અને પાયદળ યોદ્ધાઓ મોટી સંખ્યામાં હતા. મોટા મોટા વાવટાઓ હવામાં ઉડીને આ વાતની ગવાહી આપતા હતા કે, ઘણીજ ધામધુમથી આ ફોજ કુચ કરી રહી છે. એટલામાં એક ઉંટ તેણીને દોડતો દેખાયો, કે જેની પાછળ એક શખસ તેને પકડવા માટે દોડતો હતો અને બીજાઓને બુમો પાડી મદદ માટે બોલાવતો હતો. અસ્મા જોકે ઘણીજ કમજોર થઇ રહી હતી અને તેણીનો ઘા પણ સાજો થયો હતો નહિં, પણ તેણીથી આ બનાવ જોઇને થોભી શકાયું નહિ. તેણીએ દોડીને તે દોડતા ઉંટને અટકાવ્યો અને જ્યારે તેણી તેને અટકાવી નહિજ

આવી ત્યારે તેણી તેની ગરદનમાં ટીંગાઇ ગઈ. તે તેણીને ઘસડતો ઘસડતો થોડેક દુર સુધી લઈ ગયો. એટલામાં તે શખસે આવીને તેને પકડી લીધો. અસ્માના ઘામાંથી તેને ઝટકો લાગવાથી લોહી વહેતું હતું. તેણી પોતાનો બીજો હાથ ઘાપર મુકીને ત્યાંજ બેસી ગઇ. ઉંટવાળાઓએ તેણીની આ હાલત જોઇને તેણીનો આજીજીપુર્વક આભાર માન્યો અસ્માએ તેને પુછ્યું કે, તે કોણ છે ?

" હું અબ્દુલ કએશના કબીલા સાથે સંબંધ ધરાવું છું " પેલા શખસે જવાબ આપ્યો.

" અને " અસ્માએ પુછ્યું " આ લશ્કર અને આ લોકો કોણ છે અને કયાં જાય છે ? "

" શું તમો નથી જાણતા? " પેલા શખ્સે કહ્યું " અમીરૂલ મોમેનીન અને હ૦ આએશા સાથે આજકાલ લડાઇ થવાની છે. "

" હા " અસ્મા બોલી " તેતો હું જાણુંછું, શું આ લશ્કર હ૦ અલીનું છે ? "

" હા " પેલા શખ્સે જવાબ આપ્યો " અમે સઘળાઓ તેઓનેજ મદદ કરવા જઇએ છીએ. અમારી ખાત્રી છે કે તેઓ વ્યાજબીજ છે. "

" આ લશ્કરમાં યોદ્ધાઓની સંખ્યા કેટલી છે ? " અસ્માએ પુછ્યું.

" લગભગ વીસ હજારની છે. "

" તમે ઉમ્મુલ મોમેનીનની ફોજની સંખ્યાથી પણ વાકેફ છો ? " અસ્માએ પુછ્યું.

" તે લગભગ ત્રીસ હજાર છે " પેલા શખ્સે કહ્યું.

" ઓહો ! " અસ્મા બોલી " ઘણી મોટી ફોજ છે, પણ એતો કહો, જીતશે કોણ ? "

" હવે એ શું પુછવાનું ? " પેલા શખ્સે મુછમાં હસીને કહ્યું " જે કંઇ થવાનું હતું તેતો કાલેજ થઈ ગયું. "

" શું થઇ ગયું ? " અસ્માએ પુછ્યું.

" બન્નેમાં સુલેહ થઈ ગઇ " પેલો શખસ બોલ્યો " અને હવે લડાઇ થશે નહિ. "

" હેં આ શું વાત છે ? " અસ્મા પુછતાં પુછતાં જરા ખુશી થઇને ત્યાંજ એક પત્થરપર બેસી ગઇ. પેલો માણુસ સમજ્યો કે, તેણી

આ તમામ કેફીયતથી બેખબર છે. માટે તેણે પહેલાંથી બયાન કરવું શરૂ કર્યું. અસ્માએ કહ્યું કે "હું તમામ હાલતથી વાકેફ છું, પણ તમે હવે *એટલુંજ કહો કે, સુલેહ કેમ થઈ?*

"કાલે જ્યારે અમારી ફોજ અહીં આવી પહોંચી" પેલા શખ્સે કહ્યું "અને આવીને બરાબર સફ બાંધી લડવા તૈયાર થઇ ગઇ તે વખતે ઉમ્મુલમોમેનીનના લશ્કરમાંથી "તલહા" અને "ઝોબેર" ઘોડાઓ ઉપર સ્વાર થઇ મેદાનમાં આવ્યા અને તેઓએ પોતાના મુકાબલામાં કોઇને બોલાવ્યો. આ તરફથી ખુદ અમીરૂલ મોમેનીન તેઓના મુકાબલા માટે ગયા. અમે લોકો જોતા હતા કે, જોઇએ હવે શું થાય છે! પણ તેઓમાં લડાઇ થઈ નહિ. ઘણીવાર સુધી આપસમાં વાતચીત થતી રહી. હ૦ અલીએ "તલહા" અને "ઝોબેર" ને કહ્યું કે "તમો મારો મુકાબલો કરવા માટે તીર અને ખંજર તૈયાર કરો. તે અગાઉ તમોએ પરવરદીગારની દરબારમાં પોતાનો બચાવ કરવા માટે કોઇ બહાનું શોધી કહાડવું જોઇએ. ખુદાનો ખોફ કરો, એવું નહિ થાય કે જે તમોએ સારાં કામ કર્યાં છે તે બરબાદ જાય! શું ઇસ્લામ ધર્મની રૂએ હું તમારો ભાઇ નથી? અને શું તમોએ મારૂં લોહી રેડવું અને મારે તમારૂં લોહી રેડવું નારવા નથી?"

"શું ઉસ્માન (રદી૦) તમારા સબબથી નથી કતલ થયા?" તલહાએ પુછ્યું.

"અલ્લાહ કયામતને દીને ઉસ્માન (રદી૦) ના કાતેલોથી પુછશે" હ૦ અલી બોલ્યા "તમે મારાથી તેઓના ખુનનો બદલો લેવા માગોછો? ઉસ્માન (રદી૦) ના કાતેલો ઉપર ખુદાની લ્યાનત હોજો, તમે પેગંબર (સ૦ અ૦ વ૦) ની મહોરદારને લઇને મેદાનમાં આવ્યા છો ને પોતાની બીબીને ઘરમાં બેસાડી છે. તમોને શરમ કરવી જોઇએ, શું તમોએ બઅયત નહીં કરી હતી?"

"બઅયત કીધી હતી" તલહા બોલ્યા "પણ અમારી ગરદનપર તલવાર મુકીને બયઅત લેવામાં આવી હતી."

"તમો શા ઇરાદાથી અહીં આવ્યા છો?" હ૦ અલીએ હવે ઝોબેર તરફ ફરીને પુછ્યું.

"હું તમોને મારા કરતાં વધારે ખીલાફતને લાયક અને હકદાર સમજતો નથી" ઝોબેરે કહ્યું.

"શું પછી પણ ખીલાફતનો હકદાર હું નહિ હતો?" હ૦ અલી બોલ્યા "અમો પહેલાં તમોને બની અબ્દુલ મુત્તલીબમાંથી સમજતા હતા, પણ તમારા બેટાએ આપણી વચ્ચે જુદાઇ કરી છે." એ પછી હ૦ અલીએ ઘણી વાતો ઝોબેરને યાદ કરાવીને કહ્યું "શું તમે ભુલી ગયા કે બની અતમવાળાઓના કબીલાની સાથે આપણે પેગમ્બર (સ૦ અ૦ વ૦) ની સાથે જતા હતા? તમે મારી તરફ જોઇને હસ્યા અને હું તમારી તરફ જોઇને હસ્યો. તમે કહ્યું કે અલી મશ્કરીથી બાજ આવતો નથી. તે વખતે હ૦ પેગમ્બરે ફરમાવ્યું કે, તે મશ્કરી કરતો નથી. તમે તેનાથી લડાઇ કરશો અને તમે બીલકુલ નાહકના માર્ગપર હશો."

"બેશક, બેશક" ઝોબેર બોલ્યા "મને યાદ આવી ગયું. જો મને પહેલાંથી આ વાત યાદ હોત તો હું તમારાથી લડવા આવત નહિ, અને હવે હું સમ ખાઇને કહું છું કે, તમારાથી લડીશ નહિ."

એટલું કહી ઝોબેર ત્યાંથી પાછા ફર્યા. તલહા પણ શરમાઇને ચાલ્યા ગયા.

અસ્મા એ તમામ કેફીયત સાંભળીને ઘણીજ ખુશ થઇ. તેણી પોતાના ઘાની તકલીફ પણ વિસરી ગઈ અને ખુદાનો શુક્ર કરવા લાગી કે ઘણું સારૂં થયું; નહિતો હજારો મુસલમાનો બેફાયદા માર્યા જાત, પણ હમણાસુધી તેણીને મોહમ્મદ વિષે કંઇપણ ખબર મળી નહિ, તેથી તેણીએ પેલા શખસથી પુછ્યું કે "શું કુફાવાલાઓ પણ હ૦ અલીની મદદે આવ્યાછે?"

"હા" પેલા શખસે કહ્યુ "આવ્યા તો ખરા, પણ ઘણી આનાકાની પછીજ."

"અમીરૂલમોમેનીનની મદદ કરવામાં આનાકાની શાની?" અસ્માએ પુછ્યું.

"પહેલાં અમીરૂલમોમેનીને મોહમ્મદ ઇબ્ને જાફરને ત્યાં મોકલ્યા, તેઓએ ત્યાંના હાકેમ અબુ મુસા અશઅરીથી જઇને કહ્યું કે, ત્યાંના લોકોને અમીરૂલમોમેનીનની મદદ માટે તૈયાર કરો. પણ તેઓએ કહ્યુ કે, એક તરફ તો અલી (અ૦ સ૦) છે અને બીજી તરફ હ૦ પેગમ્બરનાં મોહોરદાર (રદી૦) હું કોણની મદદ કરૂં? તેઓએ વધુ ઉમેર્યું કે, મુસલમાનોની આપસની લડાઇ માટે તેઓ કંઇ કરી શકતા નથી. તેઓએ ત્યાંના લોકોને બીલકુલ અલગ રહેવા માટે સમજાવ્યા જેથી મોહમ્મદ ઇબ્ને જાફર ત્યાંથી

નીષ્ફળ થઇ પાછા ફર્યા. પછી હ૦ અલીએ ઓશતર અને "અબદુલ્લા બીન અબ્બાસને મોકલ્યા, પરંતુ તેઓ પણ પાછા ફર્યા અને કુફાથી મદદ મળી શકી નહિ. પછી હ૦ અલી ખુદ હ૦ હસન અને અમ્માર્ને મોકલ્યા. બીજી તરફ ઉમ્મુલમોમેનીનના લોકો પણ ત્યાં પહોંચી ગયા હતા, અને તેઓ લોકોને ઉમ્મુલમોમેનીનની મદદ કરવા માટે ઉશ્કેરતા હતા. તેઓ અબુમુસાને સમજાવતા હતા કે, તેઓએ અલગ રહેવું, પણ હ૦ ઇ૦ હસને લોકોને સમજાવ્યા તથા તેઓના દીલમાં સારી રીતે આ બીના ઠસાવી દીધી કે, અમીરૂલ મોમેનીનની મદદ કરવી એ તેઓની ફરજ છે. પછી તો હજારો લોકો તેઓની સાથે થઇ ગયા."

આ સઘળી હકીકત સાંભળીને અસ્મા સમજી ગઇ કે, મોહમ્મદ પણ તેજ લશ્કરમાં છે. હવે બેઠાં બેઠાં તેણી થાકી ગઇ હતી. ત્યાંથી તેણી ઉઠીને દેવળ તરફ ચાલી. તે શખસ તેણીને પહોંચાડવા માટે દેવળ સુધી આવ્યો અને ત્યાંથી પાછો ફર્યો. જ્યારે તેણી અંદર ગઇ તો રખવાળે તેની કૈફીયત પુછી. તેણીએ ઊંટની કહાણી અને પોતાના ઘાની હકીકત કહી બતાવી, પેલા રખેવાળે ઘા ઉપર મલમ લગાડ્યો અને કહ્યું કે તેણીએ કાંઈ ફિકર કરવી નહિ, તેમાંથી પરૂ નીકળી ગયું છે.

આ સુલેહની ખુશીમાં અસ્માએ તે આખો દીવસ આનંદમાં ગુજાર્યો, પણ તે અરસામાં કદી કદી તેણીને એવો વિચાર આવી જતો હતો કે, એવું તો ન થાય કે, વડા ધર્મગુરૂને ત્યાં પહોંચતાં વાર થાય અને તે અરસામાં તે ગુજરી જાય અને તે પછી તેણીના બાપનો પતોજ ન લાગે. તેણીએ પોતાના દીલમાં મક્કમ ઠરાવ કર્યો કે જ્યારે તેણી બીમારીમાંથી ઉઠશે તો સૌથી પહેલાં વડા ધર્મગુરૂ પાસે જઇને પોતાના બાપ વિષે દરયાફત કરશે અને પછી બીજું કોઇ કામ હાથ ધરશે.

લડાઇ.

એવી રીતે તેણીને દેવળમાંજ કેટલાક દહાડા વિતી ગયા. તેણીને ઉમ્મીદ હતી કે, મોહમ્મદ જરૂર તેણીને દેવળમાં જોવા આવશે, કેમકે મસઉદે જરૂર તેને તેણીની બીમારીની ખબર પહોંચાડી હશે, અને આ બનેજ કેમ, કે તે એટલી નજદીક રહે છતાં તેણીને જોવા આવે નહિ! પણ થોડા દહાડા

પછી તેણીએ મોહમ્મદના આવવાની આશા છોડી દીધી. તેણે ખુદ લશ્કરમાં જઇને મોહમ્મદથી મળવાનો કસદ કર્યો, તેણીનો ઘા પણ સારો થઈ ગયો હતો. પછી તેણી આ ખયાલથી થોભી ગઈ કે, રખેને તેણીના ત્યાં જવાથી મોહમ્મદ નારાજ થઇ જાય! કેમકે ત્યાં હ૦ ઈમામ હસન હશે. તેણીએ પોતાની તમામ હાલત એક પત્રમાં લખી અને દેવળના રખેવાળની પરવાનગીથી ત્યાંનાજ એક નોકરને તે પત્ર સાથે લશ્કર ભણી મોકલ્યો. તેને સારી રીતે સમજાવી દીધું કે, અમીરૂલ મોમેનીનના લશ્કરમાં તે પત્ર મોહમ્મદને આપી આવે. તે શખસ પત્ર લઈને રવાના થઈ ગયો. તેણી જવાબનીજ વાટ જોતી બેઠી નહિ, બલકે તેણીને ખાતરી હતી કે, મોહમ્મદ પોતે આવશે. હજી તો ઘણો વખત પણ ગુજર્યો હતો નહિ તેટલામાં પેલો શખસ હાંફતો હાંફતો પાછો આવ્યો. અસ્માએ ગભરાઇને તેનાથી પુછ્યું કે, તે એમ કેમ આવેછે અને શું બનાવ બન્યો?

"હું કાગળ લઈને જ્યારે લશ્કર પાસે પહોંચ્યો" પેલા શખસે કહ્યું "તો ત્યાં જઇને જોઉંછું તો સખત લડાઈ થઇ રહી છે અને ચારે તરફ તીરોનો વરસાદ વરસી રહ્યો છે."

"કોની સાથે લડાઇ થઇ રહી છે?" અસ્માએ અજાયબીથી પુછ્યું.

"ત્યાં લોકોને પુછતાં માલમ પડયું" પેલો શખસ બોલ્યો "કે, હ૦ અલી અને હ૦ આએશાની ફોજો છે. કાલસુધી સુલેહ હતી, પણ આજે પાછી લડાઈ શરૂ થઇ ગઈ.

"ઓ પરવરદીગાર!" અસ્માએ કહ્યું "સુલેહનો કેમ અને કોણની તરફથી ભંગ થયો?"

"હું વધારે જાણતો નથી" પેલા શખસે જવાબ આપ્યો "મેં તો ફકત તેજ લોકોથી થોડા વખત સુધી વાતચીત કરી હતી, કે જેઓ લશ્કરના કિનારાપર પડેલાં તીરો વિણી રહ્યા હતા, તેઓએ કહ્યું કે, ઉમ્મુલ મોમેનીનની ફોજે સ્હવારના લડાઇની શરૂઆત કરી છે."

"તો પછી તમો મોહમ્મદથી તો નહિ મળી શકયા હશો?" અસ્માએ પુછ્યું.

"મળે તે કેમ?" તે શખસ બોલ્યો "લડાઇમાં કેવી રીતે જાય! જો હું જાત તો મને તીર જરૂર લાગત, તો પછી આ ખબર તમને કોણ પહોંચાડત?"

આ સાંભળીને અસ્માને એક જુસ્સો પેદા થયો. તેણીએ દમાસકસ જવાનો ખ્યાલ તરતજ તજી દીધો અને લશકરમાં જવા માટે તઇયાર થઇ ગઇ. તે એવા હેતુથી કે, જેમ બને તેમ ઉમ્મુલ મોમેનીનની સામે હ૦ અલીનું નિર્દોષપણું પુરવાર કરી આપે. તેણીએ રખેવાળથી એક સવારી માંગી, જેના જવાબમાં પેલા રખેવાળે કહ્યું કે, મસઉદ તેણીને માટે એક ઉંટ ત્યાં છોડી ગયો હતો. અસ્માએ તેનેજ તઇયાર કરવાનો હુકમ આપ્યો અને ખુદ મરદના પહેરવેશમાં મોહમ્મદે આપેલી તલવાર કમરમાં લટકાવીને ઉંટપર સવાર થઇ રવાના થઇ. તેણી ઉતાવળમાં રખેવાળને છેલ્લી સલામ કરવી પણ ભુલી ગઇ, જ્યારે તેણીને દુર જતાં તેમ કરવાની યાદ આવી તો તેણી બન્ને હાથોની ઇશારતથી સલામ કરવા લાગી.

થોડે દુર જતાં તેણીની નજર લડાઇના મેદાનપર પડી. ચારો તરફ તીરોનો વરસાદ વરસી રહ્યો હતો, લડાઇ પૂર જોસમાં ચાલતી હતી. ચારો તરફ લડાઇ થઇ રહી હતી. લડાઇથી અગાઉ વરસાદ પડી જવાને લીધે ધુળ વગેરે ઉડતી હતી નહિ, તેણીને લડાઇની હાલત દુરથી ઘણી સારી રીતે દેખાતી હતી. તેણી દરેક સ્વારને ટીકી ટીકીને જોયાં કરતી હતી, તેમાંથી કેટલાકોને તેણી ઓળખતી પણ હતી. તેણીને લાગ્યું કે હ૦ અલીની ફોજ જીતમાં છે, કેમકે તેઓનું લશ્કર તેણીને આગળ વધતું દેખાયુ અને ઉમ્મુલ મોમેનીનની ફોજ પાછળ રહેલી દેખાઇ. જખમી થએલાઓ અને માર્યા ગયેલાઓ જમીનપર પડેલા હતા. મરવાનને તેણીએ ઓળખ્યો. તેની સામે એક સ્વાર હતો જેણે તેને એક તીર માર્યું હતું. તે સખત રીતે ઘાયલ થઇ ગયો હતો, અને તે બસરા તરફ નહાસી જતો હતો. ગૌરથી જોતાં અસ્માને માલમ પડ્યું કે, તેઓ " તલહા " હતા. તેઓની જાંગમાં મરવાનનું તીર લાગ્યું હતું અને તેઓ ત્યાંથી નહાસી જતા હતા. તેણીને સખત અજાયબી પેદા થઇ કે, આ બન્ને તો એકજ લશકરના છે તો પછી મરવાને તેઓને કેમ તીર માર્યું ! પણ પછી તેણી એવા અનુમાનપર આવી કે, હ૦ અલી પછી તલહા અને ઝોબેરને લોકો ખિલાફતના હકદાર સમજે છે, માટે જો એ લોકો રહેશે નહિ, તો ખીલાફત બનુ ઉમઇયા ખાનદાનમાં આવી જશે, અને એજ કારણને લીધે તેઓપર તીર ફેંકવામાં આવ્યું.

જમલની લડાઇ.

અસમા વગરબીકે ફોજમાં ધસી જતી હતી. તેણીની આંખોની સામેથી તીર પસાર થઇ રહ્યાં હતાં, પણ તેણી કંઇ દરકાર કરતી હતી નહિ, અને ઉમ્મુલ-મોમેનીનના લશ્કર તરફ વધતીજ ચાલી જતી હતી. દૂરથી તેણીને ઉમ્મુલમોમેનીનનો તંબુ દેખાયો પણ ત્યાં કોઇ હતું નહિ, તેથી તેણી સમજી કે, ઉમ્મુલ મોમેનીન તંબુમાં નથી. લડાઇના મેદાનમાં તેણીની નજર એક ઉંટપર પડી, જેની આસપાસ ઘણા લોકો ઉભા હતા. અંબાડીપરથી તેણીને માલમ પડ્યું કે, તેપર ઉમ્મુલ-મોમેનીન બેઠાં હતાં. અસ્મા તેજ તરફ ચાલી, એટલામાં તેણીની નજર એક સવારપર પડી, જે ઉમ્મુલ-મોમેનીનના લશકરમાંથી નીકળીને નહાસી જતો હતો. તેની ઝડપ ઉપરથી એવું માલમ પડતું હતું કે, તે એક મીનીટ પણ થોભવા માગતો નથી. ગૌરથી જોતાં તેણીને જણાયું કે તેઓ ઝોબેર હતા.

અસમા એવા વિચારથી કે, હવે તલહા અને ઝોબેર ફોજમાંથી નીકળી ગયા છે, તેથી અજબ નથી કે, ઉમ્મુલ મોમેનીન સુલેહપર રાજી થઇ જાય. ઘણીજ ઝડપથી ઉમ્મુલ-મોમેનીનની ઉંટણી પાસે પહોંચી. ઉમ્મુલ-મોમેનીન મોટા અવાજથી કહી રહ્યાં હતાં કે, કુરાનશરીફના સમ આપીને મુસલમાનોને મદદ માટે તઇયાર કરો, એ કહેતાં કહેતાં તેઓએ અંબાડી માંથી પોતાનો હાથ કે જેમાં કુરાન શરીફ હતું તે બાહેર કાઢયો. કઅબે તે લેવા માટે હાથ લંબાવ્યો એટલામાં એક તીર આવીને તેની છાતીપર લાગ્યું, તેથી તે ત્યાંજ મરણ પામ્યો. અંબાડી પાસે લોકોનું એક મોટું ટોળું ભેગું થયું હતું. ઉમ્મુલ મોમેનીન એવા શબ્દોથી લોકોને ઉશકેરી રહ્યાં હતાં કે, " ખુદાને વાસ્તે ઉસ્માનના કાતીલોથી બદલો લીઓ. "

અસમા પોતાના ઉંટથી ઉતરીને ઉમ્મુલ મોમેનીનની ઉંટણીની નજદીક પહોંચી, અંબાડીમાં એટલાં તીર લાગ્યાં હતાં કે, તેનો આકાર એક કાંટા વાળી ઝાડીની માફક થઇ ગયો હતો. તેણીએ અંબાડીપર જવાનો ઇરાદો કર્યો, પણ તેણીને અટકાવવામાં આવી, તેણીએ પોતાના ચહેરાપરથી બુ. રખો ઉતારીને ઉમ્મુલમોમેનીનને હાંક મારી. તેઓએ તેણીનો અવાજ પારખીને તેણીને અંબાડીપર આવવાની પરવાનગી આપી. અસ્મા રસી પકડીને ઉપર ચઢી ગઇ.

આ ભયંકર હાલતમાં ઉમ્મુલ મોમેનીન તેણીને જોઇને તાજુબીમાં ગરકાવ થઇ ગયાં હતાં. અસમાએ તેઓના પગપર પોતાનું માથું મુકી દીધું અને રડી રડીને કહેવા લાગી "હવે તમો ખુદાને વાસ્તે મુસલમાનો પર દયા કરો, તેઓ તમારા બચ્ચાંની મીસાલ છે. તમે મુસલમાનોનાં મા અને હ૦ પેગમ્બરનાં પવિત્ર પત્ની છો. ખુદાને ખાતર હવે તો મુસલમાનોની હાલતપર દયા કરો, કે જેઓ ફકત એકજ ખુદાને માનનારા છે. આ મેદાનમાં તેઓની હઝારો લાશો પડી છે. આ પાક કોમનું લોહી પાણી મીસાલ રેડાયું છે, શું મુસલમાનોનો એક વાળ પણ અલ્લાહની નજદીક તમામ દુન્યાથી સરસ નથી? "તલહા" અને "ઝોબેર" બન્ને પોતપોતાને રસ્તે ચાલ્યા ગયા છે. ખુદાને વાસ્તે હવે તમો લડાઇ બંધ કરો અને બેફાયદે મુસલમાનોને કતલ થવા દો નહિ."

જોકે હ૦ આએશાનું સઘળું ધ્યાન લડાઇની તરફ રોકાયલું હતું, છતાં તેઓના દિલપર અસમાના આ ભાષણે ઘણીજ ઉંડી અસર કરી. આ વખતે લડાઇ પૂરજોશમાં ચાલી રહી હતી, હ૦ આએશાપર તીરોનો વરસાદ વરસી રહ્યો હતો, ૩૦-૪૦ માણસો તો ફકત ઉંટની પાસેજ માર્યા ગયા હતા. તેઓનુ લશ્કર પાછું હઠતું હતું. હ૦ આએશાએ અસમાની વાતો સાંભળીને કહ્યું કે "કાલે તો હ૦ અલીએ અમારાથી સુલેહ કરી હતી, પણ કોણ જાણે પાછા કેમ તેઓ લડાઇપર તૈયાર થઇ ગયા!"

"પણ તેઓનો ખ્યાલ છે" અસ્માએ જવાબ આપ્યો "કે, તમારીજ તરફથી સુલેહનો ભંગ કરવામાં આવ્યો છે."

"નહિ" હ૦ આએશા બોલ્યાં "રાત્રે તો તમામ વાતોનો ફડચો થઇ ગયો હતો પણ સ્હવાર થતાંજ તે લોકો પાછા લડવા તઇયાર થઇ ગયા."

"આ વાત દેખીતી છે" અસ્મા બોલી "કે લોકોએ આહિની વાત ત્યાં લગાડીને આ ફેસાદ બરપા કર્યો છે. જરૂર આ દુસ્મનોનીજ કારરવાઇ છે. પણ ખયર, સુલેહ બહેતર છે, ફક્ત તમારા કહેવાની વાર છે. હમણાજ સુલેહ થઇ જશે, ખુદાને વાસ્તે હવે લડાઈ બંધ કરો."

"હવે શું થઇ શકે છે?" હ૦ આએશાએ ફરમાવ્યું "હવે તો જે થવાનું હતું તે થઇ ગયું, હવે તમારૂં કહેવું નકામું છે."

આ વાતો હ૦ આએશાએ એવી ઢબથી કહી કે, જાણે તેઓ હવે એ સંબધી વધુ વાત કરવી પસંદ કરતાં હતાં નહિ, કેમકે આ વખતે હાલત ઘણીજ ભયંકર હતી. અસ્મા ચુપ થઇ ગઇ.

એકાએક અંબાડીની નજદીક જબરો શોરબકોર સંભળાયો, જે લોકો ત્યાં હતા તેઓ તલવારો સાથે લડવા લાગ્યા. અસ્મા સમજી ગઇ કે, અમીરૂલમોમેનીનની ફોજ હવે અંબાડીની નજદીક આવી ગઇ છે અને અહિંઆંના લોકો તેનો મુકાબલો કરે છે. તેણીએ તેજ વખતે ઉતરી જવાનો ઇરાદો કર્યો, પણ ઉમ્મુલ-મોમેનીનની બીહીકને લીધે ત્યાંજ બેઠી રહી. થોડીવાર પછી તેણે હ૦ અલીનો અવાજ સાંભળ્યો, તેઓ ફરમાવતા હતા કે, ઉંટના પગ કાપી નાખો. હજી તો એ જુમલો પુરો પણ થયો હતો નહિ, કે ઊંટણી જમીનપર બેસતી જણાઇ. અસ્માએ માથું બહાર કાઢીને જોયું કે. જો કંઇ તક મળે તો ત્યાંથી ચાલી જાય. તમામ લોકો ત્યાંથી ચાલ્યા ગયા હતા. સામે હ૦ અલી ઉભા હતા. તેઓ પોતાની ફોજને એવો હુકમ આપતા હતા કે, કોઇએ પણ નાસભાગ કરનારાઓની પુંઠ પકડવી નહિ, કોઇને ઘાયલ કરવા કે મારવા નહિ, અને કોઇના ઘરમાં ઘુસવું નહિ. પછી તેઓએ અંબાડીને ઉઠાવી લઇ ચાલવાનો હુકમ આપ્યો. અંબાડી ત્યાંથી ઉઠાવવામાં આવી. ઉમ્મુલ-મોમેનીન તેમાંજ હતાં. તેઓ આ વખતે સખત પરેશાન હતાં. અસ્માને તેઓનો ચહેરો જોઇને ઘણોજ ડર લાગ્યો.

અમીરૂલ-મોમેનીને મોહમ્મદને હુકમ આપ્યો કે, ચારો તરફ પરદો કરીને તે પોતાની બહેનને જોવા જાય, કે તેઓને માર તો લાગ્યો નથી. અસ્મા મોહમ્મદનું નામ સાંભળીને ચોંકી પડી અને બાહેર જોવા માટે માથું ઉઠાવ્યું, એટલામાં મોહમ્મદે પોતેજ અંબાડીમાં માથું નાખ્યું. તે અસ્માને ત્યાં જોઇને ઘણોજ અજબ થયો, પણ હજી તે કંઇ બોલવા પામ્યો હતો નહિ તેટલામાં ઉમ્મુલ મોમેનીને ફરમાવ્યું કે તે કોણ છે? "હું આપનો ભાઇ મોહમ્મદ છું" મોહમ્મદે જવાબ આપ્યો.

"અલ્લાહના શુક્ર છે" ઉમ્મુલ-મોમેનીને ફરમાવ્યું "કે, તું જીવતો રહ્યો! મોહમ્મદે અસ્માને ઇશારત કરી, તે અંબાડીની બાહેર આવી. મેદાનમાં લોહીથી ગુલેલાલાનો બાગ ખીલી રહ્યો હતો. આ વખતે ત્યાં સઘળું સુમસામ હતું. માર્યા ગએલાની લાશોનો દેખાવ અજબ બીહામણો હતો. કેટલાક ઘાયલ થએલાઓ અને ઉંટો જખમી પડેલા હતા જેઓની છાતીઓમાં તીર ભોંકાયલાં હતાં. સારાંશ એકે, તે એક ભયંકર દેખાવ હતો, કે જેની ઘણી ઉંડી અસર માણસના દિલપર થતી હતી. એટલુંજ નહિ, બલકે તેનાથી ધડો મળતો હતો.

એટલામાં અસ્માએ જોયું કે, અમીરૂલ મોમેનીન અંબાડીની પાસે ગયા. અસ્મા તેઓની તરફ ફરીને જોવા લાગી. તેઓએ નજદીક જઇને પુછ્યું કે "ઉમ્મુલ મોમેનીનની શું હાલત છે?"

"સારી હાલત છે" હ૦ આએશાએ જવાબ આપ્યો.

"ખુદા તમોને માફ કરે."

"અને તમોને પણ" હ૦ આએશા બોલ્યાં.

પછી હ૦ અલીએ મોહમ્મદને હુકમ આપ્યો કે, "બેચાર કહાડા આસાએશ લઇને ઉમ્મુલ-મોમેનીનને બસરે લઇ જાઓ." વાત કરતાં કરતાં તેઓની નજર અસ્માપર પડી, જે ત્યાંજ ઉભી હતી. તેઓએ અસ્માને ઓળખી. અસમાએ દોડીને તેઓના હાથપર ચુંબન કર્યું. હ૦ અલીએ પુછ્યું કે, તેણી કયાં હતી? હ૦ આએશાએ ફરમાવ્યું કે "આ છોકરી કદર બુજવાને લાયક છે. મેં કદી પણ એવી સાચી અને ઇસ્લામની ખેરખાહ સ્ત્રી જોઇ નથી. લડાઇના સમયે જ્યારે તીરો વરસાદની માફક વરસી રહ્યાં હતાં ત્યારે તેણી વગરબીહકે મારીપાસે ચાલી આવી, તથા ઘણીજ ખુશામદથી લડાઇ બંધ કરવાને અરજ કરી."

અસ્માએ આ સાંભળીને શરમાઇને માથું નીચું કરી લીધું. હ૦ અલીએ ફરમાવ્યું કે, "હા તે એવીજ છોકરી છે." પછી અસ્મા તરફ ફરીને તેઓ બોલ્યા "અલ્લાહ તારી કોશીશોને કબુલ ફરમાવે. તેં હમેશાં ઇસ્લામી જોશ અને હમદર્દીથી કામ લીધું છે. તું મારી સાથે ચાલ."

અસ્મા તેઓની સાથે થઇ ગઇ. તેઓ જંગના મેદાનમાં ગયા. જખમીઓને ત્યાંથી ઉઠાવીને લઈ જવાનો તથા મુડદાંઓને દાટવાનો બંદોબસ્ત કર્યો, એ ખબર પણ મળી કે, તલહા અને ઝોબેર પણ માર્યા ગયા છે. અસ્માએ "તલહા" અને મરવાનની કેફીયત બયાન કરી. હ૦ અલીએ ફરમાવ્યું કે, "તેજ તમામ ફેસાદની જડ છે. એમાં અજબ થવાનું નથી. તેણેજ તેઓને માર્યા હશે."

એ તમામ બંદોબસ્ત કરીને તેઓ બસરાતરફ ગયા. ત્યાં મસ્જીદની નજદીક તેઓએ હાકેમના ઘરમાં ઉતારો લીધો. તમામ લોકોએ આવીને તેઓની બયઅત કરી. અસમા જનાનખાનામાં રહી, જ્યાં હ૦ અલીના ઘરની તમામ બાનુઓ હતી, કે જેઓ લશ્કરની સાથેજ આવી હતી. અસ્મા મદીનાથીજ સઘળાઓને ઓળખતી હતી. બધાથી મળીને તેણી

ઘણીજ ખુશ થઇ. તેણી મોહમ્મદની વાટ જોતી હતી, પણ તે આવ્યો નહિ, કેમકે હ૦ અલીના હુકમથી તે હુમ્મુલ મોમેનીનની સેવામાં હર વખત હાજર રહેતો હતો. આખરે અસમાએ પોતે તેની પાસે જવાનો ઠરાવ કર્યો. તેણી હુમ્મુલ મોમેનીનને મળવાને બહાને ત્યાં ગઇ. મોહમ્મદથી મળીને તેણીએ કહ્યું કે "હું ઘણી દીલગીર છું કે, હું આંબા અરસા સુધી દેવળમાં બીમાર પડી રહી છતાં તમે મને જોવા પણ આવ્યા નહિ ?"

મોહમ્મદ આ સાંભળીને ઘણોજ અજબ થયો, તેણે કહ્યુ કે, તેને બીલકુલ તે વાતની ખબર નથી.

"પણ મસઉદ તો તમારી પાસે આવ્યો હતો !" અસમા બોલી "તેણે કંઈ નહિ કહ્યું હશે ?"

"મસઉદ ક્યારે આવ્યો ?" મોહમ્મદ બોલ્યો "તે દહાડાથી મેં તેને ફરીથી જોયોજ નથીજ, કે જે દહાડે તે તમારી સાથે આવ્યો હતો."

"ઓહો" અસ્મા બોલી "કદાચ તે કયાંક માર્યો ગયો હશે!"

"બેશક બેશક" મોહમ્મદ બોલ્યો "એમજ થયું હશે, આજકાલ તો હાલતજ એવી થઈ ચુકી છે. બનવાજોગ છે કે, તે કુફામાં મારાથી મળવા ગયો હોય અને ત્યાંજ કોઇએ તેને કતલ કરી નાંખ્યો હોય!"

આ બન્ને મસઉદ માટે અફસોસ કરવા લાગ્યાં. પછી મોહમ્મદે કહ્યું "હવે લડાઇ ખલાસ થઇ છે, ફીતનો અને ફેસાદ દુર થયો છે. હમારાથી જે થઇ શક્યું તે અમોએ કર્યું. હવે તમારો શો ઇરાદો છે?"

"પણ હવે હું સીરીઆ જવાની છું" અસ્મા મોહમ્મદની મતલબ સમજીને વાત ઉડાડવા માટે કહેવા લાગી "દમીશ્કમાં મને એક અગત્યનું કામ છે."

"શું કામ છે?" મોહમ્મદે પુછયું.

"મને માલમ થયું છે" અસ્મા બોલી "કે ત્યાં એક શખસ મારા બાપના નામથી વાકેફ છે." એ પછી તેણીએ દેવળના રખેવાળનો કિસ્સો બયાન કર્યો.

"બનવાજોગ છે" મોહમ્મદ બોલ્યો "કે, આ નવું સગપણ જે આપણી વચ્ચે થોડા દહાડામાં થશે તે ઉપરાંત આપણી વચ્ચે કોઇ બીજી પણ સગાઈ નીકળી આવે."

અસ્મા આ સાંભળીને લજવાઇ ગઇ અને તેણીએ વાત ઉડાવા માટે પુછ્યું "ઉમ્મુલમોમેનીનની હવે શું હાલત છે?"

"સારી હાલત છે" મોહમ્મદ બોલ્યો "અમીરૂલમોમેનીનની સફરનો બંદોબસ્ત મેં પુરો કર્યો છે, હવે તેઓ મક્કાખાતે રવાના થશે. અસરાની સાઠ સ્ત્રીઓ પણ આ સફરમાં તેઓની સાથે રહેશે." એટલામાં અમીરૂલમોમેનીનના આવવાનો અવાજ સંભળાયો. તેઓની સાથે બસરાના ઘણા લોકો હતા. હ૦ આએશા મક્કા જવા માટે તૈયાર થતાં હ૦ અલી તેઓને રૂખસદ કરવા આવ્યા હતા.

હ૦ આએશાએ રૂખસદ થતી વખતે સઘળાઓથી ફરમાવ્યું કે "તમો સઘળાઓ ઇસ્લામના ફરમાનની રૂએ આપસમાં એકમેકના ભાઇ છો, એકબીજાથી દુશમની રાખવી જોએઝ નથી. મારા અને હ૦ અલી વચ્ચે કોઇ અદાવત હતી નહિ. હું તેઓને આ વખતે તમામ મુસલમાનોથી બહેતર અને લાયક સમજું છું."

હ૦ અલીએ ફરમાવ્યું કે 'ઉમ્મુલમોમેનીન ખરૂં કહે છે, મારા અને તેઓની વચ્ચે કંઇપણ અદાવત હતી નહિ. અમારી વચ્ચે દુશમનોને લીધે વિરૂદ્ધતા થઇ ગઇ હતી. તેઓ બેશક અમો સઘળાઓનાં મા છે અને પેગમ્બર (સ૦)નાં આ દુન્યા અને તે દુન્યામાં મોહોરદાર છે."

હવે તે કાફલો રૂખસદ થયો. હ૦ અલીએ મોહમ્મદને તે કાફલા સાથે જવાનો હુકમ આપ્યો. અસ્માને જુદાઇનો સખત રંજ થયો. મોહમ્મદ પણ તેણીથી રૂખસદ થયો. જતી વખતે અસ્માએ તેની ઉપર નીરાશીથી એક નજર ફેંકી અને ઘણીવાર સુધી તેને જોતી રહી.

નેકાહનો સંદેશો.

હ૦ હસન પણ અમીરૂલમોમેનીન સાથે હ૦ આએશાને રૂખસદ કરવા આવ્યા હતા. અહિંઆં આવીને તેઓએ જ્યારે અસ્માને જોઇ તથા તેણીના ઇસ્લામી ગુરસાની કેફીયત સાંભળી, તો મોહબ્બતની આતશ ઘણી વધી પડી. તેઓએ પોતાના દિલમાં અમીરૂલમોમેનીનથી તેણીના સંબંધમાં વાત કરવાનો મક્કમ ઠરાવ કર્યો, કેમકે એ બાબત વાત કરવાનો એ ઉમદા વખત હતો. તેઓને અસ્મા અને મોહમ્મદ વચ્ચેની મોહબ્બતની બીલકુલ ખબર હતી નહિ.

એજ અરસામાં હ૦ અલીએ કુફા જવાનો ઈરાદો કર્યો કે, ત્યાં જઈને લોકોથી બયઅત લેવી. અસ્માએ પણ મોહમ્મદથી રૂખસદ લઈને ડુમાસકસ જવાનો ઠરાવ કર્યો. તેણીએ અમીરૂલમોમેનીનથી રૂખસદ થવાનો વિચાર કર્યો, પરંતુ કામની રોકાણને સબબે તેઓને જરાપણ ફુરસદ હતી નહિ.

એ પછી હ૦ અલી કુફા તરફ રવાના થયા. અસ્મા પણ તેઓની સાથેજ ગઈ, પણ ત્યાં તેણીને રહેવું ગમતું હતું નહિ, તેણીને ઘડી ઘડી એવોજ વિચાર આવતો હતો કે, રખેને ડુમાસકસ પહોંચવાને વાર લાગે અને વડા ધર્મગુરૂથી મુલાકાત થઈ શકે નહિ! આખરે તેણીએ દમીશ્ક જવાનો મક્કમ ઠરાવ કર્યો. તેણી હ૦ અલીથી પરવાનગી લેવા તેઓની પાસે ગઈ. તેઓ તે વખતે એકલા પોતાના ઓરડામાં બેઠા હતા. તેઓએ તેણીને ઘણીજ મોહબ્બત સાથે બોલાવીને પોતાની પાસે બેસાડી. તેણીએ હ૦ અલીના હાથ ઉપર ચુંબન કરીને કહ્યું કે, " ખુદાનો શુક્ર છે કે, તેણે સચ્ચાઈનો જય કર્યો અને ફેસાદ દુર કર્યો. "

"હા" હ૦ અલીએ ફરમાવ્યું " મેં ઘણુંએ ઇચ્છયું કે, સુલેહ થઈ જાય અને ખુનરેજીઓ થાય નહિ; પણ એ રીતનો ત્યાં સુધી બેદાર રહ્યો કે, જ્યાંસુધી મુસલમાનોનાં લોહીથી આરામગાહ તઈયાર થઈ નહિ, અને હા, હું તુંને બોલાવવાવાળો હતો કે, તેં આ મામલામાં જે કોશીશો કરી છે તે માટે તારો ઉપકાર માનું. "

અસ્માએ આ સાંભળીને માથું નમાવી લીધું અને કંઇ જવાબ આપ્યો નહિ. " ઉપરાંત " હ૦ અલીએ આગળ ચાલતાં કહ્યું "મને તારી સાથે એક બીજું કામ છે, જો તું તેનો સ્વિકાર કરે તો અજબ નથી કે તેમાં તારો ફાયદો થાય. "

'હું આપની દાસી છું' અસ્મા બોલી 'જે હુકમ આપ આપો તે બજાવવાને હું તઈયાર છું.'

'હું ઇચ્છું છું' હ૦ અલીએ ફરમાવ્યું 'કે તું મારે ત્યાં મારી ઓલાદની માફક રહે.'

અસ્મા તરતજ સમજી ગઈ કે, ઇમામ હસને જરૂર કંઇક તેઓથી કહ્યું છે. તેણીને જવાબ આપવાની ફરજ હતી માટે તે બોલી 'હું તો બીલકુલ નાચીજ છું, એતો આપની મહેરબાની છે કે, મને પોતાની ઓલાદ તરીકે રાખવા માંગોછો."

'નહિ' હ૦ અલીએ ફરમાવ્યું 'બલ્કે તું મોટા માનને લાયક છે. અસલ વાત એવી છે કે, તારો ઇસ્લામી જુસ્સો અને ઇસ્લામ પ્રત્યે દિલસોજી જોઇને મારા બેટા હસનની એવી ખાહેશ છે કે, તુંને પોતાના હરમમાં દાખલ કરે. શું તુંને એ વાત મન્જુર છે?'

'હજુર' અસ્મા લજવાઇને બોલી 'હુંતો આપની અદના લોંડી છું, હું ક્યાં એને લાયક છું, કે એટલું મોટું માન મને મળે......પણ આ વખતે હું એક જરૂરી કામમાટે આપની સેવામાં હાજર થઈ છું.

'તે શું?' હ૦ અલીએ પુછ્યું.

'હું જલદીથીજ દમીશ્ક જવા માગું છું' અસ્માએ જવાબ આપ્યો 'એજ માટે આપની રજા લેવા આવી છું.'

'કેમ દમીશ્ક જવાની શી જરૂર છે?'

'આપને ઘણું કરીને મારી માની વફાત યાદ હશે' અસ્મા બોલી.

'હા, હા, યાદ છે' હ૦ અલીએ ફરમાવ્યું.

'અને આ પણ યાદ હશે' અસ્માએ કહ્યું 'કે તે દહાડે અમારી સાથે યઝીદ હતો, તે જોકે મારો બાપ કહેવાતો હતો પણ ખરેખર તે મારો બાપ હતો નહિ.'

"હું તેને જોતાંજ એવાજ અભિપ્રાયપર આવ્યો હતો" હ૦ અલી બોલ્યા "અને તે પછી પણ મેં એમજ સાંભળ્યું."

"હું પોતે પણ જાણતી હતી કે, તે મારો બાપ નથી. કેમકે મારી માએ કહ્યું હતું કે, મને તેણી મારા સગા બાપને મદીનામાં જઇને દેખાડશે, પણ અફસોસ કે, તેણી ત્યાંસુધી પોહોંચી શકી નહિ. એ પછી હું બીલકુલ નિરાશ થઈ ગઇ, પણ થોડા દહાડા પહેલાં જ્યારે હું બસરા તરફ આવતી હતી ત્યારે રસ્તામાં હું ઘાયલ થઈ ગઈ. હું એક દેવળમાં કેટલાક દહાડા સુધી પડી રહી અને ત્યાંનો રખેવાળ મને ઓળખતો હતો તેનાથી મને માલમ થયું કે, દમીશ્કમાં 'મેરી યુહન્ના'ના દેવળનો વડો પાદરી મારા બાપની કેફીયતથી વાકેફ છે, માટે હું ત્યાં જવા માગું છું."

"તે રખેવાળથી કંઇ માલમ નહિ થયું?" હ૦ અલીએ પુછ્યું.

"તેનાથી તો એટલુંજ માલમ થયું" અસ્મા બોલી "કે, મારો બાપ મદીનાખાતે છે અને તે એક આગેવાન મુસલમાન છે, પણ તેને નામ માલમ હતું નહિ."

"પણ" હ૦ અલીએ આગેવાનનો શબ્દ સાંભળીને તાજુબીથી પુછ્યું "વધારે કંઇ કેફીઅત માલમ નહિ થઇ કે?"

"નહિ" અસ્માએ જવાબ આપ્યો. એજ વાતચીત થઇ રહી હતી કે હ૦ હસન પણ આવી ગયા. તેઓ હ૦ અલીની સામે આવીને અદબથી બેસી ગયા. હ૦ અલીએ ફરમાવ્યું કે, અસ્મા તેઓથી રાજી છે, પણ તેણી દમીશ્ક જવા માંગેછે. કેમકે ત્યાંનો વડો પાદરી તેણીના બાપનું નામ જાણે છે. એને હમણા સુધી પોતાના બાપની ખબર નથી, મારા ધારવા મુજબ તો જ્યાંસુધી તેણી ત્યાંથી પાછી ફરે ત્યાંસુધી નેકાહ મુલતવી રાખવો."

"હા," હ૦ હસને જવાબ આપ્યો "ખાનદાનનું માલમ થવું તો જરૂરનું છે, પણ તેને માટે એટલી ઉતાવળ શાની છે? તે કામ તો નેકાહ પછી પણ થઇ શકેછે!"

"પણ" હ૦ અલીએ ફરમાવ્યું "એના કહેવાપરથી માલમ પડે છે કે, તેણીનો બાપ એક માનવંત મુસલમાન છે અને તે મદીનામાં રહે છે વળી એ પણ બનવાજોગ છે કે, કદાચ તેણી કોઇ સગપણને લીધે તમારી ઉપર હરામ થઇ જાય. માટે જ્યાંસુધી તેણીના બાપનું નામ માલમ થાય નહિ ત્યાંસુધી નેકાહ ઠીક નથી."

હ૦ હસન આ સાંભળીને ચુપ થઇ ગયા. અસ્મા પણ છુટકારો મેળવીને ઘણીજ ખુશ થઇ. હ૦ અલીએ તેણીને એક ઘોડો અને એક નોકર આપીને જવાની પરવાનગી આપી.

અમીર મોઆવીયા અને ઉમર ઇબને આસ.

વાંચનારને યાદ હશે કે, અમીર મોઆવીઆ આ વખતે સીરીઆમાં લડાઇની તઇયારી કરી રહ્યા હતા. તમામ સીરીઆવાળાઓ હ૦ ઉસ્માનના ખુનનો બદલો લેવાને તઇયાર હતા. નાએલાનાં આંગળાંઓ અને હ૦ ઉસ્માનનું લોહીથી ખરડાએલું પહેરણ દમીશ્કની જામેઅ મસ્જીદના મીમ્બર પર મુકેલું હતું કે, જેથી લોકોમાં વધારે ઉશ્કેરણી ફેલાય અને તેઓ આ ખુને નાહકનો બદલો લેવામાટે વધારે જુસ્સામાં આવી જાય.

અમીર મોઆવીઆએ હ૦ અલી પાસે સંદેશો મોકલીને તેઓથી લડવાનો મક્કમ ઠરાવ કર્યો, પણ તેઓને એ ફીકર હતી કે, તેઓ ઉપરાંત બીજા બે હરીફો તલહા અને ઝોબેર પણ મોજુદ હતા. જ્યારે અમીર મોઆવીઆએ હ૦ અલીથી તલહા અને ઝોબેરની વિરૂદ્ધતા સાંભળી અને તેઓને માલમ પડયું કે, તેઓ હ૦ અલીથી ખલીફા (રદી૦) નો

બદલો લેવા આવ્યા છે, તેથી મેઆવીઆએ ચુપ બેસીને પરિણામ આવે ત્યાંસુધી થોભવાનો ઠરાવ કર્યો. આખરે જ્યારે તેઓને એવી ખબર મળી કે, તેઓ બંને જગે-જમલમાં માર્યા ગયા છે, ત્યારે તેઓએ તરતજ લડાઇની તઇયારી શરૂ કરી, કેમકે હવે તેઓનો કોઇ હરીફ બાકી રહ્યો હતો નહિ.

ઉમર ઇબ્ને આસ એક પ્રખ્યાત લડવૈયા હતા તેઓએ હ૦ ઓમર (રદી૦)ના ઝમાનામાં મીસરદેશ હિ. સ. ૨૦ માં સર કરીને ઇસ્લામી રાજ્યમાં સામેલ કર્યો હતો, અને તેજ વખતથી તેઓ મીસરના હાકેમ નિમાયા હતા. હ૦ ઉસ્માને તેઓને બરતરફ કરીને પોતાના દુધભાઈ અબ્દુલ્લા ઇબ્નિ સઅદને તેઓની જગાપર નીમ્યા હતા. ઉમર ઇબ્નિ આસ તેજ વખતથી હ૦ ઉસ્માનના વિરોધી થઇ ગયા હતા, અને જ્યારે તેઓ મદીનામાં ઘેરાયલા હતા, ત્યારે ઉમર ઇબ્ને આસ પણ બળવાખોરોની સાથે આવ્યા હતા, પણ તરતજ તેઓ મદીનાથી "ફલસ્તીન" ચાલ્યા ગયા હતા. ત્યાં તેઓ પરિણામ આવવાની વાટ જોવા લાગ્યા. થોડા દહાડા પછી તેઓએ ખલીફાના કતલ થવાની ખબર સાંભળી. હવે તેઓને ફિકર થઇ કે, હવે કોણ ખલીફા થશે ! તેઓ તલહાના તરફદાર હતા. ઝોબેરની ખીલાફત તેઓને પસંદ હતી નહિ, હ૦ અલીને ખીલાફત મળવાની ખબર સાંભળીને તેઓ સખત ચિંતામાં પડ્યા. પછી તેઓએ તલહા અને ઝોબેરની વિરૂદ્ધતાની પણ ખબર સાંભળી અને શું પરિણામ આવેછે તેની વાટ જોતા બેઠા. તેઓએ આખરે સાંભળ્યું કે, "તલહા" અને "ઝોબેર"ના કિસમતનો ફડચો થઇ ગયો યા તેઓ બન્ને માર્યા ગયા. તેઓને એ પણ ખબર મળી કે, મેઆવીઆએ હજીસુધી હ૦ અલીની બયઅત કરી નથી, આ ખબર સાંભળીને તરતજ તેઓ પોતાના બન્ને બેટાઓ મોહમ્મદ અને અબદુલ્લાને લઇને સીરીઆખાતે ગયા. કેમકે તેઓને મીસરની હકુમત મેળવવાની ખાહેશ હતી. તેઓ જાણતા હતા કે, હ૦ અલી તેઓને મીસરનો હાકેમ નીમશે નહી, માટે તેઓ અમીર મેઆવીઆથી મળી ગયા. તે એવા હેતુથી કે, તેઓની સાથે મળીને તેઓ મીસરપર હકુમત કરવાને સામર્થ્યવાન નીવડશે. તેઓ હવે તમામ "સીરીઆ"વાળાઓને હ૦ અલીથી લડવા માટે ઉશ્કેરવા લાગ્યા.

અસ્મા અને દમીશ્ક.

અસ્મા કુફાથી રવાના થઇને કેટલાક દહાડામાં "દએર ગોતા"માં પહોંચી. આ મુકામથી દમીશ્ક ફક્ત પાંચ માઇલપર આવેલું છે. આ મુકામથી પુરી રીતે એક મુસાફર દમીશ્કની સહેલ કરી શકે છે. આ જન્નતનિશાન શહેરની આસપાસ બગીચાઓ આવેલા છે, અને એક મુસાફરને આ વાતનો ખ્યાલ અપાવેછે કે, આ શહેરનું નામ તો ચમનીસ્તાન હોવું જોઇએ

સાંજ થઇ જવાને લીધે અસમા ત્યાંજ દહેરાંમાં થોભી ગઇ. સહવાર થતાંજ તેણી ઘોડાપર બેસીને ત્યાંથી રવાના થઇ. તેણીની સાથે તેણીનો નોકર પણ હતો. આ વખતે સહવારનો લહેકી પવન ફુંકી રહ્યો હતો. સડકની બન્ને બાજુ લીલાં લહેર ઝાડો હવાના ઝોંકાઓથી કોઇ મસ્ત શરીબીની માફક ઝુમી રહ્યાં હતાં પણ અસમા વડા ધર્મગુરૂને મળવાને એટલી તો બેતાબ થઈ રહી હતી કે, તેણીએ આ સુંદર દેખાવ તરફ કંઇ વધારે ખ્યાલ કર્યો નહિ, તેણી ઘણીજ ઝડપથી ચાલી જતી હતી.

"બાબે જાબ્યા"ના મુકામપર પહોંચીને તેણી થોભી ગઇ. તેણી ઘોડાપરથી ઉતરી પડી, પોતાના નોકરને ઘોડાની લગામ આપીને તેણી હવે પાયદળ ચાલવા લાગી. અસ્મા અહિંઆંના સઘળા રસ્તાઓથી ખુબ વાકેફ હતી તેમ ત્યાંના લોકોને પણ જાણતી હતી; તેણીએ પોતાનાં મોઢાં પર નેકાબ નાખેલો હતો કે, રખેને કોઇ પાડોશી તેણીને જોઇ લે તો તેણીને ત્યાંજ થોભવું પડે. તેજ રસ્તામાં એક મુસાફરખાનું હતું. અસ્માએ પોતાના નોકરને ત્યાં થોભવા કહ્યું અને પોતે વડા ધર્મગુરૂપાસે દેવળ તરફ ચાલી. દેવળ ત્યાંથી નજદીક હતું. પહેલાં તેણી એક મસ્જીદપાસે આવી. આ તે મસ્જીદ હતી કે, જયારે મુસલમાનોએ દમીશ્ક ફતેહ કર્યું ત્યારે "મેરી યુહન્ના"ના દેવળના બે ભાગ કરીને તેના પૂર્વ બણીના ભાગમાં મસ્જીદ બનાવી અને બાકીનો ભાગ નસારાઓ (ખ્રીસ્તીઓ) માટે છોડી દીધો.

અસ્મા પશ્ચીમ ભણી ગઇ. તેણીને જોઇને ત્યાંનો રખેવાળ તેણીની પાસે આવ્યો અને રૂમી ભાષામાં તેણીની આવવાની મતલબ પુછી. અસ્માની માદરી જબાન રૂમી હોવાને લીધે તેણી તે ભાષા ઘણી સારી રીતે બોલી શકતી હતી. તેણીએ કહ્યું કે, તેણી વડા ધર્મગુરૂને મળવા માગેછે.

"વારૂ, તો અહિં બેસી જાઓ" પેલા રખેવાળે એક પત્થરની બેઠક તરફ ઇશારત કરીને કહ્યું "હું અંદર જઇને તમારા આવવાની ખબર આપું છું."

અસ્મા ત્યાંજ બેસી ગઈ અને દેવળની બુલંદ ઇમારતને જોવા લાગી. કંઇ એ વાત હતી નહિ કે, તેણીએ આ મકાન કદી જોયું હતું નહિ, બલકે મકાનની પુરાણી ઢબની બનાવટ, તેની ઉંચી દીવાલો, તેપર ઉમદા નકશી કામ વગેરે વાતો ખામુખા માણસનું દીલ પોતાની તરફ ખેંચતી હતી.

થોડીવાર પછી પેલા શખસે આવીને અસ્માને અંદર આવવા કહ્યું. અસ્મા ત્યાંથી ઉઠીને અંદર આવી. ત્યાં વડા ધર્મગુરૂનો બેટો બેઠો હતો. તેણે અસ્માને ઘણીજ ખુશીથી આવકાર આપ્યો અને પોતાનો અફસોસ જાહેર કરતાં કહ્યું કે, વડા ધર્મગુરૂ કેટલાક દહાડાથી જેરૂસલમ ચાલ્યા ગયા છે. "પછી કયારે પાછા ફરશે?" અસ્માએ પોતાની કોશીશો નીષ્ફળ જવાપર દિલગીરી દેખાડતાં પુછયું.

"ખબર નથી" તે બોલ્યો "કેમકે, તેઓ ત્યાં કોઇ ચોકસ કામ માટે ગયા નથી, બલકે અહિંઆં પાંચ વખત રોજ મસ્જીદમાં રૂદન થાય છે, તેથી તેઓના આરામમાં મોટી ખલલ પડે છે. તેઓને ઉંઘ પણ આવતી નથી તેથીજ તેઓ દમીસ્ક છોડી ગયા છે."

"શાનાં રૂદન થાય છે?" અસ્માએ પુછયું.

"તમોને માલમ તો હશેજ" તે બોલ્યો "કે, ઇસ્લામી ખલીફા હ૦ ઉસ્માન કતલ થઇ ગયા છે, તેઓનું પહેરણુ આ મસ્જીદમાં મીમ્બરપર રાખેલું છે. લોકો પાંચે વખત જયારે નમાઝ ભણવા માટે આવેછે ત્યારે તેને જોઇને પોકપોક રડે છે."

"તો હવે આ માલમ પડી શકતું નથી, કે તેઓ કયારે આવશે?" અસ્માએ પુછયું.

"બીલકુલ નહિ" તેણે કહ્યું "પણ જો તમને કાંઇ અગતનું કામ હોય તો તેઓની જગાપર અમો મોજુદ છીએ, બનતાંસુધી કરી આપીશું."

"નહિ" અસ્મા બોલી "મને તો તેઓથીજ કામ હતું."

"તો તમે અમારે ત્યાં થોભો" તેણે કહ્યું "જ્યારે તેઓ આવે ત્યારે તમારી મતલબ તેઓથી બ્યાન કરજો" એટલું કહી તેણે નોકરને હાંક મારી. નોકર અસ્માને ઉપર માળપર લઇ ગયો. ત્યાં કાળા લેબાસ સાથે અસ્માએ એક સ્ત્રીને જોઇ. તેણીના ચહેરા અને ખુબસુરતીપરથી જણાતું હતું કે, તે વડા ધર્મગુરૂની સ્ત્રી હતી. તેણી ઘણીજ મહેરબાનીથી અસ્માથી મળી, અને તેણીની કેફીઅત દરયાફત કરી.

અસ્મા એક બારી આગળ બેસી ગઇ, જ્યાંથી સારી રીતે દમીશ્ક શહેરની સહેલ થઇ શકતી હતી. મસ્જીદ પણ દેવળના આંગણામાંજ હતી એટલામાં બાંગીએ "ઝોહર"ની નમાઝ માટે બાંગ મારી. અસ્માએ જોયું કે તે સાંભળતાંજ છોકરા-છોકરી, જુવાન-ઘરડા અસાધારણ સંખ્યામાં આવીને મસ્જીદમાં ભરાઇ ગયા, મોટી પાદરન પણ તે વખતે પ્રાર્થના કરવા ચાલી ગઈ હતી. અસ્મા એકલી રહી ગઇ. તેણી આ મસ્જીદની હાલત અને મુસલમાનોની હીલચાલ ઘણુજ ધ્યાનથી જોઈ રહી હતી.

જ્યારે મસ્જીદ લોકોથી ચીકાર ભરાઇ ગઈ તો એક શખસ દાખલ થયા. તેઓની સાથે ઘણા લોકો હતા. તેઓના ચહેરાપરથી જાહોજલાલી જાહેર થતી હતી. તેઓ રંગે ગોરા અને ઘણાજ ખુબસુરત હતા. અસ્મા સમજી ગઇ કે, તેઓ મોઆવીઆ ઇબ્ને અબુસુફયાન હતા. તેઓની જમણી બાજુ જે શખસ હતા તે જોકે તેઓથી ઠીંગણા હતા અને ડીલે પણ એટલા ભરાયલા હતા નહિં, પણ તેઓના ચહેરાપરથી મોટાઇ જાહેર થતી હતી. તેઓનો ચહેરો ઘઉંઆં રંગનો હતો, તેઓના કદ તરફ નજર કરતાં તેઓનું માથું ઘણું મોટું લાગતું હતું. અસ્મા તેઓને ઓળખી શકી નહિ, પણ એટલામાં એક શખસે તેઓનું નામ પોકારતાં અસ્માને માલમ પડયું કે, તેઓ જાણીતા ઇસ્લામી સેપેહસાલાર ઓમર ઇબ્ને આસ હતા.

નમાઝ ખતમ થવા પછી મોઆવીઆ મીમ્બરપર ચડી ગયા. તેઓએ ઇસ્લામનો હુકમ બ્યાન કર્યા પછી ખલીફા (રદી૦) નું પહેરણ ઉંચક્યું, જે ખુનથી ખરડાયલું હતું, અને સઘળાઓને દેખાડી કહ્યું કે, "તમો સઘળાઓ જાણો છો કે, આ કોણનું પહેરણ છે ? આ ખલીફા હ૦ ઉસ્માનનું પહેરણ છે, કે જેઓને વગર કારણે કતલ કરવામાં આવ્યા છે, અને જુઓ આ તેઓનાં બીબીનાં આંગળાં છે, કે જેઓ પોતાના ભરથારને બચાવવાં જતાં તેઓપર તુટી પડયાં હતાં."

અસમાએ ગૌરથી જોયું તો એ આંગળાંઓ હતાં, જેમાં થોડો ભાગ હથેળીનો પણ હતો અને અર્ધો અંગુઠો પણ હતો.

આ સાંભળીને હાજર રહેલાઓએ ઉસ્માન (રદી૦) જુલમથી કતલ થયા છે એવો અવાજ ઉઠાવ્યો તથા તેઓના ખુનનો બદલો લેવામાટે જાનો દીલથી પોતાની મરજી જાહેર કરીને રડવા લાગ્યા. મસજીદમાં મોટો શોરબકોર મચી ગયો, પણ અમીર મોઆવીઆએ તેઓને ચુપ કર્યા. જ્યારે તેઓ ચુપ થઇ ગયા તો તેઓએ તેવીજ રીતે લોકોને ઉશ્કેરણી આપી, કે જેમ તેઓ રોજ આપતા હતા.

અમીરૂલઓમેનીન હ૦ અલીની વિરૂદ્ધતા થતી સાંભળીને અસમાની લાગણી ઘણીજ ઉશ્કેરાઇ. ઘડી ઘડી તેણીને એવો વિચાર આવતો હતો કે, તેણી ખુદ મસજીદમાં જઇને લોકોને સમજાવે કે, હ૦ અલી તે આરોપથી બીલકુલ મોકળા છે, કે જે તેઓપર મુકવામાં આવે છે. પણ તેમ કરવાની તેણી હિમ્મત કરી શકતી હતી નહિ.

આખેરમાં અમીર મોઆવીઆએ કહ્યું કે "અલીએ ઉસ્માનને કતલ કરાવ્યા છે તથા તેઓના કાતીલોને આશરો આપ્યો છે."

આ સાંભળીને અસમા વધુવાર ત્યાં થોભી શકી નહિ, તેણી તરતજ નીચે ઉતરી આવી અને બા-આવાજ કહ્યું 'મુસલમાનો! તમો એઓની કોઇપણ વાત ઉપર કે જે, એઓ હ૦ અલીની વિરૂદ્ધ કહે તેનો ભરૂસો કરતા નહિ, એઓ પોતે તે વખતે હાજર હતા નહિ અને એઓને હ૦ અલીની નઇયતની પણ કંઇ ખબર નથી. હ૦ અલી ઉપર ખલીફાના ખુનનો આરોપ બનાવટી અને બીલકુલ જુઠો છે. તેઓએ તો બળવાખોરોને હઠાવ્યા અને પોતાના બેટાઓને ખલીફાની મદદ માટે મોકલ્યા. મેં પોતાની નજરો નજર જોયું કે, ઇમામ હસનનું પહેરણ લોહીથી બીલકુલ ખરડાએલું હતું. જો ખલીફા (રદી૦) તેઓને અટકાવત નહિ, તો તેઓ પણ પોતાનો જાન આપત. એ છતાં પણ તેઓથી થઇ શક્યું તે તેઓએ કર્યું. તેઓએ બળવાખોરોને હઠાવવામા કાંઇપણ કસર કરી નથી એ સઘળું છતાં પણ જો કોઈ કહે કે, હ૦ અલીએ ખલીફા (રદી૦) ને કતલ કરાવ્યા છે, તો કેવી રીતે તેના કહેવાપર ભરૂસો રાખી શકાય? તમારા લોકોની આ ધારણા ઘણું કરીને ખરી પણ હોય કે, ખલીફા (રદી૦) જુલમથી કતલ કરવામાં આવ્યા છે, પણ તેઓની કતલમાં હ૦ અલીનો હાથ હતો એ બીના જુઠી અને બીલકુલ જુઠીજ છે!"

આ જુસ્સાદાર ભાષણ સાંભળીને સઘળાઓએ દાંતોની નીચે આંગળાં ચાપ્યાં. અમીર મોઆવીઆએ ઘણુજ ગુસ્સા ભરેલા સાદે પુછ્યું કે, " આ કોણ શખસ વાહીઆત બકવો કરે છે?"

" હું એક ઓરત છું" અસ્માએ કહ્યું.

અમીરમોઆવીઆ આ સાંભળીને હેરતમાં ગરકાવ થઈ ગયા કે, કેવી રીતે એક સ્ત્રીએ લોકોનાં એટલાં મોટાં ટોળાંની સામે એમ કહેવાની હિમ્મત કરી! તેઓ સખત ગુસ્સે થઇ ગયા, પણ તેઓએ તેણીને મારી નાખવાનો હુકમ આપ્યો નહિ, બલકે તેણીને પોતાની પાસે આવવાનો હુકમ આપ્યો. તેઓની હિલચાલપરથી માલમ પડ્યું હતું કે, તેઓ તેણીને દલીલોથી હરાવવા માંગે છે; પણ ઓમર ઇબ્ને આસે તેઓને ઈશારત કરીને તેમ કરતાં અટકાવ્યા કે, એક છોકરી સાથે વાત કરવામાં તેઓનો મરતબો ઘટી જશે, માટે જ્યારે અસ્મા તેઓ પાસે પહોંચી તો તેઓએ તરતજ તેણીને ગીરફતાર કરવાનો હુકમ આપ્યો. કેટલાક લોકો તેણીને પકડીને બાંધવા લાગ્યા. અસ્માએ કહ્યું કે, તેણી એક ગરીબ મુસાફર સ્ત્રી છે, તેણી નહાસી જતી નથી; પણ લોકોએ તેણીનું કંઇ સાંભળ્યું નહિ અને અમીરમોઆવીઆના હુકમથી તેણીને કેદખાનામાં મોકલવામાં આવી.

ખુશ સ્વપ્નું.

કેદખાનામાં અસ્માને એક સાંકડા અને અધારા ઓરડામાં રાખવામાં આવી, જ્યાં એક ફાટેલી ચટાઇ પડેલી હતી તેપરજ તેણી બેઠી હતી. તેણી પોતાની નીષ્ફળતા અને હાલતપર વિચાર કરી રહી હતી અને પોતાની આ હિમ્મત માટે ઘણીજ પશેમાન હતી. આ દોઢ વરસના જમાનામાં જે કંઈ બનાવ બન્યા હતા તે તેણીની નજરોની સામે આવવા લાગ્યા. પોતાની આ કેદનો ખ્યાલ કરીને તેણીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં પણ તેણી એવા ખ્યાલથી તમામ મુંગે મોઢે સહન કરતી હતી કે, રખેને કોઈ એવો ખ્યાલ કરે કે, તેણી બીહી ગઇ!

એજ ગમગીન હાલતમાં તેણીની આંખ લાગી ગઈ, તેણી સુઇ ગઈ. તેણીને એક અજીબો ગરીબ સ્વપ્નું દેખાયું તેમાં તેણીએ જોયું કે, તેણીની માતા મરીઅમ તેણીની તરફ આવેછે. તે લાલ લેબાસમાં સજ થએલી છે,

અને તેના માથા ઉપર દાડમનાં ફુલ જેવો એક લાલ તાજ હતો. અસ્મા પોતાની માને જોઇને ઘણીજ ખુશ થઇ અને દોડીને પોતાની માને વળગી પડી. તેણી ઘણી ખુશ હતી. અસ્મા એટલી તો ખુશ હતી કે, તેણીથી કંઇ બોલાયું પણ નહિ, કેમકે તેણી પોતાની માને પુર તંદુરસ્ત હાલતમાં જોતી હતી. મરીયમ તેણીને જોઇને હોઠમાં હસી અને પુછ્યું કે, તેણીને તેણીના બાપનું નામ માલમ પડયું કે નહિ? અસ્મા આ સાંભળીને પોતાની માને બાઝી પડી અને કહ્યું કે "નહિ નહિ, હું હમણા સુધી મારા બાપને જાણતી નથી, બતાવો બતાવો હું તે જાણવાને ઘણી આતુર છું."

"ધીમેથી બોલ" મરીયમે અસ્માને છાતી સાથે દાબીને કહ્યું "રખેને ઇમામ આપણી વાતો સાંભળી લે."

'હાં," અસ્માએ ધીમેથી તેણીના મોઢા પાસે કાન લઈ જઇને પુછ્યું " તો કહો મારો બાપ કોણ છે?"

" હું એજ માટે આવી છું" મરીયમે કહ્યું "હું, તુને તારા બાપનું નામ બતાવું. તારો બાપ તેજ છે..."

આ કહેતાં કહેતાં તેણી ધ્રુજવા લાગી. તેણી ખામોશ થઇ ગઇ. અસ્મા હવે ટીકી ટીકીને તેણીને જોવા લાગી, પણ દુરથી એક શખસ આવતો દેખાયો. મરીયમ તેને જોઇને ત્યાંથી જલદી જલદી જવા લાગી. અસ્મા પણ તેણીની સાથે પોતાના બાપનું નામ પુછતાં પુછતાં ચાલી પણ મરીયમ બીલકુલ ખામોશ અને ઝડપથી ચાલતી હતી. તે શખસ બીલકુલ નજદીક આવી ગયો. મરીયમ અસ્માના હાથથી પલ્લો છોડાવીને ગેબ થઇ ગઇ. અસ્માને તે શખસ પણ ત્યાં દેખાયો નહિ. એજ ગભરાટ અને નિરાશીમાં અસ્માની આંખ ઉઘડી ગઇ. ત્યાં કોઇપણ હતું નહિ. અસ્માએ જોયું તો, તેણી તેજ કેદખાનામાં તેજ પુરાણી ચટાઇપર પડેલી છે. તેણી ઉઠીને બેઠી થઇ અને આંખો મસળવા લાગી. પણ યકાયક તેણીને એક અવાજ સંભળાયો જે સાંભળીને તેણી ધ્રુજી ઉઠી. તેણીએ ઉપર નજર કરતાં જોયું કે, મરવાન નાગી તલવાર સાથે ત્યાં ઉભો છે. આ જોઇને તેણી ખુદાથી પનાહ માંગવા લાગી.

" જો હમણા પણ તું મારાથી રાજી થઈ જાય:" મરવાન બોલ્યો "તો તારી તમામ ગુજસ્તે વાતો માફ કરી દઉં. તું ખાતરીપુર્વક માનજે કે, મોહમ્મદ અને હ૦ અલી તુને એક રજ બરાબર પણ ફાયદો પહોંચાડી

શકતા નથી. તું-હું હવે દમીશ્કમાં છીએ, કે જે તારી જન્મભુમી છે. કુફા, બસરા અને મદીનાનો ખ્યાલ છોડી દે. જો તું પોતાના એવા વિચારોથી બાજ આવશે નહિ, તો પછી મારી તલવાર છે અને તારી ગરદન છે. અમીરમોઆવીઆ હવે તારી તપાસ કરીને તુંને જરૂર કતલ કરવાનો હુકમ આપશે. જો તુંને તારી જીંદગી વહાલી છે તો તું મારાથી રાજી થઇ જા. હું તેઓથી તારી તકસીર માફ કરાવી લઇશ. તારે હ૦ અલી અથવા મોહમ્મદપર મગરૂર ન થવું જોઇએ, કેમકે જલદીથીજ મેદાનમાં તેઓનાં ડોકાં તુંને નજરે પડશે."

મરવાનની આ ગુફતેગો સાંભળીને અસ્માને ઘણોજ ગુસ્સો આવ્યો. તેણીએ સખત જવાબ આપવાનો ઇરાદો કર્યો, પણ પછી તેણીએ ધાર્યું કે, એમ કરવું આ વખતે મુનાસેબ નથી. મરવાન તેણીની ખામોશીથી એવા અનુમાનપર આવ્યો કે, તેણી અર્ધી રાજી છે. તે તેણીની નજદીક ગયો અને પછી તેણે તેજ શબ્દો કહ્યા. મોહમ્મદ અને હ૦ અલીની બાબત સખત શબ્દો અને મરવાનનાજ મોઢે તેની પોતાની બહાદુરીની વાતો સાંભળી તેને સખત ગુસ્સો આવ્યો, પણ તે વખતે તેણી લાચાર હતી તેથી કંઇ જવાબ આપી શકી નહિ અને નીરાશીની હાલતમાં તેણીની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં.

મરવાન સમજ્યો કે, તેણી પોતાની આગલી વાતો માટે પશેમાન થઇ અને તેનાથી રાજી થઇ જશે. એમ સમજી તે તેણીની સાથે ઘણી મહેરબાનીથી વાત કરવા લાગ્યો ને તેણીની નજદીક બેસી ગયો. એટલામાં બંધીખાનાના રખેવાળે આવીને કહ્યું કે, અમીરમોઆવીઆ અસ્માને તેણીની તપાસ માટે બોલાવે છે. કેદખાનાના દરવાજાપર કેટલાક હથીયારબંધ સીપાઇઓ ઉભા હતા. મરવાને કહ્યું કે, તેણીને પકડીને લઇ જવાની જરૂરત નથી, પણ તેણી પોતે જશે.

અમીર મોઆવીઆની દરબાર.

અસ્મા નીડર ચાલી જતી હતી. તેણીની આગળ મરવાન ચાલતો હતો. તે આ વખતે ખુશ જણાતો હતો, કેમકે તેને લગાર આશા બંધાઇ હતી કે, અસ્મા હવે તેનાથી રાજી થઇ જશે. એટલામાં તેઓ એક મોટા મહેલના દરવાજા પાસે પહોંચ્યા. આ અમીર મોઆવીઆનું ઘર હતું, તે

રૂમી ઢબની બનાવટનું હતું. એમાં પહેલાં રૂમી હાકેમો રહેતા હતા. આ મકાન તેજ જમાનામાં બંધાયું હતું, કે જ્યારે મુસલમાનોએ રૂમ સર કર્યું હતું અને તેજ વખતથી આ હાકેમના મુખ્ય મથક તરીકે વાપરવામાં આવતું હતું. દરવાજામાં દાખલ થઇને આ લોકો એક મોટા આંગણામાં દાખલ થયા. ત્યાંથી એક મોટા દીવાનખાનામાં આવ્યા, જેની ચારે તરફ પડદા પડેલા હતા કે જ્યાં અમીરમોઆવીઆ બેઠા હતા. તેઓની ડાબી બાજુ ઓમર ઇબ્ને આસ હતા અને સામે બીજા અમીરો બેઠા હતા, કે જેઓને અસ્મા ઓળખી શકી નહિ. તેણીને અમીરમોઆવીઆની સામે ઉભી કરવામાં આવી. તેઓ તેણીની ખુબસુરતી જોઇને ઘણા અજબ થયા, જોકે તેણીની હિમ્મતે તો તેઓને પહેલાંથીજ હેરતમાં નાખ્યા હતા. તેઓએ હવે અસ્માથી પુછયું કે, તેણીએ તેઓના કહેવાની વિરૂદ્ધતા કરવાની હિમ્મત કેવી રીતે કરી ?

"હું સારી રવેશે જાણુતી હતી" અસ્માએ જવાબ આપ્યો "કે આપ બીલકુલ ઉલટી વાત કરતા હતા અને એક એવા શખ્સપર તોહમત મુકતા હતા, કે જેઓ બીલકુલ નિર્દોષ હતા."

"કોણુ નિર્દોષ હતા ?" અમીરમોઆવીઆએ પુછયું.

"તમો હ૦ અમીરૂલમોમેનીન અલી ઇબ્ને તાલીબ માટે કહો છો" અસ્માએ કહ્યું "તેઓએ હ૦ ઉસ્માનને કતલ કરાવ્યા એ બીલકુલ ગલત અને જુઠું છે." અલીને અમીરૂલમોમેનીન કેમ કહોછો ?" ઓમર ઇબ્ને આસે કહ્યું "અમોએ તો હમણા સુધી બયઅત કીધી નથી."

"તમારી બયતથી થાયછે શું ?" અસ્માએ જવાબ આપ્યો 'મદીના, બસરા, કુફા મીસરવગેરેના મુસલમાનોએ તો બયઅત કરી લીધી છે. ઉપરાંત તેઓ પેગમ્બર (સ.અ.વ.)ના ભાઇ છે અને તેઓજ ખીલાફતના હકદાર છે.

"તમારા ફેસલાથી શું થાયછે?" ઓમર ઇબ્ને આસે કહ્યું 'તમોને એ મામલાની શું ખબર છે ?"

"તમો ઓમર ઇબ્ને આસ છોના? અસ્માએ પુછયું.

"હા"

"ઘણીજ દીલગીરીની વાત છે" અસ્મા બોલી "કે, તમો પોતે તો બળવાખોરોની સાથે ખલીફા ઉસ્માન (રદી૦) ની કતલ માટે ગયા હતા, તેઓને કતલ કરવાનું તમોએ પુરેપુરૂં કાવતરૂં રચ્યું હતું અને પછી હ૦ અલીપર આરોપ મુકોછો કે, જેઓએ બળવાખોરોને હાંકી કાઢવામાં કંઇપણ બાકી રાખ્યું નહિ."

અસ્માનો આ તડ ને ફડ જવાબ સાંભળીને ઓમર ઇબ્ને આસ ચુપ થઇ ગયા તેઓએ વધારે વાત કરવા મુનાસેબ ન સમજીને વાત ઉડાડવાની મતલબથી પુછ્યું " તમો ક્યાંનાં રહેવાશી છો ?"

"અહીંનીજ" અસ્માએ જવાબ આપ્યો.

"તમારો બાપ કોણ છે ?" ઇબ્ને આસે પુછ્યું.

આ સાંભળીને અસ્મા ચુપ થઇ ગઇ, પણ મરવાન બોલ્યો કે, તેણી બનુઉમૈયા ખાનદાનની છે અને યઝીદની બેટી છે.

"શું તું બનુઉમૈયા ખાનદાનની છે ?" અમીર મોઆવીઆએ અસ્માને પુછ્યું.

પણ તું અમવી કેમ થઇ શકેછે ? તારાં કાર્ય અને કહેણુ તો અમવીઓના વિરૂદ્ધ છે. તે લોકો હ૦ ઉસ્માનના ખુનનો બદલો લેવા તૈયાર છે અને તું હ૦ અલીની હિમાયત કરી રહી છે!"

"હું અમવી છું કે ગેરઅમવી છું" અસ્માએ કહ્યું " એનાથી તમોને શું કામ છે ? મેં તો જે ખરી વાત હતી તે કહી દીધી. હું મારા યકીનથી કહુંછું કે, હ૦ અલી ખરા માર્ગપર છે અને તમે લોકો બીલકુલ ખોટા રસ્તાપર છો. તમો લોકો પછી એ વાતથી ખુશ થાઓ કે નારાજ થાઓ, હુંતો સાચ્ચી વાત કહુંછું કે, કેદ અથવા કતલ થવાથી બીહતી નથી. આપની મરજીમાં આવે તેમ કરો.

મરવાન તેણીની ગુફતેગો સાંભળી ઘણોજ બીધો. તે વિચાર કરતો હતો કે, રખેને તેણીની સખત ગુફતેગોથી અમીર મોઆવીઆને ગુસ્સો આવી જાય અને તેઓ તેણીને કતલ કરવાનો હુકમ આપે ! માટે તેણે અમીર મોઆવીઆના કાનમાં કહ્યું કે, તેણીને તેને આપી દેવી અને જેમ તેનાથી થશે તેમ તે તેણીના વિચારો ફેરવી દેશે. પછી એજ વાત તેણે ઓમર ઇબ્ને આસને પણ કહી, તથા ઉમેર્યું કે, હ૦ અલી વીગેરેની તમામ વાતોથી તેણી વાકેફ છે અને જો તેણી તેઓની પાસે રહેશે તો તેના સબબથી હ૦ અલીના તમામ ભેદો માલમ થઇ જશે. આ સાંભળીને અમીર મોઆવીઆએ તેણીને મરવાનને ઘેર પહોંચાડવાનો હુકમ આપ્યો.

"શું ?" અસ્મા મરવાનના ઘરનું નામ સાંભળીને બોલી ઉઠી 'મરવાનનું ઘર બંદીખાનું છે ?"

" નહિ " અમીર મોઆવીઆએ કહ્યું " ઘર વળી ક્યાંય કેદખાનું થતું હશે ? "

" નહિ, " અસ્મા બોલી "ખુદાને વાસ્તે મને કેદખાનામાંજ મોકલો, કે જ્યાં હું આજે હતી. "

મરવાન હવે બીધો કે, જો તે જીદ કરેછે તો રખેને અસ્મા તમામ વાતો અહિઆં કહી દે ! તેણે એવા ખ્યાલથી કહ્યું કે, ભલે તેણી બંદીખાનામાંજ રહે. તેણે હવે પોતાના દીલમાં ઠરાવ કર્યો કે, જેમ થશે તેમ યાતો તેણીને રાજીજ કરી લેશે યા કતલ કરી નાખશે.

અંધારા ઓરડામાં એક ગેબી શખસ.

અસ્માને ફરીથી તેજ અંધારા સાંકડા ઓરડામાં પુરવામાં આવી. આ વખતે રાત થઇ ગઈ હતી. આ ઓરડામાં દીવો હતો નહિ અને બીલકુલ અંધારૂં હતું. તેણીને આખો દિવસ કંઇ ખાવાનું પણ મળ્યું હતું નહિ. તેણી ભુખ અને કેદની તકલીફથી સખત પરેશાન થઈ રહી હતી. તરેહવાર વિચારો તેણીના મગજમાં ભમતા હતા, પણ કરવું શું, તેની સમજ તેણીને પડતી હતી નહિ. એટલામાં દુરથી અજવાળું દેખાયું. અસ્મા તરતજ સમજી ગઇ કે, મરવાન આવેછે, તેણીનું દિલ ઘણુંજ ગભરાતું હતું પણ તેણીએ પોતાનું દીલ મજબુત કરીને મક્કમ ઠરાવ કર્યો કે, હવે તેણી પોતાનો ફેસલોજ કરી લેશે કાંતો મરવાનને મારી નાખશે યાતો પોતે મરી જશે. પણ રોશની નજદીક આવતાં તેણીને માલુમ પડયું કે, તે બંદીખાનાનો રખેવાળ હતો. તેના એક હાથમાં બતી અને બીજા હાથમાં એક રકાબી હતી, અસ્મા હવે જરા નચિંત્ત થઇ. તે ઓરડામાં દાખલ થયો અને તેણે ઘણીજ અદબ સાથે કહ્યું કે, તે જાણતો હતો નહિ કે મરવાન સાથે તેણી શું સંબંધ ધરાવે છે ! તેણે વધુમાં ઉમેર્યું કે, તેણીએ, તેઓએ જે સખતાઇ કરી હોય તે માફ કરવી. એ પછી તેણે ખાણું અસ્માની સામે મુકતાં કહ્યું કે, મરવાને તે મોકલ્યું છે.

" હું એ ખાણું કદીપણ ખાવાની નથી " અસ્માએ ગુસ્સાથી કહ્યું " તમો જ્યાંથી તે લાવ્યા છો ત્યાં આપી આવો. "

" નહિ, એમ શું કરોછો ?" જેલના રખેવાળે કહ્યું "તમોએ આખા દિવસ આજે કંઇ ખાધું નથી માટે ખાઇ લો. મરવાને આ ખાણું મોકલ્યું છે, અને ફકત આજની રાત તમારે અહિં રહેવું પડશે. કાલે ઇનશાઅલ્લાહ તમો બીજા ઘરમાં જશો. હવે તમે આ ખાઇલો."

"મેં તમને એક વખત કહી દીધું" અસ્મા બોલી "હું તે નથી ખાવાની, મને બીલકુલ ભુખ નથી, તમે એને લઇ જાઓ." જેલરે ઘણુંએ કહ્યું પણ તેણી ઇન્કારજ કરતી રહી. આખરે તે જેલર દીવો અને રકાબી તેણીની સામે મુકીને એમ કહી ચાલ્યો ગયો કે, તેણી ખાય કે ન ખાય !

અસ્મા તે તરફથી પોતાનું મોઢું ફેરવીને બેસી ગઇ. થોડીવાર પછી ઓરડાની બહાર તેણીને કોઇ શખસનાં પગલાંનો અવાજ સંભળાયો. તેણી કોણ આવતું હતું તે જોવા લાગી. તેણી મરવાનની બીહીકથી ડરી પણ રહી હતી એટલામાં તે આવનાર શખસે આગળ વધીને ધીમેથી કહ્યું કે, તેણીએ બીહવું નહિ. તે તેણીની મદદ માટે આવ્યો છે. આ અવાજ સાંભળીને અસ્મા ઘણીજ અજબ થઇ, કેમકે તેણીને લાગ્યું કે, આ અવાજ તેણીએ પહેલાં પણ સાંભળ્યો હતો, તેથી તેણીએ પુછયું—

" તમે કોણ છો ?"

" હું મસઉદ છું !"

" તમે કયાંથી આવી ગયા ?" અસ્માએ અજાયબીથી પુછયું "જમીનથી નીકળ્યા કે આસ્માનપરથી ઉતરી આવ્યા ?"

" હું જ્યારે દેવળમાંથી નીકળ્યો" મસઉદે કહ્યું "તો કુવાની નજદીક મને બનુઉમૈયાની એક ટોળકીએ ગીરફતાર કરી લીધો. ત્યારથી હું એજ કેદમાં છું."

" તમે મને અહિંઆં કેવી રીતે જોઇ ?" અસ્માએ પુછયું.

" આજે સાંજે" મસઉદે કહ્યું 'જ્યારે તમે અહિં આવ્યાં ત્યારેજ મેં તમને જોયાં પણ આ ઓરડા સુધી આવવાની મને તક મળતી હતી નહિ. હમણાજ હું આવતો હતો એટલામાં જેલર આવી ગયો તેથી મારે પાછા ફરવું પડયું. હવે તે પાછો ચાલ્યો ગયોછે એટલે હું ફરીથી આવ્યોછું."

' કયાં ચાલ્યો ગયો છે ?' અસ્માએ પુછયું.

' મરવાનની પાસે ગયો છે ' મસઉદે જવાબ આપ્યો " હવે તમે મારી સાથે ચાલો.'

'ક્યાં ચાલશો ?' અસ્માએ પુછ્યું 'જેલર તો અહિંજ હશે !'

'નહિ' મસઉદ બોલ્યો 'એતો મરવાનની પાસે ગયો છે. મેં તેને કહ્યું છે કે, મરવાન અસ્માથી મોહબ્બત કરેછે, માટે તમે તેને ખબર આપો કે, અસ્માએ કંઇ ખાધું નથી. એટલે તે પોતે અહિં આવશે અને આશા છે કે, તમને પણ કંઇક ઇનામ આપશે. જેથી તે પાધરો મરવાન પાસેજ ગયો છે. કંઇ બીક નથી. હવે ચાલો અહિંઆંથી જલદી નીકળી જઇએ.

'પણ દરવાજો તો બંધ હશે ?' અસ્માએ પુછ્યું.

'જેલર તો બંધ કરી ગયો હતો' મસઉદ બોલ્યો 'પણ મેં જઇને જોયું તો તે ખુલ્લો પડેલો હતો, ચાલો હવે ઉઠો.'

એટલું કહી મસઉદ આગળ ચાલ્યો, અસ્મા તેની પાછળ ચાલી. આંગણામાંથી નીકળીને આ બન્ને મોટા દીવાનખાનાના ઉંબરપર ગયાં. રાત અંધારી હતી તેથી કંઈ સુઝ પડતી નહોતી. ઓરડામાં પગ મુકતાંજ તેઓને મરવાન અને જેલરના આવવાનો અવાજ સંભળાયો મરવાન એમ કહેતો સંભળાયો કે, જો આ વખતે પણ તેણી બાજ નહિ આવે તો તેણીને તે કતલ કરી નાખશે. આ સાંભળીને બન્નેનાં દિલ ધડકવા લાગ્યાં. મસઉદ દીવાનખાનાના એક ખુણામાં ઉભો રહી ગયો અને અસ્મા પણ ત્યાંજ ચૂપ થઇને ઉભી રહી. બેઉ અંદર આવ્યા. ત્યાં બીલકુલ અંધારૂં હોવાથી મરવાને જેલરને બતી લાવવા કહ્યું. જેલરે જવાબ આપ્યો કે, તેણે સીધા ચાલ્યા આવવું. આગળ જેલર અને તેની પાછળ મરવાન ચાલતો હતો. દીવાનખાનામાં પહોંચીને મરવાન ઉભો રહી ગયો. તેણે જેલરથી કહ્યું કે, તેણે બત્તી લાવવી, કેમકે હવે અંધારાને લીધે આગળ જવાશે નહિ. જેલર બતી લેવા ગયો અને અસ્મા તથા મસઉદ બન્ને ધીમે ધીમે દરવાજા સુધી પહોંચી ગયાં, પણ તેઓ બહાર જઇ શકતાં નહોતાં, કેમકે મરવાન અંદરજ ઉભો હતો. એટલામાં જેલર બત્તી લાવ્યો મરવાન અને તે બન્ને અંદર ગયા એટલે મસઉદ તથા અસ્મા જલદીથી બહાર નીકળી ગયાં. વખત ઘણોજ કિમતી હતો. તેઓ હવે દોડવા લાગ્યા. થોડેક દુર જતાં તો અસ્મા ઉભી રહી ગઇ. તેણી પરેશાન દેખાતી હતી. મસઉદે તેણીથી તેનું કારણ પુછ્યું.

"અહિં મુસાફરખાનામાં મારા નોકર છે" અસ્માએ કહ્યું "તેની પાસે બે ઘોડા છે. હવે મને ફિકર એ છે કે અહિંથી ઘોડા લઇને ચાલીએ, કે જેથી "સેંટમેરી" ના દેવળમાં જઇને રહીએ.

છુટકારો.

મસઉદ તેણીની આ ચિંતાથી ઘણોજ અજબ થયો. તેણે કહ્યું કે, તેઓનો હવે છુટકારો થઇ ગયો છે, માટે તેઓએ ત્યાં જરાપણ થોભવું મુનાસેબ નથી તેમ સેન્ટ મેરીના દેવળમાં તેઓને કોઇ જાણતું પણ નથી. તેણે ઉમેર્યું કે, હવે કુફા ખાતે જવું જોઇએ. ત્યાંથી એકજ રાતનો રસ્તો છે, અને ત્યાં ૯૦ અલી અને બીજા સહાબીઓ છે, તો પછી કોઇ તેઓને કંઇ કરી શકશે નહિ.

'હા, એતો ઠીક છે' અસ્મા બોલી 'પણ આ દેવળમાં મારે એક કામ છે, તેનેજ માટે હું કુફાથી અહિં સુધી આવી છું, માટે તે પુરૂં કર્યા અગાઉ હું અહિથી જવાનું પસંદ કરતી નથી. પણ હવે હું સવારે ત્યાં જઇશ, ચાલો આ વખતે તો મુસાફરખાનામાં ઉતારો લઇએ અને નોકરનો પણ કંઇ બંદોબસ્ત કરીએ.

તેઓ બન્ને મુસાફરખાનામાં ગયાં, ત્યાં તેઓને નોકર મળ્યો. તેઓને જોઇને તે ઉભો થઇ ગયો અને તેઓને એક ઓરડામાં લઇ જઇને બેસાડયાં તેઓ ત્યાં નચિંત થઇને બેઠાં. અસ્માએ મસઉદથી કહ્યું કે, તેને હવે કુફા જવું જોઇએ તથા અમીરૂલમોમેનીનને અહિં જે થાયછે તેની ખબર કરવી જોઇએ. એ પછી તેણીએ મસઉદથી અમીરમોઆવીઆ અને મસ્જીદનો તમામ કિસ્સો બયાન કર્યો.

મસઉદે તેજ વખતે કુફા જવાની તૈયારી કરી પણ તેને માલમ થઇ શક્યું નહિ કે, અસ્મા ત્યાં કેમ થોભવા માંગે છે! તેથી તેણે જતી વખતે પુછયું કે "જો મોહમ્મદ અને અમીરૂલ મોમેનીન તેણીના સબંધી કંઇ પુછે તો તેણે શું કહેવું?"

'તમે કહેજો કે' અસ્મા બોલી 'જે વડા ધર્મગુરૂ મારા બાપનું નામ જાણતા હતા તે જેરૂસલમ ચાલ્યા ગયા છે, હું તેઓના આવવાની વાટ જોઉં છું.' પછી તેણીએ મસઉદથી વડા ધર્મગુરૂની તમામ હકીકત કહી.

મસઉદ તો ત્યાંથી રવાના થઈ ગયો અને અસ્મા ત્યાંજ સુઈ ગઈ. પોતે થાકેલી હોવાને લીધે એવી તો ઉંઘ કાઢી કે, બીજે દહાડે 'ઝોહર'ની નમાઝને વખતે ઉઠી. સાંજ થતાં તેણીએ કપડાં પહેર્યાં અને નોકરને કહ્યું કે, તેણીના આવવાની કોઇને ખબર કરવી નહિ. તેણી મોટા રસ્તો છોડીને

એક સાંકડી ગલીમાંથી દેવળમાં દાખલ થઇ, તેણી ઉપર ચાલી ગઇ. પાદ-રણુ એ વખતે એબાદત કરતી હતી. અસ્મા ત્યાંજ ઉભી રહી ગઇ પ્રાર્થના ખતમ કરીને તેણી ઘણી ખુશી સાથે અસ્માથી મળી. તેણીએ કહ્યું કે, તેણી અસ્માની ગીરફ્તારીની કેફીયત સાંભળીને ઘણી રડી હતી અને હવે તેણીનો છુટકારો થવાથી તેણીએ ખુદાના શુક્રાના ગુજાર્યા. અસ્માએ તેણીને પોતાની તમામ કથા કહીને પોતાની હાલત છુપાવવાનો આગ્રહ કર્યો. આ સાંભળી પેલી ઘરડી સ્ત્રીએ કહ્યું કે, તેણીએ નચિંત ત્યાં રહેવું.

'હું એજ માટે અહિં આવી છું' અસ્માએ કહ્યું 'નહિતો હું રાતનાજ ચાલી જતે. હવે જોઇએ, વડા ધર્મગુરૂ કયારે આવે છે!'

'હું બરાબર કહી શકતી નથી' ઘરડીએ જવાબ આપ્યો 'કે, તેઓ કયારે આવશે, પણ તેઓ ત્યાં વધારે વખત સુધી રહેશે નહિ.'

અસ્માએ વડા ધર્મગુરૂ માટે ત્યાંજ રહેવાનું મુનાસેબ ધાર્યું, પણ તેણીને ઘડી ઘડી એવો ખ્યાલ આવતો હતો કે, રખેને તે જેરૂસલમમાંજ મરી જાય, તો પછી તેને તેણીના બાપનું નામજ માલમ થાય નહિ. પછી તેણીને એવો વિચાર આવતો હતો કે, જો તેણી પોતે ત્યાં જાય અને તેઓ બીજે રસ્તે પાછા ફરે તો તમામ મહેનત બરબાદ જાય. સારાંશ એ કે, એવાજ ગુંચવણભર્યા ખ્યાલોમાં અસ્માના દહાડા પસાર થઈ રહ્યા હતા.

હ૦ અલીની ખીલાફત (જમલની લડાઇ પછી)

જમલના જંગમાં જ્યારે હ૦ અલીની ફતેહ થઇ તો તેઓએ પહેલાં બસરાવાળાઓથી 'બયઅત' લઇને હ૦ અબદુલ્લા ઇબ્ને અબ્બાસને ત્યાંના હાકેમ તરીકે નેમ્યા. એ પછી હ૦ અલી કુફા ખાતે તશરીફ લઈ ગયા. ત્યાં મીસર, ઇરાક, મક્કા, મદીના, યમન, ફાર્સ વગેરે શહેરોના તમામ લોકોએ આવીને બયઅત કરી. હવે ફકત સીરીઆવાળા બાકી રહ્યા.

હ૦ અલીએ કએસ ઇબ્ને સઅદ ઇબ્ને એબાદહને મીસરના હાકેમ નેમ્યા. એઓ હીજરત કરનારાઓમાંના એક આગેવાન શખ્સ હતા તથા તેઓ પોતાના જમાનાના એક ઘણાજ કુશળ રાજદ્વારી નર ગણાતા હતા. મીસરમાં કેટલાક લોકો એવો ખ્યાલ પણ ધરાવતા હતા કે, હ૦ અલીથી

હ૦ ઉસ્માનના ખુનનો બદલો લેવો જોઇએ. જોકે, તેઓની સંખ્યા એટલી થોડી હતી કે, તેઓથી બીહવાનું કંઇ કારણ હતું નહિ, પણ કએસ એવા વિચારમાં હતા કે, કેવી રીતે કામ લેવું જોઇએ, કે જેથી તે લોકો અમીર મોઆવીઆથી મળી જાય નહિ !

અમીર મોઆવીઆએ કએસની પાસે કેટલાક સંદેશા મોકલ્યા કે, તેઓ હ૦ અલીની તાબેદારી છોડી દે, પણ કએસે તેમ કરવાથી ઇન્કાર કર્યો.

પછી અમીર મોઆવીઆએ કએસ તરફથી એક બનાવટી પત્ર લખીને શામ (શીરીઆ)ના લોકોને ભેગા કરીને તેઓની સામે વાંચ્યો કે, કએસ પણ તેઓની સાથે મળીને હ૦ અલીથી લડવા તૈયાર છે. જ્યારે આ ખબર હ૦ અલીને માલમ થઈ તો તેઓએ માન્ય કર્યું નહિ, પણ લોકોએ એવી એવી વાતો કહી કે, આખરે હ૦ અલીએ કએસને બરતરફ કરીને મોહમ્મદ ઇબ્ને ઓમરને મીસરના હાકેમ તરીકે નેમ્યા.

અમીરૂલમોમેનીનના માર્ગમાં હવે કાંઇપણ અડચણ રહી નહિ, તમામ દેશ તેઓના તાબે હતો. ફકત સીરીઆવાળાઓજ તેઓની વિરૂદ્ધ હતા; હવે તેઓને દાબી દેવા એજ મોટું કામ હ૦ અલી માટે કરવાનું બાકી રહી ગયું હતું.

પહેલાં હ૦ અલીએ જરીર ઇબ્ને બજલીને પોતાના પ્રતીનીધી તરીકે, સીરીઆ ખાતે ત્યાંના લોકોથી બયઅત લેવા માટે મોકલ્યા, પણ તેઓ હ૦ ઓસ્માનનું પહેરણ અને ત્યાંના લોકોનાં રૂદન જોઇને ગભરાઇ ગયા, તથા કોઇએ તેઓના હાથપર બયઅત પણ કરી નહિ. તેથી લાચાર થઇને તેઓને પાછું ફરવું પડ્યું. હ૦ અલીને હવે પુરેપુરી ખાત્રી થઇ ગઈ કે, હવેતો લડયાવિના મામલો સુધરશે નહિ. જેથી તેઓએ લડાઇની તૈયારી કરવી શરૂ કરી. પહેલાં તેઓ કુફાખાતે આવ્યા અને ત્યાંથી ફોજ તઇયાર કરીને સીરીઆ તરફ રવાના થયા. સામી તરફ અમીર મોઆવીઆ અને ઓમર ઇબ્ને આસ પણ એક જબરદસ્ત ફોજ સાથે તેઓના મુકાબલા માટે તૈયાર થયા. આ બન્ને ફોજ "સીફ્ફીન" ના મુકામપર એકબીજાની સામે થઇ.

'સીફ્ફીન' રકા શહેરની પાસે યુફરીટીસ નદીના કાંઠાપર આવેલું છે. આ શહેર કુફાથી ત્રણસો અને સીરીઆથી દોઢસો માઇલને છેટે આવેલું છે. 'સીફ્ફીનની' લડાઇમાં બન્ને તરફના સંખ્યાબંધ માનવંત અને આગેવાન મુસલમાન કતલ થયા. હ૦ અલીને આ જંગમાં પણ જંગે જમલની માફક

ફત્તેહ મળી. આ લડાઈ પછી શું તેઓના સમયનો બંદોબસ્ત ઠીક થઈ ગયો ? નહિ, કદી નહિ, કેમકે આ લડાઇમાં તેઓના તમામ ઉમદા સરદારો અને મદદગારો તેઓના હાથથી જતા રહ્યા હતા; એનું કારણ બીજું કંઇએ હતું નહિ, કે તેઓની તલવાર બુઠી થઇ ગઇ હતી અથવા તો તેઓએ હિમ્મત છોડી દીધી હતી. પણ આ લડાઇમાં તો ઓમર ઇબ્ને આસે તેઓથી એવી મકરબાજીથી કામ લીધું કે, જેથી તેઓના તમામ મદદગારો વિખેરાઇ ગયા અને તેઓના રાજ્યની હાલ હવાલી થઇ ગઇ.

કુસ્તનીન

અસ્માને તેજ દેવળમાં કેટલાંક અઠવાડીઆં વિત્તી ગયાં હતાં. તેણી કસીસના જેરૂસલમથી આવવાનો ઇન્તેજાર કરતી હતી પણ તેણીને તેના આવવાની કંઈ ખબર મળી નહિ. આખરે તેણીએ લાચાર થઇને પોતેજ જેરૂસલમ જવાનો ઇરાદો કર્યો અને એ વિષે પેલી ઘરડીથી સલાહ પુછી. ઘરડીએ કહ્યું કે " જ્યારથી તું આવી છે ત્યારથીજ હું તને ઉદાસ જોઉં છું અને વડા ધર્મગુરૂને મળવા માટે ઘણી આતુર છે તેનું કારણ શું છે?"

અસ્મા એક ઠંડો શ્વાસ લઇને ચુપ થઇ ગઇ. પેલી ઘરડીએ પુછ્યું કે "જો તે કામ મારાથી થઇ શકે એવું હોય તો હું ઘણી ખુશી સાથે કરવા તૈયાર છું."

" હું વડા ધર્મગુરૂને મળવાને એજ માટે આતુર છું " અસ્મા બોલી "કે તેઓને મારા બાપનું નામ માલુમ છે. તેઓ સિવાય બીજા કોઇને ખબર નથી. મારી મા મરી ગઇ છે, તેણીએ મને મારા બાપનું નામ બતાવ્યું નથી, માટે હું તેઓથી પુછવા માગું છું."

" તમારી માએ તમોને નામ બતાવ્યું નથી ?" ઘરડીએ પુછ્યું.

" હાય ! અફસોસ " અસ્મા બોલી " જો તેઓએ બતાવ્યુંજ હોત તો હું શા માટે આટલી હેરાન થાત ! મારી મા સાથે એક શખસ હતો, જેને હું મારો બાપ સમજતી હતી, પણ તેઓથી મેં જાણ્યું હતું કે, એ મારો બાપ હતો નહિ.

" તમો લોકો ક્યાં રહેતાં હતાં ?" ઘરડીએ પુછ્યું.

" હું તો જ્યારથી હુશીયાર થઇ છું " અસ્માએ જવાબ આપ્યો " ત્યારથીજ અહિંઆં દમીશ્કમાં છું."

પેલી ઘરડી અસ્માના ચહેરાને ઘણા ધ્યાનથી જોઇ રહી હતી. તેને હરઘડી એવો ખ્યાલ આવતો હતો કે, તેણીએ અસ્માને કેથે જોઇ છે. આખરે તેણીએ થોડા વિચાર પછી પુછયું કે, તેણી મરીયમની બેટી તો નથી ?

"હું તો તેણીને નાનપણથી જાણું છું" પેલી ઘરડીએ કહ્યું "તેણી આ દેવળમાં પ્રાર્થના કરવા આવતી હતી. તેણીને એક ભાઇ પણ હતો, જે એક ઘણોજ ખુબસુરત જવાન હતો. હું તેની સાથે ઘણી મોહબ્બત કરતી હતી. તેના બાપ "કુસ્તનીન" ને ત્યાં અમો—હું અને વડા ધર્મ-ગુરૂ દરેક તહેવારપર જતાં હતાં. જ્યારે મુસલમાનોનો આ શહેરપર કબજો થયો ત્યારે કુસ્તનીન માર્યો ગયો અને મરીયમ કેદ પકડાઇ. પણ એ દરમ્યાન તેણી દેવળમાં આવજા કરતી હતી. હું ધારૂં છું કે, દોઢ વરસની વાત ઉપર મેં તેણીને અહિં જોઇ હતી, તું પણ તેણીની સાથે હતી ?"

"હા, હું પણ હતી" અસ્મા બોલી "પણ તમો મારા બાપનું નામ નથી જાણતાં ?"

"હું તો એમજ સમજતી હતી કે," ઘરડી બોલી "તેજ શખસ તારો બાપ હતો, જે તારી માની સાથે આવ્યો હતો, પણ તું તો એમ કહેછે કે, તે તારો બાપ હતો નહિ."

"પછી" અસ્માએ પુછયું "તમે મને શું સલાહ આપો છો ?"

"મુનાસેબ તો એજ છે કે," પેલી ઘરડીએ જરા વિચાર કરીને કહ્યું "તમો તેઓથી જલદી મળો, કેમકે તેઓ ઘણા ઘરડા થઇ ગયા છે."

આ સાંભળીને અસ્મા તરતજ તૈયાર થઇ ગઈ અને મુસાફરખાનામાં આવીને નોકરને તૈયારી કરવાનો હુકમ આપ્યો. તે પછી સહવાર થતાંજ તેણી જેરૂસલમ જવા રવાના થઇ ગઇ.

અનતાકીઆ.

વડો ધર્મગુરૂ અસ્માના ખાનદાનની તમામ હાલતથી વાકેફ હતો, અને તેણીનાં ખાનદાનના લોકોથી પણ ચોક્કસ સંબંધ ધરાવતો હતો. જે વખતે અસ્માની મા તેનાથી રૂખસદ થઇને મદીના તરફ રવાના થઇ હતી, ત્યારે તેને ખાતરી હતી કે, તેણી મદીનાસુધી પહોંચી શકશે નહિ. તેણે એક વરસ

સુધી મરીયમની વાટ જોઇ, પણ તેને તેણી વિશે કંઇપણ ખબર મળી નહિ, કે તેણી મદીના સુધી પહોંચી યા રસ્તામાંજ મરી ગઈ. તે હમેશાં એજ ખ્યાલમાં રહેતો હતો કે, અસ્મા મળે તો, તેને તેણીના બાપનું નામ જાહેર કરી દે, પણ તેણીનો કાંઇ પત્તો લાગ્યો નહિ. તે પછી જ્યારે દમીસ્કમાં બનુઉમૈયાવાળાઓએ હ૦ ઉસ્માનનું પહેરણ લાવીને રડાકુટ શરૂ કરી ત્યારે તે જેરૂસલમ ખાતે ચાલ્યો ગયો. કેમકે, ત્યાં તેના ખાનદાનના ઘણા લોકો હતા. પરંતુ ત્યાંની આબોહવા તેને માફક નહિ આવવાથી તેણે "અન્તાકીઆ" જવાનો ઇરાદો કર્યો અને ત્યાંના વડા ધર્મગુરૂથી પોતાના પવિત્ર ભેદો જાહેર કરવાનો ઠરાવ કર્યો. એજ અરસામાં એક બાદશાહી વહાણુ ખાસ વડા ધર્મગુરૂને લેવા માટે જેરૂસલમ આવ્યું, કેમકે અન્તાકીઆના ચોક્કસ ધર્મને લગતા સવાલોસંબંધી મતફેર પડવાથી ત્યાંના લોકોએ જેરૂસલમના વડા ધર્મગુરૂને બોલાવ્યા. જેરૂસલમના વડા ધર્મગુરૂએ આ ધર્મગુરૂને પણ પોતાની સાથે ચાલવા કહ્યું અને તે બન્ને એકજ વહાણમાં બેસીને અનતાકીઆ ખાતે જવા માટે રવાના થઈ ગયા.

અસ્મા જ્યારે જેરૂસલમમાં દાખલ થઇ તો તેણીને ખબર પડી કે, ચાર દહાડા થયાં વડો ધર્મગુરૂ અન્તાકીઆ રવાના થઇ ગયો હતો. આથી તેણી ઘણીજ દિલગીર થઇ પણ પછી હિમ્મત ન હારતાં તેણી "અન્તાકીઆ" જવાનો ઇરાદો કરીને સવારેજ રવાના થઇ ગઈ. મરવાનની બીહકને લીધે તેણીએ દમીસ્કનો રસ્તો છોડી દીધો અને "લબનાન" થઇને કેટલાક દહાડા પછી "અન્તાકીઆ" જઇ પહોંચી.

સવારનો વખત હતો, આકાશ બીલકુલ સાફ હતું, સુર્ય પૂર પ્રકાશ સાથે પ્રકાશી રહ્યો હતો. આ શહેર સીરીઆના ત્રણ પ્રખ્યાત શહેરો રૂમીઆ, ઇસ્કંદરીઆ અને અન્તાકીઆમાંનું એક છે. તેની ચારે તરફ બાગો છે, જેમાં ફુલફળાદીનાં સંખ્યાબંધ ઝાડો છે. શહેરની ચારો તરપ દીવાલ બાંધવામાં આવી છે, જે ઉપર ૩૬૦ ગુંબજો પણ છે. એનું ક્ષેત્રફળ ૨૫ ચોરસ માઇલ છે.

અસ્મા એક ઉંચી ટેકરી ઉપર ઉભી રહીને આ ખુબસુરત શહેરનો દેખાવ નીહાળી રહી હતી. રૂમનો સમુદ્ર તેણીને બીજના ચંદ્રની મીસાલ દુરથી જણાતો હતો. થોડીવારમાં તેણી શહેરમાં દાખલ થઇ. તેણી ત્યાંની પહોળી અને સાફ સડકો, આલીશાન ઇમારતો, તેઓની ઉમદા કારીગીરીની

બનાવટ જોઇને હેરત થઈ ગઇ. એ શહેરની હાલતથી સાફ જણાઇ આવતું હતું કે, ત્યાંના રહેવાશીઓ ઘણાજ શ્રીમંત લોકો છે.

પણ આ વખતે શહેર સુમસામ દેખાતું હતું અને મોટી શોભાયમાન ઇમારતો બીલકુલ ખાલી પડેલી હતી. ચારો તરફ એક અજબ નીરાશીનો દેખાવ નજરે પડતો હતો. પણ એ સઘળી વાતો છતાં એ શહેરની જાહોજલાલી જોવાલાયક હતી. અસ્મા જઇને મુસાફરખાનામાં ઉતરી. થાકેલી હોવાને લીધે તે દિને તેણી ત્યાંજ રહી. બીજે દહાડે વડા ધર્મગુરૂની તલાશ કરવા નીકળી. તેણીને ખબર મળી કે, તે હમણાં સુધી ત્યાં આવ્યો પણ હતો નહિ અને તેના આવવાની કોઇને ખબર પણ હતી નહિ.

અસ્મા અને સીફ્ફીનની તૈયારી.

અસ્માને સરામાં કેટલાક દહાડા વિતી ગયા. તેણી દર વખતેજ વડા ધર્મગુરૂના આવવાની વાટ જોતી હતી. કદીતો તેણી દેવળમાં જઇને તેની ખબર પુછતી, કદી કોઈ વહાણુ આવવાની ઉમ્મીદમાં તેણી દરીયા કાંઠે ચાલી જતી હતી. જ્યારે તેણી બીલકુલ નિરાશ થઇ ગઇ તો પોતાના દીલમાં કહેવા લાગી કે, રખેને તેણીના કમ કિસ્મતને લીધે તે વહાણુજ ડુબી ગયું હોય !

એક દિવસ તેણી મુસાફરખાનાની અગાસીપર બેઠી હતી કે, નીચે સડકપર તેણીને ધુમો સંભળાઇ. તેણીએ નોકરને હાંક મારી, પણ તે ત્યાં હતો નહિ. થોડીવાર પછી તે આવ્યો અને તેનાથી પુછતાં માલમ પડયું કે, અરબો હથીયારબંધ થઇને જાયછે. તેઓમાં કેટલાક સવાર તો કેટલાક પાયદળ સિપાઇઓ છે. તેની આગળ ઘણી સ્ત્રીઓ પણ દફ વગાડતી જાયછે.

" તુંને કંઈ માલમ છે ? " અસ્માએ પુછયું " કે, તેઓ શામાટે જાયછે ? "

" આ લોકો અન્તાકીઆના લશ્કરમાં છે " નોકરે કહ્યું " અને લડાઇ પર જાયછે. "

' કોણુની સાથે લડાઈ છે ? '

' હ૦ અલી ઇબ્ને અલી તાલેબ સાથે ' નોકરે કહ્યું.

' હેં ! ' અસ્માએ અજાયબીથી પુછયું ' શું લડાઈ થઇ રહી છે ? '

'હા' નોકર બોલ્યો 'ત્યાં તો લાંબા વખતથી લડાઈ થઇ રહી છે, કેમકે એઓમાં એકને મેં પુછતાં તેણે કહ્યું કે, તે પોતેજ લડાઇમાં શામેલ હતો. હ૦ અલીનો પરાજય થયો.'

'લડાઇ ક્યાં થાય છે?' અસ્માએ પુછ્યું.

'સીફ્ફીનમાં' નોકરે જવાબ આપ્યો.

'અહીંથી કેટલે દૂર છે? અસ્માએ પુછ્યું.

'પૂર્વ ભણી' નોકર બોલ્યો 'અહિંથી થોડેક દૂર છે.'

અસ્મા વડા ધર્મગુરૂની વાટ જોતાં જોતાં ગભરાઇ ગઇ હતી, અને તેણી એમ ધારતી હતી કે, તે વહાણુજ ડુબી ગયું. માટે હવે તેણીએ સિફ્ફીન જવાનો ઠરાવ કર્યો, કેમકે તે જાણુતી હતી કે, તે લડાઇ ઘણીજ ભયંકર થશે અને તેમાં સેંકડો હજારો મુસલમાન બન્ને તરફના માર્યા જશે, માટે તેણીએ વિચાર કર્યો કે, આ વખતે તેણીને અમીરૂલ મોમેનીન હ૦ અલીની મદદ કરવી જોઇએ. એવા ખ્યાલથી બીજેજ દહાડે તેણી સિફ્ફીન ભણી રવાના થઇ ગઇ. પણ તેણી વિચારમાં બેઠી હતી કે, તેણી હ૦ અલીને કેવી રીતે મદદ કરશે! આખરે તેણીને ખ્યાલ આવ્યો કે, અમીર મોઆવીઆની ફોજમાં જઇને તેની કેફીયત દરીયાફ્ત કરી હ૦ અલીને આવીને કહેવી.

પાંચમે દહાડે તેણી સિફ્ફીનના પર્વતપર પહોંચી ગઈ. તેજ પહાડની તળેટીએ બન્ને ફોજો પડેલી હતી. અસ્મા ત્યાં ઉભી રહીને બન્ને ફોજોનું ધ્યાનથી અવલોકન કરવા લાગી તો તેણીને દુર સુધી તંબુઓ સિવાય બીજું કંઇ દેખાયુંજ નહી. યકાયક બન્ને ફોજોમાં લડાઇની હિલચાલ શરૂ થઇ. થોડીવારમાં બન્ને ફોજો આપસમાં મળી ગઇ અને લડાઇ થવા લાગી. અસ્મા હવે ઝાઝો વખત ત્યાં થોભી શકી નહિ, તેણીએ નોકરથી તેનાં કપડાં લઇને પોતે પહેર્યાં, અને એમ કહીને કે "તું અહીંજ આ ઘોડાઓ સાથે ઉભો રહે, હું અમીર મોઆવીઆના લશ્કરમાં જાઉંછું" એમ કહી તેણી રવાના થઈ ગઇ.

લડાઇનું મેદાન.

નોકરનો લેબાસ પેહેરીને અસ્મા મરદના વેશમાં અમીર મોઆવીઆના લશ્કરમાં દાખલ થઈ. આ વખતે લડાઇ પૂરજોશમાં ચાલતી હતી.

તલવારોની ઝણકારથી તમામ મેદાન ગાજી રહ્યું હતું અને ચારો તરફથી તીરોનો વરસાદ વરસી રહ્યો હતો પણ અસ્મા હિમ્મત અને મક્કમપણે આગળ વધતીજ જતી હતી. તેણી લશ્કરમાં દાખલ થઇ અમીર મોઆવીઆના તંબુ પાસે પહોંચી. આ વખતે તંબુની પાસે પાંચ હારો સીપાઇઓની ઉભી કરવામાં આવી હતી અને દરેક સિપાઇને એકબીજાની સાથે બાંધવામાં આવ્યા, કે જેથી કોઇ એકલો નહાસી શકે નહિ.

હારોની વચ્ચે અમીર મોઆવીઆ અને ઓમર ઇબ્ને આસ બેઠા હતા તેઓના ચેહરાઓપર ગૌરથી જોતાં અસ્માને તેઓ ગભરાયેલા જણાતા હતા, તેઓ લડાઇના પરિણામ વિષે ઘણા ચિંતાતુર બની રહ્યા હતા. થોડીવારમાં અસ્માએ હ૦ અલીનો અવાજ સાંભળ્યો. તેઓ વિજળીક ઝડપે અમીર મોઆવીઆના તંબુ પાસે પહોંચ્યા અને મોટેથી પોકારીને કહ્યું કે "જો તું મર્દ હોય તો ખુદ મારી સામે આવીને ફેસલો કરી લે, જે જીતે તેજ રાજ્ય ચલાવે, પણ આ તમામ મુસલમાનોના જાન કેમ ફોકટમાં જાય ?!"

આ સાંભળીને અમીર મોઆવીઆ બીલકુલ ચુપ થઇ ગયા અને પોતાની જગ્યાએથી ખસ્યાજ નહિ.

હ૦ અલી થોડીવાર સુધી ત્યાંજ થોભ્યા, પણ જ્યારે તેઓ નીકળ્યાજ નહિ, તો તેઓ ત્યાંથી પાછા ફર્યા. અસ્મા તેઓ દૂર સુધી ગયા ત્યાંસુધી તેઓને જોતી રહી. તેણીના દિલથી એજ દુવા નીકળતી હતી કે—અલ્લાહ હ૦ અલીને ફતેહ આપે" આ લડાઇ સાંજ સુધી ચાલુજ રહી. જરા અંધારૂં થયું એટલે અસ્મા અમીર મોઆવીઆના તંબુ પાસે જઇને તેઓની વાતચીત સાંભળવા માટે ઉભી રહી.

અમીર મોઆવીઆ ઓમર ઇબ્ને આસથી કહેતા હતા કે, એરાકવાળાઓ સીરીઆવાળાઓ કરતાં વધારે મક્કમપણે લડ્યા.

"હા" ઓમર ઇબ્ને આસે કહ્યું "મક્કમપણે તો લડ્યા, પણ ઇન્શાઅલ્લાહ ફતેહ આપણુનેજ મળશે. જો આપણે એજ હાલત જોઇશું તો કાંઇક યુકિત રચીશું, અને તેથી આપણને તુરતજ સફળતા મળશે.

"શું યુક્તિ રચશો ?" અમીર મોઆવીઆએ પુછ્યું.

"હમણા કહેવાની શું જરૂરત છે ?" ઓમર ઇબ્ને આસ બોલ્યા "જ્યારે આપણી હાર થશે ત્યારે વાત."

"તોપણ કંઇ કહોતો ખરા" અમીર મોઆવીઆ બોલ્યા "તમોએ શું વિચાર કર્યો છે?"

"વિચાર કરવાની શી જરૂર?" ઓમર ઇબ્ને આસે કહ્યું "વખત આવતાં જોઇ લઇશું."

અસ્મા એજ ઉમ્મીદમાં રહી ગઈ કે, તેઓ જો પોતાની બાજીવિષે કંઇ વાતચીત કરે તો તેણી જઇને હ૦ અલીને કહી દે.

કુરાનશરીફ ભાલાઓપર

આ લડાઇ બીજી સહવાર સુધી થતી રહી. જ્યારે અમીર મોઆવીઆએ જોયું કે, હવે સીરીઆવાળાઓ વિખરાઈ જશે ત્યારે તેઓએ ઉમરને કહ્યું કે, હવે કાંઇક બાજી રચવી, નહિતો મામલો બગડી જશે. હ૦ અલીની ફોજ આગળ વધતીજ આવતી હતી.

"વારૂ" ઓમર ઇબ્ને આસે કહ્યું "લોકોને હુકમ આપો કે, તેઓ ભાલાઓપર કુરાનશરીફ બાંધીને બુલંદ કરે. જો તે લોકોએ આ વાત મંજુર કરી તો તરતજ સુલેહ થઇ જશે, પણ જો કોઇએ માની અને કોઇએ નહિ માની તો તેઓમાં ફાટફુટ પણ પડી જશે તોપણ બસ છે."

અસ્મા ત્યાંજ ઉભી હતી. તેણી આ યુક્તિ જાણીને તરત હ૦ અલીને ખબર આપવા માટે દોડી. તેણી ધારતી હતી કે, જો લડાઈ એજ મુજબ થતી રહેશે તો બેશક હ૦ અલીનીજ ફતેહ થશે, માટે તેઓને જઇને ઓમર ઇબ્ને આસની આ નવી બાજીવિષે ખબર આપવી, રખેને તેઓ કુરાન ઉઠાવે અને હ૦ અલીની ફોજ લડતાં લડતાં અચકી પડે.

હ૦ અલીએ પહેલી રાત અને તે દીવસ ઘણી બહાદુરીથી લડાઇ કરી હતી. તેઓને પુરતી આશા હતી કે, તેઓનેજ ફતેહ મળશે. સવારે તેઓ પોતાના તંબુમાં બેઠેલા હતા એટલામાં જાસુસોએ આવીને ખબર આપી કે, સીરીઆવાળાઓએ ભાલાઓપર કુરાન ઉચકયાં છે અને તેઓ કહેછે કે, હવે તેઓ તે પવિત્ર કિતાબપર સુલેહ કરવા રાજી છે.

હ૦ અલીએ બાહેર આવીને કહ્યું કે "નહિ એમ કદીપણ થશે નહિ, તેઓ અમને ઠગવા માગેછે. અમો કદીપણ સુલેહ કરીશું નહિ."

એટલામાં તેઓની ફોજના ઘણા માણસો આવીને કહેવા લાગ્યા કે, જો તેઓએ કુરાન ઉઠાવ્યું છે તો તેઓપર સુલેહ લાજમ છે.

"ભાઇઓ!" હ૦ અલીએ ફરમાવ્યું "હું આ લોકોથી એજ માટે લડું છું કે, તેઓ દીન ઇસ્લામના ખરા ચેલાઓ બની જાય અને પોતાના ખલીફાની તાબેદારી કરે. તમો આ લોકોથી બરાબર લડતા રહો. મોઆવીઆ, ઓમર, ઇબ્ને અબી મઇતિ, હબીબ ઇબ્ને અબી સરજ અને ઝોહાક—આ લોકો દીનદારોમાંથી નથી. તેઓના દિલોમાં કુરાનશરીફનું માન નથી. હું તેઓને નાનપણથી ઓળખું છું. આ લોકો બચ્ચાંઓથી પણ વધારે તોફાની હતા. જુવાનીમાં તમામ જુવાનો કરતાં વધારે ફિસાદ કરનારા હતા. આ બધી તેઓની ચાલબાજી અને યુક્તિ છે. તમે કદીપણ તેઓના કહેવામાં આવતા નહિ."

આ સાંભળીને મોસએબ, ઝએબ ઇબ્ને હસીન વગેરે લોકો જેઓ પાછળથી ખારજી થઇ ગયા તે કહેવા લાગ્યા કે, જ્યારે તેઓએ કુરાન ઉચક્યાં છે તો તેઓ કદીપણ તેઓથી લડી શકતા નથી. તેઓએ હ૦ અલીથી કહ્યું કે, જો તેઓ વધુવાર લડશે તો તેઓની સાથે તેજ સલુક કરવામાં આવશે, કે જે હ૦ ઉસ્માન સાથે કરવામાં આવી હતી.

'તમે લોકો મારી તાબેદારી કરો' હ૦ અલીએ ફરમાવ્યું 'અને મારી વાત સાંભળો, તેઓથી લડો અને જો તમારી ઉપર કમબખ્તીએજ ઘેર ઘાલ્યો છે તો પછી જે મરજીમાં આવે તે કરો.'

આ વખતે હ૦ અલીની આંખો ગુસ્સાથી લાલ થઇ રહી હતી એટલામાં તેજ ટોળામાંથી એક શખસ નીકળ્યો, તે મર્દના વેશમાં અસ્મા હતી, તેણીએ આ વખતે મોટેથી કહ્યું 'હું સમ ખાઇને કહું છું કે, હું પોતે આ વખતે ત્યાં મોજુદ હતી, ઉમર ઇબ્ને આસે બાજી રચી છે. લોકો! તમો અમીરૂલમોમેનીનના હુકમને તાબે થાઓ અને તેની યુક્તિને શરણ ન થાઓ.'

આ સાંભળીને તેઓ કહેવા લાગ્યા કે 'એમ બનેજ કેમ, અમારી વચ્ચે કુરાનશરીફ લાવવામાં આવે અને અમો લડીએ.'

એ પછી હ૦ અલીથી તે લોકો ઘણીવાર સુધી એજ બાના ઉપર ઝગડો કરતા રહ્યા અને સઘળાઓએ તેઓને લડાઇ બંધ કરવાની ફરજ પાડી. અસ્મા પણ તેજ ઠેકાણે ઉભી હતી, તેણી પણ ગુસ્સાથી લાલચોળ થઇ રહી હતી, પણ કરે શું, તેણી લાચાર હતી. પછી લોકોએ હ૦ અલીને ઓસ્તર નજઇને બોલાવવા કહ્યું, કે જેઓ હમણા સુધી જંગમાં મશગુલ

હતા. હ૦ અલીએ લાચાર થઇને તેઓની પાસે માણુસ મોકલ્યો. ઓસ્તર તે રાત અને દિન પૂર્ણું મરદાનગીથી લડયા હતા. તેઓની નજરની સામે ફત્તેહજ નજરે પડતી હતી, તેથી તેઓએ એવા કિમતી વખતમાં તે શખસનું કહ્યું સાંભળ્યું નહિ. લાચાર થઇને હ૦ અલીએ બીજા શખસને મોકલ્યો. ઓસ્તર ઘણાજ ગુસ્સે થઇ ગયા ત્યાંથી તેઓ પાછા ફર્યા અને આવીને કહ્યું ' ફત્તેહનીજ વખતે આ બેઇમાનોએ પોતે લડાઇ બંધ કરી અને મને પણ તેમ કરવાની ફરજ પાડી. આ લોકો ઘણાજ બળવાખોર છે.'

લોકો ઓસ્તરથી લડવા લાગ્યા. તેઓએ પણ તેનો જવાબ આપ્યો. હાલત એટલે સુધી પહોંચી કે, ઓસ્તરને લોકોએ ગાળો આપી અને માર્યા.

સુલેહનામું અને બે હુકમ.

હ૦ અલીના અમીરોમાં એક શખસે કહ્યું કે, જ્યારે તેઓપર લડાઇ બંધ કરવાની ફરજ કરવામાં આવી છે તો જાણવું જોઇએ કે, અમીર મોઆવીઆ કેવી રીતે સુલેહ કરવા માગેછે !

' વારૂ ! હ૦ અલીએ ફરમાવ્યું ' જાઓ જુઓ તો ખરા, તેઓ શું કહેછે ? !'

આ સાંભળીને કેટલાક લોકો ચાલ્યા ગયા અને થોડીવાર પછી તેઓએ પાછા ફરીને કહ્યું કે, અમીર મોઆવીઆની એવી મરજી છે કે, એક શખસ તેઓ તરફથી અને બીજો હ૦ અલી તરફથી લવાદી તરીકે નિમાય અને પછી તે બંને મળીને ખુદાઇ કિતાબની રૂએ ફેંસલો કરી દે.

' વારૂ ' હ૦ અલીએ ફરમાવ્યું ' અમોને એ વાત મંજુર છે, પણ તે શખસોએ પોતાની તરફથી કોની નિમણુંક કરી છે ? "

' ઓમર ઇબ્ને આસની ' પેલા શખસે કહ્યું.

આ સાંભળીને હ૦ અલીએ સઘળાઓથી કહ્યું " તમે પોતા તરફથી કોને લવાદી તરીકે મોકલોછો ?

' અબુ મુસા અશઅરીને ' સઘળાઓ પોકારી ઉઠયા.

' નહિ નહિ ' હ૦ અલીએ ફરમાવ્યું " તમારી આ ચુંટણી બીલકુલ ગેરવાજબી છે, તમે પહેલાં મારી નાફરમાની કરી છે, હવે તેમ કરો નહિ. ઓમર ઇબ્ને આસના મુકાબલામાં તમે લોકો અબુમુસાને કેમ પસંદ

કરોછો ? તે શખસે (અબુ મુસાએ) પહેલાં મને મદદ આપવાથી આનાકાની કરી હતી અને નહાસી ગયો હતો. એક મહિના પછી મેં તેને આશરો આપ્યો. પણ આવા અગત્યના કામમાં અમે કેમ તેની ઉપર ભરૂસો કરીએ ? હું એ કામ માટે અબદુલ્લા ઇબ્ને અબ્બાસને પસંદ કરૂંછું. ”

‘ અમો તમારી પસંદગીપર હરગીઝ રાજી નથી ’ સઘળાઓ ગુસ્સેથી પોકારી ઉઠયા “ પણ એવા માણસને નિમો કે જે તમો અને મોઆવીઆને બરાબર ગણે. ”

“ વારૂ ” હ૦ અલીએ ફરમાવ્યું “ તો ઓસ્તર નખઇને મુકરર કરો.”

“ શું, દુનિયામાં હવે ઓસ્તર સિવાય બીજો કોઈ શખસ નથી ? ”

“ ત્યારે ! ” હ૦ અલીએ ફરમાવ્યું “ શું તમે એજ માટે બજીદ થાઓછો, કે અબુમુસાજ જાય ? ”

“ હા ” સઘળાઓએ જવાબ આપ્યો.

“ ખયર ” હ૦ અલીએ ફરમાવ્યું “ જે મરજીમાં આવે તે કરો. ”

થોડી વાર પછી અબુમુસા અશઅરી અને ઓમર ઇબ્ને આસ આવ્યા અને હ૦ અલીની પાસે બેસી ગયા. પ્રથમ જ્યારે સુલેહનામું લખવામાં આવ્યું તો તેમાં હ૦ અલીના નામ સાથે અમીરૂલમોમેનીન લખવામાં આવ્યું, તે ઓમર ઇબ્ને આસને પસંદ પડયું નહિ અને ઘણીવાર સુધી ઝગડો થતો રહ્યો. આખરે નીચે મુજબ સુલેહનામું લખવામાં આવ્યું.

હ૦ અલી ઇબ્ને અબી તાલેબ અને અમીર મોઆવીઆ ઇબ્ને સુફીઆનની વચ્ચે શામ અને કુફાવાળાઓની સંમતીથી એવા મજબુત કોલકરાર થયા છે કે, બન્નેની વચ્ચે ખુદાઇ કિતાબની (કુરાનશરીફની) રૂએ ફેસલો થાય. “ ફાતેહા ” થી આખરસુધી તેનીજ રૂએ અમારી સુલેહ છે, તેનો જે હુકમ હશે તેનાથી અમો ફરીશું નહિ અને જે કાંઇ આ બન્ને [અબુ મુસા અશઅરી અને ઓમર ઇબ્ને આસ] ફરમાવશે તે અમો સ્વિકારીશું અને જો અલ્લાહની કિતાબમાં કાંઇ નહિ મળશે તો હ૦ પેગમ્બરનો હુકમ શોધવામાં આવશે.

હ૦ અલી અને અમીર મોઆવીઆના આ બન્ને લવાદીઓની સામે અને બન્ને લશ્કર વચ્ચે સુલેહના કોલકરાર થયા કે, તેઓ બન્ને લવાદીઓનો ફેસલો સ્વિકારશે. તમામ ઉમ્મત તેઓને મદદ કરશે. અબુ મુસા અને ઓમર ઇબ્ને આસ ખુદાના હુકમની રૂએ કોઇની તરફદારી કર્યા વિના

સુકાદો આપશે. આ ફેસલામાં રમઝાન મહિનાની પણ લવાદીઓને અખત્યાર છે કે, તેઓ રમઝાનની અગાઉજ ફેસલો કરી દે. આ ફેસલો કુફા અને શામના કોઇ એવા મુકામપર થશે, કે જે બેઉ શહેરોની વચ્ચે આવેલું હોય. આ સુલેહનામાપર ૧૩ મી સફરની તારીખ લખાઇ.

જ્યારે સુલેહનામું તઇયાર થઇ ગયું તો સઘળાઓ નચિંત થઇ ગયા. સિફ્ફીનથી બન્ને તરફની ફોજો પાછી ફરી. અસ્માએ ફરીથી હ૦ અલીની મુલાકાત લીધી અને તેઓથી તમામ હાલત બયાન કરીને પછી અન્તાકીઆ જવાનો ઇરાદો કર્યો.

વડા ધર્મગુરૂનો જનાઝો.

ત્યાંથી અસ્મા તેજ ટેકરી તરફ આવી, કે જ્યાં તેણી નોકર અને ઘોડાને પ્રથમ મુકી ગઇ હતી. ત્યાં આવીને કપડાં પહેરી ઘોડાપર બેસીને તેણી અન્તાકીઆ તરફ રવાના થઇ ગઈ. ચોથે દહાડે અન્તાકીઆના પુર્વ ભણીના પર્વત પાસે પહોંચી, કે જે પર્વત સમુદ્રની પાસે આવેલો છે. ત્યાંથી તેણીને સમુદ્રનો દેખાવ પૂર્ણ રીતે નજરે પડતો હતો. તેણિએ કિનારાપર એક વહાણ જોયું, તો તેણીને એવો ખ્યાલ આવ્યો કે, તે વહાણમાં કદાચ વડો ધર્મગુરૂ હશે. એવા ખ્યાલથી તેણી શહેરભણી ચાલી. શહેરમાં અજબ ગડબડ થઇ રહી હતી. દુરથી શોરબકોર સાંભળીને તેણી એમ સમજી કે, તે લોકો વડા ધર્મગુરૂના આવવાની ખુશાલી કરી રહ્યા છે, કેમકે તેણીને ઘણા જોરથી ઢોલ વાગવાનો અવાજ સંભળાતો હતો. પછી જ્યારે તેણી મોટા રસ્તાપર આવી તો તેણીએ એક જનાઝો આવતો જોયો, જેની પછવાડે હજારો લોકો હતા, તેની આગળ ઢોલ વાગતા હતા. પેહેલાંતો અસ્મા સમજી કે, તે કોઇ શ્રીમંતનો જનાઝો હશે, પણ સાથેજ તેણીને એવો શક પેદા થયો કે, રખેને તે વડા ધર્મગુરૂનોજ જનાઝો હોય ! એ વિચાર આવતાંજ તેણીએ આગળ વધીને એક માણસથી તેના સંબંધમાં સવાલ કર્યો, એટલે તેનો જવાબ મળ્યો કેઃ—

'આ વડા ધર્મગુરૂનો જનાઝો છે" પેલા શખસે જવાબ આપ્યો "જેઓ પરમદહાડે અહિં આવ્યા હતા અને ગઇ રાત્રેજ મરણ પામ્યા છે."

આ સાંભળીને અસ્માના દિલપર ગમ અને શોકની ઘટા છાઇ ગઇ, તેણીની તમામ આશાઓ ધુળધાણી થઈ ગઈ. તેણી એક પુતળાંની મીસાલ ચુપ ઉભી થઇ ગઇ. પછી તેણી પોતાના બાપમાટે વિલાપ કરવા લાગી, કે જેના મળવાની આશા હમેશને માટે ભંગ થઇ ગઇ. તેણી પોતાની તકલીફ અને નિષ્ફળતા યાદ કરી કરીને ઝાર ઝાર રડતી હતી. નિરાશી અને અફસોસની હાલતમાં ત્યાંથી પાછી ફરીને મુસાફરખાનામાં આવીને તેણીએ ઉતારો લીધો.

અસ્માને તરેહવાર ગુંચવણ ભરેલા ખ્યાલ આવતા હતા, તેણી પોતાની મુસીબતનો હરઘડી ખ્યાલ કરીને રડી રહી હતી. તેણીને સૌથી વધારે રંજતો એજ થતો હતો કે, તેણીને પોતાના બાપનું નામ માલમ હતું નહિ, તેમ હવે તેણી મોહમ્મદના મેળાપથી પણ બેનસીબજ રહેશે. પરંતુ થોડીવાર પછી તેણીએ પોતાના દિલને એમ કહી સધીયારો આપ્યો કે, જો માટી બઇઅર તરીકે નહિ તો તેઓ ભાઇ બહેન તરીકે રહેશે. અસ્માએ ઠરાવ કર્યો કે, તેણી કદી પણ મોહમ્મદને છોડશે નહિ અને બહેન તરીકે પોતાની તમામ ઉમર તેની પાસેજ ગુજારશે.

એવાજ વિચારોમાં રાત તમામ ચાલી ગઇ. તેણીએ ત્યાં રહેવામાં હવે કાંઇ ફાયદો જોયો નહિ, તેથી તેણીએ ફેસલો શું થશે તે જાણવાનો તથા મીસર જઇને મોહમ્મદથી મળવાનો ઇરાદો કર્યો. દરયાફ્ત કરતાં તેણીને માલમ પડયું કે, સીરીઆના કિનારાપર એક મુકામ "અઝરેહ" જે બલકા આુમાલના કાંઠાપર આવેલું છે ત્યાંજ ફેસલો થશે. રમઝાનના દહાડા નજદીક આવતાં અસ્મા મર્દનો લેબાસ પહેરીને "અઝરેહ" ખાતે રવાના થઇ.

ફેસલો અને ઓમર ઇબ્ને આસની યુક્તિ.

જ્યારે ફેસલો થવાનો વખત નજદીક આવ્યો તો હ૦ અલીએ અબુ મુસા અશઅરીને ચારસો માણુસ સાથે રવાના કર્યા, જેમાં અબ્દુલ્લા ઇબ્ને અબ્બાસ વગેરે પણ હતા. સામી તરફથી અમીર મોઆવીઆએ પણ ઓમર ઇબ્ને આસને ચારસો માણુસો સાથે મોકલ્યા. આ બન્ને તરફના લોકો "અઝરહ" ખાતે આવીને ઉતર્યા. પહેલાં તો ઓમર ઇબ્ને આસે અબુ મુસાને ઘણુંએ સમજાવ્યું કે, હ૦ અલીને પદભ્રષ્ટ કરીને અમીર મોઆવીઆને ગાદી આપવામાં આવે, અથવા અબ્દુલ્લા બીન ઓમર, અથવા

અબ્દુલ્લા બીન ઝોબેર વગેરેમાંથી કોઇને ખીલાફતપર નિમવામાં આવે; પણ અબુ મુસાએ તેમ કર્યું જ નહિ.

લાંબા વાદવિવાદ પછી આ વાત મુકરર થઇ કે, હ૦ અલી અને અમીર મોઆવીઆ બન્નેને ખીલાફતથી બાતેલ રાખવામાં આવે અને તમામ ઉમ્મત સલાહ કરીને કોઇને મુકરર કરે. હવે આ ફેસ્લાનો વખત આવી ગયે' લોકો તે સાંભળવાને બેગા મળ્યા. અસ્મા પણ મર્દના લેબાસમાં ત્યાં મોજુદ હતી. ઓમર ઇબ્ને આસ અને અબુમુસા અશઅરી બન્ને પ્રમુખ તરીકે બેઠા હતા અને તમામ લોકોનું ધ્યાન તેઓ તરફજ ખેંચાઇ રહ્યું હતું. પહેલાં અબુમુસાએ ઉભા રહીને મોટેથી કહ્યું " અમો ઘણા ગૌર પછી એવા અભિપ્રાય ઉપર આવ્યા છીએ કે, હ૦ અલી અને અમીર મોઆવીઆ બન્નેને ખેલાફતથી બાતેલ રાખવામાં આવે અને તમામ મુસલમાનો આપસમાં મળીને તેઓની મરજીમાં આવે તેને પોતાનો સરદાર મુકરર કરે. હું મોઆવીઆ અને અલી બન્નેને પદભ્રષ્ટ કરૂં છું. હવે તમારી મરજીમાં આવે તેને ખલીફા તરીકે નિમો. " તેના આ કહેવાની લોકોના દિલપર ઘણી ઉંડી અસર થઈ. પછી ઓમર ઇબ્ને આસે કહ્યું " તમો લોકોએ અબુમુસાનું કહેવું સાંભળ્યું, કે તેઓએ હ૦ અલી અને અમીરમોઆવીઆ બન્નેને ખેલાફતથી બાતેલ કર્યા છે ? પણ હું ફકત હ૦ અલીને બાતેલ કરૂં છું અને અમીરમોઆવીઆને ખલીફા તરીકે માનું છું, કારણ કે તેઓ હ૦ ઉસ્માનના નાએબ અને તેઓના ખુનનો બદલો લેનાર છે, તેઓથી વધારે ખિલાફતનો હકદાર કોઇ નથી."

હ૦ અલીના તરફદારો ઓમર ઇબ્ને આસનો ફેંસલો સાંભળીને સમજી ગયા કે, તેણે અબુમુસાને છેતર્યા અને તેઓએ અબુમુસાને ઘણુ બુરૂં ભલું કહ્યું. અબુમુસાએ કહ્યું કે, ઇબ્ને આસે તેની સાથે ફરેબથી કામ લીધું તો હવે શું થઇ શકવાનું હતું ?

અસ્મા આ સાંભળીને ચુપ થઇ ગઈ. તેણીને લાગ્યું કે, હવે હ૦ અલીની તાકાત ઘણીજ કમ થઈ જશે, કેમકે ઘણા લોકો આ ફેંસલાની રૂએ હ૦ અલીના વિરોધી થઇ જશે. તેણીની આંખોની સામે અંધારૂં આવી ગયું અને ફિતના ફિસાદનાં વાદળાં તેણીને ઘેરાયલાં દેખાવા લાગ્યાં. ત્યાંથી નીકળીને નોકરની સાથે તેણી જંગલમાં આવીને બેસી ગઈ. તેનો નોકર ઘોડાને પાણીવગેરે આપવા લાગ્યો અને અસ્મા પોતાના વિચારોમાં લીન થઇ ગઇ.

કુફાના ખારજીઓ.

થોડીવાર પછી નોકર ઘોડાને પાણી પાઇને પાછો આવ્યો એટલે અસ્માએ તેનાથી પુછ્યું " શું ખબર છે ? "

" સીરીઆના લોકો ખુશ ખુશ છે " નોકરે જવાબ આપ્યો " ઓમર ઇબ્ને આસ કહેતા હતા કે, હવે અમારી સલતનત મજબુત થઇ ગઇ અને થોડા દહાડામાં અમે મીસર સર કરી લેશું. પછી હ૦ અલીની પાસે ઇરાક અને હીજાઝ સિવાય બીજું શું રહેશે ! અને તે પણ તેઓની પાસેથી લઇ લેવામાં કંઇ મુસ્કેલ નડશે નહિ.

મીસરનું નામ સાંભળીને અસ્માનાં રૂવે રૂવાં ઉભાં થઇ ગયાં, કેમકે તેણીએ સાંભળ્યું હતું કે, મોહમ્મદ મીસરમાં છે. હવે તેણીએ મીસર જવાનો ઇરાદો કર્યો અને નોકરથી પુછ્યું કે, તે લોકો કયારે મીસર જશે ? જેના જવાબમાં તેણે કહ્યું કે, હું આ વાત જાણતો નથી, પણ તે લોકો સીરીઆ જાય છે ત્યાંથી તેઓ મીસર જશે.

અસ્મા આ સાંભળીને ફિકરમંદ થઇ ગઇ. તેણી એવા વિચારમાં પડી કે, તેણી મીસર જઇને મોહમ્મદથી મળે, યા કુફાખાતે જઇને હ૦ અલીની ખેલાફતનો રંગ જુએ કે, લોકોની ઉપર તે ફેંસલાની શું અસર પડી છે.

તેણીએ આખર એવો વિચાર કર્યો કે, કુફાખાતે જવું જોઇએ, કેમકે સીરીઆવાળાઓને મીસરપર ચઢાઈ લઇ જતા વાર લાગશે માટે પહેલાં કુફા જઇને પછી મીસર જવું, પણ તેણીએ મોહમ્મદને એક પત્ર લખીને તેમાં તમામ કેફીયત લખી અને નોકરને આપ્યા બાદ તેણી " અઝરેહ " ખાતે આવી. ત્યાં તેણીને માલમ પડયું કે, હ૦ અલી નહરવાન " ના ખારજીઓથી લડવા માટે ગયા છે અસ્માએ એક શખ્સથી પુછ્યું કે " ખારજીઓ કોણ છે ? "

" કુફાના ઘણા શખ્સો એજ માટે હ૦ અલીની વિરૂદ્ધ થઇ ગયા છે " પેલા શખસે જવાબ આપ્યો " કે, તેઓએ અમીરમોઆવીઆથી સુલેહ શામાટે કરી ! એજ કારણને લીધે તેઓએ બંડ ઉઠાવ્યું છે અને ખુદ અમીરૂલ મોમેનીન તેઓથી લડવા ગયા છે. "

" ખુદા બચાવે " અસ્મા બોલી " સુલેહ કરવા માટે એ લોકોએ બંડ ઉઠાવ્યું ? "

"હા" પેલા શખસે જવાબ આપ્યો.

અસ્મા કુફાખાતે થોભી. તેણી હવે એવા વિચારમાં હતી કે, તેણી અમીરૂલ મોમેનીનની મદદ કરે યા મીસર રવાના થાય. એજ રીતે કેટલાક દહાડા વીતી ગયા. એક દિવસ શહેરમાં અજબ ગડબડ થતી સાંભળીને કારણ પુછતાં તેણીને માલમ પડયું કે, અમીરમોઆવીઆનો સીરીઆપર પુરેપુરો કબજો થઇ ગયો છે અને તેઓએ ઉમર ઇબ્ને આસને મીસર કબજે કરવા માટે રવાના કરેલ છે. આ સાંભળીને અસ્મા બેચેન થઈ ગઇ અને તરતજ મીસર રવાના થઇ.

મીસરની ફતેહ.

અબુ મુસા અશઅરીને મોઆવીઆ સાથે મળી જવાના આરોપ માટે મીસરથી બરતરફ કરવામાં આવ્યા હતા અને તેઓના બદલામાં હ૦ અલીએ મોહમ્મદની નેમણુક કરી હતી. અહિં આવીને મોહમ્મદ તે લોકોને કતલ કરવા લાગ્યો કે, જેઓ હ૦ અલીથી હ૦ ઉસ્માનનો બદલો લેવા માટે તઇયાર થયા હતા. એજ કારણને લીધે તમામ મીસરમાં અશાંતી ફેલાઇ ગઇ.

હ૦ અલીને આ ખબર મળતાં તેઓ એવા અભિપ્રાય ઉપર આવ્યા કે, મીસરનો બંદોબસ્ત ત્યાંસુધી ઠીક થશે નહિ, કે જ્યાંસુધી ત્યાં અબુમુસા અશઅરી અથવા તો ઓસ્તર નખઇની નેમણુંક થાય નહિ, પણ અબુ મુસા તો ત્યાંથી બરતરફજ કરવામાં આવ્યા હતા. જેથી તેઓએ ઓસ્તારને ત્યના હાકેમ તરીકે નેમીને મોકલ્યા. આ ખબર અમીર મોઆવીઆને મળી કે, ઓસ્તરની નેમણુંક મીસરના હાકેમ તરીકે થઈ છે.

અમીર મોઆવીઆને ઘણા દહાડાથી મીસર દેશ લેવાની લાલચ હતી મોહમ્મદની નેમણુંકથી તેઓને પુરેપુરી આશા હતી. તેઓ મીસર સર કરી લેશે પણ ઓસ્તરની નેમણુંક થવાની ખબર સાંભળીને પછી તેઓને મુસ્કેલી જણાવા લાગી, કેમકે ઓસ્તર એક ઘણાજ કુશળ શખસ હતા. જેથી અમીર મોઆવીઆએ "કુલઝોમ" નો હાકેમ કે જે, તેઓને ખંડણી આપતો હતો તેને લખ્યું કે, ઓસ્તર મીસર તરફ રવાના થયા છે અને તે તરફથી પસાર થશે, માટે જો કોઇ યુક્તિથી તેઓને રસ્તામાંજ મારી નાખવામાં આવે તો તેનાથી પછી ફર લેવામાં આવશે નહિ.

જ્યારે ઓસ્તર ત્યાં આવ્યા તો કોલઝમના હાકેમે તેઓની ઘણીજ સારી રીતે પરોણાગત કરી અને તેઓને શરબતમાં ઝેર આપી દીધું, જેથી તેઓ ત્યાંજ હક થયા.

ઓસ્તરના મરણુથી અમીર મોઆવીઆને પાછી નવીન ઉમ્મીદ બંધાઈ. તેઓએ ઓમર ઇબ્ને આસથી સલાહ પુછી, ત્યારે તેણે કહ્યું કે, " હું તમોને પહેલાંજ કહી ચુકયો છું કે, મેં પહેલાં પણ ત્યાં ફત્તેહ મેળવી છે અને હવે તે જીતી લઇશ તમે બેફિકર રહો. "

અમીર મોઆવીઆએ એક જબરદસ્ત ફોજ તૈયાર કરીને ઓમર ઇબ્ને આસને આપી અને તે મીસર તરફ રવાના થયો. મોહમ્મદે તેના આવવાની ખબર સાંભળીને હ૦ અલીને મદદ માટે લખ્યું. તેઓએ જવાબ આપ્યો કે, તેઓ મદદ મોકલે છે.

મોહમ્મદે અરબના મશહુર સરદાર ઇબ્ને કનાના બશરને ઓમર ઇબ્ને આસના મુકાબલામાં મોકલ્યો અને પાછળથી પોતે પણ બે હજાર સવાર લઇને રવાના થયો. ઓમર ઇબ્ને આસ પુર્વથી મીસરમાં દાખલ થયો તેણે પોતાની ફોજને ટુકડીઓમાં વહેંચી મીસર ખાતે રવાના કરી. ઇબ્ને કનાનાએ દરેક ટુકડીને શીકસ્ત આપી અને ઓમર ઇબ્ને આસની શિકસ્ત નજદીક હતી એટલામાં એક મોટી ફોજ સીરીઆથી તેની મદદ માટે આવી ગઇ. મોહમ્મદને મદદ મળી શકી નહિ. જોકે હ૦ અલીએ ઘણીએ કોશીશ કરી, પણ એરાકવાળાઓ એવાતો સુસ્ત થઇ ગયા હતા કે, તેઓએ કંઇ કર્યું નહિ પણ મોહમ્મદના ચાર હજાર સ્વારો અને તેઓનો જુસ્સો યાદગાર રહેશે. તેઓ એવી બહાદુરીથી લડ્યા કે, હજારો માણુસને મારી નાખ્યા, અને કનાના પણ તેજ મેદાનમાં માર્યો ગયો.

મોહમ્મદને જોકે આ લડાઇની અગાઉ ઘણી મુસ્કેલીઓ નડી હતી તો પણ તે અસ્માની યાદથી ગાફેલ હતો નહિ. તે હમેશાં તેણીની તલાસમાં રહેતો હતો. તેને કદી કદી અસ્માની ખબર મળતી હતી અને કદી તે પણ નહીં. તેણે અસ્મા અને હ૦ ઇમામ હસનના નેકાહ વિષે પણ સાંભળ્યું હતું. જેથી પોતાના દીલમાં એવી દુઆ ગુઝારતો હતો કે, ખુદા કરેને અસ્માને પોતાના બાપનું નામ માલમ પડે નહિ, નહિતો પછી હ૦ હસનને તેણીની સાથે નેકાહ કરવામાં કોઈ પણ અડચણ પડશે નહિ, બાપનું નામ નહિ માલમ થવાથી મોહમ્મદને પણ અસ્માને મેળવવાની આશા હતી નહિ, પણ તેમ થવું તેને પસંદ હતું, કેમકે તેમ થવામાં તેને અસ્માની સાથે રહેવાની આશા હતી, પછી તે ભાઇ બહેનની માફક કેમ નહિ હોય!

એટલામાં તેને અસ્માનો પત્ર મળ્યો. જેમાં તેના બાપનું નામ નહિ માલમ હોવાની ખબર હતી. તે જરા નચિંત થયો. ઘડી ઘડી તે મજકુર પત્ર વાંચતો હતો અને અસ્માનો ખુબસુરત ચહેરો યાદ કરતો હતો, કેમકે જ્યારથી તે ઉમ્મુલ મોમેનીનની સાથે બસરા ખાતે આવ્યો હતો ત્યારથી તેણી તેના જોવામાં આવી હતી નહિ.

લડાઇનું મેદાન.

અસ્મા કુફાથી રવાના થઇને મીસર ભણી ચાલી. તેણી જેમ જેમ મીસરની નજદીક આવતી જતી હતી તેમ તેમ તેણીની ચિંતામાં વધારો થતો જતો હતો. તેણી જ્યારે મીસરની સરહદમાં દાખલ થઇ તો પહેલાં તેણી અહિં "ફરમા" નામે શહેરમાં આવી. કે જે પોર્ટસઇદ પાસે આવેલું છે. આવીને તેણીએ લડાઇની કેફીઅત સાંભળી. તેણીને માલમ પડ્યું કે, એમર ઇબ્ને આસ માટે સીરીઆથી મદદ આવી ગઇ હતી અને મીસરના ઘણા લોકો પણ તેની તરફેણમાં થઇ ગયા હતા. જેથી મીસરવાળાઓને શિકસ્ત મળી હતી. આ ભયંકર ખબર સાંભળીને તેણી બેચેન થઈ ગઇ. તેણીએ લડાઇના મેદાનનો પત્તો પુછ્યો તો તેણીને માલમ પડ્યું કે, "કસ્તાન"ની આસપાસ લડાઈ થાયછે. આ સાંભળીને તેણી ઘણી ઝડપથી તે તરફ રવાના થઇ. "યમ્સ" માં પહોંચીને તેણીએ ઘણા લોકોને ગીરફતાર થએલા જોયા. તેણીને માલમ પડ્યું કે, તે મીસરના લોકો હતા. "કનાના" માર્યા ગયા હતા અને મીસરીઓ કેદ પકડાયા હતા.

"કાલ સુધી લડાઇ હતી?" અસ્માએ એક શખસથી પુછ્યું."

"હા" તેણીને જવાબ મળ્યો "કાલે સાંજના લડાઇ ખતમ થઇ ગઇ. એમર ઇબ્ને આસ પણ કસ્તાતમાં આવી ગયા. મીસરના તમામ લોકોને મારી નાખવામાં અને લુટી લેવામાં આવ્યા, ઘણા કેદ થયા. હવે કોઇ લડાઈના મેદાનમાં બાકી નથી.

"મોહમ્મદનો પણ કંઇ પત્તો છે?" અસ્માએ પછ્યું.

"બીલકુલ નહિ" જવાબ મળ્યો "તેઓ પણ કદાચ માર્યા ગયા હશે!"

આ સાંભળીને અસ્માનું દીલ ધબકવા લાગ્યું. તેણી બેચેન થઇ ગઇ. તેણીએ ઘણા લોકોથી મોહમ્મદનો પત્તો પુછ્યો પણ કોઇએ કંઇ કહ્યું નહિ. આખરે તેણીએ લડાઇના મેદાનમાં જઇને ખુદ મોહમ્મદની લાશ શોધવાનો ઠરાવ કર્યો.

તેણી "કસ્તાત ની નજદીક ગઇ, સુર્ય અસ્ત પામી ચુકયો હતો. અંધારૂં વધતું જતું હતું. અસ્મા ઘોડાપર સ્વાર થઇ "કસ્તાત" ના સુમસામ મેદાનમાં ચાલી જતી હતી તેણી આ વખતે મોહમ્મદ અને પોતાની ના ઉમેદી ભરી જીંદગીના વિચારોમાં લીન હતી. એકાએક તેણીનો ઘોડો ભડકયો, જેથી નીચે નજર કરતાં તેણીને એક લાશ પડેલી જણાઇ. તેણી બીહી ગઇ અને સમજી કે, હવે તેણી લડાઇના મેદાનમાં આવી ગઇ હતી. તેણીએ ઘણી લાશો ત્યાં પડેલી જોઇ. અંધારૂં હોવાને લીધે તેણી એક ઝાડની નીચે બેસી ગઇ, એવા વિચારથી કે, જ્યારે ચંદ્ર નીકળશે તો તેણી મોહમ્મદની લાશ શોધશે. મુડદાંઓનાં કોહેલાં માંસની વાસથી તેણીની અજબ હાલત થઇ રહી હતી. તેણીનો ઘોડો પણ તેણીના કાબુથી બાહેર નીકળી જતો હતો, પણ મોહમ્મદની શોધ એવી હતી નહિ કે, જે તેને પાછી મોકલી દે. તેણીએ ઘોડાને ઝાડ સાથે બાંધ્યો અને પોતે એક તરફ બેસી ગઇ. તેણીના દિલમાં જે વિચારો આવી રહ્યા હતા તે અજબ નિરાશી ભર્યાં હતા. તે એવા વિચારો હતા કે, ભાગ્યેજ કોઇ માણસના દિલમાં આવતા હશે.

મોહમ્મદની શોધ.

અસ્માને તે સુમસામ રણમાં અર્ધી રાત પસાર થઇ ગઇ. આકાશ પર અંધારૂં પસરી રહ્યું હતું અને તે અંધારાની સાથે નીરાશી અને ના ઉમેદીનાં વાદળાં પણ ઘેરાયલાં હતાં. ચારો તરફ અજબ દેખાવ નજરે પડતો હતો. અસ્માની હાલત અજબ નિરાશીભરી હતી. તેણીને જ્યારે પણ મોહમ્મદનો ખ્યાલ આવતો હતો અને તેની કતલનો ખ્યાલ કરતી હતી તો આંખોમાં આંસુ આવી જતાં હતાં.

થોડીવાર પછી ચંદ્ર ઉગ્યો. તેનો પ્રકાશ ઘણોજ ધીમો હતો. જ્યારે તે જરા ઉંચે ચઢયો તો અસ્મા પોતાના ઘોડાની લગામ પકડીને મેદાન તરફ ચાલી. લાશોના ઢગ સામે પડેલા હતા. કોહવાટને લીધે અસ્માથી શ્વાસ પણ લેવાતો હતો નહિ. તેણી ઘણીજ સંભાળથી પગ મુકતી હતી. લાશોનો દેખાવ અજબ બીહામણો હતો. કોઇ ઉંધી પડેલી હતી, તો કોઇનું માથું હતું નહિ, તો કોઇના બન્ને હાથ પસારેલા રહી ગયા હતા. એવું માલમ પડતું હતું કે, ગોયા કોઇને મદદ માટે બોલાવે છે. કોઇએ હાથમાં ભાલો પકડેલો હતો અને તેના પોતાના જીગરમાં કોઇનો ભાલો ભોંકાયલો હતો,

ઘોડો પણ ત્યાંજ મુવેલો પડેલો હતો. કોઈ ઠેકાણે એકએકપર દશ દશ લાશો પડેલી હતી. સારાંશ એ કે, તે અજબ બીહામણો દેખાવ હતો. અસ્મા દરેક લાશને ખુબ ગૌરથી જોઇ રહી હતી. તેણીએ લગભગ તમામ લાશો જોઇ પણ તેણીને મોહમ્મદની લાશનો પત્તો લાગ્યો નહિ. સહવાર થતાંજ તેણીએ પાછી શોધખોળ શરૂ કરી. આખરે તમામ લાશો જોઇને તેણીએ એવો ખ્યાલ કર્યો કે, મોહમ્મદ કતલ થયો નથી બલકે જીવતો છે.

આફતાબ આ વખતે બુલંદ થઈ ગયો હતો અને તાપ સખત પડતો હતો. અસ્મા ત્યાંથી નીરાશ થઇને વસ્તી તરફ ચાલી. દુરથી તેણીને એક ગામ દેખાયું તેણી તેજ તરફ ચાલીને ત્યાં પહોંચી. એક સ્ત્રી પોતાના બચ્ચાને માટે દુધ લઈ જતી હતી તેણી અસ્માને જોતાંજ નહાસીને પોતાની ઝુંપડીમાં ભરાઈ ગઇ, કેમકે અસ્માનો મર્દનો પહેરવેશ જોઇને તેણી તેને કોઇ ફોજી સીપાઇ સમજતી હતી.

અસ્માએ તેણીના દરવાજે પહોંચીને તેણીથી તમામ હકીકત કહી. તેણીએ અસ્માથી માફ માંગીને કહ્યું—જ્યારથી ત્યાં ફોજે આવીને ઉતારો લીધો હતો ત્યારથી ગામવાળા સખત હેરાન હતા, કેમકે સીપાઇઓ આવીને તેઓની પાસેથી જબરીથી જે મળતું તે છીનવી લઇ જતા હતા, જેથી તેણી અસ્માને પણ એક સીપાઇ સમજવા લાગી. એ પછી તેણીએ અસ્માને પોતાને ત્યાં ઉતારો આપ્યો અને તેણીથી બની તેટલી તેણીની પરોણાગત કરી. તેણી અસ્માના ઘોડાને એક ખજુરીના ઝાડ સાથે બાંધી આવી અને તેણીને ઘરની અંદર લઇ જઇને બેસાડી. અસ્મા થાકેલી હોવાને લીધે સુઇ ગઇ. તેણીએ મગરેબના વખતે ઉઠીને પોતાના નોકરને ત્યાં ઉભેલો જોયો, કે જેની સાથે મોહમ્મદને પત્ર મોકલ્યો હતો. તેને જોઇને અસ્માએ મોટેથી ગભરાઇને પુછ્યું કે "મોહમ્મદ ક્યા છે?"

તેણે ઇશારતથી અસ્માને આસ્તેથી વાત કરવા કહ્યું, અસ્માએ તેને પોતાની પાસે બેસાડીને તમામ કેફીઅત પુછી.

"હું જ્યારથી પત્ર લઇને આવ્યો" નોકરે કહ્યુ "ત્યારથીજ મોહમ્મદની સાથે છું. જરાપણ તેઓથી છુટો પડ્યો નથી. લડાઇમાં જ્યારે મીસરવાળાઓ માર્યા ગયા અને નહાસી ગયા તો મેં મોહમ્મદને નહાસી જવા કહ્યું. તેઓએ કહ્યું કે, 'હું નહાસવા કરતાં મરવાનું વધારે પસંદ કરૂં છું. તે રાતનો વખત હતો આખરે બજીદ થઇને હું તેઓને એક ગુફામાં લઇ ગયો. કાલથી અમો તેજ ગુફામાં છીએ. તેઓ સખત ભુખ્યા થઈ રહ્યા છે જેથી હું અહિંઆં તેઓ માટે ખાવાનું લેવાને આવ્યો છું."

તેઓ ઘણાજ ધીમા સાદે વાત કરતાં હતાં, કે બીજું કોઇ સાંભળી શકે નહિ. અસ્માએ નોકરથી ખાવાનુ લઈ આવવા કહ્યું. તે થોડીવાર પછી આવ્યો અને ઘોડાને ત્યાંજ છોડીને તેઓ બન્ને પગે ચાલ્યાં. ગુફા પાસે આવીને જોયું તો ત્યાં મોહમ્મદ હતો નહિ. નોકરે કહ્યું કે, મોહમ્મદને અહિંજ છોડી ગયો હતો, પણ કોણ જાણે તે કયાં ચાલ્યો ગયો. અસ્માએ તેનાથી બીજી ગુફામાં જોવા કહ્યું.

તેણે તમામ ગુફાઓમાં જોયું પણ કયાંએ મોહમ્મદનો પત્તો લાગ્યો નહિ. તેઓને હવે એવો ખ્યાલ આવ્યો કે, ઓમર ઇબ્ને આસને ખબર પડી ગઇ હશે અને મોહમ્મદ ગીરફ્તાર થઇ ગયો હશે. નોકરે કહ્યું કે, હું મોહમ્મદને શોધવા જાઉંછું અને તમોએ ગામમાં જઇને થોભવું. હવે લાચાર થઇને અસ્મા પાછી ફરી, રાત્રે તેણી તેજ ગામમાં જઇને રહી. સહવારથી તેણી નોકરની વાટ જોતી બેઠી. જ્યારે દીવસ ઉગ્યો તો તેણી એક ટેકરી પર ચઢીને જોવા લાગી. દુરથી તેણીને એક શખસ ઘણીજ ઝડપથી આવતો દેખાયો. નજદીક આવતાં અસ્માને માલમ પડ્યું કે, તે તેણીનો નોકર હતો. અસ્માએ જલદીથી તેની પાસે જઇને તેને ખબર પુછી.

" ખરેખર તેઓ ગીરફ્તાર થઈ ગયા " નોકરે કહ્યું "આજે સવારે હું કસ્તાત ગયો હતો. ત્યાં ઓમર ઇબ્ને આસ અને મોહમ્મદના મોટા ભાઈ અબદુલ રહેમાન પણ હતા. તેઓએ ઓમરથી કહ્યું કે, વગર કારણે મોહમ્મદને કેમ ગરદન મારે છે ? તેઓએ કહ્યું " તમો મોઆવીયા ઇબ્ને હદબા પાસે માણસ મોકલીને મના કરો કે, તેઓને કતલ કરે નહિ. " હું સમજ્યો " ખાદેમે આગળ ચાલતાં કહ્યું " તેઓને મોઆવીયા ઇબ્ને હદબાએ ગીરફ્તાર કર્યા છે, હું ત્યાંજ ગયો ત્યાં સેંકડો લોક ભેગા મળ્યા હતા. લોકો મોહમ્મદની આસપાસ ઉભા હતા. ભુખ અને તરસથી તેઓની હાલત ઘણીજ ખરાબ થઇ રહી હતી. થોડીવાર પછી ઓમરનો માણસ ત્યાં પહોચ્યો, તેણે મોઆવીઆ ઇબ્ને હદબાને તેમ કરતાં અટકાવ્યો. આ સાંભળીને તેણે કહ્યું કે, કનાના ઇબ્ને બશરને તો કતલ કરી નાંખ્યા. હવે મોહમ્મદને કતલ કરવામાં શું છે ? "

અસ્મા આ તમામ હકીકત ઘણાજ ધ્યાનથી સાંભળતી હતી. તેણીએ પુછ્યું " શું પછી તેઓને કતલ કર્યા ? મને તો ખ્યાલછે કે, તે ઓમરના હુકમ વગર તેઓને કતલ કરી શકે તેમ નથી. હા, અલબત્તા કદાચ બેઅદબી કરી હશે. "

" ફકત બેઅદબીજ કરી નથી " નોકરે કહ્યું " બલકે, જ્યારે મોહમ્મદે પાણી માગ્યું તો તેણે પાણી પણ આપ્યું નહિ અને કહ્યું કે, તમોએ

હ૦ ઉસ્માનને ચાલીસ દહાડા સુધી પાણી આપ્યું નથી, માટે તમને પાણી મળી શકશે નહિ.”

“ ખુદા બચાવે ” અસ્માએ કહ્યું “ પછી શું થયું ? ”

“ હમણા સુધી તો કાંઈ થયું હતું નહિ ” નોકર બોલ્યો “પણ તે મોહમ્મદથી કહેતો હતો કે, તમોને ગધેડીના પેટમાં મુકીને બાળીશ.”

“ખુદાની લ્યાનત હોજો તેની ઉપર” આમ કહેતાં કહેતાં અસ્માની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. તેણીએ નોકરથી ત્યાં જવા કહ્યું અને તેઓ બન્ને ત્યાં ગયાં. ત્યાં મોઆવીઆએ ઓમર ઇબ્ને આસનો હુકમ ન માનતાં મોહમ્મદને કતલ કરીને એક ગધેડીના પેટમાં નાખીને એક ખાડામાં નાંખી દઈ સળગાવી મેલ્યો હતો. ત્યાંથી સઘળાઓ ચાલ્યા ગયા હતા.

અસ્મા અને નોકર ઘણી ઝડપથી તે તરફ જતાં હતાં દુરથી તેઓને ધુમાડો દેખાયો. અસ્મા બોધી કે મોહમ્મદને કતલ કરીને મોઆવીઆએ આગમાં નાંખી દીધો. બન્ને દોડીને ખાડા પાસે આવ્યાં. તેની ચારો તરફ આગ સળગતી હતી, અસ્માએ જોયું તો તેણીને એક ગધેડી દેખાઇ, તેનું પેટ ફાટેલું હતું, તેમાં તેણીને મોહમ્મદનું ડોકું દેખાયું. આ જોઇને અસ્માએ જોરથી ચીસ પાડી અને બળતાંમાં કુદી પડી. નોકરે દોડીને તેણીને ખેંચી કાઢી, પણ તેણીના બાળ વગેરે બળી ગયા હતા. થોડીવાર સુધી તેણી બાહેર બેસી રહી. તેણી મોહમ્મદના માથા તરફ ટીકીટીકીને જોતી હતી કે જે બળી ચુકયું હતું તેણી ઘણીજ પરેશાન હતી. તેણી પોતેજ બબડતી હતી “ હા બેશક, પેલી જહાન આ દુન્યાથી સારી છે, પણ મારા જેવી કમબખ્ત તો આ દુન્યામાંજ રહેશે. મારી ઇચ્છા—મારી આશા મોહમ્મદ ! તેં અમીરૂલ મોમેનીનની હિમાયત માટે શું નહિ કર્યુ ? ! !

“ આહ ! હું કમબખ્ત એ દિવસ જોવા માટે જીવતી રહી ” આમ કહીને તેણી પાછી ઉભી થઇ અને આગનાં બળતાં તરફ ફરીને કહ્યું “ મારા પ્યારા ! મારા જાનથી વહાલા મોહમ્મદ રૂખસદ ! રૂખસદ નહિ, પણ મેળાપ ! મેળાપ ! ! ”

આમ કહીને તેણી આતશમાં કુદી પડી. મોહમ્મદનાં માથાંને છાતી સાથે દાબીને બળવા લાગી. નોકર આ જોઇને ત્યાં દોડી ગયો, પણ ત્યાંતો કામ તમામ થઇ ચુકયું હતું ! ! !

સમાપ્ત.